
INDEX

બાળ સંસ્કાર

વર્ષ-૨



પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

કરું વંદના હું તમને



શ્રી ઠાકોરજી મહારાજ - લોયાધામ



સદ્‌ગુરુ
શ્રી રામાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી મુક્તાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી આધારાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી હરિપ્રિયદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી નારાયણસ્વરુપદાસજી સ્વામી




સદ્‌ગુરુ
શ્રી નંદકિશોરદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

INDEX



શ્રી લોયાધામ પરિવાર સાથે જોડાયેલા
ધોરણ ૮ માં ભણતા
આત્મીય બાળ-બાલિકાઓને
સંસ્કાર-સત્સંગ અને સમજણને
સંવર્ધન કરાવતું પાઠ્યપુસ્તક

બાળ સંસ્કાર

વર્ષ-૨

પ્રેરક

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક - સંપાદક

સાધુ સત્સંગવલ્લભદાસ

પ્રકાશક

શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

બાળ સંસ્કાર વર્ષ-૨

પ્રેરક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક - સંપાદક : સાધુ સત્સંગવલ્લભદાસ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

કોપીરાઇટ : © સર્વહક પ્રકાશકને આધીન.

(આ પુસ્તકનો કોઈ પણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.)

રજૂકર્તા : બાળ-કિશોર-યુવા-સત્સંગ સંસ્કાર કેન્દ્ર - લોયાધામ

પ્રકાશન તિથિ : **શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરુ શતાબ્દી મહોત્સવ - લોયાધામ - તા. ૨૧ થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૫**

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૦૦૦

પડતર કિંમત : ૩૦૦/-

વેચાણ કિંમત : ૧૦૦/- (લોયાધામ મંદિરના અનુદાનથી ઘટાડેલી કિંમત)

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી, અમદાવાદ

મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯

પ્રાપ્તિસ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ અને તેની તમામ શાખાઓમાં ઉપલબ્ધ.

Web : www.loyadham.in Email : loyadhamnj@gmail.com

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ

મૂ.પો : લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર.પીન : ૩૬૩૪૧૦

મો. ૯૦૯૯૮૯૭૮૦૦, મો. ૯૯૨૫૨૦૭૫૦૪



આશીર્વાદ

આપણી સનાતન વૈદિક સંસ્કૃતિમાં સત્સંગ અને સંસ્કારનું આગવું મહત્વ રહેલું છે. પ્રત્યેક કુટુંબ-પરિવારના વડીલો પોતાના બાળકો, દીકરા-દીકરીઓ, યુવાનો સંસ્કારી બને; સદ્‌ગુણી બને; ભક્તિ સંપન્ન બને એવી અપેક્ષા સેવે છે.

નાના નાના ભૂલકાઓના બાળમાનસમાં સંસ્કારોનું સિંચન કરવાનું કામ જેટલું ઉપદેશ કરે છે તેના કરતા વધુ સારી રીતે વાર્તાઓ કરી શકે છે. બાળકો વાર્તાઓ સાંભળીને સ્વતઃ તેમાંથી બોઠપાઠ મેળવી તેને જીવનમાં અપનાવે છે. આમ, વાર્તાઓ બાળજીવનના ઘડતર માટે ખુબજ ઉપયોગી નીવડી છે.

આપણે સૌ સનાતન ભારતીય સંસ્કૃતિના સંતાનો છીએ. વાર્તાઓનો ચમત્કાર આદિથી માંડી આજ સુધી આપણે સૌએ અનુભવ્યો છે. પહેલાના જમાનામાં ઘરમાં દાદા-દાદી કે માતા-પિતા બાળકોને

રોજ રાત્રે વાર્તાઓ કહેતા. ઉપનિષદ્, મહાભારત, રામાયણ, પુરાણોની કથાઓ, પંચતંત્રની બોધાત્મક પ્રાણીકથાઓ, દેશભક્તોની કથાઓ, દંતકથાઓ વગેરેના સિંચન દ્વારા બાળમાનસ એવું મજબુત બનતું કે તે પોતાને વૈદિક સંસ્કૃતિના વારસદાર હોવાનું, સંસ્કારી હોવાનું, મનુષ્ય હોવાનું, સદ્‌ગુણી હોવાનું ગૌરવ અનુભવતા. હાલ, પાશ્ચાત્ય વિકૃતિ અને આધુનિકતાના કારણે એ પરંપરાઓ લુપ્ત થતી જાય છે અને તેના માઠા પરિણામો પણ આપણે ભોગવી રહ્યા છે. - અસ્તુ....

ઘડતર વિનાના માણસની કોઈ ઝાઝી કિંમત હોતી નથી. ભણતરની સાથે સાથે ઘડતરની સુંગધ ઉમેરાય તો એ જ વ્યક્તિની કિંમત અમૂલ્ય થઈ જાય છે. મનુષ્યનું ઘડતર કરવું એ પથ્થરના શિલ્પ કંડારવા કરતા પણ ઘણું કપરૂ, કઠિણ છે. લોયાધામ સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ રહેલ આ પાઠ્યપુસ્તકશ્રેણી જુદી જુદી વાર્તાઓ દ્વારા બાળકોના જીવન ઘડતરની તાલીમ આપશે. અને બાળવયમાં કેવી રીતે સંસ્કાર, સત્સંગ, સદ્‌ગુણ અને સમજણ કેળવવા જોઈએ તેની સમજ આપશે. નાના નાના કુમળા બાળકોના અંતરમાં સત્સંગ, સંસ્કારના પાયાના મૂલ્યોનું સિંચન જો બાળપણથી જ કરવામાં આવે તો તે આદર્શ બાળક અને આદર્શ માનવીથી માંડીને આદર્શ સત્સંગીની એકાંતિક સ્થિતિ કે મુક્તસ્થિતિ સુધી પણ પહોંચી શકે છે. આવું વિચારી લોયાધામ પરિવાર સાથે જોડાયેલા તમામ બાળકો અને બાલિકાઓના સર્વાંગી વિકાસ માટે **લોયાધામ શિશુ ભાગ - ૧-૨-૩** અને **લોયાધામ ભૂલકું - ભાગ - ૧-૨-૩** અને **બાળ સંસ્કાર - ભાગ - ૧-૨-૩** અને **લોયાધામ સંસ્કાર ભાગ - ૧-૨-૩** આ **૧૨ પાઠ્યપુસ્તકો** પ્રકાશિત થઈ રહ્યા છે તે અતિ આનંદ અને રાજીપાની વાત છે. આ પાઠ્યપુસ્તકોના લેખન અને સંપાદન કાર્યમાં અમારા કૃપાપાત્ર વિદ્વાન્ શિષ્ય **શાસ્ત્રી સત્સંગવલ્લભદાસજી**એ ખુબ જ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ભગીરથ પ્રયાશ કર્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના પર ખુબ રાજી થાય અને મૂર્તિનું ખુબ સુખ આપે એવા રૂડા શુભાશિષ છે.

વિશેષમાં લોયાધામ પરિવારના સર્વે સંતો, સંચાલકો, વડીલો, વાલીઓ, કાર્યકરો જો બાળકોની સાથે બેસીને આ પુસ્તકોનું વાંચન અને અભ્યાસ કરાવશે તો બાળકો વધુ સારી રીતે સંસ્કારી અને સત્સંગી અને સદ્‌ગુણી થશે.

આ પાઠ્યપુસ્તકોના માધ્યમથી બાળકો સત્સંગ, સંસ્કાર, સદ્‌ગુણ અને સમજણના ઉચ્ચ આદર્શોને જીવનમાં આત્મસાત્ કરી દેશ, સમાજ, સત્સંગ અને સ્વજીવનને મૂલ્યસભર બનાવે એ જ શ્રી ઠાકોરજી મહારાજનાં ચરણકમળોમાં પ્રાર્થના સાથે.....

લી.

શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજીના

જય શ્રી સ્વામિનારાયણ.....

લેખકની કલમે

બાળક વાર્તારસિયું છે. કેટલીક વાર તો એ રમવાનું અને જમવાનુય પાછું ઠેલીને વાર્તા સાંભળવાનું પસંદ કરે છે. કોઈ પણ વાર્તા સરસ રીતે કહેવાતી હોય ત્યારે એ એમાં ખોવાઈ જઈને ખુબ સુખ અનુભવે છે. ઘણીકવાર તો કેટલાક બાળકો ઘરમાં દાદા-દાદી પાસે વાર્તાની ઉઘરાણી પણ કરવા માંડે છે. વાર્તા સાંભળવાના અવસરો મેળવવાનો બાળકોનો જન્મસિદ્ધ અધિકાર છે. એમને આ અધિકાર માણવા દેવો એ આપણું બાળવત્સલ કર્તવ્ય છે.

બાળકો દ્વારા વાર્તાની માંગ થતા આપણે મોટે ભાગે તેમને વાર્તાઓ કહીએ છીએ ખરા; પણ એ સાંભળતા સાંભળતા બાળક શા માટે બીજે ધ્યાન આપતું હશે? એ શા માટે ઊંઘી જતું હશે ? એ શા માટે જોલે ચડતું હશે ? બાળકના આ ચાળા સૂચવે છે કે એને આપણે યોગ્ય રીતે વાર્તા કહી શક્યા નથી. આપણને જો વાર્તાને યોગ્ય રીતે કહેતા આવડતી હોય તો બાળક ઊંઘવાનૂંય છોડી મૂકીને આખી રાત વાર્તા સાંભળે છે. બાળકોને વાર્તા સાંભળીને આનંદ અને સંતોષ મળે તે માટે આપણે **'વાર્તા કહેવાની કલા'** જાણવી, સમજવી અને અપનાવવી જોઈએ.

* **વાર્તા કહેવાની કલા :**

૧. વાર્તા કહેવાનું શરૂ કરતા પહેલાં આપણા મનમાં વાર્તાની વિગતો અંગે પૂરી સ્પષ્ટતા હોવી જોઈએ. ફાવે તેમ વાર્તા કહેવી શરૂ કરી દઈએ પછી એ આગળ વધારતા જવાનો ખ્યાલ ખૂબ જોખમી ગણાય છે. રસભંગ અને અનૌચિત્યથી બચવા માટે બાળકોને કહેવાતી વાર્તા આપણને અચૂક કંઠસ્થ હોવી જોઈએ.

૨. કેટલીક વાર્તાઓ સમજી શકવા માટે વાર્તાની ઐતિહાસિક, ભૌગોલિક, શાસ્ત્રીય, રાજકીય કે ભાષાકીય પૂર્વ ભૂમિકા (Preface) બાંધવી જરૂરી હોય છે. આથી એવી વાર્તા કહેતા અગાઉ જરૂરી ભૂમિકા સરસ ઢબે બાંધવી જોઈએ.

૩. બાળક સમક્ષ રજૂ થતી વાર્તા જે તે વખતે સંપૂર્ણપણે રજૂ થવી જોઈએ. કિશોરવયનાં બાળકોને લાંબી વાર્તા હપતાસર સાંભળવી કદાચ ફાવે પરંતુ શિશુઓતો અખંડ વાર્તા જ માણી શકે.

૪. બાળકોને હંમેશા નવીનકોર જ વાર્તા સાંભળવા જોઈએ એવું નથી હોતું. તે પોતાને માનીતી વાર્તાઓ ફરી ફરી સાંભળવાને પણ ઈચ્છતું હોય છે. કેટલીક વાર્તામાં વારંવાર આવતા ખાસ વાક્યો, પંક્તિઓ કે સંવાદોનું પુનરાવર્તન પણ બાળક માણતું હોય છે.

૫. વાર્તાઓ સસ્મિત ચહેરે સીમિત ભાવચેષ્ટાઓ સાથે જ રજૂ થવી જોઈએ.

૬. બોલવાની ઝડપ મધ્યમ રાખવી જોઈએ.

૭. વાર્તામાં આવતા સંવાદોને અનુરૂપ પોતાના અવાજમાં ફેરફાર આણવાની કુશળતા પણ કેળવવી જોઈએ.

૮. અવાજનો સહજ ઉતાર-ચઢાવ વાર્તામાં જમાવટ માટે જરૂરી છે.

૯. વાર્તા ફક્ત વાંચી જવાથી કોઈ અર્થ સરતો નથી પરંતુ વાર્તા જાણે આપણે જોયેલી કે હાલમાં જ જાણેલી હકીકત કહેતા હોઈએ તે રીતે કહેવાવી ઘટે.

૧૦. વાર્તાના અંતે સારાંશ (બોધપાઠ) પણ બાળકોને પુછવો અને કહેવો જોઈએ...

આ પાઠ્યપુસ્તકોમાં અસરકારક વાર્તા કથન માટે એવી કેટલીય રસપ્રદ-બોધપ્રદ વાર્તાઓ આલેખાયેલ છે જેનાથી બાળકોનો સર્વાંગી વિકાસ થશે. પૌરાણિક કથા, ઐતિહાસિક કથા, અવતાર કથા, મહાપુરૂષો અને ઋષિઓની કથા, વૈજ્ઞાનિકકથા, પ્રવાસકથા, લોકકથા, પ્રાણીકથા, સત્યકથા, દંતકથા, સાહસકથા, હાસ્યકથા, દેશભક્તોની કથા, સમાજસેવકોની કથા, શ્રીજીમહારાજ અને નંદસંતોની કથાઓ હરિભક્તોની કથાઓ, આદર્શ સ્ત્રી ભક્તોની કથાઓ, આદર્શ બાળકોના આખ્યાનો વગેરેની સાથે સાથે બાળકોને ગમે તેવા રંગબેરંગી ચિત્રો પણ મુકવામાં આવ્યા છે. બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય અને સત્સંગ સમજણ દૃઢ થાય તે માટે વિવિધ એક્ટિવિટીઝ જેવી કે ઊખાણાં, કોયડા ઉકેલ, સુટેવ-કુટેવ, રંગપુરણી, બાળગીતો, સૂત્રો, સુવાક્યો, સુભાષિતો, કીર્તનો-પદો, સંપૂર્ણ નિત્યનિયમ, વચનામૃત અને નંદસંતોના અમૃતવચનો, વાણી-વર્તનના વિવેક, નાનીનાની પંક્તિઓ, કડીઓ વગેરે દ્વારા આ પાઠ્યપુસ્તકશ્રેણી સમૃદ્ધ બનેલી છે. ગમ્મત સાથે જ્ઞાન આપે તેવી પ્રવૃત્તિઓથી તૈયાર થયેલ આ પાઠ્યપુસ્તકોના પ્રત્યેક પેજ ઉપર જીવન જીવવાની ઉત્તમ કળાઓ છે. આ પાઠ્યપુસ્કોથી બાળકો આપણી સનાતન વૈદિક સંસ્કૃતિથી સુવિદિત થશે. આના નિયમિત વર્ગો, અભ્યાસ અને પરીક્ષા દ્વારા તેમની ભાવનાઓમાં વધારો થશે અને તેમનામાં ભક્તિ, સત્સંગ, સંસ્કાર, સદ્‌ગુણ અને સમજણના બીજ પણ રોપાશે. આ પુસ્તકો માત્ર બાળકોને જ નહિ પણ કથાકારોને, હરિચરિત્રના રસિકોને, વાલીઓને, શિક્ષકોને અને સંચાલકોને પણ ખૂબ જ ઉપયોગી નિવડશે એવી આશા છે.

શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરૂ શતાબ્દી મહોત્સવ તારીખ ૨૧ થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ નિમિત્તે બાળકોના જીવન ઘડતર માટે લોયાધામમાં આ પાઠ્યપુસ્તકોનું પ્રકાશન થઈ રહ્યુ છે. શ્રી ઠાકોરજી મહારાજ, મુક્તાનંદીય ગુરૂપરંપરાના ભગવત્સ્વરૂપ બ્રહ્મનિષ્ઠ સમર્થ સદ્‌ગુરૂઓ અને પરમ પૂજ્ય ગુરૂજીની શુભપ્રેરણા અને આશીર્વાદથી જ આ પાઠ્યપુસ્તકશ્રેણીનું આલેખન થયું છે. અહીં જે કાંઈ આપણે સારૂં લાગે તે એમનો કૃપાપ્રસાદ છે; અને જે કાંઈ અણગમતું હોય તે આ સેવકની ક્ષતિ છે એમ માની રાજી રહેજો.

પુસ્તકને ક્ષતિ રહિત બનાવવા પૂરતાં પ્રયાસો થયા છે છતાં પણ કાંઈ પ્રેસભૂલ જણાય તો અનુકંપા કરશોજી અને આ આત્માનું ભગવાન સારૂં કરે એવા આશીર્વાદ આપશોજી. આ પુસ્તકો દ્વારા સહું કોઈનું જીવન ઉર્ધ્વગામી બને; શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થાય અને સત્સંગમાં દૃઢ પાયો કરી, એકાંતિક સ્થિતિ પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના સાથે...

લી.

સાધુ સત્સંગવલ્લભદાસના

જય શ્રી સ્વામિનારાયણ

પ્રકાશકીયમ્

આજની બાળ-કિશોર-યુવા પેઢીને દિન પ્રતિદિન વધતાં જતાં વિષય-વ્યસન અને ફેશનના કલુષિત વાતાવરણથી બચાવી સત્સંગનાં શુભ સંસ્કારો સિંચી ભગવદ્‌સન્મુખ કરવાં માટે પરમ પૂજ્ય સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીએ (લોયાધામ) બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર પ્રવૃતિ ચાલું કરાવી છે. જેમાં ઘણી મોટી સંખ્યામાં બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતીઓ જોડાયાં છે / જોડાય રહ્યાં છે.

પરમ પૂજ્ય ગુરૂજીની પ્રેરણાથી આપણા ગામમાં/ શહેરમાં અઠવાડિક સત્સંગ સભા ચાલે છે / શરૂ કરી છે; તેમાં પૂજ્ય ગુરૂજીએ યુવાનોને પણ કથા-વાર્તા કરવા શીખવાની પ્રેરણા આપી છે. આજે કેટલાય બાળ- કિશોર-યુવા-યુવતીઓ- હરિભક્તો શ્વેતાંબરી સાધુ બનીને શ્રીજીમહારાજ, આદિગુરૂદેવશ્રી મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરૂઓ અને લોયાધામના ઉત્કૃષ્ટ જ્ઞાનનું પ્રવર્તન સુપેરે કરી રહ્યાં છે. આ કાર્ય સરળતાથી થઈ શકે અને તેની પરીક્ષાઓ પણ યોજી શકાય તે માટે આ **બાર પાઠ્યપુસ્તકો** ખૂબ જ સહાયરૂપ બની રહેશે.



આ પાઠ્યપુસ્તકો દ્વારા લોયાધામ પરિવાર સાથે જોડાયેલા ધોરણ ૧ થી ૧૨માં ભણતા બાળકો અને બાલિકાઓને **પાઠશાળા ધોરણે** વ્યવસ્થિત એકધારૂ સત્સંગ અને ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન સરળ અને શુદ્ધભાષામાં મળતું રહેશે.

શ્રી ઠાકોરજી મહારાજ અને મુક્તાનંદીય ગુરૂપરંપરાના સમર્થ પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ પૂજ્યપાદ્ ગુરૂજીની શુભપ્રેરણા અને આશીર્વાદથી **લોયાધામ પરિવારના વિદ્વાન સંત શાસ્ત્રીશ્રી સત્સંગવલ્લભદાસજી સ્વામી**એ ખુબ જ શ્રદ્ધા અને ભક્તિપૂર્ણ પરિશ્રમ કરીને **ધોરણ ૧ થી ૧૨ની આ પાઠ્યપુસ્તકશ્રેણી** તૈયાર કરી છે. બાળકોને આ પુસ્તકો ભણાવી શકે એવું કોઈ ન હોય કે વાર્તા કહી સંભળાવે એવું કોઈ ન હોય ત્યારે પણ બાળકોને જાતે પણ આ પુસ્તકો અને વાર્તાઓ વાંચવી ગમે તેવી સરળ અને રસાત્મકશૈલીમાં વાર્તાઓને આલેખી છે. સોનામાં સુગંધ ભળે તેમ પાને પાને વાર્તાઓને અનુરૂપ બહુરંગી ચિત્રો દ્વારા આ પુસ્તકો વધુ દિવ્ય, ભક્તિપ્રધાન અને સુશોભિત કરાયા છે. રંગબેરંગી ચિત્રો દ્વારા બાળકોની કલ્પના શક્તિ પણ વિકશસે અને ચિત્રકળામાં પણ રસ જાગશે.

આ પાઠ્યપુસ્તકો ગાગરમાં સાગર સમાન છે અને જ્ઞાનવૃદ્ધિનો ખજાનો છે. આના અભ્યાસથી નાના-મોટા સૌ કોઈમાં સદ્‌ગુણો કેળવવાની સ્વાભાવિક ઉત્કંઠા જાગશે અને સત્સંગ, સંસ્કાર અને સમજણ દ્રઢ થશે. આ પાઠ્યપુસ્તકો દ્વારા પૂજ્ય સંતો, શિક્ષકો, વાલીઓ અને સંચાલકોને પણ બાળકોમાં સંસ્કારનું સિંચન કરવામાં સરળતા અનુભવાશે. આશા છે આ પાઠ્યપુસ્તક શ્રેણી આપને ગમશે અને સર્વેના જીવનને ઉર્ધ્વગામી બનાવવામાં સહાયરૂપ નિવડશે.

આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત કરવા માટે બનતા પ્રયાસો થયા છે છતાં પણ કોઈ દોષ જણાય તો આપ રાજી રેજો અને જે તે ક્ષતિઓને અમારા સુધી પહોંચાડશો જેથી નવી આવૃત્તિઓમાંથી તે કચાશ કાઢી શકાય.

☞ વિશેષમાં પૂજ્ય સંતો, સંચાલકો, વાલીઓ, વડીલો અને બાળકોએ આ પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિગતો પણ આગળના પૃષ્ઠોમાં આપવામાં આવી છે, જેનો ઊંડો અભ્યાસ કર્યા બાદ જો આ પુસ્તકોને ઉપયોગમાં લેવામાં આવશે તો ધાર્યું ફળ મેળવી શકાશે.

આ પુસ્તકોનાં પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર સૌ કોઈ પર ભગવાનની કૃપા વર્ષા થતી રહે એવી પ્રાર્થના સાથે....

બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર

લોયાધામ

પુસ્તક ભણાવવા વિષે

૧. સંચાલકો-શિક્ષકો-વાલીઓ-વડીલો માટે :

- એક વર્ષનાં કુલ **૫૨** રવિવારમાંથી **દિવાળીનો દોઢ મહિનો અને ઉનાળાનો દોઢ મહિનો** બાદ કરતા **૪૦** રવિવાર બાકી રહે છે. આમ, એક વર્ષમાં કુલ **૪૦** સભા થાય તે રીતે આ પુસ્તકમાં **૪૦** પાઠ તૈયાર કરાયા છે.
- અઠવાડિક બાળસભાનો વાર કે દિવસ પરિસ્થિતિ પ્રમાણે ગમે તે હોય પણ બાળસભાનો કાર્યક્રમ અને સમય બંધારણ નીચે મુજબ જ કરવું. જો શક્ય હોય તો સભા રવિવારે જ કરવી.

સભાનું સમય બંધારણ	**સમય**
ધૂન	૫ મિનિટ
કીર્તન/પ્રાર્થના	૫ મિનિટ
ચરિત્રામૃત વિભાગ	૨૦ મિનિટ
સત્સંગ સમજણ વિભાગ	૨૦ મિનિટ
વિશેષ/અન્ય	૧૦ મિનિટ
કુલ સમય	**૧:૦૦ કલાક**

- પ્રત્યેક સભામાં ધૂન-કીર્તન બાદ **૨૦** મિનિટ **ચરિત્ર નિરુપણ** કરવાનું રહેશે. જેને પહેલેથી વાંચી-વિચારી-સમજી લેવું.
- પ્રત્યેક સભામાં ચરિત્રામૃત પછી **'સત્સંગ સમજણ વિભાગ'** આપવામાં આવ્યો છે; જેમાં સત્સંગના પારિભાષિક શબ્દો જેવા કે, આજ્ઞા, ઉપાસના, નિશ્ચય, સેવા, સત્સંગ, સત્સંગી વગેરેની સમજણ આપવામાં આવી છે. તે વાંચી બાળકોને સમજાવવાનો રહેશે.



- આ પુસ્તકના અંત ભાગમાં **હ.ચ.સા.**ની કેટલીક ચુટેલી **કડીઓ** મૂકવામાં આવી છે જેને સમયની સાનુકૂળતાએ દરેક સભામાં એક-એક કડી ગાઈ-ગવડાવી બાળકોને કંઠસ્થ કરાવવાની રહેશે.
- દરેક પાઠના અંતે આપેલ **સ્વાધ્યાયને** બાળકો પાસે ગૃહકાર્ય તરીકે કરાવવાનો રહેશે અને લેખિત-મૌખિક પરીક્ષા પણ લેતા રહેવાની રહેશે.
- પુસ્તકના અંત ભાગમાં **શ્રીજી મહારાજના જીવનચરિત્રલક્ષી પ્રશ્નોતર** પણ આપવામાં આવ્યા છે જેને બાળકો પાસે કંઠસ્થ કરાવવાના રહેશે.
- આ **"બાળ સંસ્કાર વર્ષ 3"** પુસ્તકની રચના **ધોરણ-૯**માં ભણતા બાળકો અર્થાત્ ૧૩-૧૪ વર્ષની ઉંમરના બાળકોની બૌદ્ધિક ક્ષમતાના આધારે કરવામાં આવી છે. નવા આવેલા ૧૫થી ૪૦ વર્ષના યુવાનોને પણ બાળકની કક્ષામાંજ ગણવા.
- સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ પાઠ્યપુસ્તકોનું વર્ગીકરણ નીચે પ્રમાણે સમજવું અને ત્યાર બાદ આ પુસ્તકોનો ઉપયોગ બાળકોને ભણાવવા માટે કરવો.

ધોરણ	પાઠ્યપુસ્તકનું નામ	ઉંમર મર્યાદા (વર્ષમાં)
૧	લોયાધામ શિશુ - વર્ષ-૧	૫-૬
૨	લોયાધામ શિશુ - વર્ષ-૨	૬-૭
૩	લોયાધામ શિશુ - વર્ષ-૩	૭-૮
૪	લોયાધામ ભૂલકું - વર્ષ-૧	૮-૯
૫	લોયાધામ ભૂલકું - વર્ષ-૨	૯-૧૦
૬	લોયાધામ ભૂલકું - વર્ષ-૩	૧૦-૧૧
૭	બાળ સંસ્કાર - વર્ષ - ૧	૧૧-૧૨
૮	બાળ સંસ્કાર - વર્ષ - ૨	૧૨-૧૩
૯	બાળ સંસ્કાર - વર્ષ - ૩	૧૩-૧૪
૧૦	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૧	૧૪-૧૫
૧૧	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૨	૧૫-૧૬
૧૨	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૩	૧૬-૧૭



- આ **બાળ સંસ્કાર** પુસ્તક કુલ 3 ભાગમાં પ્રકાશિત છે. આમ, બાળ-બાલિકાઓ માટે 3 વર્ષનો કોર્સ રહેશે.
- **પાઠ ૧ થી ૨૦** ની **૬ માસિક** અને **પાઠ ૧ થી ૪૦**ની **વાર્ષિક પરીક્ષા** લેવાની રહેશે. જેનાં પરીક્ષા પેપર **"શ્રી લોયાધામ બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર"** માંથી નીકળશે. અથવા ગામના/શહેરના સંચાલકો સ્વયં પેપર કાઢી પરીક્ષા લેશે.
- વાર્ષિક પરીક્ષાનાં સમય પહેલાં સંપૂર્ણ પુસ્તક ભણાવી દેવાનું રહેશે.
- પ્રત્યેક સંચાલકે બાળસભાના સભ્યોનું **એડમીશન ફોર્મ** ભરવાનું રહેશે. અને પ્રત્યેક સભામાં **હાજરીપત્રક** રાખી હાજરી પુરવાની રહેશે.
- જે બાળકનું વાણી-વર્તન અયોગ્ય અને અનિયમિત હોય તેનું એડમીશન રદ કરી તેને પ્રેમથી રજા આપવાની રહેશે.

(૨) સંચાલકોનું નૈતિક કર્તવ્ય :

- સંચાલકોનાં જીવન વ્યવહારની સભ્યો પર ખૂબ જ ઊંડી અસર થાય છે. માટે મહારાજ અને મોટા પુરુષને ગમે તેવું અને એક **સભ્ય સંસ્કારી માણસ**ને શોભે તેવું જ વાણી-વર્તન-જીવન રાખવું.
- આ પુસ્તકમાં જે જે શીખવવામાં આવ્યું છે તે બધું જ **સંચાલકનાં જીવન-વ્યવહારમાં** અવશ્ય પળાતું હોવું જોઈએ.
- **લોયાધામ પરિવાર** સાથે ઓછામાં ઓછા **૨ વર્ષ**થી જોડાયેલ આત્મીય ભક્તને **સંચાલકની** સેવા માટે પૂજ્ય સંતો દ્વારા નિમણુંક કરવામાં આવશે.
- પ્રત્યેક સંચાલક **પૂજ્ય ગુરુજી** અને લોયાધામ પરિવારનાં **ઓછામાં ઓછા બે સંતો**ના **લાઇવ કોન્ટેક્ટ**માં રહેતાં હોવા જોઈએ.
- પ્રત્યેક સંચાલકે પોતાનાં ગામ/શહેર કે સભાની પરિસ્થિતિથી પોતાનાં ઉપરી સંચાલકને વાકેફ રાખવા.
- પ્રત્યેક સંચાલકે અવશ્યપણે **સફેદ ઝભ્ભો-લેંઘો** પહેરીને જ સભા કરવી.



- ક્યારેય કોઈ પણ બાળક ઉપર હાથ ઉપાડવો નહિ. સખતાઈ અને ક્રોધની ભાષા કરતાં **પ્રેમની ભાષા**થી બાળકને સમજાવશો તો પરિણામ અવશ્ય મળશે.
- સભાનાં સમય દરમ્યાન પોતાનો **મોબાઇલ ફોન સ્વીચ ઓફ** અથવા **સાયલન્ટ** રાખવો. ચાલુ સભામાં કોઈ સાથે ફોનમાં વાત કરવી નહિ.
- **બાળકો કેળવી સંસ્કારી, નિષ્ઠાવાન્ બનાવવાં એ એક કળા-કૌશલ છે. તેમાં જેટલો વધારે સમય ગાળશો એટલાં જ સારા ફળ મળશે.**
- કોઈ પણ બાળકને **'તુંકારે'** બોલાવવા નહિ. તેના નામની પાછળ **'ભગત'** લગાડીને જ બોલાવવા. દા.ત. **દર્શન ભગત.**
- પ્રત્યેક સંચાલકે અને બાળકે **"નિત્ય નિયમાવલી"** પણ સાથે રાખવી. સમયની સાનુકૂળતાએ નિત્યનિયમ પણ બોલાવી કંઠસ્થ કરાવવાનાં રહેશે.
- **સભાના ૪૦ રવિવારને બાદ કરતા બાકી રહેલા ૧૨ રવિવારે સંચાલક સ્વૈચ્છિક રીતે આનંદોત્સવ, રમતોત્સવ, તીર્થસ્થાન દર્શન વગેરેનું આયોજન કરી શકે છે.**

(૩) સભાનું આયોજન અને પૂર્વતૈયારી :

- સભા સ્થળની સાફ-સફાઈ કરી એક સુંદર ટેબલ ઉપર આસન પાથરી **શ્રી ઠાકોરજી મહારાજ**ની મૂર્તિ પધરાવી અને તેનાથી નીચું બીજું આસન પાથરી તેના ઉપર **ગુરુપંરપરાની મૂર્તિ** દર્શન માટે પધરાવવી. સભામાં શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ **વચનામૃત, મુક્તાનંદ કાવ્ય** જેવાં મૂળ ગ્રંથને તો અવશ્ય રાખવા. શ્રી ઠાકોરજી મહારાજ અને ગ્રંથને પ્રણામ કરી, પોતાનાં સ્થાને બેસી **"બાળ સંસ્કાર"** પુસ્તકનું વાંચન અને નિરુપણ કરવું.
- સભાની શરૂઆતમાં પ્રાર્થના બાદ નીચે જણાવેલ છ (૬) જય અવશ્ય બોલાવવી. જય બોલાવવાની પદ્ધતિ એક જ રાખવી પણ અદલાબદલી ન કરવી.

  (૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય (૨) શ્રી ઠાકોરજી મહારાજની જય (૩) શ્રી હરિકૃષ્ણ મહારાજની જય (૪) શ્રી ઘનશ્યામ મહારાજની જય (૫) શ્રી સદ્‌ગુરુદેવની જય (૬) શ્રી પાંચસો પરમહંસની જય.



- ધૂન-પ્રાર્થના-કીર્તન કોણ બોલાવશે તેની સોંપણી પહેલેથી જ કરી રાખવી અથવા સ્વયં ઉચ્ચ મધુર સ્વરે બોલાવવું. જો બાળકને પણ ગાવા કે બોલવા દેવાનો અવસર આપવામાં આવે તો સર્વને સભા પોતાની લાગશે અને બાળકો તૈયાર થશે.
- બાળસભા રસપ્રદ બનાવવા માટે દરેક પાઠની પૂર્વતૈયારી અને મનન ખૂબ જ જરૂરી છે, તો જ આ પુસ્તકનો હેતુ સફળ થશે. ચરિત્રોનો રસાળ ઉલ્લેખ આ પુસ્તકમાં છે; છતાં તેના વિસ્તાર અને રોચકશૈલીની રજુઆત માટે વક્તાસંચાલકે પૂર્વતૈયારી કરવી આવશ્યક છે.

(૪) બાળકોનું કર્તવ્ય :

(૧) આપણી રમત-ગમત, મોજશોખ છોડી દર અઠવાડિયે બાળસભામાં નિયમિત-સમયસર હાજરી આપવી. બાળસભાનાં સમય કરતાં દશ મિનિટ પહેલા પહોંચી જવું.

(૨) બાળસભામાં આપણા બૂટ-ચંપલ લાઈનમાં જ ઉતારવા અને અન્યનાં બૂટ-ચંપલ આપણે ન પહેરવા.

(૩) બાળસભામાં ફરજીયાત સફેદ વસ્ત્રો (ઝભ્ભો-લેંઘો) અથવા સંસ્થા દ્વારા નક્કી કરાયેલ ડ્રેસ પહેરીને જ જવું અને તિલક-ચાંદલો ફરજીયાત કરવો.

(૪) બાળસભામાં બોલાતી ધૂન, પ્રાર્થના, કડી, શ્લોક, વાતો, કીર્તન, પ્રતિજ્ઞા વગેરે ઉચ્ચ સ્વરે મુખપાઠ બોલવાં.

(૫) બાળસભામાં બાળસભાની ચોપડી નોટ-પેન લઈને જવું અને સભા દરમ્યાન અગત્યનાં મુદ્દા નોટબુકમાં નોંધવા.

(૬) સભામાં બેસતા પહેલા મહારાજની મૂર્તિ સમક્ષ છ (૬) દંડવત્ કરીને સંચાલકશ્રીને પગે લાગીને જ બેસવું.

(૭) સભામાં શિસ્ત, વિનય, વિવેક અને મર્યાદા જાળવવી. બેસવામાં આડી-ઊભી લાઈન જોઈ શિસ્તમાં બેસવું.



(૮) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકોની આજ્ઞામાં જ રહેવું. મનનું ધાર્યું મુકવું.

(૯) બાળસભાના બાળકો અને સંચાલકશ્રીનાં નામ પાછળ ભગત લગાડીને જ આદરપૂર્વક બોલીએ. **દા.ત. જીજ્ઞેશ ભગત.**

(૧૦) સભામાં સંચાલક સાહેબને આદર આપીએ. તેમને 'તુંકારે' ન બોલાવીએ તથા તેમની સાથે અવિવેકી વર્તન ન કરીએ.

(૧૧) સંતોના આખા નામ આદરપૂર્વક બોલીએ. **દા.ત. પૂજ્ય સુવ્રતવલ્લભસ્વામી.**

(૧૨) સભામાં કોઈ પ્રશ્ન પુછાય ત્યારે અથવા આપણે કંઈક પૂછવું હોય ત્યારે આંગળી ઊંચી કરવી, પરંતુ વચ્ચે ન બોલવું.

(૧૩) જો મોબાઈલ ફોન લઈને બાળસભામાં જવાનું થાય તો સભા દરમ્યાન મોબાઇલ ફોન સ્વીચ ઓફ અથવા સાયલન્ટ રાખવો.

(૧૪) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકશ્રી સાથે એક પલંગ, સોફા કે ખુરશી પર ન બેસવું. પણ તેમની સન્મુખ નીચા આસને જ બેસવું.

(૧૫) બાળસભા જે સ્થળે હોય તે સ્થળે કોઈપણ વસ્તુને પૂછ્યા વિના અડવું નહિ તથા નુકશાન પણ ન થાય તે ધ્યાન રાખવું.

(૧૬) બાળસભામાં ધમાલ-મસ્તી કે અટકચાળા ન કરીએ, તથા અંદરોઅંદર વાતો ન કરવી. પૂજ્ય સંતો અને સંચાલકોની વાતને એકાગ્રતાથી સાંભળવી.

(૧૭) બાળસભામાં યોજાતા કાર્યક્રમોમાં, સ્પર્ધાઓમાં ઉત્સાહ અને ઉમંગથી ભાગ લેવો.

(૧૮) આરતી અને પ્રસાદ માટે દોડાદોડી ન કરવી પણ લાઈનમાં ઊભા રહેવું.

(૧૯) નવાં-નવાં બાળકોને આપણી બાળસભામાં આગ્રહપૂર્વક લઈ આવવા અને તેમનો સંચાલકશ્રી તથા પૂજ્ય સંતોને પરિચય કરાવવો.

(૨૦) આપણા જન્મદિવસે તથા શુભપ્રસંગોમાં તથા મહારાજને રાજી કરવા અનુકૂળતા મુજબ આપણી બાળસભામાં પ્રસાદીની સેવાનો લાભ લેવો.

(૨૧) બાળસભામાં જે વાત શીખવાડવામાં આવે તે વાત ઘરે આવીને માતા-પિતાને તથા અન્ય સભ્યોને કહેવી તથા તે પ્રમાણે આગ્રહપૂર્વક વર્તવું.

(૨૨) સભા પૂર્ણ થયા બાદ પૂજ્ય સંતો અને સંચાલકશ્રીને પગે લાગીને "જય સ્વામિનારાયણ" કહીને જ જવું.

(૨૩) સભા પૂર્ણ થયા બાદ વાતો કરવામાં સમય પસાર ન કરવો તથા બહાર ફરવા ન જવું. સીધા ઘરે જ જવું. જેથી આપણા માતા-પિતાને ચિંતા ન થાય.

(૨૪) અઠવાડિયે અથવા પંદર દિવસે એકવાર પૂજ્ય ગુરુજી અને પૂજ્ય સંતોને અવશ્ય ફોન કરવો.

(૨૫) વેકેશનના સમયે પૂજ્ય ગુરુજી અને સંતો સાથે રહેવાં માટે જવું.

પ્રતિજ્ઞાપત્ર

- સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા આરાધ્ય ઉપાસ્ય ઈષ્ટદેવ છે.
- તે મને આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવિત શ્રી ઠાકોરજી મહારાજના રુપે પ્રગટ અને પ્રત્યક્ષ મળ્યાં છે.
- હું શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને આજ્ઞા દ્રઢ કરીને રાખીશ.
- શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરાના પ્રગટ સત્પુરુષ મારા મોક્ષનાં દાતા છે.
- શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ મારા આત્યંતિક કલ્યાણનું કેન્દ્ર છે.
- હું તેને તન-મન-ધનથી સમર્પિત રહીશ અને તેની સેવા વફાદારીપૂર્વક ખંતથી કરીશ.
- શ્રી લોયાધામ પરિવારનાં સંતો ભક્તો મારા પરમ આત્મીય અને આત્માનાં સાચા સગા છે.
- હું હંમેશા મારા ગુરુજી અને સંતો ભક્તોનું નિર્દોષ ભૂલકું બનીને રહીશ.
- મારા કોઈપણ કર્મથી મારા ગુરુજી અને સંતોને શરમથી માથું ઝુકાવવું પડે એવું કોઈપણ કૃત્ય હું નહિ કરું.
- "શ્રી પુરુષોત્તમનારાયણને પામી જ જવું છે" એ જ મારું જીવનલક્ષ્ય છે.
- તે અર્થે ગરજુ-રાંક થઈને શ્રી ઠાકોરજી મહારાજ, પૂજ્ય ગુરુજી અને સંતો-ભક્તોને રાજી કરીશ.
- શ્રી ઠાકોરજી મહારાજ, શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરા અને લોયાધામ પરિવારનાં સંતો ભક્તોનો હું દાસ છું. એનો મને ગર્વ છે.



અનુક્રમણિકા



૧ હિન્દુ એટલે? ૧
ઉઠવાના સમયે ૪



૨ બધેજ ઘનશ્યામ ૬
શરીરની શુદ્ધિ ૮



૩ પોતાની વાણીને શાપ ૧૧
ભોજનના સમયે ૧૩



૪ કઠપૂતળીને નચાવનાર ૧૬
સૂવાના સમયે ૧૮



૫ સત્સંગનો પ્રતાપ ૨૦
ઘરની સ્વચ્છતા ૨૪



૬ મહિમાભર્યું જીવન ૨૬
સ્વચ્છતા ૨૮



૭ ગુરૂભક્ત આરૂણી ૩૨
પહેરવેશ ૩૫



૮ છડી સવારીએ કાકડી ૩૮
અભ્યાસ ૪૦



૯ ખરા ખપવાળા આવા હોય ! ૪૩
પરીક્ષા સમયે ૪૬



૧૦ શ્રીજી મહારાજ કોની રસોઈ જમે? ૪૮
રમત ગમતના સમયે ૫૧



૧૧ ગાગરમાં સાગરઃશિક્ષાપત્રી ૫૪
યાત્રા - મુસાફરીના સમયે ૫૭



૧૨ ભૂતોનો ઉદ્ધાર ૬૦
તહેવારના સમયે ૬૨



૧૩ સેવકરામની સેવા ૬૬
વિવિધ ઋતુઓના સમયે ૬૮



૧૪ કર્મનું ફળ ભોગવવું જ પડે ૭૦
માનસીપૂજા ૭૨


૧૫ બીજાના ભલા માટે જીવન ૭૫
નિત્યપૂજા ૭૭


૧૬ મોક્ષની વિધા ૮૦
પ્રાર્થના ૮૨


૧૭ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી ૮૫
વાંચન તથા શ્રવણ ૮૭


૧૮ હું કરું, હું કરું, એજ અજ્ઞાનતા ૯૦
ઘર મંદિર ૯૨


૧૯ ધર્મ નિયમમાં દૃઢ ૯૫
સેવા ૯૭


૨૦ હવે સંઘ આવ્યો ૯૯
વિશેષ રાજીપાના સાધન ૧૦૨


૨૧ પુતળીબાઈ ૧૦૫
જન્મ દિવસની ઉજવણી વિશે ૧૦૭


૨૨ વચનામૃત ૧૧૦
ઘરસભા ૧૧૨


૨૩ દીનમાંથી દિવાન ૧૧૫
સંતોની પધરામણી વિવેક ૧૧૮


૨૪ ભક્ત જયદેવની ક્ષમા ૧૨૨
પ્રામાણિકતા યુક્ત વર્તન ૧૨૫


૨૫ કેટલીક કુટેવો ૧૨૮
વિનયે યુક્ત વર્તન ૧૩૦


૨૬ લોયાધામના સુરાખાચર ૧૩૪
મંદિરમાં આપણું વર્તન ૧૩૭


૨૭ સારંગપુરના શ્રી કષ્ટભંજન દેવ ૧૪૦
સંતો સાથે આપણું વર્તન ૧૪૩


૨૮ દર્શન કરવાની રીત ૧૪૬
હરિભક્તો સાથે આપણું વર્તન ૧૫૦


૨૯ મહાદયાળુ મહારાજ ૧૫૩
ઘર તથા ગામમાં આપણું વર્તન ૧૫૫


૩૦ મહર્ષિ વેદ વ્યાસ ૧૫૮
માતા પિતા અને વડીલો સાથે વર્તન ૧૬૧


૩૧ મગનીરામમાંથી અદ્વૈતાનંદ ૧૬૪
ભાઈ બહેન સાથે આપણું વર્તન ૧૬૬


૩૨ દીધા દીકરાના દાન ૧૬૯
મિત્રો સાથે આપણું વર્તન ૧૭૩


૩૩ આવા હતા આપણા દાદાગુરુજી ૧૭૬
શાળામાં આપણું વર્તન ૧૭૯


૩૪ આહારશુદ્ધિ ૧૮૨
શિક્ષકો સાથે આપણું વર્તન ૧૮૫


૩૫ મહાભારત ૧૮૮
મહેમાનો સાથે આપણું વર્તન ૧૯૧


૩૬ લાડુદાનમાંથી બ્રહ્માનંદ ૧૯૪
મહેમાનગતિ સમયે આપણું વર્તન ૧૯૭


૩૭ તારે ચટક રંગીલો છેડલો ૨૦૦
ટેલિફોનમાં વાત કરતી વખતે આપણું વર્તન ૨૦૩


૩૮ જમતગડા ચાર ભાઈઓ ૨૦૬
સત્સંગના સંસ્કાર ૨૦૮


૩૯ સત્યં વદ - સાચું બોલો ૨૧૨
આપનું ઘર આવું હોવું જોઈએ ૨૧૫


૪૦ હું તમારો કુતરો છું ૨૧૮
આપનું ઘર આવું ન હોવું જોઈએ ૨૨૦


ભગવાન
શ્રી સ્વામિનારાયણ ૨૨૨


શ્રીજી મહારાજના
જીવનચરિત્રલક્ષી પ્રશ્નોત્તર ૨૨૪


કાયમી મુખપાઠ
(કડી-કંઠસ્થ) ૨૨૯


આદર્શ સત્સંગીનું
જીવન આવું હોય ! ૨૩૧


લોયાધામ મહિમા ૨૩૩


લોયાધામ પરિવારમાં
મોક્ષ પાક્કો ૨૩૬

સભા-૧ : હિંદુ એટલે ?

એક હતો **બાળક.** તે રમતો હતો. કોઈએ તેને પૂછ્યું, **'તું હિંદુ છે?'** તે કહે, 'હાસ્તો વળી.' ત્યારે બીજો પ્રશ્ન પુછાયો, 'તો બોલ ત્યારે **હિંદુ એટલે શું?** હિંદુ કોને કહેવાય?'


બાળકને કાંઈ જ ન આવડ્યું. રમતમાંથી તેનો રસ ઊડી ગયો. આજે જમવાની પણ તેને મજા ન આવી. તેના મગજમાં બે પ્રશ્નો ઘુમરાતા હતા. થાકીને કંટાળીને તે પલંગમાં પડ્યો. તેને એક વિચાર સૂઝ્યો. તેણે પ્રાર્થના કરી. પછી તો ક્યારે તેની આંખ મીંચાઈ ગઈ, તેની તેનેય ખબર ન પડી.

અડધી રાત વીતી ગઈ. બાળકને એક સુંદર **સપનું** આવ્યું. તે હજારો-લાખો વર્ષ પહેલાંના સમયમાં પહોંચી ગયો હતો. તેને **ૐ** ના મધુરા સ્વરો સંભળાતા હતા. તેણે આંખો ખોલી. સામે એક ઘટાદાર વૃક્ષ હતું. નીચે એક **ઋષિમુનિ** ધ્યાન કરતા હતા. ઋષિમુનિને જોઈને બાળકનું મુખ મલકાયું, 'હાશ! ભગવાનને મારી પ્રાર્થના સાંભળી. મને મારા પ્રશ્નોના જવાબ મળશે. જય હો ઋષિમહારાજ...'

તે જલદીથી ઋષિમુનિની નજીક પહોંચ્યો. મનોમન વંદન કરી સામે બેઠો. થોડીવારે ઋષિમુનીએ આંખો ખોલી. બાળકે પૂછ્યું, ઋષિમહારાજ, **હિંદુ એટલે શું ? હિંદુ કોને કહેવાય?'**

બાળકનો હાથ પકડી ઋષિમુનિ તેને પોતાની કુટિરમાં લઈ ગયા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ - એમ **૪ વેદો** બતાવ્યા. અને કહ્યું,

'આ વેદોને માને તેને હિંદુ કહેવાય. આ વેદો દુનિયાના સૌથી પ્રાચીન ધર્મગ્રંથો છે.' બાળકે પૂછ્યું, 'પણ ઋષિમહારાજ, મને કહો તો ખરા કે આ વેદોમાં આવે છે શું?' ઋષિમુનિએ બાળકને આસન પર બેસાડી કહ્યું, 'વેદોમાં આવ્યું છે આત્મા અને પરમાત્માનું જ્ઞાન.



આ જ્ઞાન આપણા જેટલું સ્પષ્ટ દુનિયામાં કોઈ પાસે નથી.' બાળકે પૂછ્યું, **'આત્મા અને પરમાત્માનું જ્ઞાન** એટલે શું?' ઋષિમુનિએ બાળક માથે હાથ ફેરવતાં કહ્યું, 'જો બેટા, **આત્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન.** જીવ-જંતુ, પશુ-પંખી, વનસ્પતિ અને આપણે સૌ સજીવો મૂળસ્વરૂપે આત્મા છીએ. બહાર દેખાય છે, તે તો શરીર છે. શરીર મરે છે. આત્મા અમર છે. તે **કર્મસિદ્ધાંત** મુજબ સારાં કર્મો કરે, તો સારું ફળ પામે છે. અને ખરાબ કર્મો કરે, તો ખરાબ ફળ પામે છે. અને આ મુજબ આપણા અનેક જન્મો થાય છે. જેને **પુનર્જન્મ** કહેવાય છે.'

બાળકને જિજ્ઞાસા પ્રગટી, તેથી તેણે વચ્ચે જ પૂછી નાખ્યું, 'પણ ઋષિમહારાજ, આપણા અનેક જન્મો અટકી ન શકે? ઋષિમુનિ હસ્યાં ને કહે, 'એ માટે જ તો છે **પરમાત્માનું જ્ઞાન**.' બાળક કહે, 'હું સમજ્યો નહિ. આ પરમાત્માનું જ્ઞાન એટલે શું ?' ઋષિમુનિ બાળકને પોતાની કુટિરના નાનકડા **મંદિર** પાસે લઈ ગયા.

બંનેએ પરમાત્માની **મૂર્તિને** બે હાથ જોડી વંદન કર્યા. પછી ઋષિમુનિ કહે, '**આ પરમાત્મા છે**. તેઓ સર્વોપરી છે. સાકાર છે. દિવ્ય છે. સર્વ કર્તાહર્તા છે અને મૂર્તિમાં, સંતમાં પ્રગટ રહે છે. તેઓ પોતાના અક્ષરધામમાં રહ્યા થકા પૃથ્વી પર **અવતાર** ધરે છે. **આને કહેવાય પરમાત્મજ્ઞાન...'**

બાળકે ઋષિમુનિને અટકાવ્યા અને કહ્યું, 'મહારાજ, આ બધું, સાંભળીને તો મારું મન વધુ ચકરાવે ચઢી ગયું. મને ટૂંકમાં સમજાવો કે હિંદુ એટલે શું?' ઋષિમુનિ હસવા લાગ્યા. ને કહે, 'તો સાંભળ.. **એક મુદ્દામાં કહેવું હોય, તો ચાર વેદને માને તેને હિંદુ કહેવાય. બે મુદ્દામાં કહેવું હોય, તો વેદમાં આવેલા આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાનને માને તેને હિંદુ કહેવાય અને ચાર મુદ્દામાં કહેવું હોય, તો વેદમાં આવેલા આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાન સાથે જોડાયેલી ૪ માન્યતાઓ (૧) કર્મસિદ્ધાંત, (૨) પુનર્જન્મ, (૩) મૂર્તિપૂજા અને (૪) અવતારવાદને માને તેને હિંદુ કહેવાય.'**

પછી તો ઋષિમુનિએ બાળકને એક પ્રશ્ન પૂછ્યો, 'બેટા,' **'હિંદુ'** શબ્દ ક્યાંથી આવ્યો તે તું જાણે છે?' બાળક માથું ખંજવાળતાં કહે, 'ઋષિમહારાજ, એ તો ખબર નથી. જલદી કહો.' આ સાંભળી ઋષિમુનિ બાળકને લઈને પાસેની **સિંધુ નદી**ના કિનારે પહોંચ્યા. બાળકે જોયું તો કેટલાય બીજા ઋષિમુનિઓ, ઋષિમાતાઓ, બાળકો અને બાલિકાઓ ત્યાં વિરહતાં હતાં. થોડીવાર તો બાળક એ ભવ્ય અને દિવ્ય વાતાવરણમાં ખોવાઈ ગયો.

ઋષિમુનિએ તેને ઢંઢોળ્યો ને કહ્યું, 'અમે તમારા પૂર્વજો છીએ. **આર્યો** છીએ. આ સિંધુ નદીના કાંઠે જ વેદોનું-**સનાતન ધર્મ**નું જ્ઞાન પ્રથમ પ્રસાર પામ્યું હતું. ખરેખર તો આપણા ધર્મનું મૂળ નામ **'સનાતન ધર્મ'** છે, પરંતુ વિદેશી લોકો આર્ય પ્રજાને 'હિંદુ' કહેવા લગ્યા. **સિંધુમાંથી 'હિંદુ' શબ્દ આવ્યો છે**. ટૂંકમાં હિંદુ એટલે સિંધુ નદીના કિનારે પ્રથમ વિકાસ પામેલા વૈદિક જ્ઞાનને માનનારા લોકો.'

બાળકને ખૂબ જ શાંતિ થઈ ગઈ હતી. હવે તેની પાસે **'હિંદુ'** શબ્દના બધા જ જવાબો હતા. ઋષિમુનિ તો હજુ બોલ્યે જ જતા હતા, 'બેટા!' હિંદુ સંસ્કૃતિ વિશ્વની સૌથી મહાન સંસ્કૃતિ છે! આત્મારૂપ થઈ પરમાત્માની ભક્તિ કરવી એ જીવનનું ધ્યેય છે...'

બાળકના આખા શરીરે આનંદની અને અસ્મિતાની ઝણઝણાટી પ્રસરી ગઈ. અચાનક તેની ઊંઘ ઊડી ગઈ. જોયું તો તેનાં માતા પલંગ પાસે બેસી તેને જગાડતા હતા. અને બાળક **'જય સનાતન ધર્મ'** કહી ઊભો થઈ ગયો.

(સનાતન એટલે જેની શરૂઆત અને અંત નથી તે.)



સત્સંગ સંસ્કાર વિભાગ

ઊઠવાના સમયે

(૧) દરરોજ સવારમાં મહારાજ (ભગવાન) ઊઠે એ પહેલાં છ વાગ્યા સુધીમાં આપણે ઊઠી જવું જોઈએ.

(૨) નિદ્રામાંથી જાગ્યા બાદ સ્વસ્થ થઈ પથારીમાં બેઠાં બેઠાં મહારાજની મૂર્તિનું સ્મરણ કરી ધ્યાન કરવું. ત્યારબાદ સ્વામિનારાયણ ભગવાન, આપણા સદ્‌ગુરૂ સંતો, પૂજ્ય ગુરૂજી અને સંતોને દિવ્યભાવે સંભારી (માનસિક સ્તુતિ કરીને) પ્રાર્થના કરવી જોઈએ:

''હે મહારાજ ! હે સ્વામીશ્રી ! હે દાદાગુરુજી ! હે ગુરૂજી ! દયાળુ, આ સેવક ઉપર સદાય રાજી રહેજો. આજે દિવસ દરમ્યાન સદાય મારી ભેળા રહેજો. મારી સર્વે ક્રિયાના કર્તા આપ જ બનજો. અભ્યાસમાં પણ ભેળા રહેજો. આપ સદાય મને જુઓ છો એવો પ્રગટભાવ રખાવજો. દિવસ દરમ્યાન આપના ગમતા બહાર ન વર્તાય એવી દયા કરજો અને કુસંગ થકી મારી રક્ષા કરજો.''

(૩) ઊઠ્યા પછી આપણી આપણે પથારી જાતે જ વાળી યોગ્ય સ્થાને મૂકવી જોઈએ. તથા ઘરના અન્ય વડીલોની પથારી પણ આપણે વાળી યોગ્ય સ્થાને મૂકવાની સેવા કરવી જોઈએ.

(૪) ઊઠતી વખતે તથા પથારી મૂકતી વખતે ઓરડામાં સૂતેલા બીજા સભ્યોને ખલેલ ન પહોંચે તેનો ખ્યાલ રાખવો. તે માટે લાઈટો ચાલું ન કરવી તથા મોટેથી બોલવું નહિ કે ધૂન-ભજન પણ મોટેથી ન ગાવાં જોઈએ.

(૫) ઊઠતાંની સાથે પહેલું છાપું ન વાંચવું, ટીવી ન જોવું, કમ્પ્યુટર મોબાઈલ કે વીડિયો ગેમનો ઉપયોગ ન કરવો જોઈએ. ઊઠ્યા બાદ તુરત સ્નાન - શૌચાદિકક્રિયા મહારાજની સ્મૃતિ સાથે મૂર્તિ ધારી, શીઘ્રતાથી કરવી જોઈએ.

(૬) સ્નાનાદિક ક્રિયા કરીને તુરત પોતાની વ્યક્તિગત પૂજા ખૂબ એકાગ્રતાથી જ કરવી જોઈએ. પૂજા કર્યા વિના પાણી પણ ન પિવાય. વળી તિલક-ચાંદલો પણ અવશ્ય કરવો જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ઋષિમુનિને જોઈ બાળકે શું કર્યું?

---

(૨) ઋષિમુનિ બાળકનો હાથ પકડી તેને ક્યાં લઈ ગયા?

---

(૩) વેદ કેટલા છે? ક્યા ક્યા ?

---

(૪) હિંદુ એટલે શું ?

---

(૫) દુનિયાના સૌથી પ્રાચીન ધર્મ ગ્રંથો ક્યા છે?

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પૂરો.

(પુનર્જન્મ, આત્મા, પરમાત્મા, સનાતન, આર્યો, સિંધુ, હિંદુ)

(૧) વેદોમાં ..... અને ..... નું જ્ઞાન આવ્યું છે.

(૨) આપણા અનેક જન્મો થાય તેને ..... કહેવાય છે

(૩) આપણા ધર્મનું મૂળ નામ ..... ધર્મ છે.

(૪) ..... માંથી ..... શબ્દ આવ્યો છે.

(૫) આપણા પૂર્વજો ..... છે.

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) શરીર મરે છે, આત્મા અમર છે. ☐

(૨) સારા કર્મનું સારૂ ફળ અને ખરાબ કર્મનું ખરાબ ફળ મળે છે. ☐

(૩) ભગવાન સાકાર છે, દિવ્ય છે, સર્વકર્તા હર્તા છે. ☐

(૪) ભગવાન મૂર્તિમાં ને સંતમાં પ્રગટ રહે છે. ☐

(૫) સનાતન ધર્મ એટલે આજનો ધર્મ. ☐

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) હિંદુ ધર્મની મૂળભૂત ૪ માન્યતાઓ જણાવો.

---

(૨) સવારે ઊઠીને પથારીમાં બેઠાં બેઠાં કેવી પ્રાર્થના કરવી જોઈએ?

---

(૩) સવારે સ્નાન કરીને તુરંત શું કરવું જોઈએ?

---

(૪) સનાતન ધર્મ વિશે તમે શું જાણો છો ? જણાવો.

સભા-૨ : બધેજ ઘનશ્યામ

ઘનશ્યામ પ્રભુ **અયોધ્યા**માં રહેતા હતા ત્યારની વાત છે. હવે તેઓ **૫** વરસના થયા હતા.

પિતા ધર્મદેવ એમને ઘરે જ ભણાવતા હતા. ઘનશ્યામ એવા ચિત્ત દઈને ભણે કે એક વાર જે શીખવ્યું તે ફરી શીખવવું ન પડે. કોઈ ચીજને પેટીમાં પૂરી દઈએ, એમ ઘનશ્યામ શીખવાની વસ્તુને એકદમ મનમાં ઉતારી દે! પછી એ વસ્તુ તેમની થઈ જાય! ભણવાની આ **કળા** છે. પિતા ધર્મદેવ પૂજાપાઠ કરે, તે ઘનશ્યામ ધ્યાન દઈને જુએ. જુએ એટલે એમને આવડી જાય. પછી એ પ્રમાણે તેઓ કરવા માંડે. શીખવાની આ કળા છે.

આવડી ઉંમરે પણ ઘનશ્યામ પ્રભુ એકલા નદીએ જાય, નહાય ને તરે! ઘેરથી ચણા-મમરા લઈ જાય ને કાચબાઓને ખવડાવે. કાચબાઓનાં તેમણે નામ પણ પાડેલાં. નામ દઈને બોલાવે એટલે કાચબો પાણીમાંથી મોં બહાર કાઢે!

અયોધ્યાનાં બધાં મંદિરો **ઘનશ્યામ**નાં જાણીતા. તેમાંય **રામજી મંદિર** અને **હનુમાનગઢીનું હનુમાન મંદિર** તેમનાં ખાસ માનીતાં.

એક વાર તેઓ **હનુમાનગઢી**ના મંદિરમાં ગયા. ત્યાં **રામાયણની કથા** સાંભળવા બેઠા.

બપોર થઈ. ઘરમાં સૌને ખૂબ ચિંતા થઈ. **રામપ્રતાપભાઈ શોધવા** નીકળ્યા. હનુમાનગઢીના મંદિર પહોંચ્યા. ઘનશ્યામને જોઈ કહે, 'ચાલો ઘરે!' ઘનશ્યામ પ્રભુ કહે, 'મોટાભાઈ! કથા હવે થોડી જ વારમાં પૂરી થશે. તમે રાધાકૃષ્ણના મંદિરના દર્શન કરી આવો. પછી જઈએ.'





રામપ્રતાપભાઈ **રાધાકૃષ્ણના મંદિર**માં ગયા. ત્યાં પણ તેમણે ઘનશ્યામને ભાગવત્‌ની કથા સાંભળતા જોયા!

તેઓ આશ્ચર્યમાં પડી ગયા. ત્યાં તો ઘનશ્યામ કહે, 'ભાઈ, તમે રામજી મંદિર દર્શન કરી આવો. પછી જઈએ.'

રામજી મંદિરમાં પણ એવું જ થયું. **મોટાભાઈ રામપ્રતાપે** વિચાર્યું, 'નક્કી, મારી કંઈક ભૂલ થાય છે. આ ઘનશ્યામ ન હોય!' એટલે ખાતરી કરવા તેઓ એમની પાસે ગયા.

ત્યાં ઘનશ્યામ પ્રભુએ ભાઈને કહ્યું, 'હનુમાનગઢીએ જઈ આવો. પછી ઘરે જઈએ.'


મોટાભાઈ હનુમાનગઢી પહોંચ્યા, તો ઘનશ્યામ ત્યાં જ હતા. હવે કથા પૂરી થઈ હતી. પછી બંને ભાઈઓ સાથે ઘરે ગયા.

મોટાભાઈના મનમાં કોયડો રહી ગયો કે મેં એક સાથે **ત્રણ જગ્યાએ ઘનશ્યામને જોયા** તે શું? મારા ભાઈ તો ચમત્કારી લાગે છે!

પછી એ કોયડો **૩૫ વર્ષ** બાદ ઉકેલાયો. જ્યારે રામપ્રતાપભાઈ ગુજરાતમાં લોયા ગામમાં આવ્યા ને તેમણે સહજાનંદ સ્વામીરૂપે વિરાજતા ઘનશ્યામને જોયા, ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે એ **તો સર્વોપરી ભગવાનની લીલા હતી.**

આવા હતા ઘનશ્યામ પ્રભુ, અનેક રૂપો ધરવાં એ તો એમને ચપટીનું કામ.

વળી, તેઓ તો સર્વોપરી અક્ષરધામમાં દિવ્ય સાકારરૂપે બિરાજમાન છે, છતાં અનેક જીવોના કલ્યાણ માટે અનેક બ્રહ્માંડમાં અનંતરૂપ ધરે છે.



સત્સંગ સંસ્કાર વિભાગ

શરીરની શુદ્ધિ



(૧) દરરોજ સવારે ઊઠયા બાદ બ્રશ કે દાતણ કરી દાંતને ચોખ્ખા રાખીએ. બ્રશ કે દાતણ ઉતાવળે જેમતેમ ન કરતા પ્રભુની સ્મૃતિ સહિત શાંતિથી વ્યવસ્થિત કરવું.

(૨) બ્રશ કે દાતણ કરવા માટે જે નળ વાપરીએ તેને ગળણું (પાણી ગાળવાની કોથળી) બાંધવું ફરજિયાત છે. માટે નળને અચૂક ગળણું બાંધવું અને પાણીના નળને બિનજરૂરી ચાલુ ન રાખવો જોઈએ. પાણીનો વધુ બગાડ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

(૩) એક જગ્યાએ બેસીને જ બ્રશ કે દાતણ કરવું જોઈએ. ઘરમાં જ્યાંત્યાં હરતાં-ફરતાં બ્રશ ન કરાય.

(૪) સંડાસ જવા માટે ટુવાલ કે ચડ્ડી, ચડ્ડો કે બુર્મુડાનો ઉપયોગ કરવો પરંતુ પહેરેલાં કપડે સંડાસ ન જવું જોઈએ.

(૫) સંડાસનું બારણું ડાબા હાથે જ ખોલવું તથા અંદરના નળનો ઉપયોગ જમણા હાથથી જ કરવો જોઈએ.

(૬) સંડાસ ગયા બાદ પાઉડરથી કે માટીથી **ડાબો હાથ દસ** વખત અને **બંને હાથ** ભેગા કરી **સાત** વખત એમ **કુલ સત્તર** વખત હાથ ધોવા જોઈએ. બંને પગ પણ પાવડરથી ત્રણ વાર ધોવા જોઈએ

(૭) આપણે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ માટે આપણાથી કોઈ દિવસ સવારે સ્નાન કર્યા વિના રહેવાય નહિ. શિયાળો, ઉનાળો કે ચોમાસું હોય તો પણ નિત્ય સવારે સ્નાન કરવું જોઈએ. સ્નાન પણ મહારાજની સ્મૃતિ સહિત 'હે મહારાજ ! હે સ્વામીશ્રી ! સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'' એમ મુખેથી બોલતાં સ્નાન કરવું જોઈએ.

(૮) શરીરની શુદ્ધિ માટે બેત્રણ દિવસે સાબુનો ઉપયોગ કરી શરીરને શુદ્ધ અને સ્વચ્છ રાખવું જોઈએ.

(૯) વધુ પડતા લાંબા વાળ ન રાખવા કે વાળ વધારવાનો શોખ પણ ન રાખવો જોઈએ. સમયે સમયે વાળને કપાવી ટૂંકા કરાવવા. એ જ રીતે સમયે સમયે આપણા કાન પણ સાફ રાખવા જોઈએ.

(૧૦) આપણા નખ મોટા ન રાખવા જોઈએ. અઠવાડિયે - દસ દિવસે એક વખત નખ અચૂક કાપી

નાખવા. નખ કાપવા માટે નેઈલકટરનો ઉપયોગ કરવો. મોં-દાંતથી કે નખ દ્વારા નખ ન કાપવા જોઈએ.

(૧૧) દિવસ દરમ્યાન જેટલી વખત સંડાસ જવું પડે એટલી વખત શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ આપણે સત્તર વખત હાથ ધોઈ સ્નાન કરવું જોઈએ.

(૧૨) દિવસ દરમ્યાન લઘુ કરવા (પેશાબ જવા) માટે બાથરૂમનો જ ઉપયોગ કરવો. પરંતુ સંડાસનો ઉપયોગ ન જ કરવો. લઘુ કર્યા પછી હાથ અવશ્ય ધોવા જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(અનેક બ્રહ્માંડો, રામજી મંદિર, સહજાનંદ સ્વામી, ગીતા, ભાગવત, ચાર, છ, ત્રણ, સંન્યાસી)

(૧) અયોધ્યાનું ..... ઘનશ્યામનું ખાસ માનીતું હતું.

(૨) ઘનશ્યામ રાધાકૃષ્ણના મંદિરમાં .....ની કથા સાંભળવા બેઠા હતા.

(૩) મોટાભાઈ રામપ્રતાપે એક સાથે ઘનશ્યામને .....જગ્યાએ જોયા.

(૪) રામપ્રતાપભાઈ ગુજરાતમાં આવ્યા ત્યારે ઘનશ્યામને ..... સ્વરૂપ જોયા.

(૫) ભગવાન અનંત જીવોના કલ્યાણ માટે .....માં અનંતરૂપ ધારણ કરે છે.

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) અયોધ્યામાં ઘનશ્યામની ઉંમર કેટલા વર્ષની હતી ?

( )A એક ( )B બે ( )C ત્રણ ( )D પાંચ

(૨)રામજી મંદિરમાં કોની મૂર્તિ હોય છે?

( )A બ્રહ્મા ( )B વિષ્ણુ ( )C મહેશ ( )D રામ-લક્ષ્મણ-સીતા

(૩)હનુમાનગઢી મંદિર ક્યાં આવેલુ છે?

( )A મથુરા ( )B છપૈયા ( )C અયોધ્યા ( )D વૃન્દાવન

(૪)ઘનશ્યામ મહારાજના મોટાભાઈનું નામ શું હતું?

( )A રામનારાયણ ( )B ઈચ્છારામ ( ) C રામપરાયણ ( )D રામપ્રતાપ

(૫)સંડાસ ગયા બાદ કેટલી વાર હાથ ધોવા જોઈએ?

( )A ત્રણવાર ( )B સાતવાર ( )C સત્તરવાર ( )D ત્રીસવાર

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) ભગવાન અક્ષરધામમાં દિવ્ય સાકારરૂપે બિરાજમાન છે. ☐

(૨) જ્યાં-ત્યાં ફરતા-ફરતા દાંતણ કે બ્રશ કરવું જોઈએ. ☐

(૩) મોં-દાંતથી કે નખ દ્વારા નખ કાંપવા એ અયોગ્ય છે. ☐

(૪) ઘનશ્યામપ્રભુ અનેક રૂપો ધારણ કરી શકતા હતા. ☐

(૫) આપણા ગુરૂજી બહુજ દયાળુ છે. ☐

સભા-૩ : પોતાની વાણીને શાપ

બાંશી કરીને ગામ હતું.

ગામની થોડે દૂર નદીકિનારે એકાન્તમાં **નીલકંઠ વર્ણી** તપસ્યા કરતા હતા. ચારે બાજુ **પંખીઓ** મધુર કલરવ કરતાં હતાં, તેથી નીલકંઠને આનંદ થતો હતો.

એક દિવસ નીલકંઠ વર્ણી **ધ્યાનમાં** બેસવાનું કરતા હતા, ત્યાં અચાનક **બંદૂકના અવાજો** થયા, ને **બે પંખીઓ** ઘાયલ થઈ ચીસ પાડી એમના ખોળામાં આવી પડ્યાં.

નીલકંઠે પંખીઓના શરીર પર હાથ ફેરવ્યો, ને **કમંડલુમાંથી** જળ લઈ એમનાં મોંમા સીચ્યું પણ પંખીઓ બચ્યાં નહિ. એમના ખોળામાં જ એ તરફડીને **મરી** ગયા!

નીલકંઠને ખૂબ દુ:ખ થયું. તે વિચારમાં પડી ગયા કે પંખીઓ **કલરવ** કરી પ્રભુનું **કીર્તન** કરતાં હતાં ત્યાં કોણે એમની આમ **હત્યા** કરી?

એટલામાં **બે શિકારીઓ** તેમની સામે આવી ઊભા. નીલકંઠ તેમને જુએ તે પહેલાં તો તેમણે નીલકંઠના ખોળામાંથી બે પંખીઓને ખેંચી લીધાં ને કહ્યું : **'આ પંખી અમારાં છે. અમે રાજાના માણસો છીએ!'**



નીલકંઠે કહ્યું : 'પંખી તમારાં કેવી રીતે ? તમે તો એમને માર્યા છે !'

શિકારીઓએ **કહ્યું** : 'જે મારે તે માલિક એવો દુનિયાનો ધારો છે !' આમ કહી તેઓ પંખીઓને લઈ જતા રહ્યા.

નીલકંઠને એટલું દુ:ખ થયું કે એ દિવસે તેમણે કંઈ જ **ખાધું નહિ.** અચાનક મધરાતે તેમનાથી **બોલાઈ** ગયું : **'બળ્યું આ ગામ !** હવે અહીં રહેવું નથી !'

ત્યાં તો ગામમાંથી **આગની જ્વાળાઓ** દેખાવા માંડી. એ જોઈ તેમનું દુ:ખ ઓર વધી ગયુ : 'અરે, સાધુ **થઈને મેં આ શું કર્યું ? અરે વાણી, અરે, મારી વાણી, તે આ શો કેર કર્યો?'**

એકદમ દોડતા તે નદીના પાણીમાં કૂદી પડ્યા, ને જળની અંજલિ છાંટી બોલ્યા: **'શમી જાઓ, શમી જાઓ. આગ શમી જાઓ!'**

આગ તરત હોલાઈ ગઈ. વાણીએ આગ લગાડીને વાણીએ આગ હોલવી.

પણ નીલકંઠના ચિત્તને હજી શાંતિ થઈ નહિ. વાણીમાં આમ **ક્રોધ** પ્રગટ થાય એ સારું નહિ, એટલે એ જ વખતે એમણે જળની અંજલિ લઈ **પોતાની વાણીને જ શાપ** આપ્યો : **'હવે પછી ક્યારેય મારાથી આવું બોલાઈ જાય તો હે મારી વાણી, તું નિષ્ફળ જજો!'**

બીજા તપસ્વીઓ ક્રોધ કરી લોકોને બિવડાવે અને એમાં પોતાની સિદ્ધિ સમજે, પણ નીલકંઠને તો કોઈનીય ઉપર ક્રોધ કરવો નથી. બીજાઓને બિવડાવવાની શક્તિ જ એમને જોઈતી નથી. એમને તો બધાને સુખી કરવાની શક્તિ જોઈએ છે.

આવા સમર્થ હતા નીલકંઠ વર્ણી !
આપણે પણ પોતાના વાણી-વર્તનથી બીજાને
દુ:ખ થાય તેવું ક્યારેય ન કરવું જોઈએ.



તમે શું વિચારો છો ?

(૧) એક ડોક્ટર શસ્ત્રક્રિયા કરતી વખતે ચપ્પુથી દર્દીનું પેટ કાપે છે. એક ખૂની માણસ પણ કોઈના પેટમાં ચપ્પુ મારે છે. બંનેની ક્રિયા સરખી લાગતી હોવા છતાં બંનેમાં શો તફાવત છે ?

(૨) કોઈ માણસ બંદૂકથી પોતાના દુશ્મનને મારી નાખે છે અને એને ફાંસીની સજા થાય છે. બીજી બાજુ કોઈ સૈનિક યુદ્ધમાં દુશ્મન દેશના સો સૈનિકોને મારી નાખે છે, તેને 'એવોર્ડ' (પારિતોષિક) આપીને તેનું સન્માન કરવામાં આવે છે. શા માટે ?

(૩) તમે અંબરીષ રાજા અને દુર્વાસામુનિની વાત સાંભળી છે. દુર્વાસા ઋષિ હતા છતાં ભગવાન એમના પર નારાજ થયા, અને અંબરીષ રાજા હોવા છતાં ભગવાનના પ્રિય ભક્ત કહેવાયા.

અંતર્દૃષ્ટિ કરો:

૧. તમારા વર્ગમાં તમારી સાથે ભણતો રવિ તમારો પ્રતિસ્પર્ધી છે. હંમેશાં પહેલો નંબર લાવવામાં તમારી સાથે એની સ્પર્ધા ચાલે છે. ગયા વર્ષે ૨ માર્ક્સ વધારે લાવીને એ પહેલો નંબર લઈ ગયો હતો. આ વર્ષે વાર્ષિક પરીક્ષાને ચાર દિવસ બાકી છે, ત્યાં જ તે મેલેરિયાની માંદગીમાં પટકાય છે.


☞ આ વાત સાંભળીને તમે મનમાં શો વિચાર કરશો ?

૨. તમે સ્કૂલની ક્રિકેટ-ટીમના કેપ્ટન છો. આખા જિલ્લામાં તમારી ટીમ વખણાય છે, પરંતુ ગમે તે કારણસર છેલ્લા એક વર્ષથી તમારી ટીમ સતત હારવા લાગે છે. વ્યવસ્થાપકો તમારી જગ્યાએ ગયા વર્ષે જ સ્કૂલમાં પ્રવેશ મેળવનાર રાકેશને કેપ્ટન બનાવે છે. આ વખતે પહેલી જ મેચમાં તમારી ટીમનો જ્વલંત વિજય થાય છે. રાકેશનાં ખૂબ વખાણ થાય છે.

☞ આ વખતે તમારા મનમાં શો વિચાર આવે ? કેવો વિચાર આપણે કરવો જોઈએ ?



ભોજનના સમયે



(૧) બપોરે તથા સાંજે ભોજન ગ્રહણ કરતાં પહેલાં સ્વામિનારાયણ ભગવાનને જમાડવાની **'માનસીપૂજા'** ફરજિયાત કરવી જોઈએ.


(૨) આપણે ભોજન જમતાં પહેલાં બનાવેલ ભોજનનો આપણા ઘરમંદિરમાં મૂર્તિઓને થાળ ધરાવવો જોઈએ. આ થાળની પ્રસાદી તમામ વાનગીમાં થોડી થોડી નાખી ભેળવી દેવી કે જેથી બનાવેલ રસોઈ મહાપ્રભુનો પ્રસાદ બની જાય. ત્યારબાદ જ એ રસોઈમાંથી આપણે ભોજન લેવું જોઈએ. ઠાકોરજીને થાળ ધરાવવાનાં વાસણ પણ અલગ રાખવાં.

(૩) આપણે જેટલું જમવાની ઈચ્છા હોય, અનુકૂળતા હોય એટલું જ આપણી થાળીમાં લેવું જોઈએ. વધારે પડતું લઈ બગાડ ન કરવો.

(૪) જમવા માટે ફક્ત જમણા હાથનો ઉપયોગ કરવો જોઈએ. બે હાથથી રોટલી, ભાખરી, પૂરી કે અન્ય કોઈ વાનગી જમતી વેળાએ તોડવી ન જોઈએ તથા થાળી કે વાટકીને પણ ડાબા હાથે ન અડવું જોઈએ.

(૫) જમતી વેળાએ જમણા હાથનો ઉપયોગ જમવા માટે અને ડાબા હાથનો ઉપયોગ આપણે ફરી વાર કોઈ વાનગી લેવી હોય તો તેના માટે કરવો જોઈએ. રસોઈના વાસણમાંથી વસ્તુ લેતી વખતે ચમચો, ભાતિયું કે દાળવાટકી આપણી થાળી-વાટકીને અડી ન જાય તેનું ધ્યાન રાખવું. જો એ અડી જાય તો તેનો ઉપયોગ રસોઈ લેવા માટે ન કરી શકાય. કેમ કે, એવું કરવાથી બધી રસોઈ એંઠી થઈ જાય છે. પાણી ઊંચેથી પીવું.

(૬) જમતી વેળાએ મોટા મોટા કોળિયા ભરી, ઉતાવળા-ઉતાવળા ન જમવું જોઈએ. ભોજનને મહારાજની સ્મૃતિ સહિત શાંતિથી અને ચાવીને જમવાથી પાચનક્રિયામાં સાનુકૂળતા રહે છે અને શરીરના અન્ય રોગોથી બચી શકાય છે.



(૭) જમવાનું શરૂ કરતાં પહેલાં નેત્ર બંધ કરી મહારાજને અચૂક પ્રાર્થના કરવી જોઈએ કે....

''હે મહારાજ ! હે સ્વામી ! જમવા પધારો મારા વહાલા, દયાળુ! મારી સર્વે ક્રિયાના કર્તા આપ જ બનજો અને આપ જ જમાડજો. જમો મહારાજ... જમો દયાળુ...''

(૮) જમતાં જમતાં થાળી બહાર ઢોળાય નહિ તેનું ધ્યાન રાખવું. જો ઢોળાયું હોય તો જમવાનું પૂર્ણ કર્યા પછી થાળીની બહાર પડેલું અન્ન ભેગું કરી થાળીમાં લઈ લેવું જોઈએ.

(૯) જમવામાં જે કંઈ વસ્તુ હોય તે બધાને વહેંચીને જમવું તથા એકબીજાને પ્રેમથી પીરસવું જોઈએ.

(૧૦) સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ લસણ, ડુંગળી, હિંગ વગેરે અભક્ષ્ય વસ્તુનો નિષેધ હોવાના કારણે જમવામાં આપણાથી એનો ઉપયોગ ન જ કરાય. આપણા ઘરે કોઈ મહેમાન આવ્યું હોય તો તેમના માટે પણ ન કરાય.

(૧૧) સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા તથા મોટા સંતોના અભિપ્રાય મુજબ ચા કે કોફી પણ વ્યસન ગણાય છે. માટે આપણાથી ચા કે કોફી જેવી કેફ કરનારી વસ્તુ પણ પિવાય નહિ.

(૧૨) માંસ કે ઈંડામિશ્રિત કોઈ પણ વસ્તુ આપણાથી ન ખવાય. એ માંસાહાર કહેવાય. તે માટે આવા પદાર્થમિશ્રિત કેક, ચ્યૂઇંગગમ તથા તેવી દવાઓનો પણ ત્યાગ કરવો જોઈએ.

(૧૩) રસોઈ બનાવવા માટે વપરાતા પદાર્થો જેવા કે તેલ, ઘી, પાણી, દૂધ વગેરે કાપડના ગળણાંથી ગાળીને અને લોટ કે અનાજ-મસાલા વગેરે ચાળીને સાફ કરીને જ વપારવાં જોઈએ.

(૧૪) સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ બજારુ ખાણીપીણીનો સદંતર ત્યાગ રાખવો જોઈએ.

(૧૫) અશુદ્ધ, વાસી, ફૂગ ચડેલું, ઊતરી ગયેલું કે ઉઘાડું, જીવાતવાળું ભોજન ન લેવું જોઈએ. તેનાથી શરીરમાં રોગ થાય છે.

(૧૬) દિવસમાં ઓછામાં ઓછા એક વાર તો ઘરના બધા જ સભ્યોએ સાથે બેસી **'સમૂહભોજન'** કરવું જોઈએ.

(૧૭) કંઈ પણ વસ્તુ જમાડતાં પહેલાં અન્યને ''જય સ્વામિનારાયણ'' કહેવા જોઈએ.

(૧૮) જમતાં પહેલાં હાથપગ સ્વચ્છ પાણીથી ધોઈને જ બેસવું જોઈએ. જેથી રોગ થવાનો સંભવ ન રહે.

(૧૯) કોઈને જમવા બોલાવવા હોય તો 'ચાલો ખાવાં' કે 'ચાલો જમવા' એવું ન કહેવું પણ **'ચાલો ઠાકોરજી જમાડવા'** એવું કહેવું. આપણા સત્સંગની અને શ્રીજીમહારાજના વ્હાલા સમાજની આ પરિભાષા છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) નીલકંઠને શાથી દુ:ખ થયું?

---

(૨) ગામમાં આગની જ્વાળા કેમ થઈ?

---

(૩) નીલકંઠે પોતાની વાણીને શું શાપ આપ્યો?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કયા ગામના નદીકિનારે એકાંતમાં નીલકંઠવર્ણી તપસ્યા કરતા હતા?

( ) A ઝાંશી ( ) B બાંશી ( ) C વાશી ( ) D લોયા

(૨) નીલકંઠવર્ણીએ શેમાંથી પાણી લઈ પંખીઓના મોંમા સીચ્યું?

( ) A કુવામાંથી ( ) B ડોલમાંથી ( ) C કમંડલમાંથી( ) D ગ્લાસમાંથી

(૩) પંખીઓને મારનાર કોણ હતા?

( ) A રાજા ( ) B સેનાપતી ( ) C પારધી ( ) D સિપાઈઓ

(૪) પક્ષીઓને મરેલા જોઈ કોને દુ:ખ થયું?

( ) A નીલકંઠવર્ણી ( ) B સીપાઈઓ ( ) C રાજા ( ) D બાઈઓ

(૫) નીલકંઠે કોને શાપ આપ્યો?

( ) A પોતાની વાણીને( ) B સીપાઈઓને( ) C જંગલવાસીઓને

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) જીવાડનાર કરતાં મારનાર મોટો છે. ☐

(૨) વાણીથી કોઈને દુ:ખી કરવા ન જોઈએ. ☐

(૩) આપણે બધાનુ સારૂ ચિંતવવુ જોઈએ નહિ. ☐

(૪) ચા-કોફી પણ વ્યસન જ ગણાય છે. ☐

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) આ પંખી અમારા છે ☞ .....

(૨) બળ્યું આ ગામ☞ .....

(૩) અરે, સાધુ થઈને મેં આ શું કર્યું ☞ .....

(૪) જે મારે તે માલિક એવો દુનિયાનો ધારો છે☞ .....


સભા-૪ : કઠપૂતળીને નચાવનાર

લોયા ગામમાં **સંઘા પટેલ** નામના હરિભક્ત રહેતા હતા. એકવાર **શ્રીજી મહારાજ તેમના ઘરે** વિરાજમાન હતા. ત્યારે કેટલાક **ભવાયા** શ્રીજી મહારાજ પાસે આવ્યા. અને **કહે,** 'આ **પટેલો સત્સંગી થયા,** તેથી અમારો **ધંધો ઘટી ગયો** છે.'

વાત સાચી હતી. કારણ કે શ્રીજી મહારાજે **શિક્ષાપત્રી**માં કહ્યું છે કે, 'અમારા હરિભક્તે **ભાંડ-ભવાઈ જોવાં નહિ**' પણ આ તો 'ના' પાડનાર પાસે જ ભવાયા આવી ગયા! તેથી શ્રીજી મહારાજે પૂછ્યું, 'તમને કઈ કળા આવડે છે?' **ભવાયાઓ કહે,** 'અમને ભાતભાતના વેશ કાઢતાં આવડે છે. વળી, **પાટવિદ્યા**માં નળ-દમયંતી, રૂક્મીણી, રામાયણ, મહાભારત વગેરેના ખેલ કરતાં **આવડે છે.** અને જમાવટ તો એવી કરીએ કે કોઈને આખી રાત ઊંઘ તો શું ઝોલુંય ન આવે.'

શ્રીજી મહારાજે કહ્યું, 'પાટવિદ્યામાં **સ્ત્રીઓનો વેશ તો નહિ ભજવોને ?' ભવાયા કહે, 'ના'.** ભવાયાઓની વિનંતી સ્વીકારી **શ્રીજી મહારાજે પાટવિદ્યા જોવાની 'હા' પાડી.**

રાત પડી કે જમી-પરવારી આખું ગામ પાદરે ભેગું થયું. સંતો-ભક્તો સાથે શ્રીજી મહારાજ પણ ત્યાં પધાર્યા. ભવાયાઓએ **આખી બપોર મહેનત** કરી હતી. જેવો શ્રીજી મહારાજે ઈશારો કર્યો કે **ખેલ શરૂ** થયો.



પણ આ શું ? પૂતળાં તો આવ્યા, પણ એકેય હલે જ નહિ ! સૌને થયું કે થોડી વારે હલશે. ભવાયા પણ ખૂબ **પ્રયત્ન** કરતા હતા, પણ **પૂતળાં** તો બિલકુલ **સ્થિર** થઈ ગયાં હતાં ! ભવાયાઓને પોતાની લાજ

જતી લાગી. તરત જ તેમણે પૂતળાં ડેલામાં અંદરની બાજુ લીધાં. ત્યાં પ્રયત્ન કરી જોયો તો બધાં પૂતળાં ખૂબ જ સારી રીતે નાચતાં હતાં. પણ જેવા પૂતળાં ભવાઈના મંચ પર આવ્યાં, પાછાં સૂનમૂન થઈ ગયાં!

ખેલ જોવા બેઠેલાં બાળકોને તો આમાં જ આનંદ આવવા લાગ્યો. આખું ગામ હસતું હતું. શ્રીજી મહારાજ પણ મંદ-મંદ હસતા હતા. **ત્રણ વાર આમ** થયું, ત્યારે **એક ભવાયો શ્રીજી મહારાજ પાસે** ગયો અને કહેવા લાગ્યો, **'આપ તો ભગવાન** છો. અમને જણાય છે કે આ આપની જ લીલા છે. **જીવપ્રાણીમાત્રની દોરી તમારા હાથમાં** છે. પણ આજે ખેલ ન થયો, તો અમારી નામના ઘટી જશે અને આજીવિકા તૂટી જશે. માટે દયા કરો.'

વિનંતીને માન્ય રાખી દયાળુ **શ્રીજી મહારાજે** પોતાનો જમણો **હાથ ઊંચો** કર્યો. અને બોલ્યા, 'તો ભલે ખેલ થાય.'



અને બધાં જ **પૂતળાંઓમાં** જાણે **પ્રાણ** આવ્યા. એવો તે ખેલ થયો કે ઘણા કલાકો ક્યાં વીત્યા કોઈનેય ખબર ન પડી.

ખેલના અંતે શ્રીજી મહારાજે **ઉપદેશ** આપતાં કહ્યું, 'જુઓ, **પૈસાના લોભ માટે** કોઈના મનમાં **વિકાર થાય એવા ખેલ કરશો નહિ.** ધર્મ રાખશો તો અમારા આશીર્વાદ સદાય તમારી સાથે રહેશે.' પછી જમાડીને શ્રીજી મહારાજે ભવાયાઓને વિદાય આપી.

આવા હતા શ્રીજી મહારાજ! સજીવ અને નિર્જીવ, સર્વના નિયંતા (નિયમન કરનાર). તેમની ઈચ્છા વિના પાંદડુંય હલી ન શકે. સકલ સૃષ્ટિના નાડી પ્રાણ ભગવાનના હાથમાં છે. વ્હાલા બાળકો! આવી રીતે કર્તા-હર્તા એક ભગવાનને જ સમજવા એ જ કલ્યાણનું પરમ સાધન છે.

પ્રાથમિક સંસ્કાર વિભાગ

સૂવાના સમયે



(૧) સૂતાં પહેલાં સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ **'સ્વાભાવિક ચેષ્ટા' (નિયમચેષ્ટા)** બોલીને જ સૂવું જોઈએ. જેથી સૂતી વેળાએ આપણને મહારાજની મૂર્તિની સ્મૃતિ રહે અને ભૂંડાં સ્વપ્નો ન આવે.

(૨) આપણાં વડીલોને, માતાપિતાને તથા ઘરના સૌ સભ્યોને ચરણસ્પર્શ કરી ''જય સ્વામિનારાયણ'' કહ્યા પછી જ સૂવા જવું જોઈએ.

(૩) સૂતાં પહેલાં આપણા ઘરમંદિર આગળ કે આપણા ઓરડામાં મહારાજની મૂર્તિ સમક્ષ ઓછામાં ઓછા બે **દંડવત્** કરવા જોઈએ.

(૪) આપણી પથારી આપણે જાતે જ પાથરવી જોઈએ. જો આદર્શ બાળક બનવું હોય તો આપણા વડીલોની તથા ઘરના સભ્યોની પથારી પણ આપણે પાથરવી જોઈએ.

(૫) સૂતાં પહેલાં પથારીમાં બેઠાં બેઠાં પાંચ મિનિટ મહારાજની અને મોટા પુરુષની સ્મૃતિ કરી પ્રાર્થના કરવી, ક્ષમાયાચના કરવી : **''હે મહારાજ ! હે સ્વામી ! આજે દિવસ દરમ્યાન આપની આજ્ઞા વિરુદ્ધ કંઈ વર્તન થયું હોય તો માફ કરજો. આપના દિવ્ય સત્પુરુષને વિશે મનુષ્યભાવ આવી ગયો હોય કે આપના સંબંધવાળા સૌ અનાદિમુક્ત એવા સંતો-ભક્તોને વિશે અભાવ-અવગણનો સંકલ્પ થયો હોય કે અપરાધ થયો હોય તો ક્ષમા કરજો. મારા ઉપર સદાય રાજી રહેજો. મારી ભૂલ ઓળખાય તેવી કૃપા કરજો.''**

(૬) બાળકો શ્રીજીમહારાજને ખૂબ વ્હાલાં છે. બાળકો જો મહારાજને સાચા ભાવે સંભારે ને વાતો કરે તો મહારાજ પણ રાજી થઈ બાળકો સાથે વાત કરે જ. માટે સૂતાં પહેલાં અચૂક આજે આપણે દિવસ દરમ્યાન શું કર્યું, શું વાંચ્યું તેની વાતો મહારાજ સાથે કરવી જોઈએ.

(૭) સૂતી વખતે બને ત્યાં સુધી સીધા જ સૂવું જોઈએ. માથું ઢાંકીને સૂવાથી ઓક્સિજન વાયુ લેવામાં તકલીફ પડે. માટે માથું ખુલ્લું રાખીને સૂવું જોઈએ.

(૮) સૂઈ ગયા પછી રાત્રિના બાર વાગ્યાનો સમય વીત્યા બાદ ઊઠીને કંઈ જ જમાડાય નહિ કે પાણી પણ પિવાય નહિ. જો રાત્રિના બાર વાગ્યા સુધી જાગતા હોઈએ તો બે વાગ્યા સુધી પાણી ગાળીને પિવાય. ત્યારબાદ પૂજા કર્યા પછી જ પાણી ગાળીને પિવાય કારણ કે, રાત્રિના બાર વાગ્યા પછી બીજો દિવસ શરૂ થઈ ગયો કહેવાય.

(૯) રાત્રે મોડા સુધી જાગી બિનજરૂરી કાર્યો ન કરવાં તથા ઈધરુધર સમય પસાર ન કરવો જોઈએ. રાત્રે વહેલા સૂઈ જવું અને સવારે વહેલા ઊઠી જવું જોઈએ:

'' રાત્રે વહેલા જે સૂએ, વહેલા ઊઠે વીર;
બળ બુદ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર.''

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) સજીવ-નિર્જીવ સર્વના નિયંતા કોણ છે?

---

(૨) કોણ સત્સંગી થયા તેથી ભવાયાનો ધંધો ઘટી ગયો?

---

(૩) શ્રીજી મહારાજે ક્યાં ગામમાં કઠપૂતળીઓને સ્થિર કરી દીધી?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) લોયાગામના એક પટેલ હરિભક્તનું નામ જણાવો.

( ) A સુરાબાપુ ( ) B ઘેલાભાઈ ( ) C સંઘાભાઈ ( ) D પર્વતભાઈ

(૨) 'અમારા હરિભક્તોએ ભાંડ-ભવાઈ જોવા જવુ નહિં' આવું ક્યાં લખ્યું છે.

( ) A મહાભારત ( ) B રામાયણ ( ) C ગીતા ( ) D શિક્ષાપત્રી

(૩) પાટવિદ્યામાં નળ-દમયંતી, રૂક્મીણી, રામાયણ વગેરે ખેલ કરતા કોને આવડતું હતું?

( ) A ભક્તોને ( ) B બાળકોને( ) C ભવાયાઓને ( ) D સંઘા પટેલને

(૪) જીવપ્રાણીમાત્રની દોરી કોના હાથમાં છે.

( ) A ભગવાનના ( ) B ઈન્દ્રના( ) C ભવાયાઓના ( ) D બ્રહ્માના

(૫) કર્તા હર્તા એક છે, તે કોણ છે?

( ) A ઈન્દ્રદેવ( ) B મહાદેવ ( ) C ભગવાન ( ) D બ્રહ્માજી

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.


(પાટવિદ્યા, ભવાયા, પુતળાં, વડતાલ, ચેષ્ટા, લોયા, રમત, ભક્તો)

(૧) શ્રીજી મહારાજે હાથ ઊંચો કર્યો અને.....ને પ્રાણ આવ્યા. ☐

(૨) લોયાગામમાં ખેલ કરવા.....આવ્યા હતા. ☐

(૩) શ્રીજી મહારાજ.....જોવા ગયા. ☐

(૪) સૂતા પહેલાં.....બોલીને સુવું જોઈએ. ☐



સભા-૫ : સત્સંગનો પ્રતાપ

કાનમ પ્રદેશ એટલે વડોદરા જિલ્લાનાં ગામડાંઓનું ક્ષેત્રફળ. વડોદરા જિલ્લાના કંડારી ગામની નજીક **ઈંટોલા નામનું નાનકડું ગામ** છે. તે ગામમાં શ્રીજી મહારાજના સમયથી સત્સંગના શ્રી ગણેશ થયેલ છે.

ઈંટોલા ગામમાં **પટેલ** જ્ઞાતિમાં **જીજીભાઈ** નામના એક મહાન ભક્ત થઈ ગયા છે. તે ભક્ત સત્સંગ સમાજ ઈંટોલાના **અગ્રગણ્ય** હતા. તેઓને શ્રીજી મહારાજ સાથે ખૂબ **હેત** હતું. પોતાનું તન, મન અને ધન સત્સંગ પરાયણ કરી દીધું હતું.

આવા **એકાંતિક ભક્ત** જીજીભાઈની **આયુષ્ય** પૂરી થઈ એટલે તેઓને **તેડવા** માટે અક્ષરધામમાંથી સ્વયં સ્વામિનારાયણ ભગવાન મુક્તો સહિત **સોનાનો રથ** લઈને પધાર્યા. તે રથને **સફેદ હાથીઓ** જોડેલા હતા.

શ્રીહરિજી પધાર્યા ત્યારે **રાત્રીનો** સમય **હતો**. દિવ્ય રથ લઈ મહાપ્રભુએ પરમ ભક્ત **બાપુભાઈ બ્રાહ્મણના** ઘેર તેના **ફળિયામાં** રથ ઊભો રાખ્યો. તે સમયે પ્રભુ-ઈચ્છાથી આખા ગામમાં **પ્રકાશ** ફેલાઈ ગયો. રાત્રીએ પણ દિવસ જેવું અજવાળું થઈ ગયું !

અજવાળું થવાથી બાપુભાઈ **જાગી** ગયા. આંખો ખોલીને જોયું ત્યાં તો દિવ્ય સ્વરૂપે **સ્વયં મહારાજ !** બાપુભાઈ તો પરમ આશ્ચર્ય પામી ગયા! જલદી જલદી પલંગ પરથી નીચે ઉતરી દંડવત કરવા લાગ્યા અને બોલ્યા: ''હે મહારાજ ! મારા ઉપર અપાર કૃપા કરી મારા ઘરે મને દર્શન દેવા પધાર્યા એ મારાં મોટાં ભાગ્ય હું માનું છું, વળી

આટલા બધા સંતોને સાથે લાવીને આપે તો મારા પર અપાર કૃપા કરી છે. હે પ્રભુ ! હવે આપ રાજી થઈને મારે ઘરે રહો.''

બાપુભાઈની વાત સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા : **''બાપુભાઈ ! અમો તમારે ઘેર રહેવા માટે નથી આવ્યા. અમે તો જીજીભાઈને તેડવા માટે આવ્યા છીએ.** તેમના દેહની **આયુષ્ય** પૂરી થઈ ગઈ છે, તેથી અમારા બિરુદ મુજબ તેમને આ રથમાં બેસાડી અમારા **અક્ષરધામમાં** લઈ જશું.''

શ્રીહરિજીની આવી વાણી સાંભળી બાપુભાઈ કહેવા લાગ્યા: **''મહારાજ ! જીજીભાઈનાં મોટાં ભાગ્ય કે આપ તેઓને ધામમાં લઈ જવા પધાર્યા, પરંતુ હાલમાં જીજીભાઈ અમોને કથા-વાર્તા સંભળાવી અમારું સર્વે સત્સંગીઓનું પોષણ કરે છે. તેના જેવા બીજા ભક્ત અમારા ઈંટોલા ગામમાં કોઈ નથી. જીજીભાઈને કારણે તો અમારા ગામમાં સર્વે સત્સંગીઓને સારો સમાસ છે, જો તમો તેમને તેડી જાશો તો સત્સંગ ઘટી જશે, માટે મારી આપને વિનંતી છે કે જીજીભાઈને રહેવા દ્યો તો સારું.''**

બાપુભાઈની વિનંતી સાંભળી શ્રીજી મહારાજ સ્મિત કરતાં કરતાં બોલ્યા : ''બાપુભાઈ! જો એવું જ હોય તો અમો તેમને મૂકી જશું, એને બદલે એના **બળદને** લઈ જશું.''

ત્યારે બાપુભાઈએ સવાલ કર્યો: ''અરે મહારાજ ! બળદને? શું વાત કરો છો? **પશુને અક્ષરધામમાં લઈ જશો? તમો સર્વોપરી ભગવાન અને તમારી કૃપા પણ સર્વોપરી !** એ બળદનાં તે એવાં કંઈ મોટા પુણ્ય છે કે એને ધામમાં તેડી જવા તમે તૈયાર થઈ ગયા?''




બાપુભાઈનો પ્રશ્ન સાંભળી મરક મરક હસતા મહારાજ કહેવા લાગ્યા: ''એ બળદના શાં પુણ્ય છે તે સાંભળો , તેનો તેમને પ્રસંગ સંભાળવું છું.''

એક વખત મુક્તાનંદ સ્વામી અમારી આજ્ઞાથી પચાસ સંતોને લઈને તવરાના મેળામાં ગયેલા, ત્યાં કોઈ મુમુક્ષુ આવે તેને સદ્‌બોધ આપી સત્સંગી બનાવવા માટે અમોએ સંતોને ત્યાં મોકલ્યા હતા.

સંતોને ત્યાં જમવાનું મળ્યું નહિ. દશમનો ઉપવાસ થયો. એકાદશીએ ઉપવાસ કર્યો અને બારસે કોઈએ પારણાંનું પણ પૂછ્યું નહિ. એ સમયે જીજીભાઈ પોતાના કામ પ્રસંગે તવરા બાજુ ગયેલા. ત્યાં તેઓએ સમાચાર સાંભળ્યા કે, ''મુક્તાનંદ સ્વામી અને ૫૦ સંતો ત્રણ દિવસથી ભૂખ્યા છે.'' તુરંત પોતાના એકામાં (ગાડામાં) જમવાનો સામાન ભરી બળદને જોડી ઉતાવળા ઉતાવળા તવરા આવી સંતોને રસોઈનો સામાન આપીને કહ્યું: ''જલદી જલદી થાળ બનાવો અને જમી લ્યો.'' ત્યાર પછી સંતોએ રસોઈ બનાવી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. અને જીજીભાઈ ઉપર ખૂબ રાજી થયા.

હે બાપુભાઈ ! **મુક્તાનંદ સ્વામી** જેવા પવિત્ર સંતો જમ્યા એ સીધાં-સામાન તાણીને-ખેંચીને-વજન ઉપાડીને બળદ તવરા લઈ ગયો હતો તે **પુણ્યના** કારણે અમો તેને અમારા **અક્ષરધામમાં** લઈ જશું.'' આ રીતે કહી પ્રભુ અદૃશ્ય થઈ ગયા. આવી શ્રીજીની વાણી સાંભળી બાપુભાઈ તો ભાવવિભોર બની ગયા અને ઉતાવળા ઉતાવળા જીજીભાઈને ઘેર જઈ સર્વે વાત કરી. પછી બન્ને ભક્તો **કોઢમાં** બળદ પાસે ગયાં. ત્યાં તો બળદ મૃત્યુ પામેલ હતો !

શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૧માં વચનામૃતમાં કહ્યું છે કે, ''આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે તેણે કરીને પશુનું પણ કલ્યાણ થાય છે.'' સત્સંગીને ઘેર રહેલાં ગાયો ભેંસો વગેરેનું દૂધ, છાશ અને ઘી ભગવાન, સંતો તથા સત્સંગીઓના ઉપયોગમાં આવે તથા બળદો પણ માલ-સામાન ઉપાડવામાં કામમાં આવે તેના કારણે ભગવાન રાજી થાય અને તે સર્વેને તેડવા આવે અને તેઓનું કલ્યાણ થાય.




સત્સંગ સંસ્કાર વિભાગ

ઘરની સ્વચ્છતા

(૧) આપણા ઘરમાં સમયે સમયે કબાટ, માળિયાં, સ્ટોરરૂમ અને પુસ્તકોનાં ખાનાં વગેરે આપણે સાફ કરવાં જોઈએ.

(૨) આપણા ઘરનાં સંડાસને બાથરૂમ નિયમિત ધોવાં જોઈએ.

(૩) બાથરૂમ, પીવાના પાણીનો નળ, રસોડું આ બધા રોજિંદા વપરાશના નળને કપડાનું ગળણું બાંધવું જોઈએ. ગળણું કાણું થઈ જાય કે જૂનું થઈ જાય તો સમયે સમયે તેને બદલવું જોઈએ.



(૪) પીવા માટે તથા મોં ધોવા, કોગળા કરવા તથા રસોઈ બનાવવા માટે આપણે ગાળેલા પાણીનો જ ઉપયોગ કરવો જોઈએ. આવા ઉપયોગ માટેના તમામ નળે કપડાંના ગળણાની કોથળી બાંધવી જોઈએ.

(૫) આપણા ઘરમાં જો માટલું રાખતા હોઈએ કે વોટરજગ રાખતા હોઈએ કે ફ્રીઝમાં પાણીની બોટલ રાખતા હોઈએ તો તેને પણ રોજ સવારે ગાળેલા પાણીથી ત્રણ વખત સાફ કરી કપડાંના ગળણાથી ગાળેલું પાણી તેમાં ભરવું જોઈએ.

(૬) પાણી હંમેશા ઊંચેથી જ પીવું જોઈએ. હોઠે માંડીને પાણી પીવાથી પ્યાલો એંઠો થાય છે આપણે કોઈનાય એંઠા પ્યાલામાં પાણી ન પીવું અને આપણે પણ પ્યાલો એંઠો ન કરવો કે જેથી બીજાને તકલીફ ન પડે. માટલામાંથી પાણી લેવા ડોયાનો ઉપયોગ કરવો જોઈએ.

(૭) આપણા ઘરમાં કોઈ જગ્યાએ ગંદકી ન જોઈએ. ગંદકીને નિવારવા માટે ઘરમાં કચરાપેટી રાખવી જોઈએ અને તે ભરાઈ જાય તો તુરત ખાલી પણ કરવી જોઈએ. કચરો ઘરમાં જ્યાંત્યાં ન નાંખતાં કચરાપેટીમાં જ નાંખવો.



(૮) આપણા ઘરમાં દરરોજ કચરાપોતું થવું જોઈએ.

(૯) આપણાં કપડાં કે ઘરની કોઈપણ વસ્તુ જ્યાંત્યાં રખડતી ન મૂકવી જોઈએ. એને યોગ્ય સ્થાને જ મૂકવી જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) આ સત્સંગનો પ્રતાપ કેવો છે?

---

(૨) કાનમપ્રદેશ કોને કહેવાય છે?

---

(૩) શ્રીજી મહારાજ કોના બળદને ધામમાં લઈ ગયા?

---

(૪) શ્રીજી મહારાજ શા માટે બળદને ધામમાં લઈ ગયા?

---

(૫) બળદ કયા સંતોની સેવામાં કામમાં લાગ્યો હતો?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કંડારી ગામની નજીક ક્યુ ગામ આવેલું છે?

( ) A લોયા ( ) B કાનમ ( ) C નાવલી ( ) D ઈંટોલા

(૨) ઈંટોલા ગામમાં કયા ભક્ત રહેતા હતા?

( ) A જીજાભાઈ ( ) B બાપુભાઈ ( ) C જીજીભાઈ ( ) D બી અને સી

(૩) શ્રીજી મહારાજ જીજીભાઈને શું લઈને તેડવા પધાર્યા ?

( ) A સોનાનો રથ ( ) B ગરૂડ ( ) C વિમાન ( ) D ઘોડાગાડી

(૪) મુક્તાનંદસ્વામી આદિક સંતોને કેટલા દિવસના ઉપવાસો થયા હતા ?

( ) A એકાદશી ( ) B એક ( ) C બે ( ) D ત્રણ

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) ઈંટોલા ગામમાં બાપુભાઈના કારણે સર્વે સત્સંગી થયા હતા. ☐

(૨) બાપુભાઈના બદલે બાપુભાઈના બળદને શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ ગયા. ☐

(૩) સવારના પહોરમાં શ્રીજી મહારાજ બાપુભાઈને તેડવા પધાર્યા. ☐

(૪) આ સત્સંગમાં તો પશુનું પણ કલ્યાણ થાય છે. ☐

(૫) બાપુભાઈ અને જીજીભાઈ કંડારી ગામના વતની હતા. ☐

પ્રશ્ન-૪ ખાલી જગ્યા પુરો.

(૧) મુક્તાનંદસ્વામી પચાસ સંતોને લઈ .....ગયા હતા.

(૨) ઈંટોલાના .....ભક્તની આયુષ્ય પુરી થઈ હતી.

(૩) બાપુભાઈ .....જ્ઞાતિના ભક્ત હતા.

(૪) શ્રીજી મહારાજે સોનાનો રથ .....માં ઊભો રાખ્યો.






સભા-૬ : મહિમાભર્યું જીવન

ઈ.સ.૨૦૧૯માં એકવાર લોયાધામના તમામ સંતો સંત શિબિર માટે **લોયાધામમાં** ભેગા થયા હતા. રોજ કથાવાર્તા થાય અને ફ્રિ સમયે આનંદના કાર્યક્રમો પણ ગોઠવાય. નૂતન **નંદભૂવન (સંત નિવાસ)**નું કામ પણ ચાલી રહ્યુ હતુ. એક દિવસ **ગુરૂજી** બધા સંતોને નંદભૂવન બતાવવા લઈ ગયા. પ્રાર્થનાહોલ, સંતોનું રસોડુ, બેઠકરૂમ વગેરે બતાવતા બતાવતા **ગુરૂજીની રૂમ આવી**; એટલે ગુરૂજી સંતોને **કહે : હે મુક્તો! તમારા પગલાં મારી રૂમમાં પાડો એટલે રૂમ પાવન થાય.** પછી સંતો રૂમમાં દાખલ થયા ત્યારે ગુરૂજી કહે : હે મુક્તો ! હવે બે મિનિટ સ્વામિનારાયણ મહામંત્રની **ધૂન** કરો એટલે આ રૂમ **વધુ પવિત્ર** થાય. પછી સંતોએ થોડીવાર ધૂન કરી ત્યારે ગુરૂજી કહે : **આ રૂમમાં તમારા જેવા પવિત્ર સંતોના પગલાં થયા એટલે આ રૂમ પ્રસાદીની થઈ ગઈ.** આમ, ગુરૂજી સર્વે સંતો ભક્તોનો ખુબ મહિમા સમજે છે.

ઈ.સ. ૨૦૦૯થી ઈ.સ.૨૦૧૯ સુધી મંડળના નાના સંતો કાશી (વારાણસી)માં સંસ્કૃત વગેરે વિષયોનો **વિદ્યાભ્યાસ** કરતા હતા. તેઓ **વેકેશનમાં** જ્યારે જ્યારે **ગુજરાત** આવતા ત્યારે ગુરૂજી **રાત્રે ૨ વાગ્યા** સુધી રાહ જોઈને જાગતા અને કહેતા: **આજે ભગવાનના પ્યારા સાધુઓ આવે છે.** એમ ખુબ **મહિમા** સમજતા - વળી કોઈ સંતો છપૈયા, અયોધ્યા, હરિદ્વાર, ઋષિકેશ વગરે તીર્થસ્થાનોની યાત્રા કરીને પાછા આવે ત્યારે ગુરૂજી તે સર્વે







સંતોને પગે લાગતા અને કહેતા કે **તીર્થયાત્રીઓને પગે લાગીયે તો તીર્થયાત્રાનું ફળ મળે!**

પૂજ્ય ગુરૂજી ભગવાનના સંબંધમાં આવેલા **તમામ વ્યક્તિ, વસ્તુ, પદાર્થોનો ખુબ મહિમા સમજે** છે. **ત્રિભોવન ભગત** બિમાર હતા ત્યારે તેમની **સેવા** ગુરૂજી સ્વયં કરતા હતા; કોઈ સંતો બિમાર પડે ત્યારે સંતોનું માથુ દબાવવા પણ ગુરૂજી ઘણીવાર પહોંચી જાય છે. ગુરૂજી સંતોભક્તોને **કથા** કરે છે તે પણ સંતો ભક્તોની સેવા જ સમજે છે. ગુરૂજી ઘણીવાર રસોઈ બનાવીને સંતોને જમાડે પણ છે.

• • • • •

ઈ.સ.૨૦૨૨ જાન્યુઆરી મહિનામાં પૂજ્ય ગુરૂજી લોયાધામમાં હતા. શિયાળાનો સમય હતો. પોષ મહિનાની કળકળતી **ઠંડી** ચાલી રહી હતી. પૂજ્ય ગુરૂજી અને ઘણા બધા સંતોએ **માઘસ્નાનનો** નિયમ લીધો હતો. આ વખતે **'માઘસ્નાન'** પ્રસાદીના **પાતાળિયા કુવામાં** કરવાનું નક્કી કર્યું હતું. રોજ સવારે **પાંચ** વાગ્યે ગુરૂજી અને સંતો જાગી જાય. ધૂન કરતા કરતા **'પાતાળિયા કુવે'** જાય. પૂજ્ય ગુરૂજી સૌ પ્રથમ પાતાળિયા કુવામાં ઉતરે અને **ઠંડા ઠંડા** પાણીમાં ઊભા રહે. પછી **ડોલ** વડે પાણી સીંચી વારાફરતી સૌ સંતોની માથે રેડે. સંતો સ્નાન કરી ફટાફટ બહાર નીકળી જાય પણ ગુરૂજી તો ઠંડા પાણીમાં ઊઘાડા શરીરે ઊભા રહે અને સૌ સંતોને સ્નાન કરાવે. આ બધી ક્રિયામાં અડધો કલાક જેટલો સમય જાય પછી પોતે સ્નાન કરે. આમ પ્રતિદિન





ગુરૂજી સ્વયં સંતોને સ્નાન કરાવે. આખો મહિનો **માઘસ્નાન** ચાલ્યું. એક મહિનાના અંતે જ્યારે છેલ્લો દિવસ આવ્યો ત્યારે **અવભૃથસ્નાન (પૂર્ણાહુતિનું સ્નાન)** કરવા સૌ 'પાતાળિયે કુવે' પહોંચ્યા ને અવભૃથસ્નાન કર્યું.

આ સમયે ગુરૂજીએ પણ અવભૃથસ્નાન કરતા કરતા સંકલ્પ કર્યો કે હે ઠાકોરજી મહારાજ!

આ મહિનાના 'માઘસ્નાન'નું તમામ ફળ લોયાધામ પરિવારના એ તમામ સંતો-ભક્તોને આપજો જે સંતો-ભક્તો અહિંયા નથી આવી શકયા. મારે કાંઈ ફળ જોઈતુ નથી. સ્નાન કરી લીધા પછી ગુરૂજીએ સંતોને કહ્યું: આ વખતે એક મહિનો સંતોને સ્નાન કરાવવાની સેવામાં મને ખૂબ આનંદ આવ્યો. આવી રીતે સંતોની સેવા મને વારંવાર મળતી રહે...

વ્હાલા બાળભક્તો ! તમેજ વિચારો, શિયાળાની કળકળતી ઠંડી હોય ને તેમાં પણ ઠંડા પાણીમાં કલાક ઊભા રહેવાનું થાય તો આપણું શું થાય? ઉત્તરભારતની યાત્રા વખતે પણ યમનોત્રી, ગંગોત્રી, માનસરોવર વગેરે સ્થળોએ યાત્રા કરવા જવાનું થાય ત્યારે પણ ગુરૂજી પોતે **ઠંડા બરફ જેવા પાણીમાં કલાકો સુધી ઊભા રહે** ને સર્વેને સ્નાન કરાવે પછી જ પોતે સ્નાન કરે. કેવી **ગુણાતીત સ્થિતિ ને કેવું મહિમાભર્યું જીવન.** જે ગુણાતીત હોય અને શરીરના સુખ, દુ:ખને ન ગણતા હોય તે જ આવી રીતે **મહિમાપૂર્વક સેવા** કરી શકે છે! પૂજ્ય ગુરૂજીના જીવનમાંથી આપણે પણ આવો મહિમા શીખએ. મોટાપુરૂષને **કોઈ સાધના કરવાની બાકી નથી હોતી, તેમનું આ લોકમાં આવવું, ભક્તિ કરવી, તપ કરવું, તીર્થયાત્રાઓ કરવી વગેરે બીજાના ઉપદેશ માટે હોય છે.'**

સત્સંગ સંસ્કાર વિભાગ

સ્વચ્છતા

(૧) જે બાળક સ્વચ્છતા રાખે તેની ગણતરી આદર્શ બાળકમાં થાય છે.

(૨) 'શિક્ષાપત્રી'માં શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે એ મુજબ મંદિર, નદીતળાવના આરા, જાહેર રસ્તા, વાવેલું ખેતર, વૃક્ષની છાયા તથા બાગબગીચા એવા સ્થાનોમાં ક્યારેય મળમૂત્ર ન કરવાં તથા થૂંકવું પણ નહિ.

(૩) શરદી થઈ હોય ત્યારે નાક સાફ કરવા હાથરૂમાલ રાખવો જોઈએ તથા છીંક અને ઉધરસ ખાતી વખતે મોં આડો રૂમાલ રાખવો જોઈએ જેથી તેના જંતુ ચારેબાજુ ન ફેલાય અને અન્યને રોગિષ્ઠ ન બનાવે. છીંક આવે ત્યારે ''સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... હે મહારાજ...'' એમ સ્મરણ કરવું જોઈએ.



(૪) પેન કે કોઈ વસ્તુ મોઢામાં ન નાંખવી જોઈએ. જમવાના સમય સિવાય હાથની આંગળીઓ પણ મોઢામાં ન નાંખવી જોઈએ. કોઈ કારણસર આંગળી મોઢામાં નાખવાની થાય તો તરત તેને પાણીથી ધોઈ કાઢવી જોઈએ.




(૫) મંદિરે દર્શન કરવા જઈએ, બાળસભામાં જઈએ કે ઘરે આવીએ ત્યારે ચંપલ હંમેશા બહાર કાઢી એના મૂકવાના યોગ્ય સ્થાને લાઈનમાં મૂકવા જોઈએ. જો આપણા પગ સ્વચ્છ ન હોય તો સ્વચ્છ કરીને જ અંદર પ્રવેશ કરવો જોઈએ.

(૬) કેળાં જેવા ફળો જમતી વેળાએ એની છાલ તુરત કચરાપેટીમાં નાંખી દેવી. જો એ છાલ કોઈના પગમાં આવે તો પડી જવાય અને ઈજા થાય. માટે એવાં ફળોની છાલ તુરત કચરાપેટીમાં નાંખવી જોઈએ.

(૭) આપણે પહેરવાનાં કપડાં પણ હંમેશાં સ્વચ્છ રાખવા જોઈએ. જ્યાં ત્યાં માટી કે ગંદા પાણીમાં રમી કપડાં ન બગાડવાં જોઈએ.

(૮) પોતાનો રૂમ આપણે જાતે જ સ્વચ્છ રાખવો જોઈએ. આપણી પથારીની ચાદર, ઓશીકાનું કવર સમયે સમયે ધોવડાવી દેવાં. એ જ રીતે આપણા ભણવાના ટેબલની સ્વચ્છતા પણ આપણે જાતે જ રાખવી જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) 'મહિમા ભર્યું જીવન' આ પાઠમાં કોની વાત કરવામાં આવી છે.

( )A નંદસંતો ( )B ભક્તો ( )C પૂ.ગુરૂજી ( )D લોયાધામ

(૨) નંદભૂવન ક્યાં આવેલું છે ?

( )A ગઢપુર ( )B વડતાલ ( )C ધોલેરા ( )D લોયાધામ

(૩) ઈ.સ. ૨૦૦૯ થી ઈ.સ. ૨૦૧૯ સુધી આપણા સંતો ક્યાં ભણવા ગયા હતા ?

( )A વૃન્દાવન ( )B કાશી વારાણસી( )C વડોદરા ( )D મુંબઈ

(૪) પોષ મહિનામાં શું કરવાનું હોય છે ?

( )A ભોજન ( )B ધારણાં પારણાં ( )C માઘસ્નાન ( )D એક ટાણાં

(૫) 'પાતાળિયો કુવો' ક્યાં આવેલો છે ?

( )A લોયાધામ ( )B વડતાલધામ ( )C ગઢપુરધામ ( )D કંડારીગામ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) પૂજ્ય ગુરૂજી કોનો મહિમા ખૂબ સમજે છે?

---

(૨) 'અવભૃથ સ્નાન' એટલે શું?

---

(૩) કોઈ પણ પાંચ તીર્થસ્થાનોના નામ જણાવો?

---

(૪) માઘસ્નાનમાં શું કરવાનું હોય છે?

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) સંતોના પગલાં પડવાથી આપણું ઘર પવિત્ર થાય છે. ☐

(૨) તીર્થયાત્રીઓને પગે લાગવાથી તીર્થયાત્રાનું ફળ મળે છે. ☐

(૩) મોટા પુરુષની બધી જ ક્રિયા બીજાના ઉપદેશ માટે હોય છે. ☐

(૪) ભગવાનનો સંબંધ થયો એટલે બધા દિવ્ય જ કહેવાય. ☐


પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) આપણા પૂજ્ય ગુરૂજીનું નામ શું છે? ☞ ----------

(૨) આપણા આદિગુરૂદેવ કોણ છે? ☞----------

(૩) આપણા ગુરૂજીની જન્મ તારીખ કઈ છે? ☞----------


(૪) આપણા ગુરૂજીનું પ્રાગટ્યસ્થાન કયુ છે? ☞----------


वर्णिवेषरमणीयदर्शनं मन्दहासरुचिराननाम्बुजम् ।
पूजितं सुरनरोत्तमैर्मुदा धर्मनन्दनमहं विचिन्तये ॥

સભા-૭ : ગુરુભક્ત આરૂણિ

એક નદીને તીરે **ધૌમ્ય ઋષિનો આશ્રમ. આશ્રમમાં** અનેક શિષ્યો. શિષ્યાઓ પણ ખરી. કોઈ પાસેના ગામથી તો કોઈ દૂરના ગામથી એમ બધાં ભણવા આવેલાં. ગુરુ એમને **વેદ** ભણાવે છે, **પુરાણ** ભણાવે, બધા શાસ્ત્રો ભણાવે. સવાર થાય ને આશ્રમ વેદોના **મંત્રોના** અવાજથી ગાજી ઊઠે. **હોમ-હવનના** અગ્નિનો પવિત્ર ધુમાડો આકાશમાં ચડવા લાગે. કોઈ શિષ્ય શાસ્ત્રના મંત્રો બોલતો હોય તો કોઈ આશ્રમના કામમાં મદદમાં લાગી ગયો હોય. કોઈ ઝાડને પાણી પાતો હોય, કોઈ **ફૂલો** વીણતો હોય, ને કોઈ **ગાય** દોહતો હોય, કોઈ **ધ્યાનમાં** ડૂબેલો હોય ને કોઈ ઝાડની ડાળી પર ભીનાં **વલ્કલ** સૂકવતો હોય. કોઈ શિષ્યા આશ્રમના હરણની દેખભાળ કરતી હોય. ઋષિ શિષ્યો જોડે ઊભા રહી **અસ્ત્રશસ્ત્ર** પણ શીખવે અને **વિદ્યા** પણ આપે. **ઋષિપત્ની** હરણાંને ઘરો ને દાભ ખવરાવતાં હોય.

ભણવા આવેલા શિષ્યોમાંના એકનું નામ **આરુણિ.** આરુણિ આશ્રમમાં દાખલ થયો ત્યારથી ગુરુ માટે એને ભારે **આદર. ગુરુ માટે** સ્નાનના **જળની** વ્યવસ્થા કરવી, તેમની **પથારી** કરવી, તેમના ચરણ દબાવવા તેમને **હોમની** તૈયારીમાં મદદ કરવી એમ બધાં કામ તે ઉમંગથી કરે. ગુરુની સેવામાંથી વખત બચે તેમાં તે ગુરુભાઈઓને પણ ઉપયોગી થાય: કોઈની **ઓરડી** વાળી આપે, કોઈ **માંદાની** પથારી કરી આપે, કોઈ થાકેલાના **કચારા સીંચી** આપે તેમજ કોઈનું વલ્કલ સાંધી આપે. **ગુરુની પણ આરુણિ તરફ મીઠી નજર, એની પૂરી સાર-સંભાળ લે.**





એક સવારે સંધ્યા અને **હવન** કરી બધા શિષ્યો ગુરુને **પ્રણામ** કરવા આવ્યા. ગુરુએ જોયું કે એમાં **આરુણિ** ન હતો. આકાશ વાદળથી ઘેરાયેલું હતું. **વીજળી** કડાકા લેતી હતી. પવન જોરથી ફૂંકાતો હતો. **મેઘની ભારે ગર્જના થતી હતી**. એમને યાદ આવ્યું: ''ગઈ કાલે સાંજે આવું જ વાતાવરણ જામ્યું હતું ને **વરસાદ** થયો હતો. બધા આગળ હું બોલ્યો હતો ખરો કે **આ વરસાદનાં પાણી આપણા ખેતરની પાળ તોડી ન નાખે તો સારું.** આરુણિ ત્યાં તો નહિ ગયો હોય? વરસાદ તો આખી રાત પડ્યા **કર્યો** છે.''

એમણે બીજા શિષ્યોને પૂછ્યું, ''તમે કોઈએ **આરુણિને** જોયો?'' શિષ્યોએ કહ્યું, ''ગુરુજી ! ગઈકાલ સાંજ પછી એ દેખાયો નથી.'' ત્યાં તો **વરસાદ તૂટી પડ્યો**. આવા વરસાદમાં આરુણિ ત્યાં રહે તો એને કેટલું બધું સહન કરવું પડે !

બે શિષ્યોને સાથે લઈ **ગુરુ** આરુણિને **શોધવા** નીકળી પડ્યા. **"ઓ આરુણિ!'' ''ઓ આરુણિ!"** એવી **બૂમો** પાડતા તેઓ આશ્રમથી ઘણે દૂર **ડાંગરના** ક્યારડા હતા ત્યાં આવી પહોંચ્યા. ક્યારડા પાસે ઊભા રહી ચારે તરફ નજર કરી. કોઈ દેખાયું નહિ. ગુરુએ ફરીથી બૂમો મારી, **"બેટા આરુણિ!, બેટા આરુણિ!"** ત્યાં તો દૂરથી અવાજ આવ્યો, **"ગુરુ ! હું અહીં છું. આ ઓતરાદી પાળ તરફ આવો." ધૌમ્ય** અને **શિષ્યો** ઓતરાદી પાળ તરફ દોડી ગયા. ધૌમ્યે નજર કરી તો આરુણિ ક્યારડાના અંદરના ભાગમાં પાળની આડો પડેલો હતો.

ગુરૂએ કહ્યું : આરૂણિ ઊભો થા ! ચાલ આશ્રમે...

આરૂણિ બોલ્યો : ''ના ગુરુદેવ ! ઊભો નહિ થાઉં, એમ કરું તો આ ક્યારડાનું બધું પાણી વહી જાય. પાળમાં આ જગ્યાએ **કાણું** પડેલું છે. તે કાણાં આડું મેં **મારું શરીર** ગોઠવ્યું છે. કાણું પુરાય પછી જ મારાથી ઉઠાય. ''ઋષિએ **શંખ** ફૂક્યો. આશ્રમમાંથી ઘણા શિષ્યો દોડી આવ્યા. ચોમેરથી માટી, પથરા વગેરે લાવીને તેમણે કાણું પૂરી દીધું. કાણું પુરાયું એટલે હાડમાંસના જીવતા પાળા સમા આરુણિને ધૌમ્યે આજ્ઞા કરી, ''આરુણિ ઊભો થા !'' આરુણિ ઊભો થયો, ગુરુના પગમાં પડ્યો અને બોલ્યો, **"ગુરુજી! મારી કથની કહું?"**


ગુરુએ કહ્યું, ''કહે, વત્સ !''

આરુણિ બોલ્યો, ''ગુરુદેવ ! કાલે સાંજે હું એકલો ફરતો-ફરતો **ડાંગરના ક્યારડા** પાસે આવ્યો હતો. મેં જોયું તો ક્યારડાની આ **પાળમાં કાણું** પડેલું હતું અને તેમાંથી પાણી **વહી** જતું હતું. તમે અમને કહ્યું હતું કે, 'આજે વરસાદ જોરદાર છે. એનું પાણી આપણા **ખેતરની પાળ** તોડી ન નાખે તો સારુ. પાળ તૂટી જશે અને પાણી વહી જશે તો ડાંગર નહિ પાકે.' મેં ક્યારડામાંથી માટી લઈને કાણું પૂરવા મથી જોયું. કાણું તો મોટું થવા લાગ્યું. પાણી વધારે ને વધારે વધી જવા લાગ્યુ. આશ્રમમાં ખબર આપવા આવું ને બીજાને મદદે બોલાવું એટલામાં તો બધું જ પાણી વહી જાય. **એટલે હું કાણા આડે સૂઈ ગયો ને પાણી વહી જતું અટકી ગયું.** રાત આખી વરસાદ પડ્યા કર્યો એટલે ન અવાયું. મને માફ કરો. "ઋષિ બોલ્યા," "માત્ર ક્ષમા આપું કે તારા **કાર્યની પ્રશંસા કરું?** "આરુણિના ચહેરા ઉપર **ક્ષોભની** લાગણી ઊપસી આવી."

ધૌમ્યનો ચહેરો પ્રસન્નતાથી ખીલી ઊઠ્યો. આરુણિના આ કાર્યથી ધૌમ્ય ખૂબ **ખૂશ** થયા અને બોલ્યા, **"વત્સ, ભારે વસમી પીડા સહન કરી તેં !** મારા તને આશીર્વાદ છે. **તારા મોં ઉપર હું વેદોનો અને શાસ્ત્રોનો પ્રકાશ દેખું છું. તારી વિદ્યા સફળ થાઓ. હવે તારો વિદ્યાભ્યાસ પૂરો થયો.** તું મન ફાવે ત્યારે ઘેર જઈ શકે છે."

ગુરુ અને શિષ્યો આરુણિને લઈ આશ્રમમાં પાછા ફર્યા. સૌએ આરુણિની ભારે પ્રશંસા કરી. બીજા દિવસે ગુરુએ હાથમાં વિદ્યાના ગ્રંથો લીધા ને આરુણિને વિદાય અર્થે તેડ્યો. આરુણિએ ગુરુચરણે નમીને એમની ચરણરજ લઈને આશ્રમથી વિદાય લીધી. **આરુણિને બધી વિદ્યા આવડી ગઈ.** આશ્રમથી ઘેર આવ્યા પછી એ **ઉદ્દાલક** નામે ઓળખાયો. **ઉદ્દાલક એટલે પાણીનો બંધ.** આ ઉદ્દાલકને પછી ગુરુના આશીર્વાદથી જ્ઞાન અને સુખ પ્રાપ્ત થયાં. સમર્થ જ્ઞાની તરીકે ઉદ્દાલક ઉર્ફે આરુણિનું નામ પંકાઈ ગયું.''

બોધપાઠ : ગુરૂના આશીર્વાદથી બધાકામ પુરા થાય છે ને સફળતા મળે છે. માટે પોતાના ગુરૂને ખુબ પ્રસન્ન કરવા.



સત્સંગ સંસ્કાર વિભાગ

પહેરવેશ

(૧) આપણા સ્વામિનારાયણ ભગવાનને સાત્વિક ને સાદા પહેરવેશ અતિશે પ્રિય છે. બહુધા વચનામૃતમાં મહાપ્રભુએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યા છે એમ આવે છે. તો આપણે પણ સાત્વિકને સાદા પહેરવેશ પહેરવા જોઈએ.

(૨) આપણા કપડાં હંમશાં શ્વેત અથવા સાદા કલરનાં જોઈએ. લાલ, પીળાં, ચટ્ટા-પટ્ટાવાળાં, ચડક-ભડક કે આઠ-દશ ખિસ્સાંવાળા રજોગુણી ન હોવાં જોઈએ.

(૩) વસ્ત્રો ગંદાં ન પહેરવાં પરંતુ સ્વચ્છ અને સુઘડ પહેરવાં જોઈએ.

(૪) લગ્નપ્રસંગોમાં પણ મોંઘા ભાવનાં વસ્ત્રો સિવડાવી અન્ય બાળકો તથા મોટાનું અનુકરણ ન કરવું જોઈએ. આદર્શ બાળકને શોભે એવાં સાત્વિક વસ્ત્રો જ પહેરવાં જોઈએ તથા માથામાં જેલ (Zel) ન નાખીએ.

(૫) મંદિરના સમૈયા-ઉત્સવમાં જઈએ અથવા આપણી બાળસભામાં જઈએ ત્યારે શ્વેત વસ્ત્રો (જભ્ભો-લેંઘો) પહેરીને જવાનો આગ્રહ રાખવો.

(૬) પોતાનું, કુટુંબનું કે સત્સંગનું ખરાબ દેખાય તેવી કોઈ વસ્તુ ન પહેરવી જોઈએ.

(૭) જાહેર ખબરો કે ફિલ્મોમાં જોઈને વિચિત્ર ટેટૂઝ હાથ-મોં કે અન્ય અંગો ઉપર ચિતરાવવાનો શોખ ન રાખવો જોઈએ.

(૮) ફિલ્મના એક્ટરોની નકલ કરી તેમનાં જેવાં મોંઘાં કપડાં ખરીદાવી માતા-પિતાને આર્થિક તકલીફ ન આપવી જોઈએ.



(૯) કીંમતી ઘરેણાં જેવાં કે વીંટી, ચેઈન, લક્કી વગેરે લગ્નપ્રસંગો સિવાય રોજ ન પહેરવાં જોઈએ. કારણ કે, ક્યારેક ચોરાઈ જવાનો અને ખોવાઈ જવાનો પણ ભય રહે છે.

(૧૦) અંગ દેખાય એવાં ટૂંકાં કે ઝીણાં વસ્ત્રો કદી ન પહેરવાં જોઈએ.

(૧૧) આપણા વાળને હંમેશાં સાદા તથા ટૂંકા રાખવા, ફેશનેબલ ન બનાવવા કે વાળમાં કલર, ડાઈ કે મેંદી ન કરવી જોઈએ.

(૧૨) આપણે માથે શીખા (ચોટલી) અવશ્ય હોવી જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) બીજા દિવસે ક્યો શિષ્ય ગુરુદેવને પ્રણામ કરવા આવ્યો નહિ ?

( ) A ઉપમન્યુ ( ) B વેદ ( ) C આરુણિ ( ) D પીપલાદ

(૨) કોણ આખી રાત પાણી ભરેલા ખેતરમાં પાળ સાથે ચિપકાઈને આડા પડેલા રહ્યા?

( ) A આરુણિ ( ) B વેદ ( ) C પીપલાદ ( ) D ઉપમન્યુ

(૩) મહર્ષિ આયોદધૌમ્યનો આશ્રમ ક્યાં હતો ?

( ) A નદીને તીરે ( ) B તળાવ તીરે ( ) C જંગલમાં ( ) D નગરમાં

(૪) મહર્ષિ આયોદધૌમ્ય કેટલા શિષ્યો સાથે લઈને આરુણિને શોધવા નીકળી પડ્યા?

( ) A બે ( ) B ત્રણ ( ) C ચાર ( ) D પાંચ

(૫) આશ્રમથી ઘેર આવ્યા પછી એ આરુણિ ક્યા નામે ઓળખાયો ?

( ) A ઉદ્દાલક ( ) B પીપલાદ ( ) C વેદ ( ) D ઉપમન્યુ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) મહર્ષિ અયોદધૌમ્યને ક્યો શિષ્ય પ્રિય હતો?.....

(૨) ધોધમાર વરસાદ દરમ્યાન શિષ્ય આરુણિએ ગુરુના ખેતરની રક્ષા કેવી રીતે કરી?

.....

(૩) મહર્ષિ આયોદધૌમ્યના આશ્રમમાં શિષ્યો કઈ કઈ પ્રવૃતિ કરી રહ્યા છે?

.....

(૪) આરુણિ ગુરુની સેવા કેવી રીતે કરે છે?

.....

(૫) આરુણિ પોતાના ગુરુભાઈઓને કેવી રીતે મદદરૂપ થાય છે?

.....

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(ઉપમન્યુ, આરુણિ, મહર્ષિ આયોદધૌમ્યના, હરણાં, ગાય, ડાંગરનો, ઘઉં, આરુણિના, વિદ્યાના ગ્રંથો, રૂપિયા.)

(૧) મહર્ષિ આયોદધૌમ્યએ પોતાના ખેતરમાં.....પાક વાવ્યો છે.

(૨) ભારે વરસાદથી.....ખેતરની પાળ તુટી ગઈ છે.

(૩) .....ના શરીરની આડને લીધે પાણી વહી જતુ બંધ થઈ ગયું.

(૪) ઋષિ પત્ની.....ને ઘરો ને દાભ ખવરાવતાં હોય.

(૫) બીજા દિવસે ગુરુએ હાથમાં.....લીધાને આરુણિને વિદાય અર્થે તેડ્યો.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના'માં આપો.

(૧) મહર્ષિ આયોદધૌમ્યનો પ્રિય શિષ્ય પીપલાદ હતો? ☐

(૨) મહર્ષિ શિષ્યોને સાથે લઈ ઉપમન્યુને શોધવા નીકળી પડ્યા? ☐

(૩) ગુરુદેવના આશીર્વાદથી આરુણિ ઘણા મહાન વિદ્વાન થઈ ગયા? ☐

(૪) સવાર થાય ને મહર્ષિ આયોદધૌમ્યનો આશ્રમ વેદોના મંત્રોના અવાજથી ગાજી ઉઠે? ☐


પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો..

(૧) ''તમે કોઈએ આરુણિને જોયો?'' ☞ .....

(૨) ''ગુરુદેવ ! હું અહીં છું. આ ઓતરાદી પાળ તરફ આવો.'' ☞ .....

(૩) ''ગુરુજી ! ગઈ કાલ સાંજ પછી એ દેખાયો નથી.'' ☞ .....

(૪) ''ગુરુજી ! મારી કથની કહું?'' ☞ .....



સભા-૮ : છડી સવારીએ કાકડી

જૂનાગઢમાં શિવભક્ત **નાગરો** રહે. તેમને સ્વામિનારાયણનો **વિરોધ હતો.** તેમને ખબર પડી કે હરિભક્તો મહારાજને જૂનાગઢમાં ધામધૂમથી પધરાવવાના છે. તેથી નાગરોએ ત્યાંના નવાબનો **દીવાન મંગળજી** જે નાગર હતો, તેની સાથે કહેવરાવ્યું : 'સ્વામિનારાયણ ભગવાન છે. તે ઘણા માણસ લઈને ગામમાં આવશે. યુદ્ધ કરીને તમારું રાજ્ય જીતી લેશે. માટે ગામમાં પેસવા દેશો નહિ.'

પણ **નવાબ હમીદખાન મુમુક્ષુ હતો**. તેણે કહ્યું : **'આ ખુદાનું રાજ્ય છે અને સ્વામિનારાયણ ખુદા હોય તો ભલે રાજ્ય લઈ લે, પણ ગામમાં તો આવવા જ દેવા.'** એમ કહી દૂત મોકલી ગામમાં પધારવાની સંમતિ કહેવરાવી.

જૂનાગઢમાં શ્રીજી મહારાજની **શોભાયાત્રા** નીકળી હતી. આખું શહેર હિલોળે ચઢ્યું હતું.

ઝીણાભાઈ દરબારે વ્યવસ્થામાં કાંઈ કમી રાખી ન હતી. રથ, ગાડાં, હાથી, ઘોડા, સંગીત, નૃત્ય, સંતો, ભક્તો... **સર્વત્ર જય જયકાર** થતો હતો. **શ્રીજી મહારાજ હાથી ઉપર** શોભતા હતા. તેમના દર્શન કરવા આખું શહેર ઊમટ્યું હતું.

સૌના મુખમાં એક જ ઉદ્‌ગાર હતો, **'અહો હો!' શા શણગાર છે! શું મૂર્તિ છે!'**



હવે **સવારી દીવાન ચોકમાં** આવી. ત્યાં **નવાબનો મહેલ** હતો. નીચે ખૂણામાં એક **બાળક** ઊભો હતો. **ગામડાનો** ભોળો ભક્ત. હાથમાં **કૂણી કૂણી કાકડી**. જીવની જેમ જતન કરીને તેણે કાકડી ઉગાડી હતી. તેને થયું, **'અહો! મારી કાકડી શ્રીજી મહારાજ જમે તો કેવું સારુ?' અંતર્યામીથી કાંઈ અજાણ્યું હોય! શ્રીજી મહારાજે** આંખથી તેને **ઈશારો** કર્યો. તે નજીક આવ્યો. શ્રીજી મહારાજે હાથ હલાવી કાકડીનો ઘા કરવા સૂચવ્યું.

બાળકે **કાકડી ફેંકી.** એક... બે... અને ત્રણ... શ્રીજી મહારાજે અદ્‌ભુત અદાથી ત્રણેય કાકડીઓ ઝીલી લીધી. ચોકમાં ઊભેલા બધા જ આ દૃશ્ય માણી રહ્યા હતા. હવે બાળકે ઈશારો કર્યો કે **જમી જાઓ**. અને **શ્રીજી મહારાજ ચાલુ સવારીએ કાકડી જમવા લાગ્યા!**

બંને હાથમાં ૧-૧ કાકડી. નહિ કોઈ શંકા કે નહિ કોઈની શરમ. બસ **બાળકનો ભાવ** ભગવાન આરોગી રહ્યા હતા. કોઈ શું કહેશે? તેની શ્રીજી મહારાજને ચિંતા ન હતી. આ જોઈ બાળકનો આનંદ તો સમાતો જ ન હતો. તે નાચવા-કૂદવા લાગ્યો.

બધાને આ દૃશ્ય ગમ્યું, પણ **મંગળજી દીવાન**ને ગમ્યુ નહિ. ઉપર ઝરૂખામાં તે **નવાબ હમીદખાન** સાથે ઊભો હતો. **દીવાન** શ્રીજી મહારાજનો વિરોધી હતો. તેથી નવાબને **કાન ભંભેરણી** કરતાં કહે, 'જુઓ આ છે સ્વામિનારાયણ! ચાલુ સવારીએ કાકડી ખાય છે. **છે કોઈની શરમ? છે થોડોય વિવેક?** આમને તો **માણસ જેવા પણ ન કહેવાય.** બરાબરને!'

ત્યાં **નવાબ** કહે : 'સાચી વાત છે. **આને માણસ ન કહેવાય. આ તો ખુદા છે. ખુદા કો કિસકા અદબ (પરવા) !** ખુદા વિના હાથીની સવારીએ કોઈ કાકડી ન ખાઈ શકે!'

મંગળજી દીવાન ભોંઠો પડી ગયો. શ્રીજી મહારાજે નવાબને આંખથી આશીર્વાદ આપ્યા. **શ્રીજી મહારાજની મૂર્તિ નવાબના અંતરમાં વસી** ગઈ. નવાબને નિશ્ચય થઈ ગયો.

તેમનો **અંતકાળ** આવ્યો ત્યારે તેમણે **શ્રીજી મહારાજ સાંભર્યા.** શ્રીજી મહારાજે તેમને દર્શન દીધાં અને **શાંતિ** પમાડી.

આવા હતા શ્રીજી મહારાજ !

ભક્ત હોય, નાનો હોય, ગામડાનો હોય, કોઈ સામાન્ય ચીજ લાવ્યો હોય, વળી ચાલુ સવારીએ જમવાનું કહે, તોય તેનો ભાવ પૂરો કરે! ખરેખર, ભગવાન તો ભાવના ભૂખ્યા છે, ભક્તવત્સલ છે.

સત્સંગ સંસ્કાર વિભાગ


અભ્યાસ

(૧) આપણે આપણા અભ્યાસમાં મહારાજને અને મોટાપુરુષને સાથે રાખીશું એટલી આપણી વિશેષ પ્રગતિ થશે માટે અભ્યાસની શરૂઆતમાં સૌ પ્રથમ પ્રાર્થના કરવી.

(૨) અભ્યાસ કરવાના ઓરડામાં (રૂમમાં) તેમજ ભણવાના ટેબલ ઉપર શ્રીજીમહારાજની, આપણા સદ્‌ગુરૂસંતો અને પૂજ્ય ગુરૂજીની મૂર્તિ રાખવી જોઈએ. એ જ રીતે આપણી અભ્યાસની ચોપડીમાં પણ મહારાજની નાની મૂર્તિ રાખી શકાય. જેથી આપણાને વારંવાર તેમનાં દર્શન-સ્મૃતિ થાય અને અભ્યાસમાં પ્રગતિ થાય.

(૩) રાત્રે મોડા સુધી વાંચવું તેના કરતાં પ્રાતઃકાળનો સમય અભ્યાસ માટે અતિ ઉત્તમ છે. માટે સવારે વહેલાં ઉઠી વાંચનની ટેવ પાડવી.

(૪) આદર્શ વિદ્યાર્થી બનવા માટે અને પરીક્ષામાં સારા ગુણ મેળવવા માટે અભ્યાસ માટેનું સમયપત્રક બનાવી તેનું દૃઢપણે પાલન કરવું જોઈએ.




(૫) શાળામાં હંમેશા આગળની પાટલીએ બેસવાનો આગ્રહ રાખવો જોઈએ. કદાચ પાછળ બેસવાનું થાય તો પણ આપણું ધ્યાન સંપૂર્ણ અભ્યાસમાં શિક્ષક ભણાવતા હોય તે તરફ જ રાખવું જોઈએ.

(૬) શાળામાં, ટ્યૂશનમાં જે ભણાવવામાં આવ્યું હોય તેનું ગૃહકાર્ય તથા વાંચન દ્વારા પુનરાવર્તન રોજે રોજ કરવું જોઈએ.

(૭) કોઈ વિષયમાં આપણને કોઈ બાબત ન આવડતી હોય અને કંઈ ન સમજાતું હોય તો તે આપણા શિક્ષકને કે આપણાં માતાપિતાને, ભાઈબહેનને પૂછીને શીખી લેવું જોઈએ.

(૮) અભ્યાસનાં પુસ્તકોને લાત મારીએ, ફેંકીએ, ફાડી નાખીએ તેનાથી પુસ્તકનું અપમાન થાય. માટે એવું આપણે



ન કરવું જોઈએ. ક્યારેક ભૂલથી થઈ જાય તો પ્રણામ કરી માફી માંગી લેવી. એ જ રીતે અભ્યાસનાં પુસ્તકોમાં જ્યાંત્યાં બિનજરૂરી લીટા ન કરીએ.

(૯) સિનેમાના એક્ટર્સવાળાં કે સ્ત્રી આદિના ફોટાવાળા કે બીભત્સ ફોટાવાળાં કે અન્ય ચિત્રોવાળાં નોટબુક, ચોપડા ન વાપરવાં. આપણા મંદિરમાંથી પ્રકાશિત થતાં આકર્ષક મૂખપૃષ્ઠવાળા નોટબુક-ચોપડા વાપરવાં જોઈએ.

(૧૦) આપણું ગૃહકાર્ય જાતે જ કરવું. કોઈનાય ગૃહકાર્યની નકલ ન કરવી તથા ગૃહકાર્ય હંમેશા સારા અક્ષરે જ કરવું જોઈએ.

(૧૧) શાળામાં આપેલું ગૃહકાર્ય કોઈ યોગ્ય કારણસર નછૂટકે ન થઈ શક્યુ હોય તો સાચાંખોટાં બહાનાં બનાવી શિક્ષક આગળ જૂઠું ન બોલવું જોઈએ. આપણે આપણી ભૂલને સ્વીકારી ક્ષમા માગવી જોઈએ.

(૧૨) અભ્યાસનાં પુસ્તકો સિવાય સારાં અને પ્રેરણાદાયી પુસ્તકોનું વાંચન કરવું. પરંતુ અયોગ્ય પુસ્તકો કે મેગેઝિન ન વાંચવા જોઈએ.

(૧૩) ટીવી સામે બેસીને કદી અભ્યાસ ન કરવો જોઈએ. વધુ ઘોંઘાટ કે અવાજ થતો હોય તેવા ઓરડામાં અભ્યાસ માટે ન બેસવું જોઈએ.


(૧૪) આપણું દફ્તર પણ સ્વચ્છ હોવું જોઈએ. દફ્તરમાં તથા આપણા ખાનામાં પુસ્તકો ને નોટ-ચોપડા વ્યવસ્થિત ગોઠવેલાં હોવાં જોઈએ.

(૧૫) સૂતા-સૂતા કે ઊંઘા પડીને ઓછા પ્રકાશમાં વાંચવાનો આગ્રહ ન રાખવો જોઈએ.

(૧૬) અભ્યાસમાં આપણા કરતાં આગળ હોય, હોશિયાર હોય અને કોઈ કુટેવ કે કુસંસ્કાર ન હોય તેવા મિત્રો સાથે મિત્રતા કરવી જોઈએ.

(૧૭) હંમેશા શાળાએ, ટ્યૂશનમાં જતી વખતે માતા-પિતા તથા ઘરના વડીલોને "જય સ્વામિનારાયણ" કહીને જવું જોઈએ.

(૧૮) અભ્યાસના બહાને ક્રિકેટ કે અન્ય રમત રમવા કે બહાર ફરવા ન જવું જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જુનાગઢમાં કયા ભક્ત થઈ ગયા?

( ) A નરસિંહ મહેતા ( ) B ઝીણાભાઈ ( ) C મંગળજી ( ) D મીરાબાઈ

(૨) જુનાગઢના નવાબનું નામ શું હતું?

( ) A મોહમ્મદખાન ( ) B હમીદખાન ( ) C મંગળદાસ ( ) D રસીદખાન

(૩) શ્રીજી મહારાજની શોભાયાત્રા ક્યાં નીકળી હતી?

( ) A જૂનાગઢ ( ) B દેવગઢ ( ) C પાવાગઢ ( ) D થાનગઢ

(૪) શ્રીજી મહારાજને કાકડી જમવા માટે કોણે આપી?

( ) A ઝીણાભાઈએ ( ) B બાળકે ( ) C દિવાને ( ) D રાજાએ

(૫) ઝીણાભાઈ દરબાર કયા ગામના વતની હતા?

( ) A જૂનાગઢ ( ) B અગત્રાઈ ( ) C ધોલેરા ( ) D પંચાળા

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) દીવાન મંગળજીએ રાજાને શું કહ્યું?

---

(૨) નવાબ હમીદખાને દીવાન મંગળજીને શું કહ્યું?

---

(૩) શ્રીજી મહારાજને કાકડી જમતા જોઈ નવાબે શું કહ્યું?

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) શોભાયાત્રાની તૈયારી ઝીણાભાઈએ કરી હતી. ☐

(૨) નવાબ હમીદખાન મુમુક્ષુ હતો. ☐

(૩) બાળક શ્રીજીમહારાજ માટે એક કિલો કાકડી લાવ્યો હતો. ☐

(૪) મંગળ દિવાન શ્રીજી મહારાજનો દ્વેષી હતો. ☐

(૫) ભગવાન તો ભોગના ભુખ્યા છે, ભાવના નહિ. ☐

પ્રશ્ન-૪ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(નવાબ હમીદખાન, કૂણી કાકડી, સંતો, શ્રીજી મહારાજ, નવાબ, મંગળજી, સમયપત્રક,)

(૧) જૂનાગઢમાં ..... નો મહેલ હતો.

(૨) બાળક પાસે ..... હતી.

(૩) બાળક ..... માટે કાકડી લાવ્યો હતો.

(૪) શ્રીજી મહારાજની મૂર્તિ ..... ના અંતરમાં વસી ગઈ.

(૫) અભ્યાસમાં સફળ થવા માટે ..... બનાવવું જોઈએ.

સભા-૯ : ખરા ખપવાળા આવા હોય

જૂનાગઢ જિલ્લામાં સમુદ્રકિનારે **માંગરોળ** શહેર, ત્યાં **સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામી** વખતનો સત્સંગ હતો. શ્રીજી મહારાજે પણ સત્સંગની શરૂઆતમાં ત્યાં અનેક મોટા ઉત્સવો કર્યા હતા અને સમાધિ પ્રકરણ પણ ચલાવ્યુ હતુ.

રામાનંદ સ્વામી, શ્રીજી મહારાજ અને પરમહંસો જયારે જ્યારે માંગરોળ પધારતા ત્યારે **આણંદજી સંઘેડિયાના** ઘરે જ **ઉતારો** કરતા. પછી આખી રાત સત્સંગ કથા-વાર્તાનો અખાડો જામતો. **મુક્તાનંદ સ્વામી**ના સત્સંગથી આણંદજી પણ મહારાજના ખુબ **પાક્કા સત્સંગી** બનેલા. તેઓ શ્રીજી મહારાજ અને સંતો ભક્તોનો ખુબ મહિમા સમજતા, નિર્દોષભાવ રાખતા, દિવ્યતાભરી દૃષ્ટિથી દર્શન કરતા અને મન-કર્મ-વચને કરીને નિર્માણીપણે શુદ્ધભાવે કરીને સેવતા.

શ્રીજી મહારાજે આણંદજીભાઈની પણ અનેકવાર આકરી કસોટીઓ કરેલી, પરંતુ તેમનો મહારાજ અને સંતોભક્તો પ્રત્યે પ્રેમ, સત્સંગ, ભક્તિ, મહિમા, દિવ્યભાવ વધતાને વધતા જ ગયા, ક્યારેય ઓછા ન થયા!

એક વખતની વાત છે. **શિયાળાનો** સમય હતો. શ્રીજી મહારાજ માંગરોળમાં હતા અને રોજ રાત્રે મોડા સુધી કથા-વાર્તા કરતા. ક્યારેકતો આખી રાત પણ સત્સંગ ચાલતો. આણંદજી ભાઈ તો **આખી રાત જાગે** અને કથાવાર્તા સાંભળે.

એક દિવસ રાત્રે કથાવાર્તા શરૂ થઈ અને શ્રીજી મહારાજે આણંદજીને સભામાં આવતા દીઠા. ત્યાં તો રાડ નાંખી અને ગુસ્સામાં બોલ્યા: **ઉપાડ તારૂ આસન!**

મહારાજ ! મારો શું ગુનો ? કંઈ ભૂલચૂક થઈ હોય તો કહો ! આણંદજીએ હાથ જોડ્યા.

મહારાજ બોલ્યા: તમે આખી રાત કથા સાંભળીને બીજો આખો દિવસ કામ ધંધો છોડીને **સૂઈ** રહો છો, તે બૈરી છોકરા ભુખે મારવા છે કે શું ? તમે **ગૃહસ્થ** છો, તમારું **સંઘેડાનું** કામ ખોરવાય છે, **ગ્રાહકો** પાછા જાય છે ને **આર્થિક નુકસાન** થાય છે તે કયાંનો **ન્યાય-ધર્મ** છે.

(શ્રીજી મહારાજને ગૃહસ્થ ધર્મની ફરજ ચૂકીને થતો સત્સંગ લગીરે અભિપ્રેત ન હતો અને વળી, આણંદજીના **પત્ની રાજબાઈને** પણ ભગતના આવા ભક્તિના ઘેલાં ગમતા નહિ તેથી તેમણે શ્રીજી મહારાજને ફરિયાદ કરેલી તે મહારાજે આણંદજીને કહી સંભળાવી.)

આણંદજી હાથ જોડીને બોલ્યા: **મહારાજ ! સત્સંગ તો મારો ખોરાક છે**. ખોરાક વગર કેમ જીવાશે? હવે આપજ કહો, શું કરુ?

તો સાંભળો ? આખી રાત વાતો સાંભળવી હોય તો સાંભળો, પણ **બીજા દિવસે સૂવું નહિ અને કામ ધંધો કરવો**. આ **શરત** કબુલ હોય તો જ અમારી કથામાં બેસો નહિતર ચાલતા થાવ... 'ભલે મહારાજ! આપ જેમ કહો તેમ કરીશ.'

આણંદજીએ આખી રાત કથા સાંભળી, બીજે દિવસ સૂતા નહિ ને ફરી **રાત્રે** વાતો સાંભળવા બેઠા, થોડીવાર થઈ ત્યાં **ઝોલા** આવવા લાગ્યા. કસોટી કરવા તત્પર થયેલા મહારાજે આ જોયુ ને ગુસ્સામાં બોલ્યા:


આણંદજી! વાતો સાંભળવી અને ઝોલાં ખાવા એ બેઉ કેમ ચાલે! માટે ઊભા થાઓ ને ઊભા ઊભા માળા ફેંરવો. હા, મહારાજ! **જેવી તમારી આજ્ઞા.** આણંદજી **ઊભા ઊભા માળા** ફેરવવા લાગ્યા છતાં ઝોલા ન અટક્યાં.....

મહારાજ પાછા **ખીજાયા** અને **ખીંટીએ ચોટલી બંધાવી** અને સજાગ થઈ કથા સાંભળવાનો આદેશ કર્યો. પણ આખી રાતનું **જાગરણ** હોય ને **આખો દિવસ કામ** કરવાનું હોય તો **શરીર તો શરીરનું કામ કરેજ...** ઝોલા ન અટક્યા.... વધુ પરીક્ષા કરતા હોય તેમ મહારાજ બોલ્યા: એની ઊંઘ એમ નહિ ઉડે, **ઠંડા પાણીના માટલા લાવી માંથે રેડો...**

મહારાજની આજ્ઞા થતા ભક્તો **ઠંડા પાણીના માટલાં** લાવ્યા અને આણંદજી ભાઈ ઉપર રેડવા લાગ્યા.

શિયાળાની રાત્રી હતી. તેમના **કપડાં ભીનાં** થયા હતાં, અને શરીર પણ **ઠૂંઠવાવા** લાગ્યુ હતું છતાં **સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણનું** ભજન કરવા લાગ્યા. જરા પણ **અકળાયા** કે **શરમાયા** નહિ ને હસતે મુખે આ બધું સહન કર્યું અને આખી રાત ભીને કપડે મહારાજની વાતો સાંભળી.

સવાર થયુ પણ ભગતના મોઢાની રેખા પણ ન બદલાઈ. હસતે મુખે મહારાજને જોઈ રહ્યા.. મહારાજ ખુબ રાજી થયાને બોલ્યા: **માણસ મૃત્યુ પસંદ કરે છે પણ સ્વાભિમાન છોડવું પસંદ કરતો નથી. અમે આણંદજીની આકરી કસોટી કરી છતાંયે તેમના મનમા કંઈ પણ રંજ ન થયો તે તેમની કેટલી ઉંચી સમજણ કહેવાય! દેહાભિમાન અને સ્વાભિમાન બંને માયાના ગુણોનું જ કાર્ય છે. આ માયાના ગુણોને આણંદજીએ હરાવી દીધા. આજે તો ખરા સંત્સગના ખપવાળા આ આણંદજીભાઈ છે.** બેઠેલા તમામ ભક્તોને પણ આ પ્રસંગ પરથી ઘણું બધુ શીખવા મળ્યું. સહું આણંદજીભાઈની દૃઢનિષ્ઠા અને સત્સંગના ખપને જોઈ રહ્યા.



બોધપાઠ : આપણે પણ આણંદજીભાઈ જેવો સત્સંગનો, કથાવાર્તાનો, દર્શનનો ખપ રાખવો.

સત્સંગ સંસ્કાર વિભાગ

પરીક્ષાના સમયે

(૧) પરીક્ષા પૂર્વે જે વિષયની પરીક્ષા હોય તે વિષયની સંપૂર્ણ તૈયારી આપણે કરી દેવી જોઈએ. એના માટે પરીક્ષાના આગલા દિવસોમાં દરેક વિષય માટે જરૂરી દિવસો ફાળવી દરેક વિષયનું ઓછામાં ઓછું એક કે બે વાર પુનરાવર્તન કરી લેવું જોઈએ.

(૨) પરીક્ષા દરમ્યાન વાપરવાની વસ્તુ જેવી કે પેન, પેન્સિલ, રબર, ફૂટપટ્ટી, કંપાસ બોક્સ, રિફિલ પહેલેથી જ તૈયાર રાખવા જોઈએ.

(૩) પરીક્ષા આપવા જતાં પહેલાં છેલ્લી પળોમાં જે પ્રશ્ન કે દાખલા કે પ્રમેય મહત્વના અને પુછાય એવા હોય તે અને જે આપણને ઓછું આવડતું હોય પરંતુ પરીક્ષામાં પુછાય એવું હોય તેનું પુનરાવર્તન કરી લેવું.

(૪) પરીક્ષા આપતા જતાં પહેલાં આપણા ઘરના વડીલો તથા માતાપિતાને ચરણસ્પર્શ કરી "જય સ્વામિનારાયણ' કહી, આશીર્વાદ લઈને જવું જોઈએ.

(૫) પરીક્ષા આપવા જતાં પહેલાં મંદિર કે ઘરમંદિરમાં સ્વામિનારાયણ ભગવાન તથા ગુરૂજી તથા સંતોનાં દર્શન આશીર્વાદ અચૂક લેવાં જોઈએ.

(૬) પરીક્ષાના સમય કરતા પંદર-વીસ મિનિટ વહેલા પરીક્ષાસ્થળે અચૂક પહોંચી જવું જોઈએ.

(૭) પરીક્ષામાં તમામ ઉત્તર સુવાચ્ય અક્ષરે લખવા જોઈએ તથા નવા પ્રશ્ન નવા પાના ઉપર લખવા જોઈએ.

(૮) જે પ્રશ્નનો ઉત્તર વધુ સારો ફાવતો હોય તે પહેલાં લખવો જોઈએ. જે પ્રશ્ન માટે જેટલા ગુણ ફાળવ્યા હોય એ ગુણ મુજબ એનો ઉત્તર લખવો જોઈએ. શક્ય હોય તો ઉત્તરને સળંગ લખવા કરતા મુદ્દા પાડી લખીએ તો પરીક્ષક સારી રીતે તપાસી શકે.

(૯) પરીક્ષામાં કોઈ દિવસ ચોરી ન કરવી જોઈએ અને આજુબાજુવાળા કોઈને ચોરી કરાવવી ન જોઈએ.

(૧૦) પરીક્ષા દરમ્યાન ઘડિયાળ સાથે રાખવી. પેપર લખતી વેળાએ સતત સમયનું અનુસંધાન જાળવી રાખવું. તેમ છતાં વધુ પડતી ઉતાવળ ન કરવી. પેપર પૂર્ણ થયા પછી સમય બચે તો એક વખત બધું લખાણ વાચવું જોઈએ તેમજ જરૂરી સુધારા કરવા જોઈએ.

(૧૧) પરીક્ષામાં અઘરું પેપર આવી જાય, પેપરમાં કંઈ આવડતું ન હોય તો પણ ગભરાવું નહિ. વધુ ચિંતા કરી નિરાશ ન થવું. મહારાજને અને મોટાપુરુષને પ્રાર્થના કરવી. એ આપણી ભેળા જ છે. જેવું આવડે તેવું લખવું જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સમુદ્ર કિનારે કયુ શહેર આવેલ છે?

( )A જૂનાગઢ ( )B વડોદરા ( )C માંગરોળ ( )D સુરત

(૨) માંગરોળમાં શ્રીજી મહારાજે કયુ પ્રકરણ ચલાવ્યું હતું?

( )A શાકોત્સવ ( )B રંગોત્સવ ( )C ઉપાધિ ( )D સમાધિ

(૩) સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામી વખતનો સત્સંગ ક્યા ગામમાં હતો?

( )A લોજ ( )B માંગરોળ ( )C વડતાલ ( )D એ અને બી

(૪) મુક્તાનંદ સ્વામીના સત્સંગથી માંગરોળમાં કયા ભક્ત સત્સંગી થયા હતા?

( )A મયારામ પટ્ટ( )B આણંદજી ( )C ઝીણાભાઈ ( )D દુબળી ભટ્ટ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ આપો.

(૧) માંગરોળ શહેર કયાં આવેલું છે?----------

(૨) આણંદજીભાઈના પત્નીએ શ્રીજી મહારાજને શું ફરિયાદ કરી?

---

(૩) શ્રીજી મહારાજે આણંદજીભાઈ આગળ શું શરત મૂકી હતી?

---

(૪) શ્રીજી મહારાજે આણંદજી સંઘેડીયાની કઈ કઈ કસોટી કરી?

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(પ્રેમબાઈ , રાજબાઈ , પાક્કા સત્સંગી , આણંદજી , માયા , સ્વાભિમાન , મૃત્યુ)

(૧) શ્રીજી મહારાજ .....ની અવાર નવાર કસોટીઓ કરતા

(૨) દેહાભિમાન અને સ્વાભિમાન બંને .....ના ગુણોનુ જ કાર્ય છે.

(૩) આણંદજી સંઘેડિયાના પત્નીનું નામ .....હતું.

(૪) માયાના ગુણોને .....એ હરાવી દીધા હતા.

(૫) માણસ .....પસંદ કરે છે પણ .....છોડવું પસંદ કરતો નથી.

પ્રશ્ન-૪ નીચેનુ વાકય કોણ બોલે છે તે જણાવો.

(૧) ઉપાડ તારૂ આસન ☞ .....


(૨) મહારાજ ! સત્સંગ તો મારો ખોરાક ☞ .....

(૩) શરીર તો શરીરનું કામ કરે જ ને ☞ .....

(૪) એની ઊંઘ એમ નહિ ઉડે ☞ .....

(૫) બીજે દિવસે સુવું નહિ ને કામ ધંધો કરવો ☞ .....

|| સભા-૧૦ : શ્રીજીમહારાજ કોની રસોઈ જમે? ||




એકવાર શ્રીજીમહારાજ સંતો અને હરિભક્તો સાથે **ગાંફ** ગામે પધાર્યા. ત્યાંના હરિભક્તોના આનંદનો પાર ન રહ્યો. નાના-નાનાં બાળકોથી લઈને યુવકો અને વડીલ હરિભક્તો, સૌ શ્રીજીમહારાજને વધાવવા લાગ્યા. ગામમાં **ઉત્સવનું** વાતાવરણ છવાઈ ગયું.

આ ગામમાં **અવલબાઈ** નામનાં એક સત્સંગી બહેન રહેતાં હતાં. તેઓ **શિક્ષાપત્રીમાં** શ્રીજીમહારાજે જણાવેલા તમામ **ધર્મ-નિયમોનું** નિષ્ઠાપૂર્વક પાલન કરતાં. નિયમિત પૂજા, સત્સંગ વાંચન, આરતી, અષ્ટક, કથાવાર્તા અને સેવા પણ

કરતાં. તેમને શ્રીજીમહારાજ પ્રત્યે **અનન્ય ભક્તિ** હતી. પોતાના ગામમાં પધારેલા શ્રીજીમહારાજને ભાવપૂર્વક જમાડવાનો અવલબાઈને મનમાં ઘણા સમયથી **સંકલ્પ** હતો.


એકવાર શ્રીજી મહારાજ તેમના **ઘરે** પધાર્યા. ગાદી-તકિયા અને શણગારોથી શોભતા આસન પર શ્રીજીમહારાજ બિરાજ્યા. અવલબાઈએ પુષ્પોના હારથી શ્રીજીમહારાજનું **સ્વાગત** કર્યું અને **આરતી** કરી. સાક્ષાત્ ભગવાન, શ્રીજીમહારાજ પોતાના ઘેર પધાર્યાનો આનંદ અવલબાઈને સમાતો ન હતો. તેઓ



શ્રીજીમહારાજનાં દર્શન કરતાં જાય ને ભજન ગાતાં જાય.

'આજે મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ; બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ.'

તેમને ભજન ગાતાં અટકાવીને શ્રીજીમહારાજ કહે, **'આ ગીત ગાવાથી કાંઈ પેટ નહિ ભરાય. અમને ખૂબ ભુખ લાગી છે. જલદી થાળ કરો.'** આ સાંભળી અવલબાઈ થાળ બનાવવા રસોડામાં પહોંચી ગયાં. ત્યાં તેમનાં **માતૃશ્રી** તેઓને કહે : **'દીકરી ! શ્રીજીમહારાજ પધાર્યા છે, તો આજે મને થાળ કરવા દે.** તું તો જ્યારે જ્યારે શ્રીજીમહારાજ પધારે ત્યારે થાળ કરે જ છે ને?' અવલબાઈના અંતરમાં થાળ બનાવવાનો **ઉમંગ** હતો, પરંતુ **માતૃશ્રીની ભાવના** જોઈ તેમણે જતું કર્યું. થોડીવારમાં થાળ બની ગયો. અવલબાઈએ સરસ મજાના આસન પર શ્રીજીમહારાજને બેસાડ્યા. સામે બાજોઠ પર ભાતભાતનાં ભોજન પીરસેલો થાળ લાવ્યાં. અવલબાઈ હેતથી કહે: 'પ્રભુ ! આપના માટે



ભાતભાતનાં ભોજન કર્યા છે. પ્રેમથી આરોગજો. કાંઈ કસર રાખતા નહિ.' અને પછી પ્રેમથી ગાવા લાગ્યાં.

'જમોને જમાડું રે જીવન મારા, હરિ રંગમાં રમાડું રે જીવન મારા.'

એવામાં જમતાં જમતાં અચાનક જ શ્રીજીમહારાજને **હેડકી** આવવા લાગી. તે કેમેય કરીને રોકાય જ નહિ. હેડકી અટકાવવા અવલબાઈએ શ્રીજીમહારાજને **પાણી** ધર્યું. ઠંડક માટે **પંખો** નાખવા લાગ્યાં. પરંતુ હેડકી બંધ જ ન થઈ. માંડ માંડ શ્રીજીમહારાજે **જમવાનું પૂરું** કર્યું. પણ હજુ તેમને **ચેન** પડતું ન હતું. અવલબાઈ ચિંતાતુર થઈ ગયાં. અને હેડકી બંધ કરવાના ઉપાયો વિચારવા લાગ્યાં.

અચાનક શ્રીજીમહારાજ ઊઠીને ઘરની પાછળના **વાડામાં** પહોંચી ગયા. ત્યાંજ તેમને **ઊલટી** થઈ. સેવક **મૂળજી બ્રહ્મચારી** મહારાજના બરડે પ્રેમથી હાથ ફેરવવા લાગ્યા. ઊલટી અટકાવવા તેમણે **લીંબુ** ચૂસવા પણ આપ્યું, પરંતુ ઊલટી અટકી નહિ. શ્રીજીમહારાજ જેટલું જમ્યા હતા, તે બધું જ બહાર નીકળી ગયું. અવલબાઈ તો દુઃખી દુઃખી થઈ ગયાં. તેઓ ખેદ સાથે શ્રીજીમહારાજને કહે :

'પ્રભુ ! અમને માફ કરો. અમારા ઘરનાં અનાજે તમને દુઃખી કર્યા. નક્કી જમવામાં કાંઈક આવી ગયું હશે.' શ્રીજીમહારાજ મુખ સ્વચ્છ કરતાં મરમાળું હાસ્ય કરતા કહે: અવલબાઈ ! જમવામાં કાંઈ બીજું આવી ગયું નથી, પણ **જમવાનું બનાવનારા બીજાં** આવી ગયાં છે!' અવલબાઈએ સહેજ વિચારીને કહ્યું : 'હા મહારાજ! આપની વાત સાચી છે. આજે મારાં માએ આગ્રહ કરી મને રસોઈ કરવા ન દીધી ને એમણે જ બધી રસોઈ કરી. પરંતુ પ્રભુ ! અમારા ઘરનું પાણી પણ સારું છે. **દાળ-ચોખા** વગેરે અનાજ ચોખ્ખા છે અને **મારી માની** રસોઈ તો **વખણાય** છે. તેનાથી કદીયે આવી ભૂલ રહી ન જાય.' શ્રીજીમહારાજ કહે: 'તમારું અનાજ તો ચોખ્ખું છે. તમારો ભાવ પણ ચોખ્ખો છે, પરંતુ **તમારાં માતૃશ્રીના વર્તમાન ચોખ્ખાં નથી.** તેઓ સત્સંગના **નિયમ-ધર્મ** બરાબર પાળતાં નથી.'

અવલબાઈ વિચારવા લાગ્યાં કે શ્રીજીમહારાજથી કઈ વાત અજાણી હોય! અવલબાઈને બધું યાદ આવવા લાગ્યું. તેઓ કહે, 'હા પ્રભુ ! તમારી વાત સાચી છે. મારાં માતૃશ્રી **પંચવર્તમાન** બરાબર પાળતાં નથી. તેમણે કંઠી પહેરી છે, પણ **ડુંગળી-લસણ** ખાય છે. **પૂજા પણ નિયમિત કરતાં નથી.'** આટલું કહેતાં તેમની આંખોમાં પાણી આવી ગયું. શ્રીજીમહારાજ કહે: 'એટલે જ અમને જમતાં-જમતાં **હેડકી** આવી. એમના હાથની બનાવેલી રસોઈ **સ્વાદમાં સારી** હતી, તોય **અમારા પેટમાં ટકી નહિ. જે સત્સંગના નિયમ ધર્મ પાળતા હોય, તેના હાથની રસોઈ જ અમને પચે છે. નિયમ-ધર્મ પાળનારાની જ ભક્તિ અમને વહાલી લાગે છે. આ મુળજી બ્રહ્મચારી** સત્સંગના નિયમો અને વ્રતમાં દૃઢ છે, તો તે જે જમાડે, તે સૂકો રોટલો હોય તોય અમે હોંશેહોંશે જમીએ છીએ. **નિયમ લોપનાર હરિભક્ત અમારા માટે અન્નકૂટ બનાવે તોય અમને ભાવતું નથી.'**

અવલબાઈ કહે, 'પણ પ્રભુ! આપ ભુખ્યા રહ્યા, તે મને દુઃખ થાય છે.' શ્રીજીમહારાજ **અવલબાઈની ભક્તિ અને નિયમની દૃઢતા** જાણતા હતા. તેમને દુઃખ ન થાય તે માટે તેમણે કહ્યું. 'અવલબાઈ! તમે દુઃખી ન થશો. અમે આજે તમારે ઘેર રોકાઈશું. સાંજે તમારા હાથની રસોઈ જમીશું. ત્યારે અમારી ભૂખ ટળશે.'

આ સાંભળી અવલબાઈના ચહેરા પર **સ્મિત** ફરી વળ્યું. તેમને ભક્તિનો ઉમળકો આવ્યો. જ્યારે તેમનાં **માતૃશ્રી** પણ આ ઘટનાથી **પરિવર્તન** પામ્યાં. તેમણે સાચા સત્સંગી બની, સત્સંગના નિયમો પાળવાની ટેક લીધી. અને શ્રીજીમહારાજ રાજી થાય તેવા ભક્ત બનાવાનો સંકલ્પ કર્યો.

સત્સંગ સંસ્કાર વિભાગ

રમતગમતના સમયે

(૧) રમતગમતથી આપણું સ્વાસ્થ્ય સારું થાય છે તથા આપણો સર્વાંગી વિકાસ થાય છે.

(૨) આપણા જીવન માટે રમતગમત પણ જરૂરી છે અને અભ્યાસ પણ ફરજિયાત છે. માટે અભ્યાસ તથા રમતગમત માટેનો સમય નિશ્ચિત કરી દેવો અને એ સમય દરમ્યાન જ રમતગમતનો લાભ લેવો જોઈએ.



(૩) આપણી કોઈ પણ રમતની શરૂઆતમાં મહારાજને પ્રાર્થના કરવી જોઈએ.

(૪) આપણને જે રમતમાં વિશેષ ફાવટ હોય એ રમતમાં વધુ ને વધુ નિપુણતા કેળવવાનો આગ્રહ રાખવો જોઈએ.

(૫) રમતમાં સાચુંખોટું કરીએ, અન્યાય (ચિટિંગ) કરીએ, જૂઠું બોલીએ, ઝઘડો કરીએ તો મહારાજ રાજી ન થાય. માટે રમતમાં પણ હંમેશા ઈમાનદારી રાખીએ. ખોટી રીતે જીતવાનો કે નંબર લાવવાનો પ્રયત્ન ન કરીએ.

(૬) રમતાં રમતાં આપણાથી અન્યને ઈજા ન થાય, અન્યના ઘરને તથા વસ્તુએ નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

(૭) કોઈ પણ રમતમાં આપણી હાર થાય તો હિંમત ન હારવી, હતાશ કે નિરાશ ન થવું. પ્રયત્ન ચાલુ રાખવો. મહારાજનું બળ રાખવું તો જરૂર આપણી જીત થશે.

(૮) આપણી સમક્ષ જીતનાર ટીમ કે બાળકને સાચા દિલથી અભિનંદન આપીએ. પરંતુ ઈર્ષ્યાથી બળવું નહિ કે સામેનાની ભૂલો ન શોધવી. તથા એમની સાથે ઝઘડા-કંકાસ ન કરવા.

(૯) રમતમાં હારજીત કરતાં એમાંથી કેટલું શીખવા મળ્યું તે મહત્વનું છે, માટે રમતમાં જે ખેલાડી સારું રમતા હોય તેમાંથી આપણે પ્રેરણા લઈ સારું રમતાં શીખવું જોઈએ.

(૧૦) હારજીતની સ્પર્ધા હોવી જોઈએ. પરંતુ નિર્ણાયકના નિર્ણયનો પણ સહર્ષ સ્વીકાર કરવો જોઈએ.

(૧૧) રમત રમીને સમયે ઘરે આવી જવું. રમત રમ્યા પછી હાથપગ ને મોઢું ધોવાં અથવા સ્નાન કરી લેવું જોઈએ. જેથી શરીર ઉપર ચોંટેલો મેલ તથા કીટાણુઓ સાફ થઈ જાય.

(૧૨) શારીરિક તથા બૌદ્ધિક વિકાસ કરવા આઉટડોર તથા ઈન્ડોર બંને પ્રકારની રમતો રમવી જોઈએ.

(૧૩) પત્તાં દ્વારા કે વીડિયોગેમ દ્વારા કે અન્ય રીતે શરત લગાવીને ક્યારેય જુગારી રમત ન જ રમાય.

(૧૪) રમત દરમ્યાન કોઈની સાથે ગાળાગાળી કે મારઝૂડ ન જ કરવી જોઈએ.

(૧૫) પરીક્ષાના સમયે રમતગમત માટે સમય ન બગાડતાં અભ્યાસ માટે વિશેષ સમય કાઢવો.

(૧૬) માત્ર કમ્પ્યૂટર ગેમ કે વીડિયો ગેમથી શારીરિક વિકાસ થતો નથી. પરંતુ આંખોને વિશેષ નુકસાન થાય છે. માટે આવી રમતોનો સમય મર્યાદિત રાખી અન્ય રમતો વધુ રમવી જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) શ્રીજી મહારાજ સંતો અને હરિભક્તોને લઈ કયા ગામમાં પધાર્યા હતા?

( ) A ગામા ( ) B ઘાંફ ( ) C ગાંફ ( ) D ગઢપુર

(૨) ગાંફ ગામના એક સત્સંગી બહેનનું નામ જણાવો.

( ) A નવલબાઈ ( ) B અવલબાઈ ( ) C પ્રેમબાઈ ( ) D જીજીબાઈ

(૩) અવલબાઈના મનમાં ઘણા સમયથી શું સંકલ્પ હતો?

( ) A શ્રીજી મહારાજને નવડાવવાનો ( ) B શ્રીજી મહારાજને ભેટવું

( ) C શ્રીજી મહારાજને રમાડવા ( ) D શ્રીજી મહારાજને જમાડવાનો

(૪) અવલબાઈની જગ્યાએ કોણે શ્રીજી મહારાજ માટે થાળ બનાવ્યો?

( ) A માતા ( ) B મામી ( ) C ભાભી ( ) D કાકી

(૫) થાળ જમીને મહારાજને શું થયું?

( ) A આનંદ થયો ( ) B ઉલ્ટી થઈ ( ) C ઊંઘ આવી( ) D એ અને સી

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) સત્સંગીઓ માટેના નિયમ-ધર્મ કયા શાસ્ત્રમાં લખ્યા છે?

---

(૨) શ્રીજી મહારાજ પધાર્યા ત્યારે અવલબાઈએ કયુ ભજન ગાવાનું ચાલુ કર્યું?

---

(૩) અવલબાઈએ શ્રીજી મહારાજને જમાડતી વખતે કયો થાળ ગાવાનું શરૂ કર્યું ?

---

(૪) શ્રીજી મહારાજને ઊલ્ટી શા માટે થઈ?

---

(૫) હરિભક્તોના પંચવર્તમાન કયા છે?

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.


(૧) અમારા ઘરના અનાજે તમને દુ:ખી કર્યા. ☞ .....

(૨) આ ગીત ગાવાથી કાંઈ પેટ નહિ ભરાય. ☞ .....

(૩) દીકરી આજે મને થાળ કરવા દે. ☞ .....

(૪) તમારા માતૃશ્રીના વર્તમાન ચોખ્ખા નથી. ☞ .....

(૫) સાંજે તમારા હાથની રસોઈ જમીશું. ☞ .....



સભા-૧૧ : ગાગરમાં સાગર : શિક્ષાપત્રી

શ્રીજી મહારાજ એક વાર **ખોખરા** ગામે પધાર્યા હતા. સૌ ભક્તો એક પછી એક તેમનાં દર્શને આવતા હતા. તેમાં **કાના પટેલ** અને **વસ્તા પટેલ** પણ આવ્યા. તેમણે શ્રીજી મહારાજનું પૂજન કર્યું ને ચરણે ભેટ પણ ધરી, પરંતુ તેઓ થોડા ઉદાસ જણાતા હતા.

શ્રીજી મહારાજે પૂછ્યું, 'કેમ ઉદાસ છો? કોઈ મુશ્કેલી છે?' કાના પટેલ કહે, 'મહારાજ, અમારા ગામમાં **કોઈ બ્રાહ્મણ નથી.**' શાસ્ત્રોનું કોઈ જાણકાર નથી. માટે અમારે દર વર્ષે **ખેતી કરવાનું મૂરત** કાઢવું હોય, તો કોને પૂછીને કાઢીએ?' શ્રીજી મહારાજ કહે, 'એમાં શું ? ખેતીનો સમય થાય, ત્યારે '**સ્વામિનારાયણ... સ્વામિનારાયણ**' એમ **કહીને સાંતી જોડવી**. એ તમારા માટે મોટું મૂરત. એમ કરવાથી પાક સારો થશે. અને કોઈ વિઘ્ન નહીં આવે. એ અમારા આશીર્વાદ છે.'

એવામાં વસ્તા પટેલે પૂછ્યું, 'પણ મહારાજ, અમે નવાં ઘર કરીએ, તો **વાસ્તુ** કઈ રીતે કરાવવું?' શ્રીજી મહારાજ કહે, 'નવા ઘરમાં **'શિક્ષાપત્રી' પધરાવવી.** તેની આગળ **ઘીનો દીવો** કરવો ને થોડીવાર સ્વામિનારાયણ મંત્રનું **ભજન** કરવું. તમારું વાસ્તુ થઈ ગયું. શિક્ષાપત્રી અમારું સ્વરૂપ છે. તે હશે, તો સર્વ કુશળ-મંગલ થશે!' કાના પટેલ અને વસ્તા પટેલ જ નહીં, આવા શુભ આશીર્વાદ સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા!

હા, બાળમિત્રો ! શિક્ષાપત્રીનો આટલો બધો મહિમા છે. શિક્ષાપત્રી એ કોઈ સામાન્ય ધર્મગ્રંથ નથી, **સર્વોપરી ભગવાન શ્રીજી મહારાજે લખેલો ધર્મગ્રંથ** છે. તેની તોલે કોઈ ન આવે. અરે! આ કેવળ ધર્મગ્રંથ નથી, **શ્રીજી મહારાજનું સ્વરૂપ** જ છે. એમાં કહ્યું છે તેમ જીવન જીવવામાં આવે, તો લોક અને પરલોક, બધે જ સુખ-શાંતિના ઢગલા થઈ જાય.

તેથી જ શ્રીજી મહારાજ કહે છે: સત્ શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા સદાચારને જે પાળે છે, તે આ લોક અને પરલોકમાં મહાસુખિયા થાય છે. તેનું ઉલ્લંઘન કરીને જે મનમાં આવે તેમ વર્તે છે, તે કુબુદ્ધિવાળા છે અને તે આ લોક અને પરલોકમાં નિશ્ચિય મોટું કષ્ટ પામે છે.

શિક્ષાપત્રી : મહિમા અને ઈતિહાસ



૧. **વરતાલના નારાયણ મોલમાં** શ્રીજી મહારાજે શિક્ષાપત્રી લખવાની **શરૂઆત** કરી હતી. અને સંવત્ ૧૮૮૨, મહા સુદ-૫ (પાંચમ)ના દિવસે વરતાલના **હરિમંડપમાં તે પૂર્ણ** થઈ.(તા.૧૨-૨-૧૮૨૬)

૨. શિક્ષાપત્રી **ગાગરમાં સાગર** છે. તેના ૨૧૨ શ્લોકોમાં હિંદુ ધર્મના તમામ શાસ્ત્રોનો સાર છે. તેમાં **૩૬૦ ગ્રંથોનાં ૩,૯૪૯ પ્રમાણો** છે.

૩. શિક્ષાપત્રી **સર્વજીવહિતાવહ** ગ્રંથ છે. તેમાં સંતોનો, બાઈ-ભાઈ હરિભક્તોના, રાજાના વગેરે સૌના નિયમો આપ્યા છે. ક્યાં થૂંકવું ? ક્યાં મળ-મૂત્ર કરવું? ત્યાંથી માંડીને **બ્રહ્મરૂપ સુધીની વાતો** આ ગ્રંથમાં કંડારાયેલી છે.

૪. શિક્ષાપત્રી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.... એમ **ચારેય પુરુષાર્થની સિદ્ધિ** કરાવે છે.

૫. શૈક્ષણિક, શારીરિક, આર્થિક, સામાજિક, કૌટુંબિક, વૈશ્વિક.... **માનવજીવનના તમામ પ્રશ્નોના** પ્રત્યક્ષ કે પરોક્ષ **ઉત્તરો** શિક્ષાપત્રીમાં વર્ણવાયેલા છે.

૬. શિક્ષાપત્રીનો એક-એક અક્ષર અર્થસભર છે. તેની એક-એક આજ્ઞા વિશ્વમાં ક્રાંતિ સર્જે તેવી છે.

૭. **સરદાર વલ્લભભાઈ પટેલ** કહેતા : ભારત દેશના તમામ લોકો શિક્ષાપત્રીની આજ્ઞા પાળે, તો દેશમાં **પોલીસ અને અદાલતની ઓછામાં ઓછી જરૂર** પડે.

ચાલો, શિક્ષાપત્રી મુજબ જીવન ઘડી આ લોક અને પરલોકમાં સુખિયા થઈએ.

શ્રીજી મહારાજ 'શિક્ષાપત્રી'માં કહે છેઃ

કદી પણ કોઈ જીવની હિંસા કરવી નહિ ! દારૂ પીવો નહિ !
રજા વગર ફૂલ-ઈંધણ પણ લેવાં નહિ !
કોઈની નિંદા કરવી નહિ કે સાંભળવી નહિ !
બીડી-તમાકુ કે ગાંજો-ભાંગ લેવા નહિ ! જાહેર જગ્યાએ થૂંકવું નહિ !
પોતાના વખાણ પોતે કરવા નહિ ! કોઈનું અપમાન કરવું નહિ !
અંગ દેખાય તેવું વસ્ત્ર પહેરવું નહિ !
સૂર્ય ઊગ્યા પહેલાં ઊઠીને નહાઈ-ધોઈ ભગવાનનું નામ લેવું !
માતા-પિતા, ગુરૂ અને બીમારની સેવા કરવી !
ઊપજ પ્રમાણે જ ખર્ચ કરવું !
લખત કર્યા વિના લેવડદેવડ કરવી નહિ !
છેલ્લે મહારાજે લખ્યું છે : **'આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે આ લોક ને પરલોકમાં સુખી થશે.'**



સત્સંગ સંસ્કાર વિભાગ

યાત્રા-મુસાફરીના સમયે



(૧) મુસાફરી દરમ્યાન આપણા પરમ પૂજ્ય ગુરુજી કાયમ ધૂન-કીર્તન ગાવાની અને મહારાજના મહિમાની વાતો કરવાની તથા સત્સંગનાં તથા અન્ય પ્રેરણાદાયી પુસ્તકો વાંચવાની તથા કીર્તન-ભજનની અને કથાવાર્તાની કેસેટ સાંભળવાની પ્રેરણા આપે છે. તો આપણે એ મુજબ કરવું પણ નવરા ન રહેવું કે બારીબહાર ડાફોળિયાં ન મારવા જોઈએ.

(૨) મુસાફરી દરમ્યાન બહારનું ખાણું-પીણું તો ન જ લેવું. પરંતુ સાથે લઈ ગયા હોય અને જમ્યા હોઈએ તો તેનો કચરો પણ કોથળીમાં ભેગો કરી કચરાપેટીમાં જ નાખવો. ચાલુ ગાડીએ રસ્તા ઉપર ન નાખીએ.

(૩) મુસાફરી દરમ્યાન આપણી સાથે રહેલા સૌ સભ્યોને વહેંચીને જમવું જોઈએ. મુસાફરી દરમ્યાન અન્યની સગવડના ભોગે આપણે આપણી સગવડ ન સાચવવી જોઈએ.

(૪) મુસાફરી દરમ્યાન આપણાથી વડીલ હોય તેમને બેસવા માટે પ્રથમ અને યોગ્ય સ્થાન આપવું જોઈએ.

(૫) બસ કે ગાડીમાં કોઈ પણ અજાણી વ્યક્તિ જોડે બિનજરૂરી વાતો ન કરવી કે કંઈ જમવાનું આપે તો જમવું નહિ તથા વસ્તુ લેવી નહિ.

(૬) યાત્રામાં અથવા મુસાફરી કરતા હોઈએ ત્યારે આપણે આપણા પરિવારનું, સત્સંગનું, ગુરુનું અને દેશનું સન્માન જળવાય; બધાંને આપણો ગુણ આવે તેવું વર્તન અને વાણી રાખીએ.



(૭) મુસાફરી દરમ્યાન વાહનમાં તોફાન-મસ્તી કે ઝઘડવું નહિ તથા મોટેથી વાતો કરી તેમજ બૂમો પાડી કોઈને ખલેલ ન પહોંચાડવી જોઈએ.


(૮) બાળકોએ અજાણ્યા સ્થળે એકલા ફરવા ન જવું. ઘરમાંથી બહાર નીકળીએ ત્યારે અચૂક માતાપિતાને ક્યાં જઈએ છે તેની જાણ કરવી. કારણ કે, આજના કપરાકાળમાં ક્યાંક અપહરણ થવાની શક્યતા રહે.

(૯) યાત્રા તથા મુસાફરી દરમ્યાન મંદિરો કે પ્રાચીન સ્થળોના શિલ્પ સ્થાપત્યોને તથા બાગ-બગીચાને નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખીએ.

(૧૦) આપણી સર્વોપરી ઉપાસનામાં અને પતિવ્રતાની ભક્તિમાં બાધ આવે (ખંડન થાય) તેવાં સ્થળોમાં કે સ્થાનોમા ફરવા જવાનું કે જોવા જવાનું ટાળવું જોઈએ.

(૧૧) મુસાફરી દરમ્યાન બારીબહાર હાથપગ કે મોઢું ન કાઢવાં જોઈએ. જેથી અકસ્માતનો ભય ન રહે.

(૧૨) રજોગુણી સ્થાનોમાં તથા જ્યાં વિષયી વાતાવરણ હોય એવાં સ્થાનોમાં ફરવા ન જવું જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) શિક્ષાપત્રીની રચના ક્યારે અને ક્યાં થઈ ?

---

(૨) ભગવાને શિક્ષાપત્રીની રચના શા માટે કરી?

---

(૩) શિક્ષાપત્રી વાંચવાના અનેક ફાયદામાંથી ફક્ત ૪ (ચાર) ફાયદા જણાવો.

પ્રશ્ન-૨ નીચે આપેલાં વાક્યોનો 'હા' કે 'ના' માં જવાબ આપો.

(૧) શિક્ષાપત્રીમાં કુલ ૨૧૪ શ્લોક છે. ☐

(૨) શિક્ષાપત્રીમાં ફક્ત આધ્યાત્મિક જ્ઞાન વર્ણવેલું છે. ☐

(૩) શિક્ષાપત્રીનું વાંચન એટલે સફળ જીવનની ચાવી. ☐

પ્રશ્ન-૩ નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.

(૧) શિક્ષાપત્રી ..... સંપ્રદાયનો મૂળ ગ્રંથ છે.

(૨) શિક્ષાપત્રીની રચના ..... તિથિએ થઈ હતી.

(૩) ગાગરમાં સાગર ..... છે.

(૪) શિક્ષાપત્રીએ ..... નું સ્વરૂપ છે.

(૫) શિક્ષાપત્રીમાં ..... ગ્રંથોનો સાર છે.

પ્રશ્ન-૪ પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) શિક્ષાપત્રીની રચના કઈ જગ્યાએ થઈ હતી?

( ) A વડતાલ ( ) B સોરઠ ( ) C હાલાર ( ) D કચ્છ

(૨) શિક્ષાપત્રીમાં કુલ કેટલા શ્લોકો લખવામાં આવ્યા છે?

( ) A ૨૧૨ ( ) B ૨૧૩ ( ) C ૨૧૫ ( ) D ૨૨૦

(૩) શિક્ષાપત્રીની રચના કઈ ભાષામાં કરવામાં આવી છે?

( ) A સંસ્કૃત ( ) B હિન્દી ( ) C પ્રાકૃત ( ) D ગુજરાતી

(૪) હરિભક્તો સવારના સમયે ભગવાનની પૂજા બાદ શિક્ષાપત્રીના ઓછામાં ઓછા કેટલા શ્લોકોનું વાંચન અવશ્ય કરે છે ?

( ) A પાંચ ( ) B ત્રણ ( ) C ચાર ( ) D છ

સભા-૧૨ : ભૂતોનો ઉદ્ધાર

એક વખતે **ઘનશ્યામ** માતાપિતાની સાથે **તીનવા** ગામ ગયેલા. ત્યાં ભક્તિ માતા **કૂવે** પાણી ભરવા ગયા. આ કૂવામાં ઘણા **ભૂત** રહેતા હતા.

ઘડો કૂવામાં ગયો ને **ભૂતડાઓએ પકડ્યો** એ તો માંડ્યા **સીંચણિયું** ખેંચવા. ભક્તિમાતાને નવાઈ લાગી. આમ કેમ થાય છે! **ભૂતોએ** વધુ જોરથી **ખેંચ્યું.** સીચણિયું માતાના હાથમાંથી મૂકાઈ ગયું, કૂવામાં પડતાં પડતાં માંડ બચ્યાં.

અંદર જોયું ત્યાં તો **ભયંકર ભૂતાવળ !** કોઈ માથા વિનાના, કોઈ કાન વગરના, કોઈને માથે શીંગડા તો કોઈને લાંબા લાંબા દાંત, કોઈ જાડા પાડા જેવા તો કોઈ ઊંચા ઊંટીયા જેવા. બધા ખા...ઉ..ખા...ઉ એમ બૂમો પાડે. ભક્તિમાતાને બહુ **બીક** લાગી. તે ઘરે પહોંચ્યા ત્યાં તો **પરસેવે રેબઝેબ**. શ્વાસ સમાય નહિ. આખું શરીર ધ્રુજે.

ઘનશ્યામ કહે : 'કેમ, શું થયું દીદી?'

બેબાકળા બનેલા માતાએ ધ્રૂજતે શરીરે **ભૂતડાની** વાત કરી. વાત સાંભળતાં ઘનશ્યામની ભ્રકૂટી બદલી. **'હમણાં બધા ભૂતોને ખબર પાડી દઉં,'** એમ કહેતાં દોડ્યા **કૂવા તરફ**, ગામના માણસોએ ના પાડી છતાં પ્રભુ પડ્યા પાણીમાં!

ખા....ઉં.... ખાઉં કરતા ભુતડાં ખાવા દોડ્યાં પણ... પણ ત્યાં તો



અજબનો **ચમત્કાર** થયો. કૂવામાંથી અતિશય તેજ નીકળવા લાગ્યું. તેજ જોઈને ભૂતડાં **બી** ગયાં. એ માંડ્યા **ભાગવા** પણ ભગવાને ભાગવા ન દીધા.

ભયંકર ને ભેંકાર કૂવામાં બઘડાટી બોલી. **બળું છું બળું છું... બચાવો... બચાવોની બૂમા બૂમ થઈ ગઈ. ગામના બીજા માણસોય દોડ્યા.** એમને થયું; છપૈયાના બ્રાહ્મણ બાળકને ભૂતડાઓએ મારી નાખ્યો. ગામ આખાને **બ્રહ્મહત્યા** લાગશે....!! બધાના શ્વાસ અદ્ધર ચડી ગયા.ઘેર શોકની લાગણી વચ્ચે એ બધા ભગવાનના નામની ધૂન કરવા લાગ્યા.



કૂવામાંતો '**ઓય માડી, ઓય બાપલીયા અમને બચાવો**'ની બઘડાટી બોલતી હતી. ભૂતોએ આજીજી બહુ કરી એટલે ઘનશ્યામે કહ્યુ, **'તમે બધા કોણ છો?'**

ભૂતો હાથ જોડતાં ને ધ્રુજતાં ધ્રુજતાં કહે : **'અમે બધા પૂર્વના પાપી છીએ. દારૂ પીતાં, માંસ ખાતાં, હિંસા કરતાં, ચોરીયું કરતાં, વળી રાજાની લડાઈમાં મરાણા એટલે બધા ભૂત થયા છીએ.** હવે.... હવે અમારા પાપનો નાશ કરો... **અમારો ઉદ્ધાર કરો...** આમાંથી ઉગારો... અમારી ભુલોને માફ કરો... છેવટે ઘનશ્યામે બધા પર **કૃપાદૃષ્ટિ** કરી. એક પછી એક એમ બધા ભૂતડાંઓ **બદરિકાશ્રમમાં** ગયા.



ઘનશ્યામ કૂવામાંથી બહાર આવ્યા. ગામના માણસો ઘનશ્યામને જોઈ નવાઈ પામી ગયા. જે કોઈ કૂવે આવે તેને ભૂતો મારી નાંખતા તેને બદલે આ છપૈયાનો છોકરો તો પાણીમાંથી પાછો આવ્યો !

પણ એમને ક્યાં ખબર હતી કે આ તો **પરબ્રહ્મ પરમાત્મા** પોતે છે એને ભૂતો શું કરી શકે ? અરે! પ્રભુને તો ઠીક પરંતુ તેનો **આશરો** કરનારને પણ એ ભૂત પ્રેત કે જંત્ર મંત્ર કંઈ કરી શકતાં નથી એવા ચમત્કારી આ ઘનશ્યામ છે.

આ કૂવો છપૈયા પાસેના તીનવા ગામે હજુ જેમનો તેમ મોજૂદ છે. પછીથી અહીં ક્યારેય ભૂત થયા જ નથી.


સત્સંગ સંસ્કાર વિભાગ

તહેવારના સમયે

(૧) **ઉત્તરાયણ** એટલે બાળકો માટે પતંગ ચગાવવાનો અને આનંદ માણવાનો પર્વ. વળી આ જ દિવસ ભગવાન અને સંતોની જોળીસેવા કરવા માટેનો ઉત્તમ દિવસ છે. માટે આપણે આ દિવસે જોળીસેવાનો લાભ અચૂક લેવો જોઈએ. સંતોની આજ્ઞા મુજબ આપણા વિસ્તારમાં જોળીસેવા માટે પણ જવું જોઈએ.

(૨) **વસંતપંચમી ઉત્સવ** એટલે શિક્ષાપત્રી જયંતીનો દિન. આ દિવસે સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ગ્રંથની રચના કરી હતી. માટે આ દિવસે 'શિક્ષાપત્રી' પુસ્તિકાનું અચૂક-પૂર્ણ પૂજન વાંચન કરવું જોઈએ.

(૩) **હોળી-ધુળેટીના ઉત્સવમાં** કાળા, સોનેરી, રૂપેરી કે અન્ય ગંદા રંગો, ડામર, કેમિકલ્સ કે ઓઈલ જેવા પદાર્થોથી એકબીજાને રંગવાની રમત ન રમવી જોઈએ. કારણ કે, તેનાથી શરીરની ચામડીને નુકસાન થાય છે. માટે સાદા પાણીનો કે સાદા રંગોનો જ ઉપયોગ કરવો.



(૪) **હરિનવમીનો સમૈયો** એટલે સ્વામિનારાયણ ભગવાનનો **"પ્રાગટ્ય દિન"** છે. આ દિવસે રાત્રે મંદિરમાં પ્રાગટ્ય ઉત્સવનો લાભ લેવા જવું જોઈએ. આ દિવસ નકોરડો અથવા ફરાળી ઉપવાસ ફરજિયાત કરવો જોઈએ.

(૫) સ્વામિનારાયણ સંપ્રદાયનો વિશિષ્ટ ઉત્સવ એટલે **હિંડોળા ઉત્સવ**. દરેક મંદિરમાં જુદા જુદા પ્રકારના હિંડોળે મહારાજ ઝૂલતા હોય ત્યારે આપણે મહાપ્રભુને હિંડોળે ઝુલાવવાનો લાભ લેવો જોઈએ.

(૬) **ગુરુપૂર્ણિમા ઉત્સવ** એટલે ગુરુના આપણા ઉપરના અનંત ઉપકારોમાંથી મુક્ત થવાનો અવસર છે. આ દિવસે આપણા પરમ પૂજ્ય ગુરુજીનાં દર્શને જવું જ જોઈએ.

(૭) **નવરાત્રિના** દિવસોમાં સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ભક્તોએ ડાંડિયા રમવા ન જવું જોઈએ અથવા તો ક્લબ, પાર્ટી-પ્લોટમાં પણ ગરબા કે રાસ રમવા કે જોવા ન જવું જોઈએ.

(૮) મહારાજને અને મોટાપુરુષોને રાજી કરવા માટે **વેલેન્ટાઈન ડે** કે **ફ્રેન્ડશિપ ડે** જેવા પ્રોગ્રામોમાં આપણે ભાગ ન લેવો જોઈએ.




(૯) **બેસતું વર્ષ** એટલે નવા વર્ષનો પ્રારંભ. આ દિવસે આપણે સવારે વહેલા ઊઠી સૌપ્રથમ આપણા આત્માના સાચા સગા એવા સ્વામિનારાયણ ભગવાન અને સંતો, તેમનાં દર્શન-આશીર્વાદ માટે જવું જોઈએ.

(૧૦) **નૂતન વર્ષના** પ્રારંભે સૌપ્રથમ આપણાં માતાપિતા, કુટુંબીજનોના ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ; રાજી રહેજો; એટલું કહી એકબીજાને મળવું જોઈએ. ત્યારબાદ આપણા સંબંધીજનો તથા આડોશી પાડોશીઓને નવા વર્ષના જય સ્વામિનારાયણ કરવા જવું જોઈએ. કોઈની સાથે વર્ષ દરમ્યાન કોઈ અણબનાવ બન્યો હોય તો માફી માંગી લઈએ, માફ કરી દઈએ અને ભૂલો સુધારી સંબંધ સારા કરવા જોઈએ.

(૧૧) **નૂતન વર્ષના** પ્રથમ દિવસે ભવ્ય રીતે અન્નકૂટોત્સવનું આયોજન મંદિરમાં થતું હોય છે તો તેનાં દર્શનનો પણ અચૂક લાભ લેવો જોઈએ.

(૧૨) **નૂતન વર્ષે** સગાંસંબંધીઓના ઘરે જવાનું થાય અને ત્યાં જો મહારાજની આજ્ઞા મુજબ અનાજ પાણી જો ગાળી-ચાળીને શુદ્ધ કરી નિયમધર્મયુક્ત હોય તો જ ત્યાં જમવું જોઈએ.

(૧૩) **નવા વર્ષે** નવાં નવાં કપડાં, ઘડિયાળ, સાઇકલ આ બધું લાવવા જીદ ન કરવી જોઈએ. માતાપિતા રાજી થઈ જે આપે તે લઈ લેવું જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) પાણી ભરવા ગયેલ ભક્તિમાતાને શી નવાઈ લાગી?

---

(૨) કુવામાં રહેલા ભૂતોનું વર્ણન કરો.

---

(૩) ભૂતોને ભૂત શા માટે થવું પડ્યું?

---

(૪) ઘનશ્યામે ભૂતોનો કેવી રીતે ઉદ્ધાર કર્યો?

---

(૫) ઘનશ્યામ માતાપિતા સાથે ક્યા ગામ ગયા હતા?

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(ઈચ્છારામ, રામપ્રતાપ, છપૈયા, ભક્તિદેવી, સુવાસીનીબાઈ, ધર્મદેવ, તીનવા, અયોધ્યા)

(૧) ઘનશ્યામ મહારાજના પિતાનું નામ ..... હતું.

(૨) ઘનશ્યામ મહારાજના માતાનું નામ ..... હતું.

(૩) ઘનશ્યામના ભાભીનું નામ ..... હતું.

(૪) ઘનશ્યામે ભૂતોનો ઉદ્ધાર ..... ગામે કર્યો.

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) ઘનશ્યામ મહારાજ તો પરબ્રહ્મ પરમાત્મા પોતે છે. ☐

(૨) ભગવાનનો આશરો ન કરનારને મંત્ર-જંત્ર, ભૂત-પ્રેત કંઈ કરી શકતા નથી. ☐

(૩) ભક્તિમાતાએ ભૂતોનો ઉદ્ધાર કર્યો. ☐

(૪) 'બદરિકાશ્રમ'એ ધામનું નામ છે. ☐

(૫) 'હરિનવમી' એટલે ભગવાન સ્વામિનારાયણની પ્રાગટ્ય તિથિ. ☐

પ્રશ્ન-૪ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) અયોધ્યા નગરી	(૧) શાકોત્સવ
(૨) છપૈયા ગામ	(૨) મીન સરોવર
(૩) તીનવા ગામ	(૩) હનુમાનગઢી
(૪) લોયાધામ	(૪) ભૂતોનો ઉદ્ધાર
(૫) ગોકુળ-મથુરા	(૫) શ્રીકૃષ્ણ

સભા-૧૩ : સેવકરામની સેવા

ઘનશ્યામ પ્રભુએ **૧૧ વર્ષે ગૃહત્યાગ** કર્યો. ત્યારથી તેઓ **નીલકંઠ વર્ણી** કહેવાય. વનવિચરણ દરમ્યાન તેમણે **સેવકરામ** નામના સાધુની ખૂબ જ અદ્‌ભુત **સેવા** કરી હતી. તેનું વર્ણન તેમણે **ગઢડા પ્રથમના ૧૦માં** વચનામૃતમાં કર્યું છે.

'અમે **વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર** જતા હતા, ત્યાં એક **સેવકરામ** નામે **સાધુ** (અમને મળ્યો) હતો.

તે **શ્રીમદ્‌ભાગવતઆદિક પુરાણને ભણ્યો હતો.** તે માર્ગમાં ચાલતાં **માંદો** પડ્યો. તેની પાસે **રૂપિયા હજારની સોનામહોર** હતી, પણ ચાકરીનો કરનારો કોઈ નહિ, માટે (તે) **રોવા લાગ્યો.**'


'પછી તેને અમે કહ્યું જે, 'કાંઈ ચિંતા રાખશો મા, તમારી **ચાકરી અમે કરીશું.**' પછી ગામને બહાર એક **કેળાંની ફૂલવાડી** હતી, તેમાં એક **વડનો વૃક્ષ** હતો, તે વડના વૃક્ષને વિષે **હજાર ભૂત** રહેતાં, પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહિ અને અતિશય માંદો થયો. (તેથી) તે ઉપર અમને અતિશય દયા આવી.'

'પછી તે ઠેકાણે, અમે તે સાધુને કેળના પત્ર લાવીને **હાથ એક ઊંચી પથારી** કરી આપી. અને તે સાધુને (ઝાડા એટલે કે) **લોહીખંડ પેટબેસણું** (થયું) હતું, તેને અમે ધોતા અને ચાકરી કરતા. અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ,

સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો, તે અમો લાવીને **રાંધી ખવરાવતા** અને અમો વસ્તીમાં જઈને જમી આવતા. અને કોઈક દિવસ તો અમને વસ્તીમાં અન્ન મળતું નહિ, ત્યારે અમારે **ઉપવાસ** થતો, તોપણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહિ જે, 'અમ પાસે દ્રવ્ય છે, તે આપણે બેને કાજે રસોઈ કરો અને તમે પણ અમ ભેળા જમો.''

'પછી એમ સેવા કરતે થકે તે સાધુ **બે માસે** કાંઈક **સાજો** થયો. પછી સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલ્યા, ત્યારે તેનો **ભાર મણ એક** હતો, તે **અમારે પાસે ઉપડાવતો** અને પોતે તો એક માળા લઈને ચાલતો અને દેહે પણ સાજો અને એક **શેર ઘી જમીને પચાવે એવો સમર્થ** થયો, **તોપણ** ભાર અમારી પાસે ઉપાડવે અને પોતે **અમથો ચાલે.**'

'અને અમારી પ્રકૃતિ તો એવી હતી જે, **'ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા નહિ.'** માટે તેને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર ઉપાડી ચાલતા. એવી રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો, પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ. પછી (તેને સેવાની જરૂર ન હતી તેથી) અમે તેને **કૃતઘ્ની જાણીને** તેના સંગનો **ત્યાગ** કર્યો.'



આવા હતા નીલકંઠ પ્રભુ! આદર્શ સેવક ! કોઈનું દુઃખ એમનાથી જોઈ ન શકાય. દુઃખી માણસ સાજો ન થાય ત્યાં સુધી નિઃસ્વાર્થભાવે સેવા કર્યા જ કરે.

સત્સંગ સંસ્કાર વિભાગ

વિવિધ ઋતુઓના સમયે



(૧) **ચોમાસામાં** પાચનશક્તિ મંદ પડી જાય છે. તેથી ચોમાસામાં ભારે, તળેલો, વધુ ચરબીવાળો, વાસી કે ખુલ્લો ખોરાક ન ખાવો જોઈએ.

(૨) ભારે વરસાદ હોય કે વાવાઝોડું ફૂંકાતું હોય તેવા વાતાવરણમાં શક્ય હોય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળવું જોઈએ. જેથી માંદગીથી બચાય.

(૩) **શિયાળામાં** નિયમધર્મે યુક્ત કચરિયું, ચ્યવનપ્રાશ, આંબળાંનો મુરબ્બો, લીલાં શાકભાજી, સૂકો મેવો, ફળફળાદિ જેવા પૌષ્ટિક આહાર જમવાથી શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધે છે.

(૪) શિયાળામાં વધુ ઠંડી પડતી હોય ત્યારે ગરમ કપડાં અને માથે ટોપી પહેરીને જ બહાર નીકળવું જોઈએ.

(૫) **ઉનાળામાં** ગરમીથી રાહત મેળવવા પાતળાં તેમજ સુતરાઉ કપડાં પહેરવાં જોઈએ.

(૬) ઉનાળામાં પરસેવો વધુ થતો હોય તો ખિસ્સામાં એક હાથરૂમાલ રાખવો જોઈએ અને એનાથી પરસેવો લૂછવો જોઈએ. શર્ટની બાંયથી પરસેવો લૂછવો એ અયોગ્ય કહેવાય છે.

(૭) ઉનાળામાં સવારે અને સાંજે શક્ય હોય તો બે વખત સ્નાન કરવું જોઈએ.

(૮) ઉનાળામાં પરસેવાના કારણે કપડાં વધુ ગંદા થતાં હોય છે અને પરસેવાની ગંધ આવતી હોય છે. આવાં કપડાં તૂરત ધોવડાવી દેવાં જોઈએ. મેલાં, ધોયા વિનાનાં કપડાં પહેરવાથી ચામડીના રોગ થવાની શક્યતા રહે છે.

(૯) કોઈ પણ ઋતુમાં બજારુ ઠંડાં પીણાં, બરફના ગોળા, આઈસક્રીમ ન ખાવાં જોઈએ. ગાળી-ચાળીને શુદ્ધ રીતે ઘરે જે શક્ય હોય તે અથવા આપણાં મંદિરને ફૂડસ્ટોલમાં મળતી વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ.

(૧૦) **દરેક ઋતુમાં** આપણે જેમ આપણા શરીરને સાચવીએ છીએ તેમ આપણા ઘરમંદિરમાં મહારાજ અને મુક્તો પ્રગટ છે. તેમની મૂર્તિને પણ ઋતુ પ્રમાણે શિયાળામાં ગરમ કપડાં ઓઢાડવાં અને ઉનાળામાં એસી અથવા પંખો મૂકવો જોઈએ.

(૧૧) મંદિર નજીક હોય તો શિયાળામાં સવારે ચાલતા મંદિરે જવાનો નિયમ લેવાય. જેથી શરીરને પણ કસરત મળે અને મહારાજનો રાજીપો પણ મળે.

(૧૨) વરસાદમાં ભીંજાયા હોઈએ તો કપડાં બદલી નાંખવાં જોઈએ, નહિતર બીમાર પડવાની શક્યતા વધુ રહે છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ગાઢડા પ્રથમના ૧૦માં વચનામૃતમાં કોની વાત આવે છે.

( ) A પરમહંસો ( ) B હરિભક્તો ( ) C બાળકો ( ) D સેવકરામ

(૨) શ્રીજી મહારાજને સેતુબંધ થઈ ક્યાં જવું હતું?

( ) A દરબારમાં ( ) B રામેશ્વર ( ) C ગઢડા ( ) D મંદિર

(૩) કેળાંની ફૂલવાડી ક્યાં હતી?

( ) A ગામમાં ( ) B જંગલપાસે ( ) C ગામની બહાર ( ) D વડપાસે

(૪) માર્ગમાં ચાલતા કયા સાધુ માંદા પડ્યા?

( ) A રામસાધુ ( ) B સેવકસાધુ ( ) C રાઘે સાધુ ( ) D સેવકરામ

(૫) સેવકરામ પાસે શું હતું?

( ) A ચાંદી ( ) B સોનું ( ) C સોનામહોર ( ) D તાંબું

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

(૧) કયા વૃક્ષને વિષે હજાર ભૂત હતા ?.....

(૨) સાધુ ઉપર કોણે દયા આવી ?.....

(૩) સાધુની ચાકરી કોણે કરી ?.....

(૪) જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તેને કેવો જાણવો ?.....

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(હજાર, સેવકરામ, પ્રાયશ્ચિત, ચાકરી, ફૂલવાડી)

(૧) પાપનું યથાશાસ્ત્ર ..... કરવું.

(૨) અમે સાધુની ..... કરી.

(૩) સાધુનું નામ ..... હતુ.

(૪) ગામની બહાર એક ..... હતી.

(૫) વડના વૃક્ષે ..... ભૂત રહેતા હતાં.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના'માં આપો.

(૧) સેવકરામને રામેશ્વર જવું હતું? ☐

(૨) હરિભક્ત પાસે સોનામહોર હતી? ☐

(૩) કેળાંના પત્રો લાવીને એક હાથ ઊંચી પથારી કરવામાં આવી? ☐

(૪) સેવકરામની ચાકરી કરનાર સેવકો હતાં? ☐

(૫) શ્રીજી મહારાજ અને હરિભક્ત વસ્તીમાં જઈ જમી આવતા? ☐

પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે તે કહો.

(૧) "કાંઈ ચિંતા રાખશો મા તમારી ચાકરી અમે કરીશુ." ☞ .....

(૨) "અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા." ☞ .....


સભા-૧૪ : કર્મનું ફળ ભોગવવું જ પડે

મહાભારતનો આ પ્રસંગ છે. **ધૃતરાષ્ટ્ર** રાજાને **૧૦૦ પુત્રો** હતા. **દુર્યોધન** અને **દુઃશાસન** તેમાં મુખ્ય હતા. સત્તાના લોભને લીધે તેમણે **પાંડવો** સાથે યુદ્ધ કર્યું. પાંડવો સાથે ભગવાન શ્રીકૃષ્ણ હતા. તેથી પાંડવોની જીત થઈ. અને **બધા જ** કૌરવો **મૃત્યુ** પામ્યા.

પોતાના બધા જ પુત્રોના મૃત્યુથી **ધૃતરાષ્ટ્ર** ખૂબ જ વિલાપ કરવા લાગ્યા. તેમનીય સ્થિતિ મરવા જેવી થઈ ગઈ. સૌ તેમને **આશ્વાસન** આપતા હતા. પણ તેમનું **દુઃખ** ઘટતું જ ન હતું.

એવામાં એકવાર **શ્રીકૃષ્ણ** ભગવાન તેમને મળવા ગયા. ધૃતરાષ્ટ્રે પૂછ્યું : 'પ્રભુ ! આ શું થઈ ગયું ? મારા **૧૦૦ પુત્રો** સામટા કેમ કરી મરી ગયા?' **શ્રીકૃષ્ણ ભગવાન કહે, તમારા 'પચાસેક જન્મ પહેલાંનાં પાપોનું** આ **ફળ** છે.'

ધૃતરાષ્ટ્ર કહે, 'પણ કયું પાપ ને શેનું ફળ ?'






પછી શ્રીકૃષ્ણ ભગવાને તેમને **ભૂતકાળ** જોવાની **દિવ્ય દૃષ્ટિ** આપી. તેનાથી તેઓ પાછલાં જન્મોમાં જવા લાગ્યા. **પચાસેક** જન્મ પહેલાંનું ચિત્ર તેમની નજર સામે ખડું થયું. તેમણે જોયું કે તેઓ **પારધી** હતા. એકવાર શિકાર કરવા નીકળ્યા હતાં. એક **ઝાડ** પર ઘણાં **પક્ષીઓ** બેઠાં હતાં. તેમણે ઝાડ પર **જાળ** નાંખી. પછી નીચે અગ્નિ પ્રગટાવ્યો. તેથી ઘણાં પક્ષીઓ ઊડી ગયાં અને **ઘણાં આંધળાં** થયાં, પણ **૧૦૦ નાનાં પક્ષીઓ બળીને ખાખ** થઈ ગયાં ! આવું ભયંકર દૃશ્ય જોતાં જ ધૃતરાષ્ટ્ર ધ્રુજી ઊઠ્યા.

શ્રીકૃષ્ણ ભગવાને તેમને સમજાવ્યું, **'કર્મની ગતિ ન્યારી છે.** પચાસેક જન્મ પહેલાં તમે પાપ કર્યું હતું. અમુક જન્મોનાં પુણ્યે તમે **રાજા** તો થયાં, પરંતુ એ **૧૦૦ બચ્ચાં** તમારા **પુત્ર** થયાં અને તમને દુઃખ આપી વેર લીધું. વળી, જે પંખી અંધ થયાં હતાં, તેના ફળરૂપે તમે અંધ થયાં.'

ધૃતરાષ્ટ્ર જ નહિ, સાંભળનાર બધા જ લોકોને **કર્મનો સિદ્ધાંત** સમજાઈ ગયો. કે **જેવું વાવીએ તેવું લણીએ અને જેવું કરીએ તેવું પામીએ.**

કર્મના પ્રકાર અને તેની સ્પષ્ટતા



૩ પ્રકારનાં કર્મો છે : (૧) **સંચિત** કર્મ (૨) **ક્રિયમાણ** કર્મ અને (૩) **પ્રારબ્ધ** કર્મ. આ ૩ પ્રકારનાં કર્મો સમજવાં સાવ સરળ છે.

અહિંયા આપેલ **અનાજ ભરવાની કોઠી** જુઓ. તેમાં કોઠીના દાણા = માનવોનાં કર્મો. **ઉપરથી નાખવામાં આવતા દાણા = ક્રિયમાણ કર્મ. અંદર રહેલા દાણા = સંચિત કર્મો અને નીચે સાણામાંથી નીકળતા દાણા = પ્રારબ્ધ કર્મ.**

કોઠીમાં ઉપરથી કેવા દાણા નાખવા એ જેમ માણસના હાથમાં છે, તેમ **ક્રિયમાણ કર્મ** - સારું કે ખરાબ કેવું કરવું ? એ **માણસના હાથમાં** છે. નીચેથી નીકળતા દાણા અનેક જન્મોના **સંચિત (ભેગાં)** થયેલાં માણસોનાં કર્મોનું જ ફળ **(પ્રારબ્ધ)** છે. તે જેવું નીકળે, તેવું **ભોગવવું જ પડે** છે.

સારું જીવન જીવનાર માણસોને પૂર્વ જન્મના ફળને લીધે જ તો દુઃખ આવે છે. કર્મનું ફળ આપનાર **ભગવાન** છે. ભગવાન અને સત્પુરૂષને પ્રારબ્ધ હોતું નથી. પણ તેઓ ઈચ્છે તો બીજાનું પ્રારબ્ધ બદલી શકે છે.

આ વાત સ્વીકારે તેને હિંદુ કહેવાય.

સત્સંગ સંસ્કાર વિભાગ

માનસીપૂજા

(૧) સારંગપુરના ત્રીજા વચનામૃતમાં શ્રીજીમહારાજે **સાચાભાવે, પ્રેમવિભોર** થઈ કરેલી માનસીપૂજાને પ્રત્યક્ષ પૂજાતુલ્ય કહી છે. માટે સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ આપણે દિવસ દરમ્યાન પાંચ માનસીપૂજા કરવી જોઈએ.

(૨) પાંચેય માનસીપૂજા સમયસર જ કરવી જોઈએ. જો સમયસર માનસીપૂજા ન કરીએ તો એ ન કર્યા બરાબર છે.

(૩) દિવસ દરમ્યાન પાંચ માનસીપૂજા આપણે આ સમય મુજબ કરવી જોઈએ :

પ્રથમ માનસીપૂજા : સવારે નિત્યપૂજા વખતે ☞ સમય : સવારે ૫ થી ૭ દરમ્યાન

બીજી માનસીપૂજા : બપોરે જમાડતાં પહેલાં ☞ સમય : સવારે ૧૦ થી ૧ દરમ્યાન

ત્રીજી માનસીપૂજા : સાંજે જાગ્યા પછી ☞ સમય : સાંજે ૩ થી ૪ દરમ્યાન

ચોથી માનસીપૂજા : સાંજે જમાડતાં પહેલાં ☞ સમય : સાંજે ૬ થી ૮ દરમ્યાન

પાંચમી માનસીપૂજા : રાત્રે સૂતાં પહેલાં ☞ સમય : રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન

(૪) માનસીપૂજા પ્રેમવિભોર થઈ ગદ્‌ગદભાવે કરવી જોઈએ. માનસીપૂજા દરમ્યાન સાથે પ્રાર્થના પણ કરવી જોઈએ.

(૫) માનસીપૂજા હંમેશાં એક સ્થાને બેસી તેમજ નેત્ર બંધ કરીને કરવી જોઈએ. માનસીપૂજા દરમ્યાન કશું જ બોલાય નહિ કે ત્રાંસી આંખે જોવાય પણ નહિ. અને ઈશારા કે વાતો પણ ન કરાય.



(૬) પાંચેય માનસીપૂજા દરરોજ કરવી જોઈએ. પાંચમાંથી ક્યારેક કોઈ માનસીપૂજા બાકી રહી જાય કે ભૂલી જવાય તો મહારાજની માફી માંગી લેવી જોઈએ.

(૭) માનસીપૂજા દરમ્યાન મહારાજની મૂર્તિ સિવાય કામકાજના વિચારો ન કરવા જોઈએ કે કોઈ પ્રવૃત્તિ ન કરવી જોઈએ.

(૮) ક્યારેક માનસીપૂજાના સમયે આપણે વાહન ચલાવતા હોઈએ તો આંખ ખુલ્લી રાખીને પણ માનસીપૂજા કરી લેવી જોઈએ. પંરતુ માનસીપૂજાનો નિયમ ન ચુકાવો જોઈએ.

(૯) પૂજ્ય સંતો અથવા સંચાલકસાહેબ અથવા માતાપિતા પાસેથી અથવા સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલી પુસ્તિકા કે વિડીયો દ્વારા પાંચેય માનસીપૂજા વ્યવસ્થિત શીખી લેવી જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) 'મહાભારત' શું છે?

( ) A ગ્રંથ ( ) B કવિતા ( ) C યુદ્ધ ( ) D નાટક

(૨) 'પાંડવો' એટલે શું?

( ) A પાંડુના પુત્રો ( ) B ધૃતરાષ્ટ્રના પુત્રો

( ) C કર્ણના પુત્રો ( ) D શ્રીકૃષ્ણના પુત્રો

(૩) ધૃતરાષ્ટ્ર રાજાને કેટલા પુત્રો હતા?

( ) A પાંચ (૫) ( ) B એકસો પાંચ (૧૦૫)

( ) C હજાર (૧૦૦૦) ( ) D સો (૧૦૦)

(૪) દુર્યોધન અને દુ:શાસન કોણ હતા?

( ) A પાંડવો ( ) B કૌરવો ( ) C યાદવો ( ) D મિત્ર

(૫) પાંડવોના પક્ષમાં યુદ્ધમાં કોણ હતું?

( ) A ભીષ્મ ( ) B કૃષ્ણ ( ) C બલરામ ( ) D કર્ણ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) મહાભારતના યુદ્ધમાં કોની જીત થઈ?

.....

(૨) ધૃતરાષ્ટ્ર અંધ શા માટે થયા હતા?

.....

(૩) ધૃતરાષ્ટ્રના ૧૦૦ પુત્રો પૂર્વજન્મમાં કોણ હતા?

.....

(૪) ધૃતરાષ્ટ્ર પૂર્વજન્મમાં કોણ હતા?

.....

(૫) કર્મ કેટલા પ્રકારના છે? કયા કયા?

.....

પ્રશ્ન-૩ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) સંચિત કર્મ	(૧) અંદર રહેલા દાણા
(૨) ક્રિયમાણ કર્મ	(૨) ઉપરથી નાખવામાં આવતા દાણા
(૩) પ્રારબ્ધ કર્મ	(૩) સાણામાંથી નીકળતા દાણા

પ્રશ્ન-૪ નીચે જણાવેલ માનસીપૂજા સાથે તેનો સમય જણાવો.

(૧) પ્રથમ માનસીપૂજા ☞ .....

(૨) બીજી માનસીપૂજા ☞ .....

(૩) ત્રીજી માનસીપૂજા ☞ .....

(૪) ચોથી માનસીપૂજા ☞ .....

(૫) પાંચમી માનસીપૂજા ☞ .....

પ્રશ્ન-૫ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) છે તે જણાવો.

(૧) કર્મની ગતિ ન્યારી છે.

(૨) જેવું વાવીએ તેવું લણીએ અને જેવું કરીએ તેવું પામીએ.

(૩) કર્મનું ફળ આપનાર ભગવાન છે.


(૪) મોટા સત્પુરુષ પ્રારબ્ધ કર્મ બદલી શકે છે.

(૫) માણસે હંમેશા સારા કર્મો કરવા જોઈએ.

સભા-૧૫ : બીજાના ભલા માટે જીવન

એક **કોળી જાતિનો મુકેશ** નામનો યુવાન જેને **'બોન ટીબી'** ઘર કરી ગયો હતો. **લોયાધામ (ગુજરાત)**માં વસનાર આ છોકરો રોગના કારણે અતિ પીડાતો હતો. તેના માતા-પિતાએ સર્વે **દાગીના** તેમજ **મૂડી-મિલ્કત** વેચી નાખી છતાંય, તે છોકરાની સારવાર ન થઈ. સારી-સારી હોસ્પિટલમાં છોકરાને લઈ ગયાં છતાં તે 'બોન ટીબી'નો અંત ન આવ્યો. દિન પ્રતિદિન બીમારી વધતી ગઈ ને તે છોકરો ખાવા-પીવા પણ સમર્થ ન રહ્યો, પથારીમાંજ પડ્યો રહે. તેમના માતા-પિતા મૂંઝાવા લાગ્યાં. ઈ.સ.૨૦૦૨ પૂજ્ય ગુરૂજી લોયાધામની ધરતી પર જ્યાં હાલ **શ્રી ઘનશ્યામ મહારાજ** બિરાજે છે, ત્યાં મંદિરના **જીર્ણોદ્ધારનું** કામ કરાવી રહ્યા હતા. મંદિરની આજુબાજુમાં **કોળીના** ઘર હતા. અચાનક જ કોઈના ઘરમાંથી અણધાર્યો **રોકકળ** થવાનો અવાજ આવ્યો.

પૂજ્ય ગુરુજીએ સાથે રહેલા **દરબારોને** પૂછ્યુ: **આ શું થાય છે? શેનો અવાજ આવે છે?** ત્યારે પાસે ઊભેલા દરબારોએ કહ્યું: ગુરુજી ! અહીં કોળીનો **એક છોકરો 'બોન ટીબી'થી પીડાઈ** રહ્યો છે. તે પથારીવશ છે અને **મૃત્યુની સમીપમાં** છે. ગુરુજી તુરંત જ તે કોળીના **ઘરે** ગયા. ઘરમાં પધરામણી કરીને **આરતી** ઉતારી થોડી **ભગવાનની વાતો** કરી. ત્યારબાદ ગુરુજીએ સાંત્વના આપતા કહ્યું, **તમે ચિંતા ન કરશો, હવેથી આ છોકરો સાજો કરવાની જવાબદારી અમારે માથે લઈએ છીએ.** આ છોકરાને **વડોદરા** લઈ જઈશું ને સારી સારવાર કરી આપશું.'



ગુરુજીએ વડોદરાના **ડો.ભીખુભાઈને** ફોન કર્યો ને કહ્યું : ડોક્ટર સાહેબ! હું હમણા એક છોકરાને લઈને આવુ છું તમે ત્યાં જ રહેજો. ગુરુજી અને સંતો તે છોકરાને લઈને **વડોદરા હોસ્પિટલમાં** પહોંચ્યા. ગુરુજી ડો.ભીખુભાઈને મળ્યા ને છોકરા વિષેની માહિતી આપીને કહ્યું: આ છોકરાને હોસ્પિટલમાં સારામાં સારી **ટ્રીટમેન્ટ** આપો, ખર્ચાની ચિંતા ન કરશો. ડો.ભીખુભાઈ કહે: ગુરુજી આ છોકરાને **'બોન ટીબી'** છે. આની બચવાની કોઈ શકયતા જ નથી.

ગુરુજીએ કહ્યું : "સાહેબ! **તમે મહેનત કરો, હું મહારાજને પ્રાર્થના કરું છું કે આ છોકરાને કઈ નહિ થાય.** છોકરાને એડમીટ કરી ગુરુજી અને **સંતો કંડારી ગુરૂકુળ** આવ્યા. ત્યારબાદ વખતોવખત ગુરુજી દવાખાને જતાં ને છોકરાની સાર સંભાળ લેતાં.

થોડા જ દિવસમાં ડો.ભીખુભાઈએ ગુરુજીને સામાચાર આપ્યા કે : "ગુરુજી ! કાંઈ ચિંતા કરવા જેવું નથી, તમારી **પ્રાર્થના** મહારાજે સાંભળી લીધી - છોકરો **ખતરાથી બહાર છે**.

આ છોકરાને **૧૦ મહિના** સુધી હોસ્પિટલમાં રાખી તેની તમામ સારવાર ગુરુજીએ કરાવી. લોયાધામ સંસ્થા દ્વારા **પાંચ લાખ** રૂપિયા છોકરાની સારવાર માટે વાપર્યા. છોકરો **સ્વસ્થ** થતા બીજા **બે મહિના કંડારી ગુરૂકુળમાં** રાખી તેની **સાર સંભાળ** લીધી. **એક વર્ષના** અંતે જ્યારે તેના **મા-બાપે** પોતાના છોકરાને **એકદમ સ્વસ્થ** જોયો ત્યારે તેમની આંખમાંથી સુખના **આસું** સરી પડ્યા અને તેઓ બોલી ઊઠયા : **"કેવા દયાળુ છે આ ગુરુજી !**

આમ, પૂજ્ય ગુરુજીએ તે છોકરાનું ભાગ્ય મોતના મુખમાંથી બહાર ખેંચી લીધુ. આવા તો કેટલાય દુ:ખીયા, **ગરીબોની ગુરૂજીએ સેવા કરી છે.** કેટલાય બાળકોને **ફિ ઓફ ચાર્જ** ભણાવ્યા છે. કેટલાય દુ:ખીયારાઓને અન્ન-ધન-વસ્ત્ર આપી સુખી કર્યા છે. સાચા સંત માટે પશુ પંખી, નાના-મોટા, ગરીબ-તવંગર, ઊંચ-નીચના **કોઈ ભેદ** હોતા નથી. **તેઓ સૌને પ્રેમ આપે છે. સૌ પર દયા-કરૂણા વરસાવે છે. સૌની સંભાળ રાખે છે.**

આપણા પુજ્ય ગુરૂજીનો સ્વભાવ અતિ દયાળુ છે. તેમનું સમગ્ર જીવન બીજાના ભલા માટે છે. તેઓ હંમેશા **બીજાના સારા** માટે **પ્રાર્થના** અને **પ્રયત્ન** કરતા જ રહે છે. તેમનુ સમગ્ર જીવન પરોપકાર માટે છે. આપણા ગુરૂજી માટે સમગ્ર જગત એક કુંટુંબ છે, તેમની માટે **પારકું-પરાયું** કોઈ નથી.

હા બાળમિત્રો ! પૂજ્ય ગુરૂજીની આ દયા-કરૂણા-પ્રેમને પરોપકારની ભાવના જીવ-પ્રાણી માત્ર તરફ વહે છે. તેના પરિણામે જ આજે લોયાધામ પરિવારની તમામ શાખાઓમાં નાની-મોટી અનેક પ્રકારની આધ્યાત્મિક અને સામાજિક સેવા પ્રવૃત્તિઓ ચાલે છે.

બાળ મિત્રો! આપણે પણ પૂજ્ય ગુરૂજી જેવો પરોપકારનો સ્વભાવ કેળવવો. જે રીતે થઈ શકે તે રીતે અન્યને મદદરૂપ થવું. કેવળ પોતા માટે નહિ બીજાના માટે પણ જીવવું. સાહિત્યકારો કહે છે...

અપને દુ:ખમે રોને વાલે, તું મુસ્કુરાના શીખલે,
દુસરો કે દર્દ મે આસું બહાના શીખલે.
જો ખિલાનેમે મજા હૈ વો આપ ખાનેમે નહિ,
જીંદગીમે મે તું કિસીકો કામ આના શીખલે.

સત્સંગ સંસ્કાર વિભાગ

નિત્યપૂજા (વ્યક્તિગત પૂજા)



(૧) નિત્યપૂજા એ આપણી અને સ્વામિનારાયણ ભગવાનની તથા તેમના મુક્તો સાથેની અંગત ગોષ્ઠિનો સમય છે.

(૨) સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી નિષ્ઠા અને પતિવ્રતાની ભક્તિના પ્રતીકરૂપે પૂજામાં સ્વામિનારાયણ ભગવાન, તેમના મુક્તોની મૂર્તિઓ રાખવી જોઈએ. એ સિવાય અન્ય કોઈ મૂર્તિ ન રાખવી જોઈએ.

(૩) શૌચ-સ્નાનાદિક ક્રિયા પૂર્ણ કર્યા પછી દરરોજ નિયમિત આપણે આપણી નિત્યપૂજા (વ્યક્તિગત પૂજા) કરવી જોઈએ.

(૪) સ્નાન કરી પવિત્ર થયા બાદ પૂજા કરવાનાં વસ્ત્રોમાં શ્વેત ધોતી અને ઉપરણી પહેરીને જ નિત્યપૂજા કરવી. પૂજાનાં વસ્ત્ર અન્ય વસ્ત્રો કરતાં જુદાં રાખવાં જેથી પવિત્રતા જળવાય છે.

(૫) પૂજામાં રહેલી મૂર્તિઓ એ ફોટા નથી. એ મૂર્તિઓને વિશે સંપૂર્ણ પ્રગટભાવ કેળવવો કે મહારાજ, ને મુક્તો સાક્ષાત્ બેઠાં છે. એવા પ્રગટભાવ સાથે એકાગ્રતાથી ઓછામાં ઓછી વીસ મિનિટ પૂજા કરવી જોઈએ. જરૂર પડે તો બીજી ક્રિયાઓમાં ઉતાવળ કરવી પરંતુ પૂજા ઉતાવળથી જેમતેમ પતાવી ન દેવી.

(૬) અશુદ્ધ જગ્યાએ પૂજા કરવા ન બેસવું. શક્ય હોય તો ઘરમંદિર જે રૂમમાં હોય ત્યાં અથવા શુદ્ધ ને સ્વચ્છ જગ્યાએ બેસવું.

(૭) પૂજા કરતાં કરતાં મહારાજ સિવાય બીજા વિચારો ન કરવા તથા ડાફોળિયાં ન મારવા. પૂજા કરતાં કરતાં આળસ ન મરોડવી તથા ઝોકાં કે બગાસાં ન ખાવાં જોઈએ, ફોન પર કોઈ પ્રકારે વાતચીત પણ ન કરવી કે અન્ય કોઈ બીજી ક્રિયા ન કરવી જોઈએ.

(૮) પૂજા પૂર્ણ થયા પછી ઘરમંદિર આગળ પાંચ દંડવત્ કરવા જોઈએ તથા અન્ય સભ્યો પૂજા કરતા હોય તો તેમની પૂજાનાં નીચે બેસી ભાવથી દર્શન કરવાં જોઈએ.

(૯) પૂજા પૂર્ણ થયા પછી માતાપિતા, વડીલો તથા ઘરના સભ્યોને ચરણસ્પર્શ કરી "જય સ્વામિનારાયણ" કહેવાં જોઈએ.


(૧૦) પૂજા કર્યા સિવાય પાણી પણ ન પિવાય તથા જમાય પણ નહિ. એ જ રીતે પૂજાની પ્રસાદી પણ પૂજા પૂર્ણ થયા બાદ જ જમાય.

(૧૧) બહારગામ જવાનું થાય તો પણ આપણી વ્યક્તિગત પૂજા તો અવશ્ય જોડે લઈ જઈએ અને પૂજા કર્યા પછી જ અનાજ-પાણી લેવાય.

(૧૨) પૂજા એક વાર લીધા પછી પૂજા કરવાનું ક્યારેય બંધ ન કરાય.

(૧૩) પૂજામાં તિલક-ચાંદલો અવશ્ય કરવો જોઈએ. માત્ર ચાંદલો ન કરતાં તિલકને ચાંદલો બંને ફરજિયાત કરવાં જોઈએ. તિલક-ચાંદલો એ આપણું ભક્ત તરીકેનું પ્રતીક છે; માટે તેને આખો દિવસ કપાળમાં રાખવો. ભૂંસાઈ જાય તો ફરી બંને કરી લેવાં જોઈએ.

(૧૪) માળા ગૌમુખીમાં રાખીને કરવી જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) શ્રીજી મહારાજનો સ્વભાવ કેવો છે?

( )A પરદુઃખહારી ( )B અતિ દયાળુ ( )C સુંદર ( )D A અને B

(૨) આપણા ગુરૂજીનો સ્વભાવ કેવો છે?

( )A અતિ દયાળુ ( )B C અને D ( )C સાધુતા ( )D પરોપકારી

(૩) કોની માટે સમગ્ર જગત એક કુટુંબ છે?

( )A આપણા ગુરૂજી ( )B મુકેશ ( )C ગરીબ ( )D દરબારો

(૪) કોને 'બોન ટીબી' નામનો રોગ થયો હતો?

( )A મહેશ ( )B ભીખુભાઈ ( )C મુકેશ ( )D દરબારો

(૫) મુકેશ કયા ગામનો હતો?

( )A સારંગપુર ધામ ( )B લોયાધામ ( )C લોજધામ ( )D ગઢપુરધામ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) 'બોનટીબી' થયેલ છોકરાનું નામ અને ગામ જણાવો.

---

(૨) મુકેશને સ્વસ્થ કરવા માતા-પિતાએ શું કર્યું ?

---

(૩) પૂજ્ય ગુરૂજી કયા વર્ષે લોયાધામમાં મંદિર જીર્ણોદ્ધારનું કામ કરાવી રહ્યા હતા?

---

(૪) રોકકળનો (રડવાનો) અવાજ સાંભળી ગુરૂજીએ કોને પૂછ્યું કે આ શું થાય છે?

---

(૫) 'બીજાના ભલા માટે જીવન' આ પાઠ શું શીખવવા માંગે છે?

પ્રશ્ન-૩ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) પટેલના છોકરાને 'બોન ટીબી' થયો હતો. ☐

(૨) ગુરૂજી છોકરાને અમદાવાદ લઈ ગયા. ☐

(૩) હોસ્પિટલના ડોક્ટરનું નામ ભીખુભાઈ નહોતું. ☐

(૪) સાચા સંત માટે ઊંચ-નીચ , ગરીબ , તવંગર , પશુ-પંખી જેવો કોઈ ભેદભાવ હોતો નથી. ☐

(૫) કેવળ પોતા માટે નહિ બીજા માટે પણ જીવવું. ☐

સભા-૧૬ : મોક્ષની વિદ્યા

સંસ્કૃતમાં કહેવાયુ છે કે "सा विद्या या विमुक्तये" શ્રીજી મહારાજને મતે પણ **મોક્ષને અર્થે જે વિદ્યા કામ આવી, તે જ સાચી વિદ્યા છે.** શ્રીજી મહારાજે સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી, પરંતુ પંડિતાઈ કરતાં પણ વધુ મહત્ત્વ તેઓ **સાધુતા, શુદ્ધ વર્તન અને ભક્તિ-સત્સંગને જ આપતા.**

મહારાજે એક વખત **ગુણાતીતાનંદ સ્વામીને બુરાનપુર** સત્સંગ કરાવવા જવા માટે આજ્ઞા કરી. ત્યારે કોઈકે કહ્યું : 'મહારાજ ! બુરાનપુર તો **પરદેશ** કહેવાય. ત્યાં **ભણેલા** સંતનું કામ. આ સાધુ તો ભણેલા નથી. કથાવાર્તા કરતાં પ્રશ્નોત્તર થશે તો મૂંઝાઈ જશે.'

ત્યારે મહારાજે કહ્યું : 'ભલે એ સાધુ ભણેલા ન હોય. તેમનું **વર્તન શુદ્ધ** છે. તેઓ સ્ત્રી અને ધનથી લોભાઈ જાય તેમ નથી. માટે તેમનું વર્તન વાતું કરશે.'

બીજા એક સંત હતા. તેમનું નામ **નૃસિંહાનંદ સ્વામી.** સવારે ઊઠીને મહારાજ આગળ દીવો બળતો હોય તેને અજવાળે શ્રીમદ્ ભાગવત્ વાંચવા બેસતા. વાંચતી વખતે પાનું એમ ને એમ હાથમાં રહી જતું. તેમની વૃત્તિ મહારાજની મૂર્તિમાં સ્થિર થઈ જતી. તેથી મહારાજ કેટલીક વાર તેમને ઠપકો આપતા. એવી જ રીતે એક દિવસ વહેલી સવારે નૃસિંહાનંદ સ્વામીની વૃત્તિ મહારાજમાં સ્થિર થઈ ગઈ. **સગડીની ઝાળ** લાગી અને હાથમાં રાખેલું **ભાગવતનું પાનું** બળી ગયું. મહારાજે તેમની ચકાસણી કરતાં **'ફેલી થઈ ગયા છો?'** એમ કહી ઠપકો આપ્યો.

નૃસિંહાનંદ સ્વામી રોઈ પડ્યા. તેમણે કહ્યું : **'મહારાજ !' હું ફેલ નથી કરતો, પણ આપની મૂર્તિ સામું જોઉં છું ને વૃત્તિ સ્થિર થઈ જાય છે.'** આ ઉત્તરથી મહારાજ ઘણા રાજી થયા. મહારાજે કહ્યું : **'હવે તમે ભણવું રહેવા દો. તમે બધું ભણી ચૂક્યા. ભણી-ગણીને પણ જે સિદ્ધ કરવાનું છે તે તમે કરી શક્યા છો.'**

વિદ્યા ગમે તેટલી સંપાદન કરી હોય, પણ તે મોક્ષના કામમાં આવવી જોઈએ-એવો મહારાજનો દૃઢ આગ્રહ.



એકવાર શ્રીજીમહારાજ સંતો-ભક્તોની સભામાં બિરાજમાન હતા.

મહારાજે **દીનાનાથ ભટ્ટને** પૂછ્યું: 'તમને કેટલા શ્લોક મોઢે આવડે છે?'

દીનાનાથ ભટ્ટ કહે : 'મહારાજ! ઘણા શાસ્ત્રો ભણ્યો છું. **આખું ભાગવત મોઢે છે**, રોજ ભાગવતના **અઢાર હજાર શ્લોક** મોઢે બોલી જાઉ છું.'

'અહોહો ! આટલું બધું? પણ ભટ્ટજી ! આખા ભાગવતમાંથી **તમારા મોક્ષનો એક શ્લોક** તમે નક્કી કરી રાખ્યો છે? મહારાજે પૂછ્યું.

'ના મહારાજ ! એનો તો મેં વિચાર નથી કર્યો.' ભટ્ટજી બોલ્યા. મહારાજે ફરી પૂછ્યું : 'ક્યો શ્લોક **જીવને મોક્ષનું દ્વાર** બતાવે છે?' દીનાનાથ ભટ્ટ વિચારમાં પડી ગયા. તેમને કપાળે પરસેવો છૂટ્યો. પાઘડી ઉતારી માથું ખંજવાળવા લાગ્યા. મહારાજ તેમની મૂંઝવણ સમજી ગયા. મહારાજે ભાગવતનો સ્કંધ કહ્યો, પણ ભટ્ટજીને કંઈ સૂઝયું નહિ પછી મહારાજે અધ્યાય કહ્યો તો પણ ભટ્ટને કંઈ સૂંઝયું નહિ.



છેવટે મહારાજે શ્લોક કહ્યો :

'प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।'

स एव साधुषु कृतो मोक्षद्वारमपावृत्तम् ॥' (श्रीमद् ભાગવત - ૩/૨૫/૨૦)

(**અર્થ :** જેવો આ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.)

આમ, મહારાજે કેવળ વિદ્વતા નહિ પરંતુ સાધુતા, સદ્વર્તન, ભક્તિ, સત્સંગ અને મોક્ષપ્રાપ્તિના ઉપાય પર વિશેષ ભાર મૂક્યો છે. શ્રીજી મહારાજના મતે મોક્ષના કામમાં આવે એ જ સાચું જ્ઞાન છે અને એજ બુદ્ધિશાળી છે.

સત્સંગ સંસ્કાર વિભાગ

પ્રાર્થના

(૧) દિવસ દરમ્યાન ઓછામાં ઓછી એક પ્રાર્થના દરરોજ ઉચ્ચ સ્વરે બોલીને કરવાનો નિયમ તો આપણે હોવો જ જોઈએ.

(૨) પ્રાર્થના એ પ્રભુ પાસે આપણી ભૂલોની કે આપણા દોષોની માફી માંગવવાનો સમય છે. એમની કૃપા કે રાજીપો માંગવાનો સમય છે. માટે પ્રાર્થના માત્ર કરવા ખાતર ન કરતાં સાચાભાવે એકાગ્રતાથી ગદ્‌ગદ્ બની કરવી જોઈએ.

(૩) જ્યારે જ્યારે પ્રાર્થના બોલાતી હોય ત્યારે પ્રાર્થનાની અદબમાં આવી જવું જોઈએ. જેમ રાષ્ટ્રગીત ગવાતું હોય તો આપણે તુરત સીધા ટટ્ટાર ઊભા રહી જઈએ છીએ તેમ પ્રાર્થના બોલાતી હોય ત્યારે નેત્ર બંધ કરી હાથ જોડી ટટ્ટાર બેસવું જોઈએ.



(૪) પ્રાર્થના દરમ્યાન ત્રાંસી આંખે ન જોવાય તેમ એકબીજાને અડપલાં ન કરાય તેમજ વાતો પણ ન કરાય.

(૫) પ્રાર્થના દરમ્યાન આપણાથી ઘોંઘાટ કે બૂમાબુમ ન કરાય. તો તોફાન-મસ્તી, દોડાદોડ તો કરાય જ ક્યાંથી!


(૬) પ્રાર્થના વખતે કશું જ જમવું ન જોઈએ. મુખવાસ, સોપારી કે લવિંગ જેવી વસ્તુ પણ પ્રાર્થના વખતે ન લેવી જોઈએ.

(૭) પ્રાર્થના હંમેશા બેઠાં બેઠાં કે ઊભા ઊભા કરવી જોઈએ.

(૮) પ્રાર્થના રાગ-ઢાળ મુજબ ગાવી જોઈએ. આપણને જો રાગ-ઢાળ ન આવડતો હોય તો જે મુક્તોને આવડતો હોય તેમની પાસેથી શીખવો જોઈએ.

(૯) ઓછામાં ઓછી બે પ્રાર્થના તો આપણને મુખપાઠ હોવી જ જોઈએ.

(૧૦) આપણા માથે ગમે તેવું મોટું વિઘ્ન આવી ગયું હોય કે મુશ્કેલી આવી ગઈ હોય કે હતાશા-નિરાશા વ્યાપી ગઈ હોય તો પ્રાર્થના એક એવી દવા છે કે જે આ બધામાંથી આપણને બચાવી લે છે. માટે એવા સમયે તો વિશેષ પ્રાર્થના કરવી. અને જો રોજ પ્રાર્થના કરીએ તો કોઈ દિવસ વિઘ્ન આવે જ નહિ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) સાચી વિદ્યા કોને કહેવાય છે?

---

(૨) શ્રીજી મહારાજે પંડિતાઈ કરતાં કોને વધુ મહત્ત્વ આપ્યું છે ?

---

(૩) ભણી-ગણીને પણ અંતે શું સિદ્ધ કરવાનું છે?

---

(૪) શ્રીજી મહારાજ બુદ્ધિશાળી કોને કહે છે?

---

(૫) જીવને મોક્ષનું દ્વાર શું છે?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) તેમનું વર્તન વાતો કરશે - આવુ શ્રીજી મહારાજે કોના માટે કહ્યું?

( ) A ગોતીતાનંદ સ્વામી ( ) B નૃસિહાનંદ સ્વામી

( ) C ત્રિગુણાત્માનંદ સ્વામી ( ) D ગુણાતીતાનંદ સ્વામી

(૨) શ્રીજી મહારાજ આગળ શ્રીમદ્ ભાગવત્ વાંચવા કોણ બેસતું?

( ) A દિનાનાથ ભટ્ટ ( ) B ગુણાતીતાનંદ સ્વામી

( ) C નૃસિહાનંદ સ્વામી ( ) D જ્ઞાનાનંદ સ્વામી

(૩) આખુ 'ભાગવત્' કોને મોઢે હતું?

( ) A મયારામ ભટ્ટ ( ) B નૃસિહાનંદ સ્વામી

( ) C દિનાનાથ ભટ્ટ ( ) D ગુણાતીતાનંદ સ્વામી

(૪) શ્રીમદ્ ભાગવત્માં કેટલા શ્લોક છે?

( ) A ૧૮,૦૦૦ ( ) B ૮,૦૦૦

( ) C ૧૨,૦૦૦ ( ) D ૨૧,૦૦૦

(૫) 'જીવને મોક્ષનું દ્વાર' બતાવતો શ્લોક કયા ગ્રંથમાં છે?

( ) A રામાયણ ( ) B ભાગવત્

( ) C મહાભારત ( ) D શિક્ષાપત્રી

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) મહારાજ બુરાનપુર તો પરદેશ કહેવાય. ☞ .....

(૨) ફેલી થઈ ગયા છો? ☞ .....


(૩) હવે તમે ભણવાનું રહેવા દો ☞ .....

(૪) મહારાજ ! હું ઘણા શાસ્ત્રો ભણ્યો છું. ☞ .....

(૫) મહારાજ ! હું ફેલ નથી કરતો. ☞ .....

સભા-૧૭ : સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલિન **૫૦૦ પરમહંસોમાં** તેમજ સદ્‌ગુરૂશ્રી **રામાનંદ સ્વામીના** શિષ્યોમાં પણ જેમનું હંમેશા **પ્રથમ સ્થાન** રહ્યું છે એવા **સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામીનો** જન્મ અમરેલી જિલ્લાના અમરાપુર ગામમાં સંવત્ ૧૮૧૪ના પોષસુદી સાતમે થયો હતો. તેમના **પિતાનું નામ આનંદરામ** અને **માતાનુ નામ રાધાબાઈ** હતું. બાળપણમાં જ બાળકની કાંતિ જોઈને તે મહાન સંત બનશે એમ સૌ કોઈ કહેતા. તેમનું નામ **મુકુંદદાસ** રાખ્યું હતું. બાળપણથી **વૈરાગ્યશીલ** સ્વભાવ જોઈએ માતાપિતાને ચિંતા થવા લાગી કે કદાચ છોકરો ખોઈ બેસશું. તેને ઘેર રાખવાના છેલ્લા ઉપાયે જલ્દી લગ્ન કરાવી દીધા. મા-બાપને એમ હતું કે **લગ્ન** થયા પછી વૈરાગ્ય ઉતરી જશે પણ બન્યું ઊલટું, મુકુંદદાસની **બ્રહ્મચર્ય** પાળવાની તીવ્રતા વધતી ગઈ. તેઓ જાણીબુઝીને **ગાંડા** બની ગયા. ગામના છોકરાઓને રડાવવા લાગ્યા. કોઈના વાછરડાને છોડીને ગાયને ધવરાવી દે. અને બજારમાં દોડતાં દોડતાં બોલે કે **'રામ ઘટાઘટ મહુડી ફુલી'** આમ બૂમો પાડ્યા કરે. અંતે ગામના માણસોની ફરિયાદો સાંભળીને મા-બાપ તથા સંબંધીઓએ કંટાળીને ઘર છોડવાની રજા આપી. રજા મળવાથી મુકુંદદાસ રાજી થઈને ઘરેથી નીકળી પડ્યા.





સાચા ગુરુની શોધમાં ફરતાં-ફરતાં ધ્રાંગધાના **દ્વારકાદાસ**, વાંકાનેરના વૃદ્ધ વિદ્વાન **કલ્યાણદાસજી**, સરધારના **તુલસીદાસ** પાસે ગયા. ત્યાં **રામાનંદ સ્વામીનો** મેળાપ થવાથી તુલસીદાસને યુક્તિ કરીને છોડી દીધા. સંવત્ ૧૮૪૨ની **વસંતપંચમી** ના શુભ દિને રામાનંદ સ્વામી પાસે **ભાગવતી દીક્ષા** લઈ સ્વામીના **પટ્ટશિષ્ય** થઈને રહ્યાં. **નીલકંઠવર્ણીરૂપે** શ્રીજીમહારાજ જ્યારે **લોજ** પધાર્યા ત્યારે મુક્તાનંદ સ્વામીનો **પ્રથમ મેળાપ** થયો. તે પોતે **વયોવૃદ્ધ** તેમજ **જૂના શિષ્ય** હોવાં છતાં **નવા** આવેલા **નીલકંઠવર્ણીની** આજ્ઞા પ્રમાણે કામકાજ કરવા લાગ્યા. જ્યારે રામાનંદ સ્વામી ભૂજથી પીપલાણા આવ્યા ત્યારે નીલકંઠવર્ણી અને મુક્તાનંદ સ્વામી મળવા ગયા. રામાનંદ સ્વામીને મળવા આવેલા **નીલકંઠવર્ણીને દીક્ષા** આપી ગાદીએ બેસાડ્યા. પોતે જૂના શિષ્ય હોવા છતાં નીલકંઠવર્ણીને **ગાદી** આપવામાં કોઈ પણ જાતનો વિરોધ ન કરતા; જીવનભર નીલકંઠવર્ણીની આજ્ઞામાં રહ્યા, મુક્તાનંદ સ્વામીનો સ્વભાવ એટલો બધો **શાંત** અને **ગંભીર** હતો કે ગમે તેવા ક્રોધીને પણ તુરંત શાંત કરી **દેતાં.** એટલે તો તેમને **'સત્સંગની માં'નું** બિરુદ આપેલું. શ્રીહરિ પણ તેમને **ગુરુ** માનતા.

મુક્તાનંદ સ્વામીની ભાષા **અતિ મધુર, સ્પષ્ટ** અને **અર્થપૂર્ણ** હતી. ગમે તેવા કઠિન વિષયો પણ સરળતાથી સમજાવતા. વડોદરાના પ્રખર વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરી સ્વામિનારાયણ સંપ્રદાય **વૈદિક** છે તેમ સાબિત કરી **ગાયકવાડ મહારાજ શ્રી સયાજીરાવની** પાસેથી **શિરપાવ** મેળવ્યો હતો. એવા વિદ્વાન હોવા છતાં પોતે તદ્દન નિર્માનીપણે રહેતાં. શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા **ત્યાર બાદ દોઢ મહિના** પછી સંવત ૧૮૮૬નાં અષાઢ વદ-૧૧ના રોજ ગઢડા મુકામે સ્વેચ્છાથી દેહ ત્યાગ કરી

પ્રભુધામમાં પધાર્યા. આવા સ્થિતપ્રજ્ઞ સંતને હજારો હજાર વંદન હજો.

વ્હાલા બાળ મુક્તો! આપણે બધા આ મુક્તાનંદ સ્વામીની પરંપરાના સંતાનો છીએ. આપણી ગુરૂપરંપરા એટલે મુક્તાનંદીય ગુરૂપરંપરા.



સત્સંગ સંસ્કાર વિભાગ

વાંચન તથા શ્રવણ

(૧) દરરોજ ઓછામાં ઓછું એક વચનામૃત અને સ્વામીશ્રીની એક વાત એકાગ્રતાથી વાંચવી જોઈએ.

(૨) વચનામૃત અને શિક્ષાપત્રી મુખ્ય શાસ્ત્રો છે. તેને સામાન્ય પુસ્તકોની જેમ ગમે ત્યાં ન મૂકવા. તેની સંપૂર્ણ મર્યાદા જાળવવી જોઈએ. વાંચતી વખતે પણ તેને જમીન ઉપર (નીચે) ન મૂકવાં જોઈએ.

(૩) ગ્રંથનું વાંચન શરૂ કરતાં પહેલાં અને વાંચન પૂર્ણ થયા બાદ તેને આદરપૂર્વક પ્રણામ કરવા જોઈએ.

(૪) ગ્રંથના વાંચન દરમ્યાન પાનાં ફેરવવા માટે થૂંકવાળી આંગળી કરીને પાનાં ન ફેરવવાં જોઈએ.

(૫) કોઈ કાગળ લખવા કે અન્ય કંઈ પણ કામકાજ માટે ગ્રંથોનો ઉપયોગ ટેકા તરીકે ન કરવો જોઈએ.

(૬) ગ્રંથનું વાંચન કે શ્રવણ કરતા હોઈએ ત્યારે એકાગ્રતા રાખવી. એવા સમયે બિનજરૂરી વાતો ન કરવી જોઈએ તથા કંઈ ખાવું-પીવું ન જોઈએ.




(૭) વચનામૃતનું વાંચન-શ્રવણ કરતી વખતે એવો વિચાર કરવો કે સ્વયં મહારાજ મને એકલાને, મારા માટે વાત કરી રહ્યા છે. એ જ રીતે સ્વામીશ્રીની વાતોનું વાંચન-શ્રવણ કરીએ એ દરમ્યાન એવો વિચાર કરવો કે સ્વામીશ્રી મારા માટે જ વાત કરી રહ્યા છે.

(૮) ગ્રંથને ભૂલથી પગ અડી જાય કે હાથમાંથી પડી જાય તો ગ્રંથને હાથમાં લઈ નેત્રનો સ્પર્શ કરી પ્રણામ કરી માફી માંગવી જોઈએ.

(૯) વચનામૃત, સ્વામીશ્રીની વાતો અને આ સિવાય સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ અન્ય ગ્રંથો, પુસ્તકોના વાંચનનો તો લાભ લેવો જ જોઈએ. એ જ રીતે મહાન વ્યક્તિઓ જેવા કે 'સરદાર પટેલ, સ્વામી વિવેકાનંદ' વગેરેનાં જીવનચરિત્ર તથા પ્રેરણાદાથી પુસ્તકોનું વાંચન પણ કરી શકાય.

(૧૦) આપણે હંમેશા સારા, સાત્વિક અને સંસ્કાર આપે તેવાં પુસ્તકોનું જ વાંચન કરવું જોઈએ. ગંદા સામયિક કે ન્યુઝપેપરનું વાંચન ન કરવું જોઈએ.

(૧૧) ગંદા ચિત્રોવાળા પોસ્ટરો તથા ફિલ્મી મેગેઝિન્સ કે છાપાની બીભત્સ પૂર્તિઓ પણ આપણાથી ન વંચાય કે ન જોવાય. એ જ રીતે ફિલ્મોનાં ગીતો કે ગંદી વાતો પણ આપણાથી સંભળાય નહિ.



(૧૨) આપણી સંસ્થા દ્વારા દર મહિને પ્રકાશિત થતા મેગેઝિનનું આપણે ફરજિયાત વાંચન કરવું જોઈએ. એ જ રીતે પ્રકાશન થતી કેસેટોનું દર્શન તેમજ શ્રવણ કરવું જોઈએ.

(૧૩) જનરલ નોલેજનાં પુસ્તકો વાંચવાથી આપણા જ્ઞાનમાં વધારો થાય છે. તે આપણને અભ્યાસમાં તથા અભ્યાસલક્ષી વિવિધ પ્રવેશપરીક્ષા માટે પણ ખૂબ ઉપયોગી થાય છે.

(૧૪) જે કાંઈ વાંચન કે શ્રવણ કરીએ તેનું ફરીથી મનન કરવાની ટેવ અચૂક પાડવી જોઈએ.

(૧૫) બાળકોએ ઈન્ટરનેટનો બિનજરૂરી ઉપયોગ ન કરવો જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) મુક્તાનંદ સ્વામીનો જન્મ ક્યા ગામમાં થયો હતો?

( ) A અમરાપુર ( ) B અમરેલી ( ) C લોજ

(૨) મુક્તાનંદ સ્વામીના ગુરૂનું નામ શું હતું?

( ) A રામાનંદ સ્વામી ( ) B રામદાસ સ્વામી ( ) C રામાનુજાચાર્યજી

(૩) સંપ્રદાયની સૌ પ્રથમ આરતી કોણે રચી ?

( ) A પ્રેમાનંદ સ્વામી ( ) B મુક્તાનંદ સ્વામી ( ) C બ્રહ્માનંદ સ્વામી

(૪) પાંચસો પરમહંસોમાં મુખ્ય નામ કોનું છે?

( ) A મુક્તાનંદ સ્વામી ( ) B ગોપાળાનંદ સ્વામી ( ) C નિત્યાનંદ સ્વામી

(૫) મુક્તાનંદ સ્વામીએ ભાગવતી દીક્ષા કયારે લીધી?

( ) A વસંત પંચમી ( ) B હરિ નવમી ( ) C એકાદશી

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(મુક્તાનંદ સ્વામી, મુકુંદદાસ, રાધાબાઈ, આનંદરામ, મુક્તાનંદ સ્વામી)

(૧) મુક્તાનંદ સ્વામીનું બાળપણનું નામ ..... હતું.

(૨) મુક્તાનંદ સ્વામીના માતાનું નામ ..... હતું.

(૩) મુક્તાનંદ સ્વામીના પિતાનું નામ..... હતું.

(૪) લોજમાં નીલકંઠવર્ણી.....ની આજ્ઞામાં રહ્યા.

(૫) આપણે..... ની ગુરૂપરંપરાના છીએ.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) મુકુન્દદાસે સાધુ બનવા માટે શું યુક્તિ કરી? ----------

(૨) સાચા ગુરૂની શોધમાં મુકુન્દદાસે કેટલા ગુરૂ બદલ્યા?----------

(૩) મુકુન્દદાસને રામાનંદ સ્વામીનો મેળાપ કયા ગામમાં થયો?----------

(૪) મુક્તાનંદ સ્વામીએ કયારે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી?

---

(૫) વડોદરાના શાસ્ત્રાર્થમાં કયા સંતે સંપ્રદાયને વૈદિક સાબિત કર્યો?

પ્રશ્ન-૪ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×)છે તે જણાવો.

(૧) મુક્તાનંદ સ્વામીની ભાષા અતિમધુર, સ્પષ્ટ અને અર્થપૂર્ણ હતી. ☐

(૨) મુક્તાનંદ સ્વામી જીવનભર નીલકંઠવર્ણીની આજ્ઞામાં રહ્યા. ☐

(૩) શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીને પોતાના ગુરૂ માનતા. ☐

(૪) આપણી ગુરૂપરંપરા એટલે મુક્તાનંદીય ગુરૂપરંપરા. ☐

(૫) 'ભાગવતી દીક્ષા' એટલે 'સંતદીક્ષા' કહેવાય છે. ☐

સભા-૧૮ : હું કરું, હું કરું, એજ અજ્ઞાનતા

એક વાર **દેવો** અને **દાનવો** વચ્ચે ભયંકર **યુદ્ધ** થયું.

કો'ક ગદાથી તો કો'ક ધનુષ - બાણથી ; કો'ક ભાલાથી તો કો'ક બથ્થંબથ્થા આવીને લડતા હતા. તેમાં કેટલાકના હાથ કપાયા તો કેટલાકના પગ કપાયા કેટલાકનાં માથાં વધેરાયાં તો કેટલાકનો તો રથ સાથે **કચ્ચરઘાણ** નીકળી ગયો.


આ ઘમસાણ લડાઈમાં **દાનવોએ** જરાયે મચક ન આપી. અંતે **દેવો** માંડ્યા હારવા. તેથી સૌ **ગભરાયા. ગયા ભગવાન પાસે.** મુશ્કેલીમાં ભગવાનના આશીર્વાદ મળે તો આપણી જીત થાય છે.


દેવોએ પણ ભગવાનના **આશીર્વાદ** મેળવ્યાં અને **જીત્યા.** વિજયની ખુશાલીમાં **મિજબાની** ગોઠવી. સૌને બોલાવ્યા પણ **ભગવાનને** જ ભૂલી ગયાં.

સૌ દેવો નવાં-નક્કોર રંગબેરંગી કપડાં પહેરીને આવવા લાગ્યા. જાતજાતનું ખાવાનું ને ભાતભાતનું પીવાનું. સૌ જમતા જાય, શરબત પીતા જાય અને લડાઈમાં પોતે કરેલાં **પરાક્રમોની ડંફાસ** મારતા જાય.

'આ આપણો વિજય', 'આ આપણી જીત' એમ **બણગાં ફૂંકતાં** સૌ આનંદમાં મશગૂલ હતા. ત્યાં જ એક **યક્ષ** આવી ચડ્યો.

તેણે **અગ્નિદેવને** કહ્યું, **'મારે આ એક તણખલું બાળવું છે.** મારું આ કામ તમે કરી આપશો?'







આ સાંભળી અગ્નિદેવે કહ્યું, 'અરે ! તને **મારી તાકાત** ખબર છે ? હું તો આખાં ને આખાં જંગલ બાળી નાખું. તારું આ તણખલું શી વિસાતમાં?' આમ કહી તેમણે ઘણું જોર કર્યું પણ તણખલું બળ્યું નહિ. અગ્નિદેવ તો બિચારા શરમાઈ ગયા. ત્યાંથી **પેલો યક્ષ** ઊપડી **વાયુદેવ** પાસે ગયો. તેણે કહ્યું, 'વાયુદેવ ! **મારે આ તણખલું ખસેડવું છે.** તમે તે ખસેડી આપશો?'


વાયુદેવ તો આ સાંભળતાં જ સુસવાટો મારતા હોય તેમ તાડૂક્યા, 'અરે મૂરખ ! તું મને ઓળખે છે? હું તો મોટા-મોટા પથ્થરોનેય ફંગોળી નાખું ને ઊંચાં ઊંચાં ઝાડનેય પૃથ્વીમાંથી ઉખાડી પાડી નાખું. તો આ તણખલું ખસેડવામાં કઈ મોટી ઘાડ મારવાની છે?' આમ કહી તેમણે પણ ઘણું જોર કર્યું. છતાં તણખલું **ટસનું મસ** ન થયું. વાયુદેવ પણ શરમાઈને ખૂણામાં થઈ ઊભા રહી ગયા.














ત્યાં જ **પેલો યક્ષ ગાયબ** થઈ ગયો. તે જગ્યાએ **ઉમાદેવી** પ્રગટ થયાં. તેમણે દેવોને કહ્યું, **'જુઓ દેવતાઓ! તમારામાં તો એક તણખલું બાળવાની કે હલાવવાની પણ શક્તિ નથી. ભગવાનના આશીર્વાદથી જ તમે જીત્યા હતા. પરંતુ તમે વિજયના ઘમંડમાં તેમને જ ભૂલી ગયા. હમણાં યક્ષ આવેલ તે ભગવાન પોતે જ હતા.'** આ સાંભળતાં જ સૌને પોતાની **ભૂલ** સમજાઈ. બધા દેવોએ **ભગવાનની માફી** માંગી.

વિદ્યાર્થી મિત્રો ! આપણા બધામાં ભગવાન જ સૌથી મોટા છે. તેઓ જ સૌથી શક્તિશાળી છે. ભગવાનથી જ આપણાં બધાં કામ સફળ થાય છે. માટે તેમને કદી ન ભૂલવા જોઈએ. તેમના આશીર્વાદ મળે તેમ આપણે રહેવું જોઈએ.

આ પૃથ્વી પર જે જે ઘટનાઓ થાય છે તે ભગવાનની ઈચ્છા શક્તિથી જ થાય છે, તેમાં મનુષ્ય કાંઈ કરી શકતો નથી અને કદાચ કોઈ ઘટના મનુષ્યોએ કરી છે એવું લાગે છે તો ત્યાં પણ મનુષ્યો માત્ર નિમિત્ત કારણ છે. પરંતુ તેમને શક્તિ આપનાર તો ભગવાન જ છે.

હું કરું, હું કરું, એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે-નરસિંહ મહેતા

● **અઘરા શબ્દોના અર્થો :**

યક્ષ = એક દેવયોની (જે દેવોથી નીચે અને મનુષ્યોથી ઉપરની કક્ષામાં આવે છે.)
ઘમસાણ = ભયંકર યુદ્ધ, **તાડૂકવું** = ગુસ્સાથી બોલવું.
મિજબાની = ઊજાણી, **ગાયબ** = અલોપ, **વિસાત** = ગણતરી
ઘમંડ = અભિમાન, **ઉપનિષદ્** = પ્રાચીન શાસ્ત્ર


સત્સંગ સંસ્કાર વિભાગ

ઘરમંદિર

(૧) ઘરમંદિર એટલે સ્વામિનારાયણ ભગવાન તથા તેમના મુક્તોને આપણા ઘરમાં સદૈવ નિવાસ કરવાનું સ્થાન. માટે આપણા ઘરમાં યોગ્ય હવા-ઉજાસવાળી જગ્યાએ સારા ઓરડામાં અને આપણને તથા ઘરમાં આવનાર સૌને સરળતાથી ઘરમંદિરના દર્શન થાય એવા સ્થાને યોગ્ય ઊંચાઈએ ઘરમંદિર રાખવું જોઈએ.

(૨) આપણા ઘરમંદિરમાં સ્વામિનારાયણ ભગવાન, ઠાકોરજી મહારાજ તથા તેમના મુક્તો સિવાય અન્ય કોઈની મૂર્તિ ન રાખવી જોઈએ. તો આપણી **પતિવ્રતાની ભક્તિ** કહેવાય.

(૩) ઘરમંદિરમાં દરરોજ સવાર, બપોર અને સાંજે સમયે સમયે આરતી, થાળ, મૂર્તિને કાપડથી લૂછવી (સ્નાન કરાવવું), જળ ધરાવવું, જગાડવા કે પોઢાડવા આ બધી સેવા થવી જોઈએ. જો આપણે એ સેવા કરીએ તો આપણને વધુ રાજીપો મળે.



(૪) સવારે તથા સાંજે ઘરના બધા જ સભ્યોએ સમૂહમાં આરતીનો લાભ લેવો જોઈએ. અષ્ટક-પદ બોલવાં જોઈએ અને દંડવત્ પણ કરવા જોઈએ.

(૫) ઘરમંદિરમાં મૂર્તિઓને થાળ ધરાવવા માટેનાં બધાં જ વાસણો જુદાં રાખવાં જોઈએ. એ વાસણોનો ઉપયોગ આપણાથી ન કરાય અને ઘરે મહેમાન આવ્યા હોય તો તેમના માટે પણ તેનો ઉપયોગ ન જ કરાય.

(૬) થાળના સમયે બે દંડવત્ કરી ઉચ્ચ સ્વરે થાળનાં પદ બોલવાં જોઈએ.

(૭) ઘરમંદિરની દિવસ દરમ્યાન કોઈ પણ એક સેવાનો લાભ તો લેવો જ જોઈએ.

(૮) ઘરમંદિરને દરરોજ સાફ કરવું જોઈએ તથા આરતી માટેનાં વાસણો ઊટકી નાખવાં જોઈએ.

(૯) ઘરમંદિર એ ઘરની વસ્તુઓ રાખવાનું સ્થાન નથી માટે ઘરમંદિરમાં ઘડિયાળ, પૈસા, ચાવી, દવા, અત્તર, કાંસકો, પેનો જેવી વસ્તુઓ ન જ રાખવી જોઈએ.

(૧૦) આપણા ઘરમંદિરમાં મહારાજ ને મુક્તો પ્રગટ બિરાજે છે, માટે ઘરમંદિરમાં લાઈટ તથા પંખાની વ્યવસ્થા રાખવી જોઈએ. ઋતુઓ મુજબ મૂર્તિઓને ગરમ વસ્ત્રો ઓઢાડવાં જોઈએ તથા પંખો ચાલુ રાખવો જોઈએ.

(૧૧) શાળાએ તથા બહાર જવાનું થાય ત્યારે ઘર મંદિરમાં મૂર્તિનાં દર્શન કરીને જ જવું.

(૧૨) આપણા ઘરમંદિરને સ્વચ્છ રાખવાની સેવા પણ આપણે જ કરવી જોઈએ. દરરોજ સિંહાસનને સાફ કરવું. આરતીને ચોખ્ખી રાખવી વગેરે સેવાઓ બાળકો કરે તો મહારાજ ખૂબ રાજી થાય છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) પ્રસ્તુત પાઠમાં કોની કોની વચ્ચે યુદ્ધ થયું છે?

( ) A દેવો - દાનવો ( ) B દેવો - ગાંધર્વો ( ) C અસુરો - ગાંધર્વો( ) D દેવો - યક્ષો

(૨) યુધ્ધમાં કોનો વિજય થયો?

( ) A દેવો ( ) B દાનવો ( ) C ગાંધર્વો ( ) D યક્ષો

(૩) પરમાત્મા દેવો સમક્ષ ક્યા સ્વરૂપે આવ્યા હતા?

( ) A દેવરૂપે ( ) B ગાંધર્વરૂપે ( ) C યક્ષરૂપે ( ) D પ્રેતરૂપે

(૪) પ્રથમ યક્ષરૂપે પ્રગટ થયેલ પરમાત્મા કોની પાસે જાય છે?

( ) A ઈન્દ્રદેવ ( ) B અગ્નિદેવ ( ) C વાયુદેવ ( ) D વરૂણદેવ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ આપો.

(૧) પ્રસ્તુત પાઠમાંથી શો બોધપાઠ મળે છે?

---

(૨) બીજી વખત યક્ષરૂપે પ્રગટ થયેલ પરમાત્મા પાસે કોણ જાય છે?

---

(૩) પરમાત્માએ અગ્નિદેવને શું બાળવા કહ્યું?

---

(૪) અગ્નિદેવના સામર્થ્યનું વર્ણન કરો?

---

(૫) વાયુદેવનું સામર્થ્ય શું છે?

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(૧) યક્ષ અંતર્ધાન થયા પછી તે જ સ્થળે.....પ્રગટ થયા.

(૨) મનુષ્યને શક્તિને આપનાર .....જ છે.

(૩) આ પૃથ્વી પર જે જે ઘટનાઓ થાય છે તે .....ની ઈચ્છાથી થાય છે.

(૪) દેવોને પોતાના વિજયનું.....આવી ગયો હતું.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ 'હા' અથવા 'ના'માં આપો.

(૧) દેવો પોતાની શક્તિથી વિજય થયા હતા. ☐


(૨) પરમાત્મા દેવોના અભિમાનને જાણી ન શક્યા. ☐

(૩) અગ્નિદેવે તણખલુ બાળી નાખ્યું. ☐

(૪) વાયુદેવ તણખલું ઉડાડી ન શક્યા. ☐

સભા-૧૯ : ધર્મ-નિયમમાં દૃઢ

આપણા પૂજ્ય ગુરૂજી **ધર્મ-નિયમ** પાલનના સતત આગ્રહી છે. તેઓ કોઈ પણ વ્યક્તિઓના મોટામાં મોટા ગુનોઓને માફ કરી દે એવા **ક્ષમાનિધિ** હોવા છતાં, ધર્મ-નિયમ બાબતની નાનીશી **ચૂકને** જરાય ચલાવી લેતા નથી. પોતાના સંતો પ્રત્યે પણ અનન્ય પ્રેમ હોવા છતાં તેમની **પાયાના મૂલ્યો** પરત્વેની શિથિલતાને તેઓ જરા પણ ચલાવી લેતા નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી આદિ શાસ્ત્રોમાં બતાવેલા આહાર-વિહાર-વ્યવહાર-આચાર વિચારના નિયમો સંતો-ભક્તો પાળે તે માટે તેઓ સદા **આગ્રહી** રહ્યા છે. ગુરૂજી; પોતાના સંપર્કમાં આવનાર કોઈપણ વ્યક્તિમાં જ્યારે જ્યારે જ્યાં જ્યાં આ બાબતે શિથિલતાને જુએ ત્યારે ટકોર કરી, તેમના **હિંતચિંતક** તરીકે તેને પ્રેમથી સમજાવી, મહારાજની આજ્ઞામાં દૃઢતા કરાવે છે.



કંડારી ગુરૂકુળમાં

એકવાર હરિભક્તો અને બાળકોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે ગુરૂજી સૌને **સત્સંગની રીત** સમજાવતા કહી રહ્યા હતા કે :

ડબલ ઢોલકીવાળું જીવન સારૂ નહિ. સત્સંગમાં આવવાનું - પૂજાપાઠ, સંતસમાગમ કરવાનો અને ડુંગળી-લસણવાળું ખાવાનું, બજારનું ખાવાનું તે **સારૂ ન કહેવાય**. મહારાજ તેનાથી રાજી ન થાય. તમે અમારા થઈને બહારનું ખાઓ તો અમને દુઃખ થાય. બહારના પિત્ઝા, કેક વગેરેમાં એ નિયમ ફેર આવે, બજારું

ખાનપાનમાં કોઈપણ પ્રકારની શુદ્ધિ રહે નહિ અને તેવું ખાવાથી પંચવર્તમાન લોપાય ને મહારાજ નારાજ થાય. તમે અમારા છો એટલે દુ:ખ થાય છે.


ઈ.સ. ૨૦૦૪.ગુરૂજી, મંડળના સંતો અને દેશવિદેશના ભક્તો, ઉત્તરભારતમાં તીર્થયાત્રા માટે ગયા હતા. યાત્રા હોય એટલે ટ્રાવેલિંગ વધારે હોય. કોઈ સંતો-ભક્તોને બાથરૂમ (પેશાબ) જવું હોય તો રસ્તામાં પણ બસ ઊભી રાખવી પડે. જ્યારે રસ્તામાં આ રીતે ફ્રેશ થવા માટે બસ ઊભી રાખવામાં આવે ત્યારે ગુરૂજી સર્વે સંતો-ભક્તો ને એક સુચન અવશ્ય આપતા કે **'આપત્કાળના ધર્મોને અત્યારે ન સ્વીકારી લેતાં, પેશાબ કર્યા પછી હાથ-પગ બરાબર ધોજો, કોગળા કરજો.'** હરિભક્તોને પણ આ નિયમ પાળવાનો આગ્રહ બતાવતા.

મંડળમાં કોઈ નવા નવા સાધક કે પાર્ષદ થયા હોય ત્યારે તેને ટોયલેટ જઈ ૧૭ વાર હાથ ધોવાનું, ત્રણવાર પગ ધોવાનું જાતે શીખવાડતા ને કહેતા: આપણે તો મહારાજની પટરાણીઓ છીએ, મહારાજ બહુ સુઘરા છે, ગંદકી તેમને જરાય ગમતી નથી. માટે એકદમ ચોખ્ખા રહેવુ. પવિત્રતા હશે તો જ મહારાજ આપણી સેવા સ્વીકારશે. જો કોઈને આળસ હોય ને **ક્રિયાશુદ્ધિ** બાબતે શંકા થાય તો છાની તપાસ પણ રખાવે. સંતોની કથા થાય ત્યારે **વારેવારે ધર્મ-નિયમની દૃઢતા** અને **ક્રિયાશુદ્ધિ** બાબતેની ટકોર ભારપૂર્વક કરતા જ રહે છે. **ધર્મ-નિયમની વાત કરતા ગુરૂજી કહે છે: મુક્ત હોય, સિદ્ધ હોય, પૂર્ણ થયો હોય, આત્મારામ થયો હોય તો પણ ધર્મ-નિયમો તો પાળવાજ પડે, તે જો પાળે તો જ સમયે સારું રહેવાય. નિયમ ધર્મ તો આપણા બંધન માટે નહિ પણ મુક્તિ માટે છે. આપણે તો શ્રીજીમહારાજ અને નંદસંતોની બાંધેલી મર્યાદામાં જ રહેવું. એની રીતે રીત આપણી રીત કરવી.**



સત્સંગ સંસ્કાર વિભાગ

સેવા



(૧) મંદિરમાં આવીએ ત્યારે કચરો વાળવો, પોતું કરવું, બાવાં પાડવાં, બારીબારણાં લૂછવાં અને સંડાસ-બાથરૂમ સાફ કરવાં. આવી નીચી ટેલની સેવા કરવાથી મહારાજ ખૂબ રાજી થાય છે.

(૨) મંદિરમાં ઊજવાતા ઉત્સવ, સમૈયા દરમ્યાન આપણે નાનીમોટી કંઈક સેવામાં તો અચૂક જોડાવું જોઈએ. મંદિર તથા સ્ટેજ શણગારવાની સેવામાં, બૂટ-ચંપલની સેવામાં તેમજ રસોઈ-પિરસણની સેવા વગેરે જે કાંઈ નાની-મોટી સેવા મળે તે સેવા કરવી જોઈએ.

(૩) સંતોનાં ગાદલાં પાથરવાં, ધોતિયાં સૂકવવાં, વાળવાં અને ચાદર પાથરવી આવી બધી સેવાથી આપણામાં સંતોનો મહિમા વધે છે.

(૪) આપણા ઘરમાં પણ માતાપિતાને કામમાં મદદ કરવી જોઈએ. મમ્મીને વાસણ ધોવામાં, શાક સુધારવામાં, કપડાં ધોવામાં, પાણી ભરવામાં, રસોઈ આદિક ઘરની સેવામાં મદદરૂપ થઈએ તો આપણા ઉપર મહારાજ રાજી થાય. ઘરના સભ્ય તરીકે એ આપણી ફરજ છે.

(૫) આપણા ઘરમાં કોઈ સભ્ય બીમાર પડ્યો હોય તો તેમને દવા આપવી, પાણી કે દૂધ આપવું. તેમના માટે જમવાનું લાવી દેવું, તેમને હાથ, પગ, માથું દાબી આપવું અને નવડાવવાં વગેરે જેવી સેવા આપણે કરવી જોઈએ.

(૬) આપણા સત્સંગી બંધુઓના ઘરે પણ કોઈ સાજું-માંદું હોય તો તેમની ખબર પૂછવી જોઈએ. જરૂર પડે તો તેમની સેવામાં પણ રોકાવું જોઈએ.

(૭) કોઈ વૃદ્ધ કે વડીલ હોય તેમને હાથનો ટેકો આપવો તેમજ એમનો સામાન લઈ લેવો જોઈએ. એજ રીતે કોઈ અંધ હોય અથવા શરીરના કોઈ અંગમાં તકલીફ હોય તો તેમને રોડ આળંગાવવામાં તથા સહારાની જરૂર હોય તો અચૂક સેવાનો લાભ લેવો જોઈએ.

(૮) આપણા વર્ગમાં અભ્યાસ કરતા સહસાથી મિત્ર તથા બાળસભામાં આવતાં બાળકોમાં કોઈ ગરીબ બાળક હોય તો તેને અભ્યાસનાં પુસ્તકો લાવી આપવાં જોઈએ. તેમજ માતાપિતાને કહી તેની શાળાની ફી ભરાવવામાં પણ મદદ કરવી જોઈએ.

(૯) આપણા ગામમાં, શહેરમાં કે વિસ્તારમાં આપણી સંસ્થા દ્વારા નવું મંદિર નિર્માણ પામતું હોય ત્યારે તનની અને ધનની સેવાનો લાભ અચૂક લેવો જોઈએ. એ જ રીતે સંસ્થા દ્વારાં કોઈ

મોટો ઉત્સવ-મહોત્સવ આવતો હોય તો તેમાં પણ તન અને ધનની સેવાનો લાભ લેવો જોઈએ.

(૧૦) બાળસભામાં જઈએ તો ત્યાં પણ નાનીમોટી સેવામાં અચૂક જોડાવું જોઈએ.

(૧૧) "મને કોની સેવા મળી છે!" સેવા કરતાં આ વિચાર નિરંતર રાખીએ તો સેવામાં ઊંઘ, ભૂખ, થાક કે ભાર, ભીડો ને તકલીફ ન લાગે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) આપણા ગુરૂજી શેના સતત આગ્રહી છે?

---

(૨) આપણા ગુરૂજી શું ચલાવી લેતા નથી?

---

(૩) ગુરૂજી કંડારી ગુરૂકુળમાં હરિભક્તો અને બાળકોને શુ સમજાવી રહ્યા હતા?

---

(૪) આપણા પંચવર્તમાન કયા છે?

---

(૫) ગુરૂજીને દુ:ખ કયારે થાય છે?

પ્રશ્ન-૨ નીચેનું વાકય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) જે સ્વામિનારાયણને ન ખપે તે મને ન ખપે. ☐

(૨) આપણે તો મહારાજની પટરાણીઓ છીએ. ☐

(૩) નિયમ-ધર્મ તો આપણા બંધન માટે નહિ પણ મુક્તિ માટે છે. ☐

(૪) બજારૂ ખાણી-પીણી આપણાથી ખવાય જ નહિ. ☐

(૫) ડબલ ટોલકીવાળું જીવન સારૂ નહિ. ☐

(૬) ટોયલેટ જઈને ૧૭ વાર હાથ ધોવાના હોય છે. ☐

પ્રશ્ન-૩ નીચેના ફકરાનું સુલેખન કરો. (સારા અક્ષરે લખો)

ધર્મ નિયમની વાત કરતા ગુરૂજી કહે છે કે: મુક્ત હોય, સિદ્ધ હોય, પૂર્ણ થયો હોય, આત્મારામ થયો હોય, તો પણ ધર્મ નિયમ તો પાળવા જ પડે, તે જો પાળે તો જ સમયે સારૂ રહેવાય. નિયમધર્મ તો આપણા બંધન માટે નહિ પણ મુક્તિ માટે છે. આપણે તો શ્રીજી મહારાજ અને નંદ સંતોની બાંધેલી મર્યાદામાં જ રહેવું, એમાંજ આપણુ ભલું છે.

સભા-૨૦ : હવે સંઘ આવ્યો

ગઢડામાં સમૈયો હતો. ગામોગામથી હરિભક્તો આવવાના હતાં. બધાને મનમાં આનંદ હતો. મહારાજને મળશું, દર્શન કરશું, દંડવત્ કરશું ને સમાગમ કરી મહારાજને રાજી કરશું.

કોઈ ગામમાંથી **દશ** તો કોઈ ગામમાંથી **પચ્ચીસ** તો કોઈ ગામમાંથી **સો સો** જેટલા હરિભક્તો **મોટો સંઘ** લઈને નીકળતા.

એક ગામમાં એક બહુ જ **સંસ્કારી** અને **ભગવદીય છોકરો** રહે. તેના ઘરમાંય કોઈ સત્સંગી નહિ, કે ગામમાંય કોઈ સત્સંગી નહિ.

આજુબાજુના ગામના સંઘ **ઝાંપેથી** ધૂન-ભજન કરતા નીકળે. **છોકરાને જવાની ઈચ્છા થઈ.**

તેણે તેનાં માબાપને પૂછ્યું કે, "આપ રજા આપો તો મારેય **ગઢડા** જવું છે, સંઘમાં સાથે ચાલ્યો જઈશ ને વળતા પાછો સંઘ સાથે આવી જઈશ."

તેનાં માબાપની **મંજૂરી** મળતાં છોકરો તો થઈ ગયો તૈયાર. છોકરો બહુ જ **ગરીબ** એટલે તેને તો પગમાં પહેરવાં **જોડા પણ** ન મળે.

બસ, **ઉઘાડા પગે** પણ મારે તો સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં. એવી એક અંતરની ઈચ્છા હતી. એને તો **મજા** પડી ગઈ. નાચતો-કૂદતો, ધૂન-કીર્તન બોલતો જાય ને મસ્તીમાં ચાલતો જાય. **દૈવી જીવને** તો આનંદ આવે જ ને!

પણ... આગળ જતાં તેના **પગમાં** એક **બાવળની શૂળ** પેસી ગઈ. **લોહી** નીકળ્યું એટલે છોકરો તો **બેસી** ગયો.



સંઘવાળા તો સૌ એમની ધૂનમાં ને ધૂનમાં **ચાલ્યા** ગયા. હવે છોકરો **એકલો** પડ્યો, એટલે **રડવા** લાગ્યો.

એવામાં **બીજો** એક **સંઘ** નીકળ્યો, **ત્રીજો સંઘ** નીકળ્યો, એમ **ઘણા સંઘ** નીકળ્યા. બધા છોકરાને જુએ, **"શૂળ વાગી?" તેમ પૂછે.** "હવે ગઢડા કેવી રીતે આવીશ?" એમ પણ કહે. પણ કોઈ તેને **મદદ** ન કરે. બસ, ખાલી **વિવેક** કરવા ખાતર પુછી પસાર થઈ જાય.

એટલામાં **માણાવદરના માવા ભગત** નીકળ્યા. તેમણે છોકરાને જોયો. નજીક ગયા અને 'જય સ્વામિનારાયણ' કરી છોકરાની પાસે બેઠા. તેમણે છોકરાને **દિલાસો** આપ્યો,

"ભાઈ, ચિંતા ન કરીશ. **આપણે સાથે ગઢડા જઈશું.** ચાલ, ગામમાં **ડોક્ટર** પાસે." પછી તે છોકરાને **ખભે ઉપાડી** ગામમાં લઈ ગયા, **પાટો બંધાવ્યો** અને પછી **ખભે બેસાડી ધીમે ધીમે વિસામો ખાતા ખાતા ગઢડાને રસ્તે ચાલ્યાં.**

આ બાજુ ગામોગામના **બધા સંઘ** ગઢડા પહોંચી ગયેલા. સમૈયાનો દિવસ આવી ગયેલો. સવારમાં ધૂન-કીર્તન પત્યાં. હવે સભાનો સમય થઈ ગયો હતો. સૌ મહારાજની વાતો સાંભળવા તત્પર થઈ, મહારાજની સામું જોઈને બેસી રહ્યા હતા. સભા આખી શાંત હતી. મહારાજ જાણે **ધ્યાનસ્થ** અવસ્થામાં બેસી, ઢોલિયા ઉપર **માળા ફેરવતા** બેઠા હતાં. થોડીવાર **નીરવ શાંતિ** સ્થપાઈ રહી.



અંતે **મુક્તાનંદસ્વામીએ** મહારાજને હાથ જોડીને કહ્યું કે, **"હે મહારાજ ! સંઘ બધા આવી ગયા. હવે આપ વાતોનું સુખ આપો."**


"સંઘ હજી નથી આવ્યો." એટલું બોલી મહારાજ મૌન થઈ ગયા. આમ બે-ત્રણ વખત બન્યું. એમ કરતાં **બે-ત્રણ કલાક** વીતી ગયા. એટલામાં **માવા ભગત ખભે છોકરાને** બેસાડીને આવી પહોંચ્યા. તેમને જોતાં જ મહારાજ બોલી ઊઠ્યા, **"હા... હવે સંઘ આવ્યો."** એમ કહેતા મહારાજ **માવા ભગતને ભેટી** પડ્યા. ખૂબ રાજી થયા. **છોકરા ઉપરેય મહારાજ બહુ રાજી થયા.**

સૌને **આશ્ચર્ય** થયું. પહેલાં સૌ હરિભક્ત આવ્યા છતાં મહારાજે કહેલું **"ના, સંઘ નથી આવ્યો.** ને આ બે હરિભક્ત આવ્યા તેમાં **સંઘ આવ્યો?"**

સૌના બધા મનોભાવ કળી મહારાજ બોલ્યા : "આ ભક્તને રસ્તે ચાલતાં કાંટો વાગ્યો પણ સેવામાં કોઈ રોકાયું નહિ. માવા ભગત એક રોકાયા. સંઘની ભાવના, સંપની ભાવના તેઓમાં અમે જોઈ. આવા હરિભક્ત એક હોય તો પણ સંઘ કહેવાય ને તે વિના ઝાઝા હોય તોય ટોળું કહેવાય. જે બીમારની સેવા કરે તે અમારી સેવા કરે છે તેમ અમે માનીએ છીએ. ભક્તોએ સૌએ એકબીજાનાં સુખદુઃખમાં ભાગ લેવો, સંપ અને એકતા રહે તો સત્સંગમાં વિઘ્ન ન આવે. સુહૃદપણું એજ સત્સંગ છે."

શ્રીજી મહારાજની વાણી વહી રહી.. સૌને **"સત્સંગ"** અને **"સાચા લાભ"**ની વ્યાખ્યા જડી. સત્સંગનું હાર્દ સ્પષ્ટ સમજાયું.

બોધપાઠ : દેહ અને દેહના સગા સબંધી જેવું હેત ભગવાનના સંતો ભક્તોમાં કરવું. સૌ સાથે હળી-મળીને રહેવું.



વિશેષ રાજીપાનાં સાધન

(૧) દર પંદર દિવસે આવતી એકાદશીનો ઉપવાસ આપણે કરવો જોઈએ. એકાદશીના દિવસે અનાજ ન જમવું, ફરાળ જ કરવું જોઈએ. એકાદશીના દિવસે બપોરની નિદ્રાનો ત્યાગ ફરજીયાત કરવો જોઈએ.

(૨) વર્ષમાં ત્રણ એકાદશી તો નકોરડી કરવી જોઈએ :

૧. અષાઢ સુદ એકાદશી - નિયમની એકાદશી

૨. ભાદરવા સુદ એકાદશી - જલઝીલણી એકાદશી

૩. કારતક સુદ એકાદશી - પ્રબોધિની એકાદશી

નકોરડી એકાદશી એટલે દિવસ દરમ્યાન માત્ર પાણી જ પી શકાય. ફરાળ પણ જમાય નહિ.

(૩) **નિયમની એકાદશીના દિવસથી ચાતુર્માસ પ્રારંભ** થાય છે. માટે નિયમની એકાદશીના દિવસે આપણે મહારાજને રાજી કરવા માટે વિશેષ નિયમો લેવા જોઈએ. અષાઢ સુદ એકાદશીથી કારતક સુદ એકાદશી સુધીનો ચાર માસનો સમય ભજન-ભક્તિ માટેનો પવિત્ર સમય ગણાય છે.

(૪) શ્રાવણ માસમાં તપ રૂપે એકટાણાં વગેરે વ્રત કરવાં જોઈએ.

(૫) શ્રાવણ માસ અથવા ચાતુર્માસ દરમ્યાન દરરોજ પૂજામાં, ઘરમંદિરમાં કે મંદિરમાં નિયમ કરતાં વધુ દંડવત્ પ્રદક્ષિણા કરવા જોઈએ.



(૬) શ્રાવણ માસ અથવા ચાતુર્માસ દરમ્યાન આપણને વિશેષ ભાવતી વાનગીનો મહારાજને રાજી કરવા ત્યાગ કરવો જોઈએ. તથા ચાતુર્માસ દરમ્યાન રીંગણ, મેથીની ભાજી, મૂળા અને મોગરી ન જમવાં જોઈએ.

(૭) ચાતુર્માસ દરમ્યાન વચનામૃત, વાતો તથા બાળકો માટે પ્રકાશિત થયેલી પુસ્તિકાઓના વાંચનનો નિયમ પણ લઈ શકાય.

(૮) નવા બાળમિત્રોને આપણી બાળસભામાં લાવવાનો નિયમ પણ લઈ શકાય.

(૯) કાયમ માટે આપણા ઘરમાં કંઈ પણ નવી વસ્તુ લાવીએ તો સૌપ્રથમ સ્વામિનારાયણ ભગવાનને ધરાવીને કે તેમની દૃષ્ટિ-પ્રસાદીની કરીને જ ઉપયોગમાં લેવી જોઈએ.

(૧૦) મંદિર માટે તથા ઘરમંદિરમાં મહારાજ માટે ફૂલોના હાર બનાવવા, મંદિરમાં જઈ માળા કરવી તથા કીર્તન-ભક્તિ કરવી જેવી વિશેષ સેવા-ભક્તિનો લાભ પણ લેવો જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

(૧) કયા ગામમાં સમૈયો હતો? ----------

(૨) રસ્તામાં ચાલતા બાળકને શું થયું? ----------

(૩) કયા ભક્તે બાળકની મદદ કરી? ----------

(૪) હરિભક્તોના મનમાં શેનો આનંદ હતો? ----------

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સુહૃદપણુ એટલે શું?

( ) A આત્મીયતા ( ) B સાચી મિત્રતા ( ) C મારાપણું ( ) D એ-બી-સી

(૨) શ્રીજી મહારાજ કોની સેવાને પોતાની સેવા માને છે?

( ) A ગરીબ ( ) B બીમાર ( ) C પશુ-પંખી ( ) D મંદિર

(૩) માવા ભગત છોકરાને કયાં બેસાડી ડોક્ટર પાસે લઈ ગયા?

( ) A ગાડામાં ( ) B ઘોડાગાડીમાં ( ) C ખભે ( ) D ઊંટગાડીમાં

(૪) માવા ભગતનું ગામ ક્યુ હતું?

( ) A ગઢડા ( ) B વડતાલ ( ) C માણાવદર ( ) D માંગરોળ

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) નિયમની એકાદશી એટલે 'અષાઢસુદ એકાદશી' કહેવાય છે. ☐

(૨) નકોરડી એકાદશીમાં માત્ર ફરાળ જ જમી શકાય. ☐

(૩) ભક્તોએ એકબીજાના સુખ દુ:ખમાં ભાગ લેવો નહિ. ☐

(૪) નિયમી એકાદશીથી ચાતુર્માસ પ્રારંભ થાય છે. ☐

(૫) સૌ સાથે હળી-મળીને રહેવું જોઈએ. ☐

પ્રશ્ન-૪ તમે શું કહો છો ? જણાવો.

(૧) તમે છેલ્લા કયારે કોઈ ભક્તની મદદ કરી?

---

(૨) કોઈને મદદરૂપ થવા માટે કેવા વિચારોની જરૂર પડે?

---

(૩) તમે કયા બીમાર સંત કે ભક્તની સેવા કરી છે?

---

(૪) મંદિરમાં જઈ તમે શું શું સેવા કરો છો?

---

(૫) એકાદશીનાં દિવસે તમે શું કરો છો?

સભા-૨૧ : પુતળીબાઈ

એક હતું ગામ. નામ તેનું **માંગરોળ**. ગામમાં એક **વાવ** હતી. તેનું નામ **ડોસાવાવ**. એકવાર **નીલકંઠવર્ણી** વિચરણ કરતાં કરતાં માંગરોળ આવ્યા અને ડોસાવાવ પાસે બેઠા. ત્યાં **ગોરધનભાઈ** નામે એક વણીક ભક્તે નીલકંઠવર્ણી વાવ પાસે બેઠેલા જોયા. તેણે હાથ જોડી પ્રણામ કરીને નીલકંઠવર્ણીને કહ્યું કે, 'હે વર્ણી! આપ જમો તો ચોખ્ખી **સુખડી** આપના માટે લઈ આવું.' નીલકંઠવર્ણીએ તેનો ભાવ જોઈને હા પાડી. થોડી જ વારમાં ગોરધનભાઈ સુખડી લઈને વર્ણી પાસે આવી ઊભા. વર્ણી કહે : **'આટલી વારમાં સુખડી લઈ આવ્યા?'** ત્યારે ગોરધનભાઈ કહે, 'વર્ણીજી! આજે મારી **ફઈનું બારમું** છે. તેથી લોક જમાડવા સુખડી બનાવી છે. તે આપના માટે લાવ્યો છું.' નીલકંઠ થોડી સુખડી જમ્યા. ત્યારે ગોરધનભાઈ કહે: વર્ણી મહારાજ ! મારા ફઈનું નામ પુતળીબાઈ હતું અને **રામાનંદ સ્વામીના** તેઓ શિષ્યા હતા. તેઓ ભક્ત હતા, જ્ઞાની હતા, માળા ફેરવતાં અને ધ્યાન ધરતા, વ્રતો પણ કરતા, તીર્થોમાં પણ જતા અને સંતોને પણ જમાડતાં. તો હાલ તેઓ દેહ મૂકીને ક્યાં ગયા હશે? અક્ષરધામમાં જ ને!' ત્યારે શ્રીહરિ બોલ્યા, 'તારી ફઈ તો **કુંભીપાક** નામના **નરકમાં** છે ને જમદૂતોના હાથનો માર ખાય છે.' ત્યારે ગોરધનભાઈ કહે: 'તેઓ તો ભક્ત હતા, છતાં નરકમાં ગયા? એવું કેમ બને? મને તો મનાતું નથી.' પછી વર્ણીએ ગોરધનભાઈને **સમાધિ** કરાવી અને કુંભીપાક નરકમાં મોકલ્યા. કુંભીપાક નરકમાં ગોરધનભાઈને જોતાં જ **પુતળીબાઈ** બોલ્યા, 'ઓ ગોરધન, મને છોડાવ. આ **જમદૂતો** મને બહુ મારે છે. મને અહીંથી છોડાવ. જલદી છોડાવ.' આ જોઈ ગોરધનભાઈને બહુ દુઃખ થયું. પછી વર્ણીએ તેમને સમાધિમાંથી જાગૃત કર્યા અને પૂછ્યું. 'કેમ તારી ફોઈને જોયા?' ત્યારે ગોરધનભાઈ કહે, 'મહારાજ! મારા ફઈબાને નરકના દુઃખમાંથી છોડવો.'

ગોરધનભાઈની પ્રાર્થના સાંભળી નીલકંઠવર્ણી કહેઃ 'ભલે, આજથી તારી ફોઈને **બદરિકાશ્રમમાં** મોકલી આપું છું. ત્યાં તે તપ કરશે. પછી તેને સત્સંગમાં જન્મ આપીશું અને મનુષ્ય જન્મે ભગવાનની ભક્તિ કરી પછી અક્ષરધામને પામશે.' ત્યારે ગોરધનભાઈએ કહ્યું, **'આ જન્મે તો તેઓએ બહુ ભક્તિ કરી હતી. છતાં આમ કેમ થયું?'** ત્યારે વર્ણી કહેઃ 'તારી ફોઈએ **ધર્માદાનું સોનું ચોર્યું** હતું. એકવાર **રામાનંદ સ્વામી**એ તારી ફોઈને **સોનાના પાસા** સાચવવા આપ્યા હતા. પછી **સદાવ્રતો** ચલાવવા સમયે **ધનની** જરૂર પડતાં તે પાસા સ્વામીએ પાછા માગ્યાં. ત્યારે ફોઈએ કહ્યું હતું કે **મેં તો તમને પાસા પાછા આપી દીધા છે. અમથી મને ફજેત કેમ કરો છો?** આ સાંભળીને રામાનંદ સ્વામીએ તેને ખૂબ સમજાવી હતી કે **ધર્માદાનું ધન ચોરાય નહિ. નરકે જવું પડે.** પરંતુ તારી ફોઈ કોઈ વાત માની નહિ અને ચોરેલું **સોનું** પાછું આપ્યું નહિ. તેથી નરકે ગયા. આજે તારી સાચી હૃદયની **પ્રાર્થના** સાંભળી અમે તેને છોડાવી છે.'

ગોરધનભાઈએ નીલકંઠવર્ણીનો આભાર માન્યો. દંડવત્ પ્રમાણ કર્યા, રૂપિયા ભેટ ધર્યા અને આશીર્વાદ માગ્યા. પરમ કૃપાળુ નીલકંઠવર્ણીએ ગોરધનભાઈને આશીર્વાદ આપી વિદાય કર્યા.

બાળમિત્રો, ધર્માદાનું ધન ચોરવાથી કેવું પરિણામ આવે તે જોયુંને ? માટે કદાપિ ધર્માદાની કોઈ પણ વસ્તુ ચોરવી નહિ, મંદિરમાંથી કોઈ વસ્તુ લેવી નહિ. અરે ! ઘરમાં કે બહાર પણ કદાપિ કોઈ વસ્તુની ચોરી તો કરવી જ નહિ. શાળામાંથી કે પાડોશમાંથી કે ઘરમાં કોઈના પણ ખિસ્સામાંથી ક્યારેય પણ ચોરી ન કરવી. માતા-પિતા પાસે જોઈતી વસ્તુ માંગવી, પરંતુ ચોરી તો કરવી જ નહિ. ચોરી કરીએ તો ભગવાન નારાજ થાય. સંતો નારાજ થાય. ઘરના નારાજ થાય. બહારના પણ નારાજ થાય અને અંતે નરકમાં જવું પડે. માટે હું કદાપિ ચોરી કરીશ નહિ.' એવી પ્રતિજ્ઞા લઈએ અને શ્રીજી મહારાજને રાજી કરી લઈએ.



સત્સંગ સંસ્કાર વિભાગ

જન્મદિવસની ઉજવણીમાં વિવેક



(૧) આપણા જન્મદિવસની ઉજવણી જગતના જીવોની માફક ન કરવી જોઈએ. પરંતુ એક સજ્જન-ભક્તને શોભે તેવી રીતે જન્મદિવસ ઉજવવો જોઈએ.

(૨) ભગવાને આપેલા અમૂલ્ય મનુષ્યજીવનમાંથી **એક વર્ષ ઓછું** થયું અને **નવું વર્ષ ચાલું** થયુ એવા અનુસંધાને જન્મદિવસ ઉજવવો જોઈએ.

(૩) જન્મદિવસે ગયા વર્ષની થઈ ગયેલી **ભૂલોને** ફરી ન કરવાનો દૃઢ સંકલ્પ કરી સાથે રહેલા સૌની **ક્ષમાયાચના માંગી** દિવ્ય જીવનની પ્રેરણા પ્રાપ્ત કરવી જોઈએ.

(૪) જન્મદિવસ પછીનું નવું વર્ષ ખુબજ ભક્તિ-સત્સંગમય, પરોપકારનાં કાર્યોમય અને દેશહિતના કાર્યોમય થાય એવી પ્રાર્થના અને દૃઢસંકલ્પ કરવો જોઈએ.

(૫) આપણો જન્મદિવસ હોટેલ કે રેસ્ટોરન્ટમાંની પાર્ટીઓના વિષયી વાતાવરણમાં ન ઉજવાવો જોઈએ પરંતુ ભગવાન, ગુરૂજી-સંતો ભક્તોના સાનિધ્યમાં, મંદિરમાં જ ઉજવાવો જોઈએ.

(૬) આપણો જન્મદિવસ આવે તે દિવસે સવારે વહેલાં ઊઠી, સ્નાન-પૂજાપાઠ કરી, મંદિરે જઈ ખુબ ભજન, સત્સંગ, સેવા અને પ્રાર્થના કરવી જોઈએ.

(૭) જન્મદિવસે મંદિરમાં મહારાજ, ગુરૂજી, સંતો, પાર્ષદો અને ભક્તોનું કંકુ, ચોખા, ચંદન વડે પૂજન કરી ફુલહાર પહેરાવવા જોઈએ.

(૮) ગુરૂજી અને સંતોનું પૂજન થઈ ગયા બાદ **૨-૫ દંડવત્** કરી તેમના રૂડા **આશીર્વાદ** પણ પ્રાપ્ત કરવા જોઈએ અને સંતોને **દાન-ભેટ** (રસોઈ) પણ આપવી જોઈએ.

(૯) જન્મદિવસ નિમિત્તે પોતાના ઘરે અથવા મંદિરે **ભજન-કીર્તન, ઓચ્છવ, સભા** વગેરેના વિશેષ કાર્યક્રમ પણ રાખી શકાય.

(૧૦) જન્મદિવસ નિમિત્તે મંદિરમાં મહારાજ અને સંતોને થાળ કરી જમાડવા પણ જોઈએ. સાધન સંપન્ન શ્રીમાન લોકો નાની-મોટી કથા **પારાયણ** કે **ઉત્સવ** પણ કરાવતા હોય છે.

(૧૧) જન્મદિવસે પોતાના **નિવાસસ્થાને** ઠાકોરજી મહારાજી ગુરૂજી તથા સંતોની **પધરામણી** પણ કરાવવી જોઈએ.

(૧૨) જન્મદિવસ નિમિત્તે દીન-દુઃખી ગરીબની યથાશક્તિ સેવા કરવી જોઈએ. જો શક્ય હોય તો દાન કરવું જોઈએ અને ભેટ સોંગાદો આપવી જોઈએ.

(૧૩) બાળમંદિર, શાળાઓ, અનાથઆશ્રમો, હોસ્પિટલો વગેરેમાં રહેલા ગરીબ બાળકોને યથાશક્તિ દાન આપી રાજી કરવા જોઈએ. વિધવા ત્યક્તા બહેનોને પણ યથાશક્તિ મદદરૂપ થવું જોઈએ.

(૧૪) જન્મદિવસે જો આપણે ગુરૂજી અને સંતોથી દૂર હોઈએ તો સામે ચાલીને **ફોન** કરીને **આશીર્વાદ** મેળવવા જોઈએ.

(૧૫) કોઈનો જન્મદિવસ હોય તેની આપણને જાણ થાય તો તુરંત જ ઉત્સાહપૂર્વક તેને **શુભકામનાઓ** પાઠવવી જોઈએ.

(૧૬) અન્યના જન્મદિવસે આપણે પણ આપણા અન્ય કાર્યો છોડી તેના જન્મદિવસની ઉજવણીમાં ઉત્સાહ સાથે ભળવું જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) 'ડોસાવાવ' કયાં ગામમાં આવેલી છે?

( ) A - માણાવદર ( ) B - માંગરોળ ( ) C - લોજ ( ) D - અગત્રાઈ

(૨) નીલકંઠવર્ણી વિચરણ કરતાં કરતાં કયાં ગામાં પધાર્યા?

( ) A - માણાવદર ( ) B - ગઢડા ( ) C - માંગરોળ ( ) D - લોજ

(૩) નીલકંઠવર્ણીને વાવ પાસે બેઠેલા કોણે જોયા?

( ) A - ગોરધનભાઈ ( ) B - ગોવર્ધનભાઈ

( ) C - ગોવિંદભાઈ ( ) D - ગોપાલભાઈ

(૪) ગોરધનભાઈ નીલકંઠવર્ણી માટે શું લઈ આવ્યા ?

( ) A - લાડુ ( ) B - સુખડી ( ) C - દૂધ ( ) D - પાણી

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) પૂતળીબાઈ કોના શિષ્ય હતા? ----------

(૨) પૂતળીબાઈ કયા નરકમાં ગયા હતા? ----------

(૩) પૂતળીબાઈને શા માટે નરકમાં જવું પડ્યું? ----------

(૪) નીલકંઠવર્ણી કયા દિવસે ડોસાવાવે પધાર્યા હતા? ----------

(૫) શ્રીજી મહારાજે પૂતળીબાઈને નરકમાંથી કયાં મોકલ્યાં? ----------

પ્રશ્ન-૩ નીચેનું વાકય કોણ બોલે છે તે જણાવો.

(૧) આજે મારી ફઈનું બારમું છે. ☞ .....

(૨) ઓ ગોરધન ! મને છોડાવ. ☞ .....

(૩) મેં તો તમને પાસા આપી દીધા છે. ☞ .....

(૪) તારી ફોઈએ ધર્માદાનું સોનુ ચોર્યું હતું. ☞ .....

(૫) મારી વાણી તે મારૂ સ્વરૂપ છે. ☞ .....

પ્રશ્ન-૪ નીચે આપેલા શબ્દો યોગ્ય ક્રમમાં ગોઠવો.

(૧) લેવી વસ્તુ મંદિરમાંથી નહિ કોઈ.

.....

(૨) કરીએ થાય તો ભગવાન ચોરી નારાજ.

.....

(૩) ચોરી નહિ હું કદાપિ કરીશ.

.....

સભા-૨૨ : વચનામૃત

સ્મૃતિ વિના ગાયું તે ન ગાયા જેવું

સ્વામિનારાયણ હરે.... સ્વામિનારાયણ હરે....

સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૪ ચોથને દિવસ મધ્યાહ્ન સમે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યા હતાં ને પાઘને વિષે ફૂલનો તોરો ખોસ્યો હતો ને બે કાન ઉપર પુષ્પના ગુચ્છ ધાર્યા હતા ને કંઠમાં ગુલદાવદીના પુષ્પનો હાર પહેર્યો હતો ને ઉગમણે મુખારવિંદે વિરાજતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પરમહંસ કીર્તન ગાતા હતા.




પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “સાંભળો, એક વાત કરીએ.” ત્યારે સર્વ પરમહંસ ગાવવું રાખીને વાત સાંભળવા તત્પર થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા। જે, “મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે. અને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે તથા વાજિંત્ર વજાડે છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે **ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામરટન કરવું તથા નારાયણધૂન્ય કરવી ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું.** અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહિ. **માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય.** અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે, અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.” એટલી વાત કરીને શ્રીજીમહારાજ બોલ્યા જે, “હવે કીર્તન ગાઓ.” (ઈતિ વચનામૃત ગઢડા પ્રથમનું-૨૨)



સત્સંગ સંસ્કાર વિભાગ

ઘરસભા

(૧) આપણા કૌટુંબિક પ્રશ્નોને સહજમાં નિવારવા માટે તથા આપણા પરિવારમાં સત્સંગનો ચડતો રંગ રાખવા માટેનું અમોઘ શસ્ત્ર એટલે ઘરસભા.



(૨) આપણા ઘરના બધા સભ્યોએ ભેગા થઈ દર અઠવાડિયે ઓછામાં ઓછા ત્રણ દિવસ તો ઘરસભા કરવી જ જોઈએ.

(૩) ઓછામાં ઓછી વીસ-પચ્ચીસ મિનિટ તો ઘરસભા અવશ્ય કરવી જ જોઈએ. ઘરસભામાં જયનાદ, પ્રાર્થના, કીર્તન, ગ્રંથોનું વાંચન, કથાવાર્તાનું શ્રવણ અને અંતમાં ધૂન કરવી જોઈએ.

(૪) ઘરસભાના અંતે ઘરના સભ્યો સાથે બેસી ઘરનાં કામકાજ અંગે આગામી આયોજન માટે, બાળકોના અભ્યાસ માટે, સમૈયા, ઉત્સવો અને પ્રસંગો વગેરેની ચર્ચા કરી શકાય છે.

(૫) ઘરસભામાં બેસીએ ત્યારે અને ઊભા થઈએ ત્યારે એકબીજાને ચરણસ્પર્શ કરી, "દયાળુ ! રાજી રહેજો ; જય સ્વામિનારાયણ" એમ કહેવું જોઈએ.

(૬) ઘરસભામાં કોઈનાય અભાવ-અવગુણ-અમહિમાની વાતો ન કરવી. તથા એકબીજા સાથે કોઈ વાતની ચર્ચામાં ન ઊતરવું કે ઉશ્કેરાટ ન લાવવો જોઈએ.

(૭) ઘરસભામાં ઘરના દરેક સભ્યના વારાફરતી ગુણાનુવાદ કરવા જોઈએ જેથી સૌને એકબીજાને વિશે મહિમા અને દિવ્યભાવ રહે.

(૮) ઘરસભાની મુખ્ય જવાબદારી બાળકોએ રાખવી જોઈએ અને ઘરસભાનો સમય થાય એટલે ઘરના બધા સભ્યોને બોલાવી ભેગા કરવાં જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) વચનામૃત ગઢડા પ્રથમનું ૨૨ મું કયા સમયનું છે?

( ) A - સંવત-૧૮૭૬ - પોષ સુદ-૧૪ ( ) B - સંવત-૧૮૭૬ પોષ સુદ-૪

( ) C - સંવત-૧૮૭૭ - પોષ સુદ-૪ ( ) D - સંવત-૧૮૭૬ પોષ વદ-૪

(૨) શ્રીજી મહારાજ કયા ગામમાં બિરાજમાન હતા?

( ) A - લોયા ( ) B - વરતાલ

( ) C - ગઢડા ( ) D - સુરત

(૩) શ્રીજી મહારાજ ગઢડા મધ્યે કોના દરબારમાં બિરાજમાન હતા ?

( ) A - સુરાખાચર ( ) B - દાદાખાચર

( ) C - વસ્તાખાચર ( ) D - એભલખાચર

(૪) ગઢડા પ્રથમના ૨૨માં વચનામૃતમાં શ્રીજી મહારાજે કેવા વસ્ત્રો ધારણ કર્યા છે?

( ) A - ગુલાબી ( ) B - પીળા

( ) C - સફેદ ( ) D - લાલ

(૫) વચનામૃતની પ્રારંભમાં જે વર્ણન આવે છે તેને શું કહેવાય છે?

( ) A - મથાળું ( ) B - ટાઈટલ

( ) C - પરથારો ( ) D - વર્ણન

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) કુલ વચનામૃત કેટલાં છે?

---

(૨) ગઢડા પ્રથમ પ્રકરણના કેટલા વચનામૃત છે?

---

(૩) વચનામૃત એટલે શું?

---

(૪) વચનામૃતો કોણે લખ્યા છે?

---

(૫) ગઢડા પ્રથમનું ૨૨મું વચનામૃત શેનું છે?

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના ઉત્તર 'હા' કે 'ના'માં જણાવો.

(૧) ભગવાનની સ્મૃતિ વિના ગાયુ તે ન ગાયા જેવું છે? ☐

(૨) ભગવાનનું કીર્તન-ભજન ભગવાનને સંભારીને કરવું? ☐

(૩) સર્વે ક્રિયામાં દેહનું અનુસંધાન રાખવું જોઈએ? ☐

(૪) જગતમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભક્તોએ કરવો? ☐

(૫) ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે જ વૃત્તિ ભજનમાં રહે? ☐

પ્રશ્ન-૪ નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.

(૧) ઘરસભામાં ..... ની વાતો ન કરવી.

(૨) ઘરસભામાં ..... કરવું.

(૩) સર્વે ક્રિયા ..... ની સ્મૃતિ સાથે કરવી.

(૪) ભગવાનમાં ..... સ્થિર કરવી.


(૫) સ્મૃતિ વિના ગાયુ તે ..... જેવું છે.

સભા-૨૩ : દીનમાંથી દિવાન

ગઢડા પ્રથમના અઠાવનમાં **વચનામૃતમાં** શ્રીજી મહારાજે કહ્યું છે કે, **"મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવા ભૂંડાં પ્રારબ્ધ હોય તો રુડા થાય."** તો આ વચનામૃતને સત્ય કરી દેખાડતો પ્રસંગ જોઈએ.

જૂનાગઢમાં દામોદરકુંડની બાજુમાં **લાકડાની ભારીઓ** લઈને એક **મુસ્લિમ મહિલા,** એક તેની **દીકરી** અને એક **પુત્ર** બેઠા છે. પરંતુ કોઈએ તેમના લાકડાં **વેચાતાં** લીધા નહિ, તેના કારણે ત્રણેયને **ઉપવાસ** થયા છે. કારણ કે **ગરીબીને** કારણે ઝુંપડામાં અનાજનો કણીકોય ન હતો.

તેવા સમયમાં **ગુણાતીતાનંદ સ્વામી** સંતો સાથે **નારાયણ ધરે** સ્નાન કરવા આવ્યા છે. સ્નાન કર્યું તેથી સ્વામીને **ઠંડી** ચઢી અને **મૂર્છા** આવી ગઈ. તુરંત સંતો **સૂકાં લાકડાં** શોધવા લાગ્યા. તે વાતની આ **મુસ્લિમ સ્ત્રી**ને ખબર પડી એટલે લાકડાઓ લઈને **પુત્ર** સાથે **નારાયણ ધરે** આવી. સ્વામીને દૂરથી મૂર્છા અવસ્થામાં ધ્રુજતા જોયાં એટલે પરિસ્થિતિ જાણી ગઈ.





તુરંતુ તેના દીકરાને પૂછવા મોકલ્યો: **"ફકીરબાબાને તપાડવા હોય તો લાકડાં લાવું?" છોકરાએ** પૂછ્યું એટલે સંતોએ **હા** કહી, તુરંત લાકડાં લાવી તે નાના બાળકે સ્વામીની ચારેબાજુ ગોઠવીને સળગાવ્યાં. થોડીવાર થઈ એટલે ગરમીને કારણે સ્વામીને ઠંડી ઉતરી અને આંખો ખોલી, ત્યાંતો ચારેબાજુ **લાકડાં સળગતાં** હતાં અને **નાનો બાળક** સામે ઉભો હતો.

સ્વામીને સંતોએ વાત કરી: **"સ્વામી! આ મુસલમાનનો છોકરો છે,** તેઓ લાકડાઓ વેચીને પેટ ભરે છે. જે દિવસે લાકડાં ન વેચાય ત્યારે ઉપવાસ પડે છે, આટલા બધા તેઓ **ગરીબ** છે. તમોને ઠંડી ચઢી હતી તે જોઈને તેની **માતાએ** આ બાળકને લાકડાં લઈ તમોને તપાડવા મોકલ્યો છે, તેના કારણે તમોને ઠંડી ઉતરી છે."

આવી વાત સાંભળી સ્વામીએ બાળકને પૂછ્યું : **"છોકરા ! તારુ નામ શું છે?"** બાળકે કહ્યું : "હે બાબા ! મારુ નામ **બાવલો** છે." સ્વામીએ પૂછ્યું : "મને તપાડીને લાકડાં સળગાવી દીધાં તેથી હવે તમે શું કરશો ?" બાળકે જવાબ આપ્યો : "અમે ત્રણે **ઉપાવાસ** કરીશું." સ્વામીએ પૂછ્યું : "મારી પાસે કાંઈ નથી, હું તમોને કાંઈ આપી શકુ તેમ નથી, હું તો **ફકીર** છું તેમ તું **જાણે** છે, છતાં મને કેમ તપાડ્યો?" ત્યારે બાળકે સુંદર જવાબ આપ્યો: "હે ફકીરબાબા ! મારી અમ્માએ મને કહ્યું હતું : **"આ બાબા છે તે ખુદાના ફીરસ્તા છે, તે મોટા ઓલીયા છે તેથી તેઓની સેવા કરીએ તો ખુદાની આપણા ઉપર રહેમ થાય."** એટલે ખુદાને **રાજી** કરવા માટે તમોને તપાડ્યા છે." નિર્દોષ વાણી સાંભળી ગુણાતીતાનંદસ્વામીના અંતરમાંથી **આશીર્વાદ** વાણીરુપે પ્રગટ થયો અને બોલી ગયા: **"હે બાવલા ! આજથી તારા માથેથી ભારો ઉતરી ગયો,** જાઓ ત્રણે ઘેર, **હવેથી તમારે લાકડાં નહિ કાપવાં પડે."**

બાળક નમસ્કાર કરીને ગયો અને તેની માતાને આ બધી **વાત** કરી, પછી ત્રણે ઘેર ગયાં. આજે ઉપવાસ થયો છે ત્રણે નાના ઝૂંપડાંમાં રહે છે, ઝૂંપડાંની બહાર બાવલાની **યુવાન બહેન** સફાઈ કરી રહી હતી, **તે જ સમયે જૂનાગઢના યુવાન વયના નવાબ સાહેબ** ઘોડાગાડીમાં બેસીને ત્યાંથી નીકળ્યા.

ગુણાતીતાનંદસ્વામીના આશીર્વાદને સત્ય કરવા માટે શ્રીહરિએ નવાબની **બુદ્ધિમાં પરિવર્તન કર્યું,** તેના કારણે એક ભીખારણ જેવી સ્વરુપવાન **સ્ત્રીને** જોઈ તેની સાથે **લગ્ન** કરવાની ઈચ્છા થઈ!



પછી તે જ દિવસે **બાવલાને** તેની **બહેનને** અને તેની **માતાને** નવાબ પોતાના મહેલમા લાવ્યા અને લાડલીબહેન સાથે નવાબે લગ્ન કર્યા અને બાવલાને ભણાવી મોટો **દિવાન** બનાવ્યો.

જૂનાગઢમાં **બહાઉદ્દીન દિવાને કોલેજ** બનાવીને **પરોપકાર** માટે સમર્પણ કરી. **આજે** તે કોલેજ ચાલુ છે. આટલી સત્તા અને સંપત્તિ મળવા છતાં તેઓ સ્વામીને ભૂલ્યા ન હતા. દરરોજ સવારે તેઓને **સ્વામીની સ્મૃતિ** રહે તે માટે **દોરડું** અને **કુહાડોને** સાચવી રાખી તેને પગે લાગતા હતા. એકવાર નવાબે આ જોયું અને તેમણે પૂછ્યું : **"દિવાનજી ! દોરડું અને કુહાડાને કેમ વંદન કરો છો?** ત્યારે બહાઉદ્દીન બોલ્યા: "નવાબ સાહેબ ! મારા **પ્રારબ્ધને** પગે લાગું છું. કારણ કે **મારા નસીબમાં તો લાકડાં કાપવાનું લખેલું હતું,** પરંતુ સ્વામિનારાયણ ભગવાનના સંત **ગુણાતીતાનંદ સ્વામી**ના

આશીર્વાદથી હું આજે **દિવાન** બન્યો છું અને તેમના **આશીર્વાદ** મેળવવામાં મને આ **કુહાડો** અને **દોરડું સહાયરૂપ** થયા છે તેથી હું તેને **નમસ્કાર** કરું છું. કારણ કે, આ કુહાડા વડે લાકડાં કાપી **આ દોરડાંવડે બાંધીને હું વેચવા બેઠો હતો તે લાકડામાંથી મેં, તે ઓલીયા પુરુષને તપાડ્યા તેથી તેની દુઆ મળી એટલે હું દરરોજ પગે લાગું છું.”** આમ, સંતોની કૃપા થાય તો રાંક હોય તે પણ રાજા થાય છે. માટે આપણે પણ સંતોને રાજી કરવા.

સત્સંગ સંસ્કાર વિભાગ

ઠાકોરજી મહારાજ અને સંતોની પધરામણીમાં વિવેક મર્યાદા

(૧) શાસ્ત્રો કહે છે : જે ઘરમાં કથા-વાર્તા-કીર્તન-આરતી ધૂન ન થતાં હોય અને સંતો મહેમાનરૂપે આવતાં ન હોય તે ઘર સ્મશાન જેવું છે. માટે વર્ષમાં બે વાર અથવા નાના-મોટા પ્રસંગોમાં પૂજ્ય સંતોના પુનિત પગલાંની પધરામણી પોતાના ઘરે કરાવવી જ જોઈએ.

(૨) શ્રીજી મહારાજ કહે છે : સંતો અમારૂ સ્વરૂપ છે, વળી, સ્ત્રી-ધન ત્યાગી અને પંચવર્તમાનધારી સંતો આપણે ત્યાં પધારે ત્યારે ખુબ ઉત્સાહ-ઉમંગથી, ભક્તિભાવપૂર્વક તેમના સ્વાગતની તૈયારી કરવી જોઈએ.





(૩) ઠાકોરજી મહારાજ અને પૂજ્ય ગુરૂજી, સંતો આપણા ઘરે પધારતા હોય ત્યારે ગામ, શહેર, સોસાયટીના દ્વાર સુધી સામે ચાલીને તેમને આવકારવા જવું જોઈએ. અને સંતો વિદાય લે ત્યારે પણ ભાવભીની વિદાય આપવા થોડે દૂર સુધી સાથે જવું જોઈએ. (જો શક્ય હોય તો ઠાકોરજી મહારાજ અને સંતોના સ્વાગતમાં બેન્ડવાજા, ઢોલ, નગારા, શરણાઈ વગેરેનું પણ આયોજન રાખી શકાય.)

(૪) આપણા ઘરે સંતો પધારે ત્યારે તેમનું માન-મર્યાદા જળવાય તેવી રીતે જ વિવેકપૂર્ણ વાણી-વર્તન કરવું જોઈએ.


(૫) ઠાકોરજી મહારાજ અને પૂજ્ય સંતોનું સ્વાગત-સન્માન આપણા ઘરના પ્રવેશ દ્વારે કુલહાર પુષ્પવૃષ્ટિથી કરવું જોઈએ.

(૬) આપણા ઘરનું આંગણું તથા પ્રવેશદ્વાર કુલપાંદડી, રંગોળી, દિવડા વગેરે શણગાર સામગ્રી દ્વારા શણગારવાં જોઈએ.

(૭) સંતોની પધરામણી થાય ત્યારે ઘરના પ્રત્યેક નાના-મોટા સભ્યોએ હાજર રહેવું જોઈએ.

(૮) ઠાકોરજી મહારાજ અને સંતોની પધરામણી ઘરે થાય ત્યારે સગા-સંબંધીઓના મહિલાવર્ગે સંપ્રદાયની મર્યાદા અનુસાર દૂર રહી સંતોના દર્શન-શ્રવણનો લાભ લેવો જોઈએ.





(૯) ઠાકોરજી મહારાજ અને પૂજ્ય સંતો માટે ઘરના યોગ્યસ્થાને સુંદર બેઠક વ્યવસ્થા રાખવી જોઈએ અને આરતી, ફુલહાર, પ્રસાદ વગેરે પૂજન સામગ્રી પણ તૈયાર રાખવી જોઈએ.

(૧૦) ત્યારબાદ ઠાકોરજી મહારાજનું શાસ્ત્રકથિત ષોડશોપચારે પૂજન કરવું જોઈએ અને પૂજ્ય સંતોનું પણ યથોચિત પૂજન-અર્ચન દંડવત્ પ્રણામ કરી જરૂરી ભેટ સોંગાદો મુકવી જોઈએ.

(૧૧) આપણા ઘરે સંતો કથાવાર્તા કરે તેને એકાગ્ર થઈ સાંભળવી જોઈએ.

(૧૨) આપણા કોઈ સગાં-વ્હાલાં સત્સંગી ન હોય કે વ્યસની હોય તો તે વિશે સંતોને જાણ કરી તેમને સદ્માર્ગે વાળવાં જોઈએ.

(૧૩) શ્રી ઠાકોરજી મહારાજ, પૂજ્યગુરૂજી અને સંતોને વારંવાર આપણા નિવાસસ્થાને આવવાનું મન થાય એવું લાગણીસભર મહિમાભર્યું વાણી-વર્તન દાખવવું જોઈએ.

(૧૪) સંતો પધરામણી કરી પોતાના સ્થાને પહોંચે પછી ફોન કરી અથવા રૂબરૂ મળીને પધરામણી કરવા બદલ ઋણભાવ વ્યક્ત કરવો જોઈએ તથા કંઈ પણ નાની મોટી ભૂલચૂક થઈ ગઈ હોય તો તે માટે ક્ષમા માંગવી જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

(૧) 'દીનમાથી દિવાન' આ પાઠમાં કોની વાત કરવામાં આવી છે?

---

(૨) મોટાપુરૂષનો રાજીપો થાય તો શું થાય ?

---

(૩) દામોદર કૂંડ ક્યાં આવેલ છે?

---

(૪) જૂનાગઢમાં લાકડાં કોણ વેંચી રહ્યું હતું?

---

(૫) નારાયણ ઘરે સ્નાન કરવા કોણ ગયું હતું?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સ્નાન કરવાથી કયા સંતને શરીરમાં ઠંડી ચઢી ગઈ?

( ) A - મુક્તાનંદસ્વામી ( ) B - ગુણાતીતાનંદસ્વામી

( ) C - ગોપાળાનંદસ્વામી ( ) D - પ્રેમાનંદસ્વામી

(૨) ગુણાતીતાનંદસ્વામીને ઠંડીમાં ધ્રુજતા જોઈ કોણે સેવા માટે લાકડા મોકલ્યાં?

( ) A - હરિભક્તોએ ( ) B - મુસ્લિમસ્ત્રીએ

( ) C - સ્ત્રીભક્તોએ ( ) D - બહેને

(૩) મુસ્લિમસ્ત્રીના છોકરાનું નામ શું હતું?

( ) A - રહિમ ( ) B - કરિમ

( ) C - બાવલો ( ) D - ભાવલો

(૪) બાવલા પર કોણ રાજી થયું?

( ) A - બહાઉદ્દિન દિવાન ( ) B - ગુણાતીતાનંદસ્વામી

( ) C - નવાબ ( ) D - બહેન

(૫) બાહાઉદ્દિન દિવાન રોજ કોને નમસ્કાર કરતા?

( ) A - દોરડુ-કુહાડો ( ) B - રાજા-રાણી

( ) C - માતા-પિતા ( ) D - ગ્રંથ-સંત

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) હવેથી તમારે લાકડાં નહિ કાપવા પડે. ☞ .....

(૨) ફકીરબાબાને તપાડવાં હોય તો લાકડાં લાવુ? ☞ .....

(૩) સ્વામી ! આ મુસલમાન છોકરો છે. ☞ .....

(૪) છોકરા તારૂ નામ શું છે? ☞ .....

(૫) અમે બ્રણે ઉપવાસ કરીશું. ☞ .....

(૬) મારા પ્રારબ્ધને પગે લાગું છું ☞ .....

પ્રશ્ન-૪ નીચેની ખાલી જગ્યા પુરો.

(૧) જુનાગઢમાં બહાઉદ્દીન દિવાને ..... બનાવી.

(૨) નવાબે ..... સાથે લગ્ન કર્યા.

(૩) રાંક હોય તો રાજા થાય - આવિધાન ..... વચનામૃતનું છે.

(૪) દીનમાંથી દિવાન ..... બન્યો.

(૫) સંતોની કૃપા થાય તો ..... હોય તે પણ ..... થાય છે.

પ્રશ્ન-૫ 'દીનમાંથી દિવાન' આ પાઠમાંથી તમે શું 'બોધપાઠ' લીધો.

.....

.....

સભા-૨૪ : ભક્ત જયદેવની ક્ષમા

એક નગરમાં **જયદેવ** નામના **બ્રાહ્મણ** ભક્ત રહેતા હતા. તેઓ **ગરીબ** માણસોને અન્ન-વસ્ત્રાદિક આપતા અને ભજન કરતા. એક સમયે **દુષ્કાળ** પડ્યો તેથી લોકો અનાજ વિના ભૂખના દુ:ખથી મરવા લાગ્યા. તે દુ:ખ જોઈ જયદેવ ભક્ત બીજા નગરમાં રહેતા પોતાના **શિષ્યો** પાસે ગયા અને ધન માટે **માંગણી** કરી. ત્યાંથી તેઓના શિષ્યોએ ઘણું **ધન** આપ્યું, તે લઈને પોતાના ગામમાં **આવતા** હતા ત્યારે રસ્તામાં **ચાર ચોર** મળ્યા. જયદેવ તેઓને **ઓળખી** ગયા તેથી માગ્યા વિના બધું ધન આપી દીધું.

પછી ચોરોએ વિચાર કર્યો કે- **"જયદેવને મારી નાખીએ, નહિતર રાજાને કહી દેશે."** આ રીતે નક્કી કરી જયદેવ ભક્તના **હાથ-પગ કાપીને ઊંડા ખાડામાં ફેંકી દીધા.** છતાં પણ જયદેવે તે ચોર પ્રત્યે **કુભાવ** ન કર્યો. તે સમયે ત્યાંથી **રાજા** નીકળ્યા. તેણે જયદેવને જોયા, તેથી તેઓ **રાજ્યમાં** લઈ ગયા અને રાજ્યના **ગુરુ** બનાવ્યા.

પછી **ફરીને દુષ્કાળ** પડ્યો તેથી રાજાએ **સદાવ્રત** ખોલ્યુ અને જયદેવ ભક્તની આજ્ઞા પ્રમાણે અન્ન-વસ્ત્રાદિક દેવા લાગ્યા. તે સમયે **પેલા ચોર** હતા તેઓ **સાધુના કપડાં** પહેરીને સદાવ્રત લેવા આવ્યા. તેથી **જયદેવ તેમને ઓળખી** ગયા અને **ચોર પણ ઓળખી ગયા.**

જયદેવને જોઈ ચોર **ગભરાયા** અને પરસ્પર કહેવા લાગ્યા : "જયદેવ તો **રાજાના ગુરુ** બની ગયા છે, માટે આપણને પકડાવીને ફાંસીએ ચઢાવશે."



આ બાજુ જયદેવ ભક્તે વિચાર કર્યો : "અરે ! આ લોકો તો મારાથી ગભરાઈ ગયા છે. મને તો તેઓએ હાથ-પગ વિનાનો કરી દીધો, પરંતુ તેઓ મારાથી દુ:ખી ન થાય તેમ મારે કરવું જોઈએ. વળી, રાજાને હું વાત કરીશ તો રાજા તેઓને **મારી** નાખશે. તો તો મારું **ભક્તપણું** લાજે. અને જવા દઈશ તો તેઓ બીજા કેટલાય **નિર્દોષ લોકોને** મારી જેમ હાથ-પગ વિનાના કરી નાખશે. માટે તેઓ પણ સુખી થાય અને બીજા લોકોને પણ દુ:ખી ન કરે એવું કરી દઉ."

ક્ષમાનિધિ જયદેવ ભક્તે આમ વિચારી **ઘઉંના ગાડાં** ભરાવીને **ખેડૂતોને** કહ્યું કે- **"આ સંતો કહે ત્યાં આ ઘઉં મૂકી આવો."** પછી ચોરોની સાથે ખડૂતો ચાલ્યા. ત્યારે ખેડૂતોએ સાધુ બનેલા ચોરોને પૂછ્યું: **"તમારા ઉપર જયદેવજી આટલા બધા કેમ રાજી થઈ ગયા? કે ઘઉંના ગાડાં તમારા માટે મોકલ્યા.** ત્યારે કૃતઘ્ની એવા ચોર બોલ્યા : "જયદેવ જાતનો **ઉતરતી જ્ઞાતીનો** છે. તે રાજાના ગુનામાં આવ્યો હતો ત્યારે અમોએ તેને **છોડાવ્યો** હતો. પછી તે ભાગીને અહીંયાં આવતો રહ્યો ને રાજાને **ભોળવી** તેનો **ગુરુ** બની ગયો છે. આ વાત અમો રાજાને કહીએ નહિ તે માટે **લાંચ** તરીકે તેણે અમોને ઘઉંના ગાડાં આપ્યા છે."

ક્ષમાશીલ અને મહાન ભક્ત જયદેવને **ઉતરતી જ્ઞાતીનો** કહ્યા અને **ખોટું કલંક** નાખી વાત કરી તેથી પૃથ્વીથી સહન ન થયુ, તુરંત જમીન ફાટી અને ચારે ચોર અંદર ઉતરી ગયા. પછી જમીન સરખી થઈ ગઈ.

આવું **આશ્ચર્ય** જોઈ ખેડૂતોએ રાજ્યમાં આવી જયદેવ ભક્તને વાત કરી. પોતાના કારણે ચાર ચોરોનાં મોત થયાં તેવું સાંભળી જયદેવ રડી પડ્યા અને **ઠુંઠા હાથ-પગ પૃથ્વી ઉપર ઘસવા લાગ્યા.** ત્યાં તો આશ્ચર્ય થયું, **જયદેવ ભક્તના હાથ-પગ પ્રથમની જેમ થઈ ગયા! ભગવાને તેઓની ક્ષમા જોઈને હાથ-પગ સારા કરી દીધા.**

જયદેવ ભક્તની કથા કેટલી બધી આશ્ચર્યકારી છે? કે જેઓએ **અપકાર** કરનાર ઉપર **ઉપકાર** કર્યો. અને અપકારી કમોતે મુવા ત્યારે પણ અતિ દુ:ખ થયું, તેથી ઠુંઠા હાથપગ ઘસવાં લાગ્યા!

શુકદેવજી મહારાજને પણ **હસ્તિનાપુરમાં** દૂર્જન લોકોએ **કાદવ-કીચડ** અને **પથ્થર માર્યા** હતા, છતાં પણ તેઓએ દુર્જનોનું **બુરુ** થાય એવો **સંકલ્પ કર્યો** ન **હતો**.

જડભરતની વાત, ભાગવતજીના પાંચમા સ્કંધમાં આવે છે કે - તેઓને મારવા માટે દેવી આગળ લઈ ગયા તોપણ **ભીલોનું** અહિત થાય એવા સંકલ્પ કર્યો ન હતો.

વિવેકાનંદસ્વામી એકવાર ટ્રેનમાં બેસી બીજા શહેરમાં જતાં હતાં. ત્યારે દૂર્જનોએ તેઓને ખૂબ ગાળો દીધી હતી અને અપમાન કર્યું હતું છતાં પણ તેઓએ સહન કર્યું હતું અને ક્ષમા રાખી હતી.

બોધપાઠ : જે ક્ષમા આપે છે તે મહાન છે. જે ક્ષમા મંગાવે છે તે મિથ્યાભિમાની છે. ક્ષમા એ વીરનું આભૂષણ છે.

● આટલું યાદ રાખો :

(૧) 'ક્ષમા કરવાથી પોતાના હૈયામાં અખંડ શાંતિ વર્તે છે, ને આનંદના ફુવારા છૂટે છે અને મોટા પુરુષ રાજી થાય છે.'

● તમે શું કરશો ?

(૧) ઘરે જો નાનો ભાઈ તમારાં રમકડાં તોડી નાખે, પુસ્તકો ફાડે, ☞ તો શું કરશો?

(૨) તમારો મિત્ર જો કોઈ ભૂલ કરે, ☞ તો તમે શું કરશો?

(૩) તમારી સાથે ભણતો વિદ્યાર્થી કંઈ ખોટું કાર્ય કરી નાખે, ☞ તો તમે શું કરશો?



સત્સંગ સંસ્કાર વિભાગ

પ્રામાણિકતા યુક્ત વર્તન

(૧) રસ્તામાં જતાં કે આવતાં કોઈની વસ્તુ પડેલી હોય તો તેને આપણે આપણા ઉપયોગ માટે ન જ લેવી. કોની છે એ ખબર ન હોય કે પહોંચાડી શકીએ તેમ ન હોય તો અડવું જ નહિં.

(૨) કોઈની વસ્તુ જોઈતી હોય તો પૂછ્યા વિના ન લઈએ.

(૩) આપણને જે કાંઈ કામ સોંપ્યું હોય કે સેવા સોંપી હોય તે આપણે નિષ્ઠાપૂર્વક કરવી જોઈએ. ખાલી કરવા ખાતર કરી જેમતેમ પતાવી ન દેવી.

(૪) આપણા ઉપર વિશ્વાસ મૂક્યો હોય તેનો વિશ્વાસઘાત કદી ન કરવો જોઈએ.

(૫) આપણને કોઈ સેવા, જવાબદારી સોંપી હોય તેમાંથી આપણે છટકી જવાનો કે બીજાને માથે ઢોળી દેવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.

(૬) આપણાથી કોઈ ભૂલ થઈ હોય તો તેનો આરોપ કદી બીજાના માથે ન નાખવો જોઈએ.

(૭) સંતો કે વડીલો આપણને સેવા બતાવે તો સેવા ન કરવા માટે ખોટા બહાનાં ન બતાવીએ.

(૮) આપણી દુકાન હોય તો કદી કોઈ ગ્રાહકને વજન ઓછું તોલીને ન આપીએ તેમજ છળકપટ ન કરીએ.

(૯) આપણે કોઈની સાથે છળકપટ કરી બગડેલી કે ખરાબ વસ્તુ ક્યારેય આપી ન દઈએ.

(૧૦) આપણે કોઈ ખરીદી કરી, રૂપિયાની લેવડ-દેવડ કરી અને એમાં આપણા હક કરતાં વધારાની વસ્તુ-પદાર્થ કે આવ્યા હોય તો સામે ચાલી પાછા આપી દઈએ.

(૧૧) બાળપણથી આપણે એવો સંકલ્પ કરવો જોઈએ કે હું મોટો થઈ ડોક્ટર બનું, એન્જિનિયર બનું કે બિઝનેસમેન બનું કે કંઈ પણ કરું પરંતુ તેમાં કદી અણહકનો પૈસો નહિ જ લઉં.

(૧૨) સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ આપણી આવકમાંથી દસ ટકા ધર્માદો કાઢવો એ પણ આપણી પ્રામાણિકતાના જ સંસ્કાર છે.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ભક્ત જયદેવની કઈ જ્ઞાતિ હતી?

( ) A - બ્રાહ્મણ ( ) B - ક્ષત્રિય

( ) C - વૈશ્ય ( ) D - ક્ષુદ્ર

(૨) ભક્ત જયદેવ બીજા નગરમાં શા માટે ગયા હતા?

( ) A - અન્ન-ધન માટે ( ) B - ગાય-ભેંસો માટે

( ) C - કમાવવા માટે ( ) D - રહેવા માટે

(૩) ભક્ત જયદેવને રસ્તામાં કેટલા ચોર મળ્યા?

( ) A - આઠ ( ) B - બે

( ) C - ચાર ( ) D - દશ

(૪) દુષ્કાળના સમયે રાજાએ શું ચાલુ કરાવ્યુ?

( ) A - મહાવ્રત ( ) B - અન્નક્ષેત્ર

( ) C - પાણીની પરબ ( ) D - સદાવ્રત

(૫) જડ ભરતજીની વાત ક્યાં આવે છે?

( ) A - શ્રીમદ્ ભાગવત ( ) B - શ્રીમદ્ સત્સંગિજીવન

( ) C - મહાભારત ( ) D - શિક્ષાપત્રી

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

(૧) ચોરોએ જયદેવ સાથે શું કર્યું?

---

(૨) સદાવ્રતમાં આવેલ ચોરોને જોઈ જયદેવે શું વિચાર્યું ?

---

(૩) ચોર કયો વેશ ધારણ કરી સદાવ્રત લેવા આવ્યા હતાં?

---

(૪) કૃતઘ્ની ચોરોએ ખેડૂતોને શું કહ્યું?

---

(૫) આ પાઠમાંથી તમે શું શીખ્યા છો? જણાવો.

પ્રશ્ન-૩ નીચેની ખાલી જગ્યા પુરો.

(૧) ક્ષમાએ ..... નું ભૂષણ છે.

(૨) ચોરોએ જયદેવ પર કલંક નાખ્યું તે ..... થી સહન ન થયું.

(૩) હસ્તિનાપુરમાં લોકોએ .....નું અપમાન કર્યું.

(૪) .....એ ભીલોનું અહિત થાય તેવો સંકલ્પ પણ ન કર્યો.

(૫) ટ્રેનમાં દુર્જનોએ .....નું અપમાન કર્યું.

પ્રશ્ન-૪ નીચેના વાક્યો સારા અક્ષરે લખો.

(૧) જે ક્ષમા આપે છે તે મહાન્ છે. ☞----------

(૨) જે ક્ષમા માંગાવે છે તે મિથ્યાભિમાની છે.☞----------

(૩) ક્ષમા એ વીરનું આભૂષણ છે. ☞----------

(૪) નિર્માણીપણું, ધીરજ અને ક્ષમા ભક્તનો શણગાર છે.

☞----------

(૫) ક્ષમા થકી ઈશ્વર રાજી થાય, ક્ષમા થકી વિશ્વ બધુ જિતાય.

☞----------

સભા-૨૫ : કેટલીક કુટેવો

જીવનમાં કેટલીક ક્રિયાઓ એવી થાય છે કે જેનાથી આપણા જીવનની **અધોગતિ** (પડતી) થતી હોય છે. એવા **દુર્ગુણો** કે **ક્રિયાઓ એ જ કુટેવો.**

કુટેવો પડવાનું મુખ્ય કારણ ઘરનું-સમાજનું, આડોશી-પાડોશીનું **વાતાવરણ** અને **સંગ** છે. માટે જ **સંગશુદ્ધિનું** મહત્ત્વ ખૂબ સમજવું જરૂરી છે.

કેટલાંક બાળકોને નાનપણથી કંઈક **ચોરવા**ની કુટેવ હોય છે. 'શાળામાં કોઈની પેન્સિલ, રબર, પેન કે નોટ લઈ લેવી, કોઈનો નાસ્તો કરી જવો' આવું બધું બને છે. જોકે શરુઆતમાં આ બધું મજાક કે મશ્કરીમાં કદાચ થતું હોય પણ પછી તે **ટેવ** પડતાં **દોષ વધે** છે. પછી તો પોતાના જ ઘરમાંથી માતાપિતા કે ભાઈ-બેનના ખિસ્સામાંથી, પાકીટમાંથી કે કબાટમાંથી પૈસાની ચોરી કે ઘરમાં ખાવાની કોઈ વસ્તુની ચોરી થાય છે. જો આટલાથી આ કુટેવને ન રોકીએ, તો જેમ કહેવત છે કે **"જે માખી મારે એ માણસ મારે"** એ પ્રમાણે ભવિષ્યમાં જરૂર તે મહાચોર થવાનો.



આવી ટેવ મુખ્યત્વે તેવા ખરાબ મિત્રોના કુસંગથી પડે છે. તેનાં સંગે બહારનું ખાવાનું-પીવાનું, રખડવાનું, નાટક-સિનેમા જોવી, પાન-બીડી-મસાલા વાપરવા અને એથી આગળ વધીને ઘણી કુટેવોનો ભોગ થવાતું હોય છે. આ બધું કરવા માટે **જૂઠું બોલવાની કુટેવ** પણ પડે છે. એક વખતના અસત્યને છુપાવવા, સો વખત અસત્ય બોલવું પડે છે. માટે પ્રતિજ્ઞા લેવી કે ક્યારેય ખોટું ન બોલવું.

કોઈની **મજાક કે મશ્કરી કરવી** એ પણ એક જાતની **કુટેવ** છે. કેટલાક અસંસ્કારી બાળકો તેમના વૃદ્ધ દાદા-દાદીની જેમ વાંકા-વાંકા ચાલીને, આંધળા હોય તેમ લટકાં કરીને મશ્કરી કરતા હોય છે.

એક વખત શ્રીજીમહારાજ પાસે એક ભક્ત તેમના છોકરાને લઈ આવ્યા ને ફરિયાદ કરી કે, "મહારાજ ! આ મારો છોકરો આંખે દેખતો નથી, તો આપ એની ઉપર દયા કરો ત્યારે અંતર્યામી એવા મહારાજે કહ્યું, **"એણે ગયા જન્મમાં એક આંધળા ભક્તની મશ્કરી કરેલી એ અપરાધે, તે આ વખતે આંધળો થયો છે."**

બાળ મિત્રો ! માટે જ ક્યારેય કોઈ ખોડખાંપણવાળા બહેરાં કે લૂલા-લંગડા કે આંધળા જનોની મશ્કરી ન કરવી. નહિ તો બીજે જન્મે આપણી પણ એવી જ દશા થાય.

બાળકો ક્યારેક કોઈની મશ્કરી કરી **'એપ્રિલ ફૂલ'** બનાવે છે. આ પણ એક ખોટી કુટેવ છે. આપણે ભગવાનના બાળકો માટે એ બરાબર નથી.



કેટલાંક બાળકોને **અપશબ્દો-ગાળો** બોલવાની કુટેવ હોય છે. વાતે વાતે બહાર અને ઘરમાં ગાળો બોલતા હોય છે. આ કેટલી **અસભ્યતા** કહેવાય ! કોઈ આપણા માટે કેવો અભિપ્રાય બાંધશે? **જે મુખમાં 'સ્વામિનારાયણ'નું નામ શોભે, તે મુખમાંથી ગાળ નીકળે કેમ?** વધુ પડતું જરૂરી અને બિનજરૂરી બોલબોલ કરવાની ટેવ પણ નુકસાનકારક છે. એની ગણતરી **'દોઢડાહ્યા'**માં અને **'અખતરડાહ્યા'**માં થાય છે.

કેટલાંક બાળકોને એકની વાત જાણીને બીજાને કહેવાની, અને બીજાની વાત ત્રીજાને કહેવાની **ચાડી-ચુગલી** કરવાની કુટેવ હોય છે. જેનાથી ક્યારેક એકબીજામાં મોટો **વિખવાદ** સર્જાતો હોય છે.વળી, એકબીજાનો **દ્રોહ** કે **નિંદા** કરવાની કુટેવ પણ ઘણાંને હોય છે જે ઘણી નુકસાનકારક છે. પછી લોકોને એમ જ થાય કે આ તો બધાનું આમ જ બોલે છે. એટલે વિશ્વાસ ગુમાવી દેવાય છે.

કેટલાંક બાળકોને **સવારમાં મોડે સુધી સૂઈ રહેવાની કુટેવ** હોય છે. એટલે ઊઠતાં જ મહારાજની આજ્ઞા લોપની શરૂઆત કરીને ઊઠે છે.

જ્યાંત્યાં **થૂંકવાની** કે **મળ-મૂત્ર** કરવાની ટેવ પણ બહુ ખોટી કુટેવ છે. માટે જો મહારાજના પ્રિયપાત્ર થવું હોય તો આ બધી કુટેવોને તિલાંજલિ આપવી જોઈએ.

સત્સંગ સંસ્કાર વિભાગ

વિનયેયુક્ત વર્તન

(૧) જીવનમાં કદી કોઈનીય આગળ જૂઠું ન બોલાય.

(૨) ક્યારેય કોઈનેય ગાળ કે અપશબ્દો આપણાથી ન બોલાય.

(૩) સામેવાળો ચિડાય કે દુઃખી થાય એવી વાણી ન બોલવી જોઈએ. સૌને ગમે એવી મધુર વાણી બોલવી જોઈએ.

(૪) કોઈને 'તું' કારે ન બોલાવીએ. દરેકને માન આપીએ અને તેમના નામની પાછળ 'ભાઈ' કે 'બહેન' શબ્દ અચૂક લગાવીએ.

(૫) બે વ્યક્તિ બોલતી હોય ત્યારે આપણે વચ્ચે ન બોલીએ.

(૬) આપણને કોઈએ કંઈ પૂછ્યું હોય તો તેનો સાચો અને વિવેકપૂર્ણ જવાબ આપીએ. પરંતુ આડો-અવળો ઉત્તર ન આપીએ.

(૭) દરેકમાંથી હંમેશાં ગુણ લેવાની દૃષ્ટિ કેળવીએ. અન્યના જીવનમાં જે કાંઈ સારું છે તેનો આપણા જીવનમાં અમલ કરીએ.



(૮) કોઈ પણ ઘરમાં, ઓફિસમાં કે રૂમમાં પ્રવેશતાં પહેલાં ડોરબેલ વગાડીએ અથવા બારણાં ઉપર ટકોરા મારીને (ખખડાવીને) પરવાનગી લઈ અંદર પ્રવેશીએ.

(૯) કોઈ પણ ધર્મ-સંપ્રદાય કે ધાર્મિક ગુરુઓ કે સંતો માટે ખરાબ બોલવું નહિ કે કોઈનું ખરાબ ઈચ્છવું નહિ તેમજ કોઈની ટીકા-ટિપ્પણી કરવી નહિ.

(૧૦) કોઈપણ વસ્તુની કદી ચોરી ન કરવી જોઈએ.

(૧૧) કોઈએ આપણને નાનીમોટી કંઈ પણ મદદ કરી હોય તો તેમનો અચૂક આભાર માનીએ. "Thank You" કહેતાં શીખીએ.

(૧૨) આપણાથી કંઈ ભૂલ થઈ ગઈ હોય કે કોઈને બોલાઈ ગયું હોય તો સામે ચાલી વિના સંકોચે માફી માંગી લઈએ.


(૧૩) કોઈ પશુ, પંખી અને જીવજંતુને ક્યારેય ન મારીએ તેમજ તેમને કદી ઈજા ન પહોંચાડીએ.

(૧૪) કોઈની ખાનગી વાત જાણવા માટે કે જોવા માટે આપણે પ્રયત્ન ન કરવો જોઈએ.

(૧૫) ઊઠવા-બેસવામાં ને સૂવામાં આપણે આપણાં કપડાંનું ધ્યાન રાખીએ.

(૧૬) આપણાથી મોટા બેઠા હોય તો તેમની મર્યાદા (અદબ) રાખીએ.

(૧૭) લજ્જા (શરમ)એ ભક્તની શોભા છે માટે નિર્લજ્જ વાણી વર્તન ન કરીએ



(૧૮) નવરા સમયે રખડવા કે ગામગપાટા ન મારવા - ભજન - ભક્તિ, સંતસમાગમ કરીએ.

(૧૯) મોબાઈલ ફોનનો બિનજરૂરી ઉપયોગ ન કરીએ.

(૨૦) સાંતો-ભક્તો ની આગળ ઊંચા આવજે ક્યારેય વાત ન કરીએ....



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

(૧) અધોગતિ થવાનું કારણ શું છે?----------

(૨) કુટેવો પડવાનું કારણ શું છે? ----------

(૩) આપણે કેવી વાણી બોલવી જોઈએ? ----------

(૪) કોઈના ઘરમા, રૂમમાં કે ઓફિસમા પ્રવેશતા પહેલાં શું કરવું જોઈએ?

---

(૫) ભક્તની શોભા શું છે?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ચોરી કરવી એ શું છે?

( ) A - કુટેવ ( ) B - અપરાધ

( ) C - સુટેવ ( ) D - સહજતા

(૨) કુટેવોને છોડવાથી શું થવાય છે?

( ) A - મહારાજને પ્રિય ( ) B - સમાજમા આદર્શ

( ) C - પ્રખ્યાત ( ) D - બદનામ

(૩) જે મુખમાં ભગવાનનું નામ હોય તે મુખમાં શું ન શોભે?

( ) A - ગાળ ( ) B - અન્ન

( ) C - અપશબ્દો ( ) D - જળ

(૪) એક વખત અસત્યને છુપાવતા કેટલી વાર અસત્ય બોલવું પડે છે.?

( ) A - ૧૦૦ વાર ( ) B - ૧૦ વાર

( ) C - ૧૦૦૦ વાર ( ) D - ૧ વાર

(૫) આપણાથી ભૂલ થાય તો શું કરવું જોઈએ?

( ) A - ખીજાવું ( ) B - માફી માંગવી

( ) C - છુપાવવુ ( ) D - સામે બોલવું

પ્રશ્ન-૩ નીચે આપેલા વાક્યો વાંચી તમારૂ પોતાનું સ્વમુલ્યાંકન કરો અને 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) તમે ગાળ બોલો છો? ☐ (૨) તમે ચોરી કરો છો? ☐

(૩) તમે પૂજા કરો છો? ☐ (૪) તમે માતા-પિતાને પગે લાગો છો? ☐

(૫) તમે જુઠ્ઠુ બોલો છો? ☐ (૬) તમે બજારનું ખાવ છો? ☐

(૭) તમારે ભજનનું નિયમ છે? ☐ (૮) તમે સંત સમાગમ કરો છો? ☐

(૯) તમે માનસીપૂજા કરો છો? ☐ (૧૦) તમે કુટેવો છોડી દેશો? ☐

(૧૧) તમે લડાઈ-ઝઘડા કરો છો? ☐ (૧૨) તમે શાંત સ્વભાવવાળા છો? ☐

(૧૩) તમે ક્રોધી સ્વભાવવાળા છો? ☐ (૧૪) તમને સંતો-ભક્તો ગમે છે? ☐

(૧૫) નિયમિત બાળસભામાં જાવ છો? ☐ (૧૬) તમે ભુલો છોડવા માંગો છો? ☐

(૧૭) તમે ભણવામાં ધ્યાન આપો છો? ☐

(૧૮) તમે આદર્શ (સારા) બનવા માંગો છો? ☐

(૧૯) તમે મોટા આગળ હાથ જોડીને વાત કરશો? ☐

(૨૦) કોઈ મદદ કરે ત્યારે 'Thank you' કહો છો? ☐

સભા-૨૬ : લોયાધામના સુરાખાચર

લોયા ગામના **સુરાખાચર** એટલે શ્રીહરિના **પરમ સખા**. પોતાના ઈષ્ટદેવને વિષે તેઓ **અસાધારણ સ્નેહથી** જોડાઈ ગયા હતા ને સમગ્ર જીવન **સત્સંગપરાયણ** કરી દીધું હતું.



તેઓ શરીરે ભારે **સ્થૂળ** હતા. માથે મોટી **પાઘ** બીજા રાજાઓ કરતાં તદ્દન જુદા પ્રકારની બાંધતા. તેઓ **બોલવામાં** એવા તો **કુશળ** હતા કે સામે ગમે તેવો રાજા હોય, જોગી-જતિ હોય, પણ અવસર જોઈને એવું વચન બોલે કે જરૂર તેને **હસવું** જ આવે. બીજાને **હાસ્યરસમાં** ડુબાડી દે પણ પોતે બિલકુલ હસે નહિ.

શ્રીહરિના પરમ સખા હોવા છતાં શ્રીહરિના સંતોને મન, કર્મ, વચને નમે. અંતરમાં લેશપણ કપટ કે કુટિલતા નહિ એવા સરળ સ્વભાવના તેઓ હતા. તેમને વ્યવહારમાં અનેક મુશ્કેલીઓ આવી, પણ કોઈ દિવસ તેમની ધીરજ ડગી નહિ.

એક વખત સુરાખાચર **લોયામાં** પોતાના ઘરમાં સૂતા હતા. તે સમયે ચોરોએ આવીને ઘરમાં બાકોરું પાડ્યું ને તેમનો મોટો **પટારો** ચોરી ગયા. પોતાના અનન્ય ભક્તની અખંડ રક્ષામાં રહેલા શ્રીહરિએ એ પટારામાં એવું **વજન** મૂકી દીધું કે ચોરો ગામની ભાગોળથી વધુ દૂર તે લઈ જઈ શક્યા નહિ. અજવાળું થતાં સૌ જાગી જશે એ બીકથી પટારો મૂકીને ચોર તો ભાગી ગયા. ભાગોળથી પસાર થતા સૌએ પટારો જોયો ને તપાસ કરતાં **'આ તો સુરા ખાચરનો છે'** એવું માલૂમ પડ્યું. સૌએ સુરાખાચરને સમાચાર આપ્યા. સુરા ભક્તને તો વહેલા ઊઠવાની ટેવ હતી. તેથી તેમણે જોયું તો પટારો ગુમ થયો હતો, પરંતુ તે **પાછો મળ્યો છે** - તે સમાચાર આવ્યા તેથી તેમના ધર્મપત્ની શાંતિબાએ કહ્યું : **આપણો પટારો તો જવાનો જ હતો, પણ શ્રીજી મહારાજની દયાથી તે પાછો મળ્યો છે. તો સંકલ્પ કરો કે તેમાંથી બધી રકમ શ્રીજીમહારાજની સેવામાં વાપરવી.'**

ભગવાનના ભક્તની બધી જ ક્રિયા પોતાના ઈષ્ટદેવની પ્રસન્નતા માટે જ હોય છે. **શાંતિબાને** શ્રીહરિ પ્રત્યે એવી અનન્ય ભક્તિ હતી.



તપાસ કરતાં જણાયું કે પટારો **અકબંધ** હતો. **તે ઘેર** લાવ્યા. શાંતિબાએ સુરા ભક્તને કહ્યું : **"જાઓ, શ્રીજીમહારાજને અહીં બોલાવી લાવો. શ્રીજી મહારાજે આપણી બહુ જ રક્ષા કરી છે.'**

તે વખતે શ્રીહરિ **કારિયાણી વસ્તાખાચરના દરબારમાં** બિરાજમાન હતા. સુરાખાચર **કારિયાણી** ગયા અને શ્રીહરિને **લોયા પધારવા વિનંતી** કરી તે સમે **દાદાખાચરે** પણ શ્રીહરિને વિનંતી કરતાં કહ્યું : **'મહારાજ ! લક્ષ્મી વાડીમાં રીંગણાં સારાં થયાં છે.** અમે જાતે તૈયાર કર્યા છે. રીંગણાં બહું સમય રહેશે નહિ, માટે તે જમ્યા પછી બીજે જવાનું રાખો.'

થોડી વાર પછી ફરી બોલ્યા : 'મહારાજ ! લોયા ગામમાં ઘી-દૂધ ક્યાં મળે છે? સારું શાક પણ ત્યાં મળતું નથી. માટે ગઢડા જ પધારો.'

આ સાંભળી સુરા ભક્તના તમામ મનોરથ ભાંગી પડ્યા; પણ સુરાખાચર તો **હાજરજવાબી** હતા. તેમણે તરત જ કહ્યું : **'મહારાજ ! દાદાખાચર ભૂલા પડ્યા.** આપના ગુણ ગાવાનું મૂકી રીંગણાંના ગુણ ગાવા માંડ્યા. પણ મહારાજ ! આપ તો ગરીબનિવાજ છો. માટે લોયા આવો તો સારું.' અનન્ય **સખાભાવના** આવા રમૂજી પ્રસંગોથી શ્રીહરિ રાજી રહેતા. શ્રીહરિ તેમની ભક્તિને વશ થઈ બોલ્યા: "જાઓ, **અમે લોયા આવીશું.'**



આસપાસનાં ગામડાંઓમાં સૌને જાણ થતાં જ બીજે દિવસે **સાઠ મણ (૧૨૦૦ કિલો) રીંગણાં** ગાડામાં ભરી હરિભક્તો લઈ આવ્યા. **પ્રેમીભક્તોને વશ થઈ શ્રીહરિએ જાતે રીંગણાંનું શાક બનાવ્યું. અઢાર મણ (૩૬૦ કિલો) ઘીનો વઘાર કર્યો.** શ્રીહરિ હળદરવાળા હાથે, મોટા તાવેથાથી શાક હલાવતા હોય! આ અદ્‌ભુત દર્શન તો મોટા મોટા દેવતાઓને પણ દુર્લભ હતું. બાજરાના **રોટલા** તૈયાર કરાવ્યા. સૌને જાતે પીરસી, શ્રીહરિએ આ દિવ્ય લીલાથી જીવનભરની અદ્‌ભુત સ્મૃતિ સૌ ભક્તોને આપી. **શ્રીહરિના હાથનું બનાવેલું શાક અને વળી શ્રીહરિ જાતે પીરસે,** તેથી શાકમાં સ્વાદ જ અદ્‌ભુત હતો. **સૌ શાક જ જમ્યા.**

શાંતિબા તથા સુરાખાચરની ભક્તિને વશ થઈ શ્રીહરિ બે માસ ત્યાં રહ્યાં. આ **નાનકડા ગામમાં** પણ **આત્મા-પરમાત્મા** અને **બ્રહ્મ-પરબ્રહ્મની તાત્ત્વિક વાતો** કરી શ્રીહરિએ સૌને **સુખમાં તરબોળ** કરી દીધા, જેનો **લોયાનાં વચનામૃત** વાંચતા સૌને સહેજે ખ્યાલ આવશે.

આ ભક્તરાજ શાસ્ત્રની આંટીઘૂંટીમાં કાંઈ સમજે નહિ, પણ શ્રીહરિને વિષે અતિશય સ્નેહે કરીને સત્સંગમાં રસબસ થઈ ગયા હતા. તેથી સત્સંગની ધર્મમર્યાદા સહેજે પાળતા થઈ ગયા. પોતે બ્રહ્મચર્યવ્રત દૃઢપણે પાળતા. કોઈ તેમને લેશપણ ડગાવી શકે તેમ નહોતું.

આવા અનન્ય ભક્તરાજને શ્રીહરિ વશ વર્તે તેમાં શું આશ્ચર્ય !

સત્સંગ સંસ્કાર વિભાગ

મંદિરમાં આપણું વર્તન

(૧) જો આપણા ઘરથી મંદિર નજીક હોય તો દરરોજ મંદિરે દર્શનનો નિયમ રાખવો જોઈએ. અને એમાંય જો ચાલતાં મંદિરે જઈએ તો આપણા ઉપર મહારાજનો વિશેષ રાજીપો થાય છે.


(૨) મંદિરમાં જઈએ ત્યારે સૌપ્રથમ મહારાજની મૂર્તિ તરફ પાંચ દંડવત્ કરવા અને ત્યારબાદ પ.પૂ. ગુરૂજીના આસન તરફ પાંચ દંડવત્ કરવા જોઈએ. ત્યારબાદ પૂ.સંતોના આસને દર્શન કરવાં જોઈએ.

(૩) દર્શન ઉતાવળાં ન કરીએ કે ડાફોળિયાં મારતાં મારતાં ન કરીએ. એક નજરે મહારાજના દર્શન કરીએ, મૂર્તિ સમક્ષ આંખ બંધ કરી તથા બે હાથ જોડી પ્રાર્થના કરીએ. દર્શન માટે ઓછામાં ઓછી પાંચ મિનિટનો સમય તો કાઢવો જ જોઈએ.

(૪) મંદિર એ શાંત અને પવિત્ર સ્થાન છે. માટે ત્યાં દોડાદોડ ન કરીએ, બૂમો ન પાડીએ, ગાળાગાળી કે ઝઘડા-કંકાસ ન કરીએ.

(૫) મંદિરમાં ઉગાડેલા ફૂલ ન તોડીએ, છોડ કે વૃક્ષોને ન કાપીએ તથા કેમ્પસમાં ક્યાંય ગંદકી ન કરીએ.

(૬) મંદિરની બહાર બુટ-ચંપલ લાઈનમાં જ મૂકીએ.



(૭) મંદિરને તથા મંદિરના કેમ્પસને સ્વચ્છ રાખવામાં મદદરૂપ થઈએ. મંદિરમાં કચરો વાળીએ તેમજ પોતું કરીએ તથા સંડાસ-બાથરૂમની સ્વચ્છતા કરીએ વગેરે સેવા કરવી જોઈએ.

(૮) મંદિરમાં જરૂર પૂરતાં જ લાઈટ, પંખા, નળ વાપરીને ઉપયોગ પૂર્ણ થયા પછી ખટકાથી તેને બંધ કરી દઈએ તથા કોઈ વસ્તુને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખીએ.

(૯) મંદિરમાં જઈએ ત્યારે ખાલી હાથે ન જવું જોઈએ. કંઈક ધનનું દાન કરીએ અથવા મહારાજના થાળ માટે ધાન્ય કે ફળ લઈ જઈએ.

(૧૦) મંદિરમાંથી કોઈ વસ્તુ પુછ્યા વગર લઈ ન લેવાય. કંઈ પણ લેવું હોય તો યોગ્ય વ્યક્તિને પૂછવું જોઈએ.

(૧૧) મંદિરમાં સેવા કરવા માટે કે રમતગમત માટે રોકાવું હોય તો માતા-પિતાની અનુમતિ લઈને જ રોકાવું જોઈએ.

(૧૨) મંદિરે દર્શન માટે આવેલા દર્શનાર્થી સાથે અવિવેકી વર્તન ન કરવું જોઈએ.

(૧૩) મંદિરમાં સ્ત્રી-પુરુષોએ સત્સંગની મર્યાદામાં વર્તવું. એટલે કે છોકરાં-છોકરીઓએ પરસ્પર જરૂર વગર વાત ન કરવી જોઈએ. તેમજ સ્પર્શ પણ ન કરવો જોઈએ.

(૧૪) ઘરથી મંદિર નજીક હોય તો ઉત્સવ-સભૈયા તેમજ મંદિરે દર્શનનો મિશ્રવર્તુળને લાભ લેવડાવવા આગ્રહ રાખવો જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) સુરાખાચર કોણ હતા? અને કયાંના હતા?

---

(૨) સુરાખાચરની વિશેષતા શી હતી?

---

(૩) સુરાખાચરના ધર્મપત્નીનું નામ શું હતું?

---

(૪) લોયાધામના શાકોત્સવમાં કેટલા રીંગણા અને ઘી હતું?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સુરાખાચરના ઘરે શેની ચોરી થઈ?

( ) A - તલવાર ( ) B - ભેંસ

( ) C - પટારો ( ) D - ઘોડી

(૨) શ્રીજી મહારાજને લોયા કોણ તેડી લાવ્યુ?

( ) A - શાંતિબા ( ) B - સુરાખાચર

( ) C - લાડુબા ( ) D - વસ્તાખાચર

(૩) શ્રીજી મહારાજના સખાભક્ત કોણ હતા?

( ) A - ઈચ્છારામ ( ) B - સુરાખાચર

( ) C - રામપ્રતાપ ( ) D - બ્રહ્માનંદસ્વામી

(૪) શ્રીજી મહારાજે લોયાધામમાં કયો ઉત્સવ કર્યો?

( ) A - પાટોત્સવ ( ) B - રંગોત્સવ

( ) C - શાકોત્સવ ( ) D - રાસોત્સવ

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(લોયા, ગઢપુર, શાંતિબા, સુરાખાચર, દાદાખાચર, વસ્તાખાચર, વડતાલ, રસોયા)

(૧) કારિયાણી ગામના .....ભક્ત હતા.

(૨) ગઢપુર ગામના .....ભક્ત હતા.

(૩) લોયાગામના .....સ્ત્રી ભક્ત હતા.

(૪) લક્ષ્મીવાડી .....માં આવેલ છે.

(૫) શ્રીજી મહારાજે લોયાધામમાં .....જેવું રૂપ ધારણ કર્યું હતું.

પ્રશ્ન-૪ નીચે આપેલ 'વિષયો' પર પાંચ વાક્યો લખો.

(૧) લોયાધામ

.....

.....

.....

.....

(૨) સુરાખાચર

.....

.....

.....

.....

.....

સભા-૨૭ : સારંગપુરના કષ્ટભંજનદેવ

કાઠીયાવાડમાં **બોટાદ** પાસે આવેલું **સારંગપુર** બહુ રળિયાણું નદીકાંઠાનું ગામ છે. આ ગામને ભારતમાં તો શું પણ ગુજરાતમાંય કોઈ જાણતું નહોતું. પરંતુ જ્યારે **મહાપુરુષોની કૃપા** થાય ત્યારે **વ્યક્તિ** કે **ગામની** કેવી **ઉન્નતિ** થાય છે તે આપણે જોઈએ.

વાત એમ બની કે એકવાર સ્વામિનારાયણ ભગવાનના મહાન **સંત યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી બોટાદ** પધાર્યા હતા. સંત પધારવાના સમાચાર મળતાં જ સારંગપુરના **વાઘાખાચર** હરખભેર બોટાદ પહોચ્યા. સંત દર્શન કર્યા. ગોપાળનંદ સ્વામીએ પુછ્યું: દરબાર ! **સુખી** છો ને? દરબારે સંત આગળ હૈયાની **સાચી વાત** જાણવી. સ્વામીજી અમારે તો **દુઃખના દરિયા** ઉમટ્યા છે. દુઃખ **બે** વાતનું છે. એક તો ત્રણ વરસથી **દુકાળના** વરસ ચાલે છે. એમાં જીવવું કઈ રીતે ? બીજું દુઃખ અમારા ગામમાં **સાધુ સંતો** જ આવતા નથી એટલે **સત્સંગનોય દુકાળ** છે. કરવું શું? **ન પાણી મળે કે ન સાધુ.**


વાઘા ખાચરનો ભક્તિભાવવાળો



આત્મા કકળી ઉઠ્યો. દરબારના હૈયામાંથી નીકળેલાં ઉદ્‌ગારો સ્વામીને સ્પર્શી ગયા. કરૂણા સાગર ગોપાળાનંદ સ્વામી થોડીવાર તો ધ્યાનમાં ઉતરી ગયા. પછી કહે: **દરબાર**, ચિંતા શા માટે કરો છો? અમે તમને એક **ભાઈ** આપીએ. જેથી તમારું ગામ **આર્થિક** રીતે સુખી થશે. અને ગામમાં સંતો પણ ઘણા આવશે. આમ તમારી **મુશ્કેલીઓનો અંત** આવી જશે. વાઘાખાચરના આનંદનો પાર ન રહ્યો.

સ્વામી સારંગપુર પધાર્યા. ગામના પાદરમાં કેટલાક **પાળીયા** હતા. એ પાળીયાઓ ઉપર હાથ મુકીને સ્વામીએ **શહીદ** થયેલા એ **વીરોને સદ્‌ગતિ** આપી. અને એ પાળીયામાંથી **એક પથ્થર** પસંદ કરીને **શિલ્પી** પાસે **હનુમાનજીની પ્રતિમા** તૈયાર કરાવી.

મૂર્તિ ખૂબ સુંદર અને નયન રમ્ય બની હતી. દર્શન કરતાં જ અડધાં દુઃખ કપાઈ જાય એવું **સ્વરૂપ** હતું. સંવત ૧૯૦૫ આસો વદ પંચમીનો મંગળ દિવસ ઉગ્યો. અસંખ્ય ભક્તોના દુઃખ દૂર કરવાનો સંદેશો લઈને એ દિવસનો સૂરજ ઉગ્યો. સારંગપુરમાં સંતો અને ભક્તોનો મોટો સાગર છલકાયો. **હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠાનો વિધિ** શરૂ થયો. એ દર્શન બહુ સુંદર હોય છે. એ વિધિના દર્શન કરવા એ એક અદ્‌ભૂત **લ્હાવો** હોય છે. એમાંય જ્યારે ગોપાળાનંદ સ્વામી જેવા **સિદ્ધ યોગી** મૂર્તિ પધરાવે ત્યારે અદ્‌ભૂત વાતાવરણ સર્જાય છે. વાતાવરણ હરિનામની



ધૂન્યથી ગુંજી રહ્યું હતું. એવામાં જયઘોષ સાથે સ્વામીએ **હનુમાનજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા** કરી. ભાવપૂર્વક હનુમાનદાદાને પ્રણામ કર્યા.

સ્વામીના હાથમાં એક **દંડ** હતો. સ્વામી તે **દંડને** પોતાની **દાઢી** નીચે ટેકવીને ઉભા રહ્યા. અને મૂર્તિ સામે જોઈ રહ્યા. મનોવૃત્તિ **મૂર્તિમાં** એવી **કેન્દ્રિત** કરી કે આસપાસનું સર્વ કાંઈ ભુલાઈ ગયું. સ્વામી જાણે યોગ સમાધિમાં ઉતરી ગયા! પરસ્પર આંખમાં આંખ મળી. સ્વામીએ મનથી હનુમાનજીનું **આહ્વાન** કર્યું. હે **હનુમાન દાદા!** આપ આ મૂર્તિમાં સાક્ષાત્ પધારો અને પીડિત લોકોના કષ્ટ દૂર કરો. **હે કષ્ટભંજન દેવ!** પ્રભુના ભક્તો અહીં આવે, દુઃખીયા આવે તેના દુઃખ દૂર કરો. હું સ્વામિનારાયણનો શિષ્ય આપને ભાવપૂર્વક નિમંત્રણ આપું છું. ભક્તો અને સંતો આશ્ચર્યથી આ વિધિ નિહાળી રહ્યા હતા. એવામાં સૌએ એક પરમ **આશ્ચર્ય** જોયું. હનુમાનજીની મૂર્તિ પ્રકાશમય બની અને કંપવા લાગી. મૂર્તિમાં સ્વામી અમાપ **ઐશ્વર્ય શક્તિ** મૂકવા માંડ્યા. મૂર્તિના અંગોઅંગ ચેતન યુક્ત થયાં. સ્વામી તો હજુય **દંડ પર દાઢી ટેકવી એકીટસે મૂર્તિ સામે જોઈ રહ્યા હતા.** તેઓ ઈચ્છતા હતા કે એ મૂર્તિ ભક્તોના દુઃખ **સાંભળે** અને ભક્તો સાથે **વાત** કરે પરંતુ એવામાં પાછળથી અવાજ આવ્યો. બસ કરો સ્વામી! આટલો પ્રતાપ ઘણો થઈ પડશે. અવાજ સાંભળતાં જ સ્વામીની મૂર્તિ સાથે જોડેલી **એકાગ્રતા** તૂટી.

સ્વામી, ક્ષમા કરો. **હું ધોલેરાનો પુંજા ભાઈ દરબાર**. સ્વામીની એકાગ્રતા ભંગ કરનારે માફી માંગતા કહ્યું સ્વામી, આપની કૃપાથી મૂર્તિમાં ઐશ્વર્ય આવ્યું, એટલું પૂરતું છે. જો આ મૂર્તિ ભક્તો સાથે **વાત** કરશે તો બાજુના ગામ ગઢડામાં સ્વામિનારાયણ ભગવાને પધરાવેલા **ગોપીનાથજી ભગવાનનો** મહિમા ઘટી જશે. તરત જ ગોપાળાનંદ સ્વામીએ ઊંડો શ્વાસ લઈને પોતાની **દૃષ્ટિ પાછી ખેંચી લીધી**. અને બોલ્યા દરબાર ! **અમારે આ હનુમાનજીને ભક્તો સાથે વાત કરે એવા પ્રતાપી બનાવવા હતા પરંતુ જેવી હરિની ઈચ્છા.** આજથી અહી હનુમાનજી **હાજરા હજુર** બિરાજશે અને લોકોના **કષ્ટ** દૂર કરશે. **ગમે તેવા અસાધ્ય દુઃખો, ભૂત, પ્રેત, ડાકણ, પિશાચની મુશ્કેલીઓ આના પ્રતાપથી દૂર થઈ જશે.** હે હનુમાન દાદા ! અહીં આવનાર દીન દુઃખિયા ભક્તોના કષ્ટ તમે દૂર કરજો. ભક્તોના કષ્ટ દૂર કરવાના કારણે આજથી તમારું નામ **'કષ્ટભંજન-દેવ' રહેશે.**

પછી **વાઘા ખાચર** તરફ જોઈને કહ્યું: દરબાર ! આ દેવોની કૃપાથી તમારું દારિદ્રય દૂર થશે. જયાં સુધી પૂર્ણ શ્રદ્ધા રાખીને આ મૂર્તિનું પૂજન કરશો ત્યાં સુધી તમારા ગામમાં દારિદ્રય પ્રવેશ કરી શકશે નહિ. વાઘા ખાચર આંખમાં આંસુ સાથે આભાર ભાવે સ્વામી સામે જોઈ રહ્યા. ગામ સુખી થઈ ગયું એટલું જ નહિ સાધુ સંતો ગામમાં આવવા માંડ્યાં.

હનુમાનજીનો **પ્રતાપ** દિવસે દિવસે વધવા માંડ્યો. દૂર સુદૂરથી દુઃખિયારા લોકો સારંગપુર આવવા માંડ્યા. સૌ કષ્ટ મુક્ત થઈ સુખી થવા માંડ્યા. ગોપાળાનંદ સ્વામીના વચનથી **'કષ્ટભંજન દેવ'** ત્યાં સાવધાન થઈને હજારો લોકોના કષ્ટ દૂર કરે છે. ગમે એવા શક્તિશાળી પ્રેતાત્માઓ કે

મલિન આત્માઓ હોય પરંતુ અહીં કષ્ટભંજન દેવ આગળ આવતાં થરથર કંપે છે; અને ચાલ્યા જાય છે. છેવટે આવેશવાળી વ્યક્તિ સુખી થાય છે.

સારંગપુરનું આ ભવ્ય મંદિર હવે ગુજરાત કે ભારતમાં જ નહિ પણ વિશ્વ વિખ્યાત બન્યું છે. અહીં કોઈપણ જાતના ભેદભાવ વિના દરેક મનુષ્યો આવે છે. દર શનિવારે અહીં મોટા મેળાની જેમ માનવ મહેરામણ ઉમટે છે.

વ્હાલા બાળમુક્તો ! તમેજ વિચારો જો હનુમાનજીદાદામાં આટલો બધો પ્રતાપ છે તો તેમને પધરાવનાર ગોપાળાનંદસ્વામી કેટલા મહાન સંત! અને પાંચસો પરમહંસોના ભગવાન શ્રીજી મહારાજમાં કેટલા મોટા ભગવાન! માટે સર્વોપરી ભગવાનની નિષ્ઠા દૃઢ રાખવી ને ભજન કરતા રહેવુ.

સત્સંગ સંસ્કાર વિભાગ

સંતો સાથે આપણું વર્તન

(૧) જ્યારે પણ આપણે સંતોના દર્શન કરવા જઈએ ત્યારે તેમને ઓછામાં ઓછા બેત્રણ દંડવત્ પ્રણામ કરી, ચરણસ્પર્શ કરી "જય સ્વામિનારાયણ" કહેવા જોઈએ.

(૨) સંતોને ચરણસ્પર્શ કરતી વખતે નીચે નમીને આપણા હાથ એમના ચરણને અડાડી આપણા નેત્ર અને મસ્તક ઉપર ચડાવવા જોઈએ. ઊભા ઊભા પૂજ્ય સંતોના ઘૂંટણે હાથ અડાડી દર્શન કરી લઈએ એ શોભે નહિ.



(૩) સંતોની સાથે મિત્રભાવે ન વર્તવું. તેમને 'તું'કારે ન બોલાવવા તથા તેમના ખભે હાથ ન મૂકવો. એમની સાથે તોફાન-મસ્તી ન કરવી.

(૪) ગંદા હાથે સંતોનાં વસ્ત્રોને તથા પાઘને કે ગાદલાંને સ્પર્શ ન કરવો જોઈએ.

(૫) સંતો પાસેથી સત્સંગની વાતો સાંભળવી જોઈએ તથા સંતો જે રુચિ દેખાડે તે પ્રમાણે વર્તવું જોઈએ.

(૬) સંતો આપણને કોઈક સેવા બતાવે તો અદ્ધરથી ઝીલી લેવી જોઈએ પણ ના ન પાડીએ.

(૭) સંતો સાથે એક પલંગ કે સોફા પર એક આસને ન બેસવું. સંતો સન્મુખ નીચા આસને જ બેસવું જોઈએ.

(૮) સંતો વાત કરતા હોય તો તેમાં વચ્ચે બોલબોલ ન કરવું જોઈએ. વાણીનો વિવેક રાખવો જોઈએ.

(૯) સંતોની પાઘ, વસ્ત્રો કે ચંપલ આપણે ન પહેરવાં જોઈએ. સંતોનાં ગાદલાં ઉપર પણ આપણે ન બેસવું જોઈએ. ભગવાં વસ્ત્રને કે સંતોના આસનને ભૂલથી પણ પગ અડી જાય તો આદરપૂર્વક પ્રણામ કરી ભૂલની માફી માંગી લેવી જોઈએ.

(૧૦) સંતોને આપણાથી પૈસાનો સ્પર્શ ન થઈ જાય તેનું ધ્યાન રાખીએ. સંતો આગળ સ્ત્રીઆદિકની વાતો ન કરીએ તથા પોતાના અંગત જીવનની વાતો પણ સંતોને ક્યારેય ન કરીએ.

(૧૧) સમયની અનુકૂળતા મુજબ સંતો સાથે પધરામણીમાં જવાનો લાભ લેવો જોઈએ. સંતોના સાંનિધ્યને વિશેષ ગમાડવું જોઈએ.

(૧૨) પૂજ્ય સંતો જમતા હોય તો આપણે અવશ્ય દૂરથી બે દંડવત્ કરવા જોઈએ. અને શ્લોક, કડીઓ બોલવા જોઈએ.

(૧૩) સંતો આપણા ઘરે પધરામણીમાં આવવાના હોય તો તેમના પૂજન માટે ફૂલહાર લાવવા જોઈએ. ઉત્સાહથી તૈયારી કરવી જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) સારંગપુર ક્યાં આવેલું છે? ----------

(૨) સારંગપુરમાં કયા દેવ બીરાજમાન છે? ----------

(૩) કોની પ્રાર્થનાથી કયા સ્વામી સારંગપુર પધાર્યા? ----------

(૪) સારંગપુરના શ્રી કષ્ટભંજન દેવની પ્રતિષ્ઠા કોણે કરી હતી?

---

(૫) કષ્ટભંજનદેવના પ્રતાપથી કયા કયા દુ:ખો દૂર થાય છે?

પ્રશ્ન-૨ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) પૂજાભાઈ	(૧) ગઢપુર
(૨) વાઘા ખાચર	(૨) સારંગપુર
(૩) સુરા ખાચર	(૩) કારિયાણી
(૪) દાદા ખાચર	(૪) ધોલેરા
(૫) વસ્તા ખાચર	(૫) લોયાધામ

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) લોયાધામ અને સારંગપુર ક્યાં આવેલું છે?

( ) A - ચરોતર ( ) B - કાનમ ( ) C - કાઠીયાવાડ

(૨) સારંગપુરના હનુમાનજીનું નામ શું છે?

( ) A - ભયભંજન દેવ ( ) B - કષ્ટભંજન દેવ ( ) C - ભીડભંજન દેવ

(૩) કોના આશીર્વાદથી સારંગપુર જગમાં પ્રસિદ્ધ છે?

( ) A - પ્રેમાનંદ સ્વામી ( ) B - ગુણાતીતાનંદ સ્વામી ( ) C - ગોપાળાનંદ સ્વામી

(૪) હનુમાનજીની મૂર્તિ શેમાંથી બનાવવામાં આવી છે?

( ) A - આરસ પહાણ ( ) B - પાળીયાનો પથ્થર ( ) C - સોનું

(૫) ગોપાળાનંદ સ્વામીને સંપ્રદાયમાં શેની ઉપમાં આપવામાં આવે છે?

( ) A - સત્સંગની 'માં' ( ) B - યોગીવર્ય ( ) C - કવિસમ્રાટ

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) અમારે તો દુ:ખના દરિયા ઉમટ્યા છે. ☞ .....

(૨) અમે તમને એક ભાઈ આપીએ. ☞ .....

(૩) બસ કરો સ્વામી ! આટલો પ્રતાપ ઘણો થઈ પડશે. ☞ .....

સભા-૨૮ : દર્શન કરવાની રીત

વહાલા બાળભક્તો ! **મૂર્તિ જ આપણી સાચી મૂડી** છે. માટે મૂર્તિમાં ખૂબ પ્રેમ કરવો. **મૂર્તિના દર્શન** પણ ખૂબ એકાગ્ર મન રાખીને કરવા અને **દર્શન કરવાની રીત** પણ સંતો પાસે શીખવી. આપણા **ગુરુજી** જ્યારે નવા નવા સાધુ થયા હતા ત્યારે **દાદાગુરુજીએ** તેમને કેવી રીતે "મૂર્તિ સિદ્ધ કરાવી" તે વિષે એક પ્રસંગ જોઈએ.



દાદા ગુરુજી ગુરુજીને કહેતા : બેટા ઘનશ્યામ ! સાધુનું જીવન ત્યારે જ શોભે જ્યારે સાધુને **ભગવાનની મૂર્તિમાં હેત હોય ! ભગવાનની ભક્તિથી ભરપુર પ્રેમી ભક્ત જ ભગવાનને ગમે છે.** એમ કહીને કહેતા કે હવે **તારે ધ્યાનની રીત** અને **ભગવાનના દર્શન કરવાની રીત** શીખવાની છે ! લે, આ **મહારાજની મૂર્તિ-મૂર્તિ લઈને આ રૂમમાં બેસી જા,** અને **મૂર્તિ સામે જોયા કર.** ગુરુજી પૂછતાં : સ્વામી ! ક્યાં સુધી ? શણગારથી સંધ્યા આરતી સુધી.

સવારથી સાંજ સુધી રૂમ બહારથી બંધ કરીને ગુરુજીને **મૂર્તિ** લઈને બેસાડી દે. કલાકે-કલાકે બારીમાંથી નજર કરતા રહે, ને ઊંઘી ના જતો હો' ના હાકલા પડકારા પણ કરતા રહે ને કહે, **'જોલું આવે તો ઊભા ઊભા મૂર્તિના દર્શન કરવાના!!'**

આમ, થોડા દિવસ **મૂર્તિ લઈને બેસવાનો અભ્યાસ** કરાવે, પછી સાંજે જ્યારે ગુરુજી રૂમની બહાર આવે ત્યારે દાદાગુરુજી મીઠો ટહુકો કરે. **બેટા ઘનશ્યામ ! પેલી મૂર્તિ લઈને અહીં આવતો.** ગુરુજી મૂર્તિ લઈને દાદાગુરુજી પાસે જાય ત્યારે પાસે બેસાડે ને **સ્વયં** મૂર્તિ હાથમાં લઈને પૂછે : મહારાજના **કાનના** કુંડળમાં કેટલા મોતી છે? **ઝાંઝરમાં** કેટલી ઘુઘરી છે? **હારમાં** કેવા-કેટલા પુષ્પ છે? મહારાજના **વાઘા** કેવા કલરના છે ? આવા આવા **સૂક્ષ્મ પ્રશ્નો** પૂછે અને ગુરુજી જવાબ પણ આપે. દાદાગુરુજી ગુરુજીના માથે હાથ ફેરવતા જાય અને કહેતા જાય હવે થોડુંક જ બાકી છે. આટલું શીખી જાય એટલે તારે **મૂર્તિ સિદ્ધ** થઈ જશે. આમ, બળની વાતો કરતાં કરતાં મૂર્તિ ધારવાના સંસ્કારોનું સિંચન કરતા અને પ્રેક્ટિકલ અભ્યાસ પણ કરાવતા.



એક દિવસ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ આપીને કહ્યું : **આ મૂર્તિને સતારીથી શણગારી લાવ.** ગુરુજીએ જે રીતે મૂર્તિનો અભ્યાસ કર્યો હતો તે જ રીતે **નાની નાની અનેક કલરની સતારીઓ દ્વારા મૂર્તિ તૈયાર કરી.** જ્યાં જે કલરના શણગાર-દાગીના હતા ત્યાં તેવી જ સતારીઓ લગાવી મૂર્તિ તૈયાર કરી દાદાગુરુજીને અર્પણ કરી. દાદાગુરુજી ખૂબ જ રાજી થયા. (ગુરુજીએ **સતારીઓ** લગાવી તૈયાર કરેલી તે **મૂર્તિ** અહીં બાજુમાં આપેલ છે. આ મૂર્તિ ગુરુજીના **ધ્યાન** અને **મૂર્તિ સિદ્ધ કરવાના** આ સાધનારૂપી અભ્યાસની યાદ સતત અપાવ્યા કરે છે.)

વહાલા બાળભક્તો ! તો ચાલો, આપણે પણ આ પાઠમાં **'મૂર્તિના દર્શન કરવાની રીત'** શીખીએ.

ભગવાનના દર્શનનો યોગ ક્યાં ક્યાં થાય છે ?

૧. શિખરબદ્ધ કે હરિમંદિરમાં ભગવાનની મૂર્તિ આગળ.
૨. અષ્ટ પ્રકારની મૂર્તિમાં કે વ્યક્તિગત પૂજામાં.
૩. ભગવાનનાં પ્રસાદીભૂત તીર્થોમાં અને વસ્તુઓ આગળ
૪. ઘરમંદિરમાં, ઘરસભામાં, સત્સંગસભામાં
૫. ઉત્સવ-સમૈયાઓમાં
૬. ભગવાન પ્રત્યક્ષરૂપે જેમાં બિરાજમાન છે એવા સંત-સત્પુરુષમાં
૭. આવા અનેક સુયોગ આપણને પ્રાપ્ત થાય છે, જેમાં દર્શનની તક આપણને મળે છે.

કેવી રીતે દર્શન કરવા :



સાફો





મુગટ

ચાખડી

સૃષ્ટિના **સર્જનહાર** ભગવાન તો સર્વથી પણ **અધિક સુંદર** છે, **રૂપ રૂપનો અંબાર છે** તે આપણે સૌ જાણીએ છીએ. આવા દિવ્ય સ્વરૂપના દર્શન કરવા માટે સમય કાઢીને આપણે મંદિરે જઈએ ત્યારે તેમના દર્શન કરવામાં કચાશ શા માટે રાખવી જોઈએ? ત્યાં તો **નિરાંતે** ભગવાનના એક-એક અંગના **ઝીણવટપૂર્વક** દર્શન કરવા જોઈએ. **ધરમપુરના કુશળકુંવરબા** મૂર્તિના સુખના ઘૂંટડા ભરી ભરીને તેનું પાન કરતા ને મૂર્તિના એકએક અંગોને **ધ્યાનથી** નિહાળીને પોતાના **અંતરમાં ઉતારતા** હતા. **કુશળકુંવરબાની જેમ એક વાર દર્શન કરીને તો જુઓ !** અને પછી અનુભવ કરો કે **મૂર્તિનો કેવો અદ્‌ભુત આનંદ** આવે છે! મૂર્તિના દર્શન કરતી વખતે નીચેની બાબતો આવશ્ય ધ્યાનમાં રાખવી અને નીચે બતાવ્યા પ્રમાણે ક્રમમાં દર્શન કરવાનો અભ્યાસ કરવો....

મૂર્તિના અંગો :

(૧) ભગવાને **મસ્તક** પર શું ધાર્યું છે ? **(મુગટ, સાફો, પાઘ વગેરે)**

(૨) તિલક-ચાંદલો , આંખો , નાસિકા , ગાલ , તલ વગેરે નિહાળવા .

(૩) **કાનમાં** શું પહેર્યું છે ? તે જોવું . **(બુટિયાં, કુંડળ વગેરે)**

(૪) **ગળામાં** કેટલા હાર છે? અને શેના ? **(ફૂલ, મોતી, સોનું, ચાંદી વગેરે)**

(૫) **વાઘા** કેવા છે? તેનો રંગ કેવો છે? ડિઝાઈન કેવી છે? **(સુરવાળ, જામો, કેડિયુ, ઝભ્ભો, ધોતીયું, ખેસ વગેરે)**

(૬) **હાથમાં** શું છે? **(રૂમાલ, છડી, પદ્મ, પોંચી, વેટ, વીંટી, કડા બાજુબંધ વગેરે)**

(૭) **ચરણમાં** શું છે ? **(મોજડી, ઝાંઝર, ચાખડી, કડાં વગેરે)**

(૮) આ સિવાય આંખોના ભાવ , હોઠના ભાવ , હાથની મુદ્રાઓ વગેરે પણ દર્શન કરીને હૃદયમાં ઉતારવા .

કેવી રીતે દર્શન ન કરવા?

- ફાટેલી દૃષ્ટિથી દર્શન ન કરવા , **ફાટેલી દૃષ્ટિ એટલે શું** ? તો પરમેશ્વરના દર્શન કરતા હોય ત્યાં કોઈ મનુષ્ય આવે કે પશુ-પંખી આવ્યું હોય , ત્યારે દર્શનમાંથી વૃત્તિ તોડીને આડી-અવળી દૃષ્ટિ કરી , ભગવાન ભેળાં તેના પણ દર્શન કરવા લાગી જવાય તે **'ફાટેલી દૃષ્ટિ'** કહેવાય . આવું જો પૂજામાં કે કથામાં થતું હોય તો તે પણ **'ફાટેલી દૃષ્ટિ'** કહેવાય .
- આપણે આરતીમાં રોજ જતા હોઈએ પણ ભગવાને કેવા વાઘા , શૃંગાર ધારણ કર્યા છે તે પણ ખબર ન હોય તો દર્શન અને આરતી **ન કર્યા બરાબર** જ છે ! એ તો કેવળ **રુટિંગ** પ્રમાણે મંદિરે આંટો-ફેરો માર્યો કહેવાય .
- ઉતાવળે-ઉભડક જીવે-**ચંચળ દૃષ્ટિએ** દર્શન ન કરાય , મુગટની અણી દેખાઈ ગઈ એટલે દર્શન થઈ ગયા તેમ ન માની લેવાય .
- જો મોબાઈલ ફોન સાથે હોય તો તેને **'સાઈલન્ટ અથવા સ્વીચ ઓફ'** કરીને દર્શન કરવા . વારે વારે મોબાઈલ જોતાં જોતાં કે મેસેજ વાચતાં વાંચતાં દર્શન ન કરવા .
- દર્શન કરતી વખતે કોઈ ઓળખીતી વ્યક્તિ અથવા વહાલી વ્યક્તિ મળી જાય તો તેની સાથે વાતો કરવા વળગી ન પડાય .

- આપણે ભગવાન સન્મુખ દર્શન માટે ઊભા હોઈએ અને જો આપણી વૃત્તિ સંસારમાં હોય, ઘરપરિવારમાં કે વિષયોમાં હોય તો તેવાં દર્શન કે પૂજા ફળતાં નથી. ભગવાન તો તેને **દંભ** જ સમજે છે.
- જો ઉપર જણાવ્યા પ્રમાણે **મન વગર, અસાવધાનપણે,** આપણે દર્શન કરતાં હોઈએ તો તેને **"લૌકિક દર્શન"** કહેવાય છે અને લૌક્કિ દર્શન કરનાર દિવસે દિવસે સત્સંગમાં ઉતરતો જાય છે.

સત્સંગ સંસ્કાર વિભાગ


હરિભક્તો સાથે આપણું વર્તન


(૧) ગમે ત્યારે આપણને કોઈ પણ હરિભક્ત મળે તો ભાવથી મસ્તક નમાવી, શક્ય હોય તો બે હાથ જોડી "દયાળુ ! જય સ્વામિનારાયણ એમ કહેવું જોઈએ.

(૨) કોઈ હરિભક્તની મશ્કરી ન કરીએ તથા તે દુભાઈ જાય કે તેમનો અપરાધ થાય એવું વર્તન ન કરીએ.

(૩) હરિભક્તોના અભાવ-અવગુણની વાતો ન કરીએ.

(૪) હરિભક્તો જે સેવા બતાવે, આજ્ઞા કરે એ મુજબ રાજી થકા કરીએ.





(૫) વડીલ હરિભક્તોને આદર આપવો જોઈએ. એમના માટે બેસવા ખુરશી ન હોય તો લાવી આપીએ. તેમને સીડી ચડવામાં મદદની જરૂર હોય તો મદદ કરીએ તેમજ દરવાજો ખોલી દઈએ.

(૬) આપણી સોસાયટીમાં કે ગામમાં રહેતા સત્સંગી હરિભક્તોના ઘરે કોઈ પ્રસંગ હોય તો તેમાં અચૂક હાજરી આપીએ અને સેવામાં મદદરૂપ થઈએ.

(૭) સત્સંગી હરિભક્તોને કોઈ મુશ્કેલી આવી હોય તો તેમને સહાયરૂપ થઈએ.

(૮) હરિભક્તને તથા બહારની કોઈપણ વ્યક્તિને આપણા ઘરનો તેમજ માતાપિતાનો ગુણ આવે એવું વર્તન કરીએ.

(૯) કોઈ હરિભક્તો આપણને રોકટોક કરે તો સામે ન બોલીએ કે ક્રોધ કે ગુસ્સો ન કરીએ.

(૧૦) કોઈ હરિભક્તનો દોષ-અવગુણ દેખાય તો યોગ્ય સંતોને તેની અંગત જાણ કરવી જોઈએ. પરંતુ બધાની વચ્ચે તેમના અવગુણની ચર્ચા કરી ફજેત ન કરવા જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) પૂજ્ય ગુરૂજી દાદાગુરૂજીને શું કહીને બોલાવતા?

( ) A - સ્વામી ( ) B - ગુરૂજી ( ) C - દાદાગુરૂજી

(૨) સંપ્રદાયમાં 'દર્શન કરવાની રીત' શ્રીજી મહારાજે કોની વખાણી છે?

( ) A - ભક્તો ( ) B - કુશળકુંવરબા ( ) C - પ્રેમાનંદસ્વામી

(૩) ગુરૂજીએ કેવી રીતે મૂર્તિને શણગારી હતી.?

( ) A - સતારીઓ લગાવી ( ) B - હીરા લગાવી ( ) C - મોતી લગાવી

(૪) દાદાગુરૂજી કયાંના મહંત હતા?

( ) A - સુરત મંદિર ( ) B - ધોલેરા મંદિર ( ) C - લોયાધામ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) દાદાગુરૂજી ગુરૂજીને શું કહેતા?

---

(૨) દાદાગુરૂજીએ ગુરૂજીને કેવી રીતે મૂર્તિ સિદ્ધ કરાવી?

---

(૩) કેવી રીતે દર્શન કરવાં જોઈએ?

---

(૪) કેવી રીતે દર્શન ન કરવાં જોઈએ?

પ્રશ્ન-૩ ભગવાન કયા અંગમાં શું ધારણ કરે છે તે જણાવો.

(૧) મસ્તકમાં .....

(૨) કાનમાં .....

(૩) ગળામાં .....

(૪) હાથમાં .....

(૫) પગમાં .....

પ્રશ્ન-૪ નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.

(૧) મન વગરના દર્શનને ..... દર્શન કહેવાય છે.

(૨) ભગવાન ભેળાં અન્ય પશું-પંખીને પણ જોઈએ તેને ..... દૃષ્ટિ કહેવાય.

(૩) અનંત કોટી અક્ષરનું સુખ શ્રીહરિના ..... અંગના સમાય જાય છે.

(૪) ભગવાનની ..... પ્રકારની પ્રતિમાં હોય છે.

(૫) શ્રીજી મહારાજના શરીરમાં ..... તિલ અને ..... ચિહ્ન હતા.

સભા-૨૯ : મહાદયાળુ મહારાજ


આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ **અનંત ગુણોના સાગર** છે. તેમના અનેક કલ્યાણકારી ગુણો પૈકી આપણા માટે અતિ ઉપયોગી ગુણ **દયા** છે. તેમની દરિયા જેટલી દયાને કારણે જ આપણાં **દોષો** સામે નહિ જોઈને તેમના **શરણે** લીધા છે. કાંઈક આજ્ઞા લોપાઈ જાય, તેમનું ન ગમતું થઈ જાય ને માફી માગીએ એટલે તરત જ **માફ** કરે છે.

દુઃખ માંગ્યું ને સુખ આપ્યું....

અરે ! મહારાજની સૌથી મોટી દયા તો એ કે રામાનંદસ્વામીની **ગાદી**એ બિરાજ્યા પછી **સૌથી પહેલું** તેમણે ભક્તોને થનાર દુખ મને થાવ તેમ માંગ્યું : **"ભગવાનના ભક્તોને કર્મ સંજોગે અન્ન-વસ્ત્ર ન મળવાના હોય તો તે દુઃખ મને આવે પણ ભક્તો સદા સુખી રહે."** આટલી દયા તો તેમણે એડવાન્સમાં કરી છે. એટલે તો જુઓને ! આજે વિશ્વમાં રેકોર્ડ છે કે સ્વામિનારાયણ ભગવાનનો **સાચો ભક્ત** ક્યારેય અન્ન-વસ્ત્રે દુઃખી હોતો નથી. જીવનજરૂરિયાત તો તેને ગમે ત્યાં મળી રહે છે. આવો શ્રીહરિનો સહજ **દયાળુ સ્વભાવ** છે.

તદ્ઉપરાંત જગતના કોઈ પણ જીવને મહારાજ દુઃખી થતો દેખતાં તો તેમનું દિલ **દ્રવી** જતું. તરત જ તેના દુઃખને દૂર કરવા તત્પર થઈ જતા. સદ્ગુરૂ શ્રી પ્રેમાનંદસ્વામીએ એટલે જ શ્રીહરિની **સહજ પ્રકૃતિ** આવી વર્ણવી છે જ,


કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય; દયા આણી રે, અતિ આકળાં થાય,
અન્ન-ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે; કરુણા દૃષ્ટિ રે, દેખી વાનજ વાળે...



દીનબંધુ દયાળુ...

એક સમયે **સરધારથી** એક **મુસલમાન બાઈ** તેમના **બે પુત્રોને** લઈ **ગઢપુર** આવી. શ્રીહરિના ચરણોમાં શિર નમાવી **અરજ** ગુજારી : "હે પરવર દિગાર ! આ મારો દીકરો હસન આઠ અંગે અપંગ છે અને આ બીજો બીલકુલ **મુંગો** છે. આવું મારું **દુઃખ** તમે દયા કરી **ટાળો.** હે પ્રભુ ! એક **ગરીબ બાઈ**ની આટલી પ્રાર્થના સાંભળો."

તેની દીનતા જોઈ દયાળુને દયા આવી. તરત જ ઊભા થયા. હસનના **બે હાથ** પકડ્યા અને તેના **પગ** ઉપર **પોતાના પગ** દબાવી **હાથ ખેંચ્યા, ડોક તાણી** સહુની નજર સામે **હસન સર્વાંગ સુંદર બની ગયો.** પછી પ્રભુએ તેને **ચાલતાં** શીખવી દીધું. તેની માની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા.



પછી એક **ચકલી** પકડી પે'લા **મુંગા બાળકના મોંમા ચીંચીં** બોલાવી. તરત જ **નાનો દીકરો** પણ **સ્પષ્ટ બોલવા** લાગ્યો. તેની માને તો જાણે દિલ્હીની ગાદી મળી ગઈ હોય તેથી સવાયો આનંદ થયો. સર્વકર્તા શ્રીહરિની આવી સામર્થી તથા દયા જોઈ સહું કોઈના શિર ચરણોમાં નમી ગયા.

ગરીબનિવાજ શ્રીહરિ...

શ્રીહરિ એકવાર સંતો-ભક્તો સાથે **સાવરકુંડલાની નાવલી નદીએ** બિરાજમાન હતા. તે સમયે એક મુસલમાન માજી મહારાજને મળવાં આવ્યાં. રડતાં નેત્રે તેણે અરજ ગુજારી :

"હે સ્વામિનારાયણ, અંધેકી લકડી સમાન હમારા પુત્ર 'મિયાંજી' તો આપકા ફકીર બન ગયા. અબ મૈં મેરા જીવન ગુજારા કૈસે કરું?" ગરીબનિવાજ પ્રભુને દયા આવી. તેમણે આશીર્વાદ આપ્યો : **"તમારા ઘરે આમળાં, હરડાં ને બહેડાં લાવી તેની ફાકી બનાવી, કોઈ પણ દર્દીને આપજો. તેનું દર્દ જાશે ને તમારું ગુજરાન ચાલશે."** મહારાજને ઓલિયા માની તેના વિશ્વાસે માજીએ **વૈદું** ચાલું કર્યું. **'રોગ અનેક પણ દવા એક'.** મુસલમાન માજી સાવરકુંડલાના **શ્રેષ્ઠ વૈદ્ય** ગણાયા ને બહુ જ સુખી થયા. આમ દીનબંધુ દયાળુ પ્રભુએ અનંતને ન્યાલ કરી દીધા.

વહાલા બાળ ભક્તો ! આવા દયાળુ **સર્વોપરી શ્રીહરિ** આપણને સાક્ષાત્ મળ્યા છે. તેનો જોરદાર ભરોસો રાખવો. તેની જ નક્કર નિષ્ઠા રાખવી. તેઓ જે કરે છે; તે આપણું સારું જ કરે છે. જે તેના જ **વિશ્વાસે** રહે છે તેનો તે કદી વિશ્વાસઘાત કરતા નથી. **શ્રીહરિ સાચા ભક્તોને તેનું અક્ષરધામ તો મફતમાં આપે જ છે પણ આ લોકમાંય દુઃખ આવવા દેતા નથી. આવા પરમ કૃપાળુ પુરુષોત્તમ શ્રીહરિના પાવન ચરણોમાં લાખો લાખો પ્રણામ...**

સત્સંગ સંસ્કાર વિભાગ

ઘરમાં તથા ગામમાં (સોસાયટીમાં કે બહાર) આપણું વર્તન

(૧) ઘરના નાનામોટા કાર્યમાં વડીલોને તથા માતાપિતાને સહકાર આપવો જોઈએ.

(૨) આપણું જીવન સ્વાવલંબી બનાવવું જોઈએ. આપણે આપણાં તમામ સેવા કાર્ય જાતે કરવાં જોઈએ.

(૩) ઘરમાં સૌની સાથે સંપ, સુહૃદભાવ અને એકતાથી હળીમળી આત્મીયતાથી રહેવું જોઈએ.



(૪) ઘરમાં કોઈ વસ્તુઓનો બગાડ ન કરવો જોઈએ. લાઈટ-પંખા પણ બિનજરૂરી ચાલુ ન રાખીએ. એ જ રીતે પાણીનો પણ બગાડ ન કરીએ.

(૫) ઘરમાં કોઈ કૂતરા-બિલાડાં જેવાં પશુ આવી ન જાય, બગાડે નહિ તેનું ધ્યાન રાખીએ તથા ઘરમાં કૂતરાં-બિલાડાં જેવા પશુને ન પાળીએ કે ન રાખીએ.

(૬) ઘરમાં બૂટ-ચંપલ પહેરીને ન ફરવું જોઈએ તથા ઘરની દીવાલો પર ચિતરામણ ન કરીએ.

(૭) ઘરમાં રહેલાં ટેપ, ટીવી કે અન્ય સાધનો મોટા અવાજથી ન વગાડવાં જોઈએ. તથા એ સાધનો બગડી જાય એવી રીતે ન વાપરવાં જોઈએ.

(૮) ઘરમાં કે ઘરની બહાર જ્યાંત્યાં કચરો કે ફ્રુટની છાલ કે એંઠવાડ ફેંકી ગંદકી ન કરવી જોઈએ.

(૯) જાહેર સ્થળોની દીવાલો પર ચિતરામણ ન કરીએ કે કોઈ પણ પ્રકારનું લખાણ ન લખીએ.

(૧૦) ઘર કે સત્સંગ સમાજના સામૂહિક સેવાનાં કાર્યોમાં સૌની સાથે સેવામાં જોડાવું જોઈએ.

(૧૧) ગામમાં કે સોસાયટીમાં કોઈની સાથે કદી ઝઘડવું ન જોઈએ. સૌની સાથે સંપીને રહેવું જોઈએ.

(૧૨) ગામની કે સોસાયટીની કોઈપણ વ્યક્તિને નુકસાન થાય એવું કંઈ જ ન કરવું જોઈએ. એવી રમતો પણ ન રમીએ.

(૧૩) ગામમાં કે સોસાયટીમાં સૌ વડીલોને આદર આપીએ. નાનાંમોટાં કોઈના નામ ન પાડીએ, ચાળા ન પાડીએ કે કોઈના માટે હલકા શબ્દ ન બોલીએ.

(૧૪) ઘરમાં નાનીનાની બાબતોમાં જીદ કે ગુસ્સો ન કરીએ.

(૧૫) ઘરમાં કે આપણા રૂમમાં કોઈ ફિલ્મી એક્ટરોના ફોટા ન લગાવવા જોઈએ. ફિલ્મી ગીતો ન ગાવાં જોઈએ કે ન સાંભળવાં જોઈએ. એ જ રીતે ઘરમાં કે બહાર ફિલ્મો જોવી પણ ન જોઈએ.

(૧૬) આપણા ગામમાં કે સોસાયટી કે ફ્લેટમાં બાળમંડળ શરૂ કરવું જોઈએ અને બીજાં બાળકોને બાળસભામાં લાવવાં જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુરૂ રામાનંદસ્વામી પાસે શું માગ્યું?

---

(૨) પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિની સહજ પ્રકૃતિનું વર્ણન કેવી રીતે કર્યું છે?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સરધારમાં શ્રીહરિએ કોના હાથ-પગ ખેંચી સુંદર બનાવ્યો?

( ) A - હુસેન ( ) B - હસન ( ) C - કરશન

(૨) શ્રીહરિના આર્શીવાદથી કોણ 'શ્રેષ્ઠવૈદ્ય' બન્યા?

( ) A - મિયાંજી ( ) B - મુસલમાન સ્ત્રી ( ) C - બાળક

(૩) શ્રીહરિએ કયા ગામના બાળકના મોઢામાં ચકલી બોલાવી બોલતો કર્યો?

( ) A - સાવરકુંડલા ( ) B - કારિયાણી ( ) C - સરધાર

(૪) શ્રીહરિ એ સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામી પાસે કેટલાં વરદાન માંગ્યા હતા ?

( ) A - એક ( ) B - બે ( ) C - ત્રણ

પ્રશ્ન-૩ નીચેના ફકરાનું સારાં અક્ષરે લેખન કરો.

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત ગુણોના સાગર છે. પરંતુ તેમાંથી આપણા માટે અતિ ઉપયોગી ગુણ દયા છે. તેમની દરિયા જેવી દયાને કારણે જ આપણા દોષો સામે નહિ જોઈને તેમના શરણે લીધા છે.

.....

.....

.....

પ્રશ્ન-૪ નીચેના વાકય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) શ્રીહરિની માફી માંગીએ તો તે તરત માફ કરે છે. ☐

(૨) શ્રીહરિ શુળીનું દુઃખ ત્રિશુળે મટાડે છે. ☐

(૩) સાચા ભક્તો ક્યારેય અન્ન-વસ્ત્રે દુઃખી હોતા નથી. ☐

(૪) શ્રીહરિનો સહજ દયાળુ સ્વભાવ છે. ☐

(૫) શ્રીહરિ સાચા ભક્તોને અક્ષરધામ મફ્તમાં આપે છે. ☐

સભા-૩૦ : મહર્ષિ વેદવ્યાસ

અષાઢી પૂર્ણિમા **'વ્યાસ પૂર્ણિમા'** તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસ **વેદ વ્યાસજી**ની સ્મૃતિ રૂપે ઊજવવામાં આવે છે. કેમ કે વ્યાસજી સમગ્ર હિન્દુ સમાજના સનાતન ગુરુ છે. તેમણે કરેલો વેદવિભાગ, પુરાણો અને **મહાભારત** જેવા **ગ્રંથો**ની રચના વગેરે દ્વારા **ઈતિહાસ** અને ભારતની ગૌરવશાળી **કથાઓ**નો સંગ્રહ આપે પણ બેનમૂન છે, પ્રેરક છે અને જીવન રીતિનો દ્યોતક છે. આવા **સમર્થ ગુરુની** જયંતી તો વૈશાખી પૂર્ણિમાએ હોય છે પરંતુ આજના દિવસે તેઓને સ્મૃતિરૂપી અંજલિ અર્પણ કરવામાં આવે છે. સંસ્કૃતિના જ્ઞાનકોષ સમા ગ્રંથોમાં તેમણે તમામ ઋષિઓના **શુભ વિચારો** સંકલિત કરી આપ્યા. આવા **હિન્દુધર્મના પિતા સમાન વ્યાસજીએ** શ્રેય અને પ્રેય બંને માર્ગે લોકોને સમન્વય સાધી આપ્યો. પશુ સમાન માનવ દેવત્વ પામે તેવાં **રહસ્યો** તેમણે તમામને માટે ખોલી આપ્યાં અને એ રીતે માનવ જાતના **'આદિગુરુ'**નું બિરુદ પામ્યા.

• • • • •

ઉદયની શાળામાં આજે **એકપાત્રી અભિનયની સ્પર્ધા** હતી. ઉદય પોતાની **દાદીમા** પાસે જઈ કહેવા લાગ્યો: "દાદીમા ! આવતી કાલે મારે શાળામાં કોઈ એક પાત્ર ભજવવાનું છે તો હું કોનું પાત્ર ભજવું. દાદીમા બોલ્યાં, ઉદય બેટા આપણી સંસ્કૃતિમાં **સાધુ-સંતો** તેમજ **ઋષિઓનું** ખૂબ્ મોટું યોગદાન છે માટે તેમાંથી કોઈ એકનું પાત્ર ભજવ."

"હા... હા... પણ તમે કહો તો ખરા હું કોનું પાત્ર ભજવું...?" ઉદય દાદીમાના ખભે હાથ મૂકી બોલ્યો.

દાદીમા કહે, **"તું વેદ વ્યાસજીનું પાત્ર ભજવ.** ઘરેથી **ધોતી** તેમજ **ઉપવસ્ત્ર** પહેરીને જજે. વળી, વેશ ભૂષા માટે **દાઢી** તેમજ **જટા** લગાવી દેજે અને ગળામાં માળા પહેરી લેજે. પણ હા... ઉદય **કેવળ વેશ** કરવાથી પાત્ર સારી રીતે ન ભજવાઈ જાય... તારે **વેદ વ્યાસજી વિશે જાણવું પણ પડશે."** "તો... દાદીમા મને તમે અત્યારે જ કહો કે **વેદ વ્યાસઋષિ** કોણ હતા?" ઉદય જિજ્ઞાસાથી બોલ્યો.


દાદીમાં કહે, તો ખૂબ ધ્યાથી સાંભળજે હોં.... **મહર્ષિ પરાશરના સુપુત્ર વેદ વ્યાસઋષિ** ખૂબ જ **વિદ્વાન** હતા. **૪ વેદ, ૧૮ પુરાણ, ૧૮ ઉપપુરાણ** વગેરે **સત્શાસ્ત્રો** મહર્ષિ વેદ વ્યાસજીએ રચ્યા છે. પૂર્વે પ્રથમ **એક જ વેદ** હતો પણ મનુષ્યો વેદોનો અભ્યાસ ખૂબ સરળતાથી કરી શકે તે માટે વેદવ્યાસજીએ એક વેદને ચાર વિભાગમાં વહેંચ્યો અને અનુક્રમે **ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ** અને **અથર્વવેદ** આમ **ચાર વેદની** રચના કરી. વેદ વ્યાસજીએ **મહાભારત** અને **શ્રીમદ્ ભાગવત પુરાણની** પણ રચના કરી. આ મહાન અને પવિત્ર ગ્રંથના **લેખન** માટે તેમણે **શ્રીગણેશજીની** મદદ લીધી. મહર્ષિ વેદવ્યાસજી બોલતા જાય અને શ્રીગણેશજી લખતા જાય.

ઉદય **દાદીમાને** અધવચ્ચેથી અટકાવતાં બોલ્યો, "દાદીમા મને પહેલાં એ કહો કે વેદ એટલે શું"? દાદીમા બોલ્યાં: 'બેટા' 'વેદ' શબ્દનો અર્થ થાય છે **'જાણવું.' વેદમાં અખૂટ જ્ઞાન સમાયેલું** છે. વેદવ્યાસજીએ વેદની સાથે સાથે પુરાણની રચના પણ કરી હતી.

પુરાણમાં કથા છે કે 'વેદવ્યાસજીએ **૧૮ પુરાણ** અને **૧૮ ઉપપુરાણ** જેટલા મહાન ગ્રંથોની રચના કરી તેમ છતાં તેમના જીવને **શાંતિ** નહોતી થતી. વેદવ્યાસજીએ પોતાના મનની વાત એક વખત **નારદજીને** કહી. નારદજીએ' વેદવ્યાસજીને કહ્યું: "હે વ્યાસજી ! આપે ઘણા ગ્રંથોની રચના કરી પણ શ્રી ભગવાનના લીલા ચરિત્રોને વર્ણવતા ગ્રંથની રચના નથી કરી. આપ તેની રચના કરશો તો આપના જીવનને **શાંતિ** મળશે." નારદજીની વાત મહર્ષિ વેદ વ્યાસે માની લીધી અને તેઓએ **"શ્રીમદ્ ભાગવત પુરાણ"**નું લેખન કાર્ય શરૂ કર્યું. **શ્રીમદ્ ભાગવત પુરાણ**ને લખવાનું કાર્ય **શ્રીગણેશજીએ** સ્વીકાર્યું. મહર્ષિ વેદવ્યાસ એક શ્લોક બોલતા જાય અને શ્રીગણેશજી તેને સમજી વિચારીને લખતા જાય. આ પ્રકારે શ્રીમદ્ ભાગવત પુરાણનું લેખન કાર્ય પુરું થયું હતું.

ઉદય એકદમ વચ્ચે બોલ્યો, "દાદીમા વેદવ્યાસજીએ આટલો બધો અભ્યાસ કર્યો તો તેઓ થાકી નહિ જતા હોય... તેમને કંટાળો નહિ આવતો હોય... તેમને ક્યાંક ફરવા જવાની ઈચ્છા નહિ થતી હોય??"





દાદીમા હસીને બોલ્યાં, "બેટા... **"જે પોતાના કાર્યને વફાદાર હોય તે ક્યારેય થાકતો નથી.** જો હવે આગળ સાંભળ... મહર્ષિ વેદવ્યાસજીના **શરીરનો રંગ શ્યામ** હતો અને તેઓ **દ્વીપ (ટાપુ)** ઉપર જન્મ્યા હતા માટે તેઓ **"કૃષ્ણ દ્વૈપાયન"** તરીકે પણ ઓળખાયા. મહર્ષિ વેદવ્યાસજીના **સુપુત્ર શુકદેવજી** પણ ખૂબ જ વિદ્વાન હતા. વેદવ્યાસજીએ ધર્મ, ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન, સાહિત્ય, કલા વગેરે વિષયોના અનેક ગ્રંથોની રચના કરી વૈદિક સંસ્કૃતિની ખૂબ જ સેવા કરી છે.

એમ કહેવાય છે કે મહાન જ્ઞાની મહર્ષિ વેદવ્યાસજી આજે પણ પૃથ્વી ઉપર વિચરે છે, તેઓ **અજરા, અમર** છે. આપણે એ મહાન જ્ઞાની મહર્ષિ વેદવ્યાસજીને વંદન કરી તેમના આશીર્વાદ મેળવીએ.

ઉદય એકદમ ખુશ થઈ ગયો. ઉદય દાદીમાનો હાથ પકડી બોલ્યો: દાદીમા, આપણા **સાધુ-સંતો** અને **ઋષિઓ** ખૂબ મહાન હતા, ખૂબ વિદ્વાન હતા. મારે પણ ખૂબ અભ્યાસ કરી **જ્ઞાની** થવું છે અને **ભારતીય સંસ્કૃતિની સેવા** કરવી છે.

"ઉદય હવે આવતી કાલે શાળાએ જઈ **વેદ વ્યાસજી**નો 'એક પાત્રી અભિનય' ખૂબ સુંદર રીતે કરજે." દાદીમાએ ઉદયને આશીર્વાદ આપતા કહ્યું.

બોધપાઠ : શરીરનો રંગ ગોરો હોય કે શ્યામ તેનાથી કોઈ ફરક પડતો નથી. મનુષ્યનું રૂપ નહિ પણ સદ્‌ગુણ પૂજાય છે. જ્ઞાનનું મહત્ત્વ ખૂબ છે. જ્ઞાન સૌ કોઈ મેળવી શકે છે. ભગવાનની ભક્તિનું બળ રાખવું.


સત્સંગ સંસ્કાર વિભાગ

માતાપિતા તથા વડીલો સાથે આપણું વર્તન

(૧) માતાપિતાના આપણી ઉપર અનેક ઉપકારો છે એ વાત આપણે જીવન પર્યંત ન ભૂલવી જોઈએ.

(૨) માતાપિતાને આદર આપવો જોઈએ. એમની સામે ઊંચે અવાજે ન બોલીએ તેમજ તેમને 'તું' કારે ન બોલાવીએ.

(૩) માતાપિતા જ આપણા જીવનનાં ઘડવૈયાં છે. માટે ક્યારેક વઢે, રોકે, ટોકે, ટપલી મારે તો કદીયે આપણે ખોટું ન લગાડવું, રિસાવું નહિ, ગુસ્સો ન કરવો તથા તેમની સામે જીભ ન ચલાવવી કે હાથ ન ઉપાડવો જોઈએ.



(૪) દરરોજ સવારે પૂજા પૂર્ણ થયા બાદ માતાપિતાને તથા ઘરના વડીલોને આદરપૂર્વક ચરણસ્પર્શ કરી "જય સ્વામિનારાયણ" કહેવા જોઈએ.

(૫) માતાપિતા તથા વડીલોની આજ્ઞામાં રહેવાથી સુખી થવાય. કદી તેમની આજ્ઞાનો, વચનનો અસ્વીકાર ન કરીએ કે વાદવિવાદ ન કરીએ. કોઈ પણ પ્રકારની વસ્તુ લેવા માટે માતાપિતા પાસે જીદ ન કરવી જોઈએ.


(૬) ઘરની બહાર જવાનું થાય તો માતાપિતા કે વડીલોને કહીને જ જઈએ. એમનાથી છૂપું કંઈ જ ન રાખવું.

(૭) માતાપિતા કે વડીલો આગળ કદી જૂઠું ન બોલવું જોઈએ. આપણી કોઈ ભૂલ થઈ હોય તો સ્વીકારી લેવી પરંતુ છુપાવવી નહિ.

(૮) શાળાએ જઈએ, ટ્યૂશન જઈએ કે ગમે ત્યાં બહાર જઈએ ત્યારે માતાપિતા અને વડીલોને "જય સ્વામિનારાયણ" કહેવા જોઈએ.

(૯) માતાપિતા તથા વડીલોની માંદગી સમયે સેવા કરવી જોઈએ.

(૧૦) આપણા માટેનો અંગત ખર્ચ બચાવી માતાપિતાને આર્થિક રાહત આપવી જોઈએ.



(૧૧) માતાપિતા તથા વડીલો પાસે બેસી સત્સંગની તથા સંસ્કારની વાતો સાંભળવી જોઈએ.

(૧૨) આપણાં માતાપિતા કે વડીલો સત્સંગી ન થયાં હોય તો તેમને આગ્રહપૂર્વક સત્સંગમાં લાવીએ.

(૧૩) આપણા અભ્યાસ અંગેનો રિપોર્ટ સામે ચાલી માતાપિતાને આપીએ. પરીક્ષાના ગુણ-પરિણામ પણ સામેથી જણાવી દઈએ.

(૧૪) આપણાં માતાપિતા કે વડીલો કોઈ કામ બતાવે તો તરત 'ના' ન પાડીએ. પ્રેમથી એ કામને સ્વીકારી લઈએ. નછૂટકે કાર્ય ન થઈ શકે તેમ હોય તો આપણે આપણી વાત એમની આગળ નમ્રભાવે રજૂ કરવી જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.

(૧) કુલ કેટલા વેદ છે? ક્યા ક્યા?

---

(૨) વેદ વ્યાસજીએ કોની મદદ લઈ શ્રીમદ્ ભાગવત પુરાણની રચના કરી હતી?

---

(૩) વેદ વ્યાસજી બીજા ક્યા નામે ઓળખાય છે?

---

(૪) નારદજીએ વેદ વ્યાસજીને કઈ સલાહ આપી હતી ? કેમ ?

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) વેદ વ્યાસજીએ .....પુરાણની રચના કરી હતી.(૨૦, ૧૯, ૧૮)

(૨) વેદ વ્યાસજીએ..... ઉપ પુરાણની રચના કરી હતી.(૨૫, ૧૮, ૩૭)

(૩) વેદ વ્યાસજીના પિતાનું નામ..... ઋષિ હતું.(ઉદ્દાલક, ગૌતમ, પરાશર)

(૪) વેદ વ્યાસજીના પુત્રનું નામ..... હતું.(કણ્વ, ઋષભદેવજી, શુકદેવજી)

(૫) વેદ વ્યાસજીના શરીરનો રંગ..... હતો.(ગૌરો, ઘઉંવર્ણનો, શ્યામ)

પ્રશ્ન-૩ નીચેના વિધાન ખરાં (✓) છે કે ખોટાં (×) તે જણાવો.

(૧) વેદ વ્યાસજી શ્રાવણ સુદ એકમના દિવસે ધામમાં ગયા હતા. ☐

(૨) વેદ વ્યાસજીએ સંગીત વિશે અનેક શાસ્ત્રો રચ્યાં હતાં. ☐


(૩) વેદ વ્યાસજીએ ધર્મ, ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન, સાહિત્ય, કલા વગેરે વિષયોના શાસ્ત્રોની રચના કરી હતી. ☐

(૪) વેદ વ્યાસજીનો જન્મ દ્વીપ ઉપર થયો હતો. ☐

સભા-૩૧ : મગનીરામમાંથી અદ્વૈતાનંદ

દક્ષિણ ભારતનો એક **બ્રાહ્મણ.** નામ એનું **મગનીરામ.** તે **ભગવાનની શોધમાં** નીકળ્યો હતો. **બંગાળમાં** તેને એક **ગુરુ** મળી ગયા. ગુરુએ શારદા દેવીને પ્રસન્ન કર્યા હતાં. મગનીરામે પણ **સાધના** કરી **શારદા** દેવીને **વશ** કરી દીધાં. આથી મગનીરામને ઘણી **સિદ્ધિઓ** પ્રાપ્ત થઈ.

પછી તે ફરતો ફરતો **જગન્નાથપુરી** પહોંચ્યો. ત્યાં **ખરાબ બાવાઓના સંગે** તે ભગવાન મેળવવાનું **ધ્યેય ભૂલી ગયો.** તેણે પણ બાવાનો **ભયાનક વેશ** ધારણ કર્યો. જોત-જોતામાં સિદ્ધાઈ દેખાડી તેણે **એક હજાર શિષ્યો** કરી દીધા. તે ગામો-ગામ ફરતો. રાજા-મહારાજા અને જોગી મહંતો પાસે જતો. **જંત્ર-મંત્રનું જોર** દેખાડતો. સોનામહોર ઉઘરાવતો. તેનું નામ સાંભળતાં જ **લોકો "ત્રાહિમામ્"** પોકારી ઊઠતા. હવે ફરતો-ફરતો તે ગુજરાતમાં **પોરબંદર** પહોંચ્યો. ત્યાંના મઠધારી **ગુંસાઈજીને ચીપિયાથી માર** માર્યો. ધમકી આપી **દંડ** ઉઘરાવ્યો. ત્યારે ગુંસાઈજી કહે: 'અમારાં જેવા **દેડકાંને** ડાંભો છો, પણ **મણિધરને જીતો તો ખરા.** હિંમત હોય તો **માંગરોળ જઈ સ્વામિનારાયણને વશ કરો.'** આવું સાંભળવાથી મગનીરામના ક્રોધરૂપી અગ્નિમાં તેલ રેડાયું. તે ધૂંઆપૂંઆ થતો **માંગરોળ આવ્યો.** ત્યાંના રાજા **ગજેફરખાન**ને કહેવડાવ્યું,



'**૫,૦૦૦ રૂપિયા** આપો, નહીંતર આખા શહેરનું ધનોતપનોત કરી નાંખીશ.'

ગજેફરખાને સામે કહેવડાવ્યું, 'બાવાજી ! **પાંચ** શું **૧૦ હજાર રૂપિયા આપું. જો તમે સ્વામિનારાયણને જીતી લો તો.'**

ગુસ્સા અને ગર્વથી મગનીરામ અંધ થયો હતો. આખરે ૧૦-૨૦ ચેલા સાથે તે **શ્રીજી મહારાજ પાસે** આવ્યો. ચીપિયો પછાડી ગર્જ્યો, 'અરે એ **જીવનમુક્તા! પાખંડ કેમ ચલાવો છો?'** શ્રીજી મહારાજ કહે: ' અમે પાખંડ નથી ચલાવતા. ભક્તોને ઉપદેશ આપી, **કલ્યાણનો માર્ગ દેખાડીએ છીએ.'** મગનીરામ **ડારો** દેતાં કહે: 'મને ઓળખો છો?' **હું દેવીવાળો મગનીરામ છું. ૧૦ હજાર રૂપિયા આપો,** નહીંતર આખું શહેર સમુદ્રમાં ડુબાડી દઈશ.' શ્રીજી મહારાજ ઠંડે કલેજે કહે, 'અમારી પાસે રૂપિયા નથી. જમવું હોય તો અન્ન આપીએ. અને હા, **અમે જંત્ર-મંત્રથી ડરતા નથી.'**

આવું સાંભળી ચીપિયો પછાડી મગનીરામ પહોંચ્યો તેના ઉતારે. સ્નાન કરી બેઠો **દેવીની પૂજા** કરવા. તેણે ઘણા મંત્રો અજમાવ્યા, પણ એકેય સફળ ન થયો. આખરે તેણે **દેવીનું આહ્વાન** કર્યું. **શારદા દેવી પ્રગટ** થઈ કહે: 'અરે ઓ મગનીરામ ! ભૂલી ગયો... કે તેં શા માટે ઘર છોડ્યું હતું ? **સ્વામિનારાયણ ભગવાન છે.** કલ્યાણ જોઈતું હોય, તો તેમનો **આશરો કરી તેમને રાજી કર.'**

દેવીની આવી વાણી સાંભળી મગનીરામની અંતરની આંખો ખૂલી ગઈ. **સવારે** નાહીધોઈ **તે શ્રીજી મહારાજના ઉતારે** આવ્યો. ત્યાં પડેલાં **એઠાં વાસણો** તેણે ઊટકી નાંખ્યાં. પછી શ્રીજી મહારાજનાં **ચરણોમાં** પડી,



માફી માંગી કહે, **'આપ સર્વ અવતારના અવતારી છો.** મને ક્ષમા આપો. આપનો **સાધુ કરો.'** પછી તો શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ મગનીરામે **મૂંછ** અને **જટા** ઉતરાવી નાંખ્યાં! **સંતોના જોડાની ગાંસડી ઉપાડી તેણે સભાની પાંચ પ્રદક્ષિણા કરી !** શ્રીજી મહારાજે તેને સાધુ કર્યો. તેમનું નામ પડ્યું **અદ્વૈતાનંદ.**

આવા હતા શ્રીજી મહારાજ !

સર્વશક્તિમાન. તેમની સામે કોઈના જંત્ર-મંત્ર ન ચાલે. તેમને જીતવા જાય તે ખુદ જ હારી જાય. વળી, કુસંગના કારણે મગનીરામ પોતાનો માર્ગ પણ ભુલ્યા, માટે કુસંગનો સંગ ક્યારેય કરવો નહિ.

સત્સંગ સંસ્કાર વિભાગ

ભાઈબહેન સાથે આપણું વર્તન

(૧) આપણાથી મોટાં ભાઈબહેનની મર્યાદા જાળવવી. તેમને 'તું'કારે ન બોલાવવાં જોઈએ તેમજ માનથી બોલાવીએ.

(૨) આપણાથી નાનાં ભાઈબહેનને હેત, પ્રેમ આપી ખૂબ જ લાડ લડાવી સાચવવાં જોઈએ. એમને રમાડીએ કે સાચવીએ તો મમ્મીનો સમય બચે અને મદદરૂપ થઈ શકાય.

(૩) નાનાં કે મોટાં ભાઈબહેન ઉપર હાથ ન ઉપાડીએ કે તેમની સાથે ગુસ્સાથી વાત ન કરીએ. સૌની સાથે પ્રેમથી રહેતાં શીખીએ.

(૪) નાનાં ભાઈબહેનને અભ્યાસમાં મદદરૂપ થઈએ.

(૫) નાનાં ભાઈબહેન પાસેથી વસ્તુ પડાવી ન લેવી, એમને ખીજવવાં ન જોઈએ કે રડાવવાં ન જોઈએ.

(૬) ભાઈબહેન માટેની ખોટી ફરિયાદ માતાપિતાને ન કરીએ.

(૭) ભાઈબહેન સાજામાંદા હોય, તબિયત નાદુરસ્ત હોય ત્યારે તેમની સેવા કરીએ.

(૮) આપણે એકલાએકલા, છાનામાના કોઈ વસ્તુ જમી ન લઈએ. ભાઈબહેનને વહેંચીને જ જમવું જોઈએ.



(૯) આપણાથી નાનાંમોટાં ભાઈબહેનની સેવા કરીએ; જેવી કે, પથારી પાથરી દઈએ, ફૂટ સુધારી દઈએ, કપડાંને ઈસ્ત્રી કરી દઈએ અને થાળી પીરસી દઈએ વગેરે.

(૧૦) ભાઈબહેન સાથે ખૂબ જ સંપીને રહીએ. કદી એમના અભાવ-અવગુણ ન લઈએ.

(૧૧) ભાઈબહેન સાથે મારામારી ન કરીએ અને નામ ન પાડીએ. નાનાં ભાઈબહેન અન્યની સાથે ઝઘડી પડે તો છોડાવીએ ને સમજાવીએ.



(૧૨) ભાઈબહેનને બાળ-બાલિકા મંડળની સભાઓમાં નિયમિત લઈ જઈએ. અને સંતોના રાજીપામાં આપણી સાથે રાખીએ.

(૧૩) નાનાં ભાઈબહેનને અભ્યાસમાં જે વિષય ન ફાવતો હોય કે જે કંઈ ન આવડતું હોય તે પ્રેમથી શિખવાડવું જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) મગનીરામ કોણ હતો?.....

(૨) મગનીરામે ઘર શા માટે છોડ્યુ હતું?.....

(૩) મગનીરામે સાધના કરી કોને વશ કરી લીધા હતા?.....

(૪) મગનીરામ પાસે કેટલા શિષ્યો હતા?.....

(૫) મગનીરામને નિર્માની કરવા મહારાજે શું કરાવ્યું ?

.....

(૬) મગનીરામે મહારાજ સામે શું પડકાર કર્યો ?

.....

પ્રશ્ન-૨ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) અમારા જેવા દેડકાને ડાંભો છો ☞ .....

(૨) બાવાજી, પાંચ શું દશહજાર રૂપિયા આપું ☞ .....

(૩) જીવનમુક્તા ! પાખંડ કેમ ચલાવો છો ☞ .....

(૪) અમે જંત્ર-મંત્રથી ડરતા નથી ☞ .....

(૫) અમે પણ તેમને જ ભજીએ છીએ ☞ .....

(૬) આપ સર્વે અવતારના અવતારી છો ☞ .....

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(ગઢડા, અદ્વૈતાનંદ, માંગરોળ, બાવાઓ, ગજેફરખાન, ૫,૦૦૦, ૧૦,૦૦૦, મુંછ, જટા)

(૧) મગનીરામ શ્રીજી મહારાજને .....માં મળ્યો.

(૨) મગનીરામમાંથી .....સ્વામી બન્યા.

(૩) માંગરોળના રાજાનું નામ .....હતું.

(૪) મગનીરામે શ્રીજી મહારાજ પાસે .....રૂપિયા માંગ્યા.

(૫) મગનીરામે .....અને .....ઉતરાવી નાખ્યા છે.

(૬) મગનીરામ.....ના કુસંગે ભગવાન મેળવવાનું ધ્યેય ભૂલ્યો.

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) ભગવાન સર્વશક્તિમાન છે. ☐

(૨) આપણે જંત્ર-મંત્ર, કામણ-ટુમણથી ડરવું ન જોઈએ. ☐

(૩) કુસંગના કારણે સારા લોકોની પણ અધોગતિ થાય છે. ☐

(૪) એક ભગવાનનો દૃઢ આશરો હોય તેને બીજા કોઈના આશરાની જરૂર નથી. ☐

(૫) કલ્યાણનો ખપ હોય તો બધુ જ થાય છે. ☐

પ્રશ્ન-૫ આપણે સંતો-ભક્તોની આગળ કઈ-કઈ રીતે નિર્માની પણે વર્તી શકીએ છીએ ? જણાવો.

દા.ત. ૧ - પગે લાગીને

૨ - દીન વચન બોલીને

૩ - .....

૪ - .....

૫ - .....

૬ - .....

૭ - .....

૮ - .....

૯ - .....

૧૦ - .....

સભા-૩૨ : દીધા દીકરાના દાન !

સૌરાષ્ટ્રમાં બાલા નામનું એક **ગામ** છે.

શ્રીજી મહારાજ ભક્તોને દર્શન દેવાં અનેક ગામોમાં ફરતા રહેતાં. બાલા ગામમાં પણ શ્રીજીના હરિભક્તો હતાં. તેમને થયું કે **આપણા ગામમાં** પણ મહારાજની **પધરામણી** કરાવીએ. તેમણે મહારાજને પ્રાર્થના કરી.

મહારાજ તો અતિ ઉદાર. ભક્તોની ખરા હૃદયની પ્રાર્થનાને તેઓ તરત જ પામી જાય. તેમણે પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

મહારાજ **બાલા ગામમાં** પધાર્યા.

લોકોએ ધામધૂમથી એમનું **સામૈયું** કર્યું.


મુકામ પર મહારાજ ઢોલિયે બિરાજ્યા અને ભક્તોએ એમની પૂજા કરી.

ગામની એક **કુંભાર જ્ઞાતિની વૃદ્ધ બાઈ** પણ આમાં હતી. મહારાજને પગે લાગી ને ઊભી. ને પછી ઊભી ઊભી મનમાં વિચાર કરવા લાગી.

મહારાજે કહ્યું : **'મા, શું વિચાર કરો છો?'**

માજીએ કહ્યું : ' વિચાર કરું છું કે મારે તમને કાંઈ **ધરવું. પણ શું ધરવું** ?
મહારાજ, તમે જ કહોને, તમને શું આપું ?'

મહારાજ મલક્યા.



આસપાસ બેઠેલા હરિભક્તોને **નવાઈ** લાગી કે મહારાજ ભક્તને માગવાનું કહે તે તો બરાબર, પણ આ **ડોશી** શું જોઈને **મહારાજને માગવાનું કહેતી હશે!** મહારાજ તો સૃષ્ટિના માલિક, એમને વળી માગવાનું કેવું ? તેમને શંકા પડી કે ડોશીનું ખસી ગયું લાગે છે.

ડોશીએ તો ફરી મહારાજને આગ્રહ કર્યો : **'મહારાજ, કંઈ માગો ! તમે કહો તે આપું !**

લોકો મનમાં કહે : ઓહોહો ! આ ડોશી તો જાણે એની પાસે મોટાં **રાજપાટ** હોય એવી વાત કરે છે ! **ગાંડી** થઈ લાગે છે ! એ વિના કોઈ આવું બોલે ?

મહારાજ ફરી મલકયા. એમના એ **ભુવનમોહન સ્મિતે** ડોશીને ચંચળ કરી દીધી. એને મહારાજના મુખનો બોલ સાંભળવો હતો.

મહારાજ બોલ્યા : માજી, તમારો આટલો આગ્રહ છે તો કહું છું - અમારા સંતો ખુશ થાય તો તેઓ એમને જે વહાલામાં વહાલું હોય તે અમને આપે, તેમ તમે પણ **તમને જે વહાલામાં વહાલું હોય તે અમને આપો!**

'આપ્યું! કહી તરત જ ડોશી ત્યાંથી ચાલી નીકળી ને પોતાને **ઘેર** આવી.



ઘરના આંગણામાં જ ડોશીની એકની એક **કપિલા ગાય** બાંધેલી હતી. ગાયની ડોક પર વહાલથી હાથ ફેરવી ડોશી કહે, 'આ ગાય મને ખૂબ જ વહાલી છે. એ જ હું મહારાજને આપું.!'

તે પછી ડોશીએ **ઘરમાં પગ** દીધો. ઘરમાં લાકડાનો મોટો **પટારો** હતો. એ પટારામાં **રૂપિયા** અને **દાગીના** હતા.

પટારા પર હાથ મૂકી ડોશી કહે : 'ગાય કરતાં આ પટારો મને વધારે વહાલો છે. એમાં દાગીના-રૂપિયા છે! તો આ **પટારો** જ હું મહારાજને આપું.! મારા વહાલામાં વહાલી ચીજ તો આ છે.'

ડોશી આમ વિચાર કરે છે ત્યાં એના **બે દીકરા દેવજી** અને **પ્રેમજી** બહારથી આવ્યા અને માને પટારા પાસે ઊભેલી જોઈ બોલ્યો : 'મા, તું અહીં ઊભી ઊભી શું કરે છે?'


ડોશીએ એકદમ બેઉ છોકરાઓને **ગોદમાં** લીધા. તેના મોંમાંથી શબ્દો નીકળી પડ્યા : **પટારા કરતાં તો આ છોકરા મને વધારે વહાલા છે! કોઈ લાખો કરોડો દે, તોય હું દીકરો ન આપું !**

છોકરાઓએ સહજ કુતૂહલતાથી પૂછ્યું : 'તે મા, તારે કોને શું આપવું છે?

ડોશીએ વહાલથી બેઉ છોકરાઓના મસ્તક પર હાથ ફેરવતા ફેરવતાં કહ્યું :

'ગામમાં શ્રીજી મહારાજ પધાર્યા છે.'


ત્યાં તો બેઉ છોકરાઓ બોલી ઉઠ્યા : 'અમને ખબર છે અમેય દર્શન કરવા ગયા હતા.'



ડોશીએ કહ્યું : 'હું એમને પગે લાગી. મેં કહ્યું: મહારાજ, હું તમને શું આપું? ત્યારે મહારાજ કહે કે તમને જે **વહાલામાં વહાલું** હોય તે આપો!'

તે આપો ને મા ! છોકરાઓએ કહ્યું.

ડોશીએ કહ્યું : **'મને વહાલામાં વહાલા તો તમે બે દીકરા છો !'**



છોકરાઓએ કહ્યું : **તે અમને દઈ દો!** પછી મહારાજ અમને **સાધુ** કરશે, નહિ, મા ? અમને એમની સેવામાં રાખશે, નહિ મા? એ તો બહુ રુડું !'

દીકરાઓનો આ **સમર્પણ** ભાવ જોઈ વૃદ્ધ માની આંખોમાં સંતોષનાં અને હર્ષના **આંસું** આવી ગયાં.

બંને દીકરાઓની **આંગળી** પકડી એમને લઈ માજી મહારાજ પાસે આવ્યાં ને પગે લાગી બોલ્યા: **'મારી વહાલી જણસ તો મારા આ બે દીકરા છે. તે હું તમને સોંપું છું.'**

આ સાંભળી આખી સભા **સ્તબ્ધ** થઈ ગઈ.

વૃદ્ધ વયે દીકરાઓની ઓથ જાય, પછી ડોશીનું કોણ?

મહારાજે મંદ સ્મિત કરી કહ્યું: 'માજી બેઉ દીકરા મને દીધા, પછી **તમારું કોણ?'**

ડોશીએ તરત જ જવાબ દીધો : **'મારા તમે ! તમે છોને ! હું ખોટનો ધંધો નથી કરતી, હોં!**

મહારાજનું મુખ એકદમ **મલકી** ગયું તે બોલ્યા : **'ખરું કહ્યું માજી ! મારા પર શ્રદ્ધા રાખવામાં મારો કોઈ ભક્ત ખોટનો ધંધો નથી કરતો!'**

શ્રીજી મહારાજે બેઉ દીકરાઓનો સ્વીકાર કર્યો. દીકરાઓ **સાધુ** બની મહારાજની સેવામાં રહી ગયા.

શ્રીજી મહારાજે **દેવજીને** દીક્ષા આપી **'દહરાનંદ સ્વામી'** અને **પ્રેમજીને** દીક્ષા આપી **'પ્રસાદાનંદ સ્વામી'** નામ રાખ્યાં હતા.

સ્વામિનારાયણ સંપ્રદાય ઉજ્જવળ બન્યો છે તે માતાઓના આવા ત્યાગના લીધે, હરિભક્તોની આવી અચળ નિષ્ઠાને લીધે! ધન્ય છે બાલાગામના આ ડોશી કાનુબાઈને !

સત્સંગ સંસ્કાર વિભાગ

મિત્રો સાથે આપણું વર્તન

(૧) આપણા મિત્રો હંમેશા સારા, સંસ્કારી અને સત્સંગી તથા સદ્‌ગુણી હોવા જોઈએ. કુસંગીને વ્યસની મિત્રો આપણે ન કરવા જોઈએ.

(૨) મારામારી, ખરાબ-ગંદી કુટેવો હોય, વ્યસન કરતા હોય, ચોરી કરે, તોફાન કરે અને ગાળો બોલે - આવી બધી કુટેવોવાળા સહસાથીને ઓળખી તેમનાથી છેટા રહેવું. એમના સંગથી એવી કુટેવો આપણા જીવનમાં આવી ન જાય તેનો ખ્યાલ રાખીએ.

(૩) આપણા મિત્રોને આપણી બાળસભામાં લાવીને અને સંચાલક તથા પૂજ્ય સંતોને તેમનો પરિચય કરાવીએ.

(૪) પૂજ્ય ગુરૂજી તથા પૂજ્ય સંતો આપણે ઘેર પધાર્યા હોય તો આપણા મિત્રોને દર્શન માટે બોલાવવા જોઈએ.

(૫) જે મિત્રો સત્સંગી ન હોય અને તેમના ઘરે નિયમ-ધર્મ ન પાળતા હોય તો તેમના ઘરે ખાવું-પીવું ન જોઈએ.

(૬) આપણા મિત્રોની ઓળખાણ આપણાં માતાપિતાને જરૂર કરાવીએ.



(૭) આપણે કોઈ દિવસ વિજાતિ મિત્રો ન કરવા જોઈએ. (વિજાતિ મિત્ર એટલે છોકરા માટે છોકરી અને છોકરી માટે છોકરો આ વિજાતિ મિત્ર છે.)

(૮) નિ:સ્વાર્થભાવે આપણે આપણા મિત્રોની સહાય કરવી અને મદદરૂપ થવું જોઈએ.

(૯) મિત્રોના સંગે કરી પૈસાનો ખોટો ખર્ચ ન કરવો જોઈએ.

(૧૦) મિત્રો સાથે રહીએ કે ફરવા જઈએ તોપણ આપણે આપણા નિયમ-ધર્મ અને સંસ્કારને ન છોડીએ.

(૧૧) બને ત્યાં સુધી કોઈ મિત્રો સાથે બોલાચાલી કે ઝઘડો કરી સંબંધ બગાડવા ન જોઈએ.

(૧૨) બિનસત્સંગી કે વધુ પૈસાદાર મિત્રોનો બિનજરૂરી બાબતમાં વાદ ન લેવો.

(૧૩) મિત્રોના કહેવાથી કે દેખાદેખીથી મોબાઈલ ફોન ન રાખવો જોઈએ.

(૧૪) કોઈ મિત્રો સાથે સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા વિરુદ્ધનું અજુગતું વર્તન ન કરવું જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) બાલા ગામ ક્યાં આવેલું છે? બાલા ગામના ડોશીમાંનું નામ શું હતુ ?

---

(૨) ભગવાન કોની પ્રાર્થના સાંભળે છે?

---

(૩) વૃદ્ધબાઈને શ્રીજીમહારાજના દર્શન કરી શું ઈચ્છા થઈ ?

---

(૪) શ્રીજી મહારાજે ડોશીમાં પાસે શું માગ્યું ?

---

(૫) ડોશીમાને ક્રમશ: શેનાથી શુ વધારે વહાલું લાગ્યું?

પ્રશ્ન-૨ નીચે આપેલ ખાલી જગ્યા પુરો.

(૧) ડોશીમાને ..... દીકરા હતા.

(૨) ડોશીમાના દીકરાનું નામ .....અને ..... હતું?

(૩) બાલાગામ ..... માં આવેલ છે.

(૪) ડોશીમાંએ ઘરના આંગણામાં ..... ને બાંધેલી જોઈ.

(૫) શ્રીજી મહારાજે બંને દીકરાને ..... બનાવ્યા.

(૬) પ્રેમજીને દીક્ષા આપી ..... નામ આપ્યુ.

(૭) દહરાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ..... હતું.

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) ડોશીમાને વહાલામાં વહાલું તો પટારો , ઘરેણાં ને રૂપિયા હતાં. ☐

(૨) બન્ને દીકરાઓએ સાધુ થવાની ના પાડી. ☐

(૩) આપણા મિત્રો કુસંગી હોય તોય ચાલે. ☐

(૪) આપણા મિત્રોની ઓળખાણ સંતોને કરાવવી જોઈએ. ☐

(૫) આપણી વહાલી વસ્તુ સંતો માંગે તો આપવી જોઈએ. ☐

પ્રશ્ન-૪ 'ડોશીમાંએ પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુ'નો નિર્ણય કેવી રીતે કર્યો તે ડોશીમાંનુ મનોમંથન જણાવો.

.....

.....

સભા-૩૩ : આવા હતા આપણા દાદાગુરુજી

દાદાગુરૂજી એટલે હરિસમ હિતકારી મહાપુરૂષ.

દાદાગુરૂજી એટલે વચનસિદ્ધ, બ્રહ્મવેત્તા મહાપુરૂષ.

દાદાગુરૂજી એટલે આજાનબાહુ, અજાતશત્રુ મહાપુરૂષ.


દાદાગુરૂજી એટલે મમતા-વાત્સલ્ય, સમતા, ક્ષમા, કરૂણાની સાક્ષાત્ મૂર્તિ.

દાદાગુરૂજી એટલે સાધુતાના સર્વોત્તમ સર્વે લક્ષણોથી શોભતા સત્પુરૂષ.

દાદાગુરૂજીના સમયમાં **સુરતમાં** એક જ સ્વામિનારાયણ મંદિર હતુ. **'રામપુરા'.** દાદાગુરૂજી **૨૦ વર્ષ** સુધી સુરતના રામપુરા મંદિરના

મહંતપદે રહ્યાં હતા. તા.૧૮-૫-૧૯૭૫ના દિવસે **વડતાલ**થી દાદાગુરૂજીની **બદલી**નો આદેશ આવ્યો ; એટલે દાદાગુરૂજીની **'વિદાયસભા'** નું આયોજન થયું.


નંદસ્વામીની વિદાય થવાની છે એવું જાણી સૌ ભક્તો **દુઃખી** અને **ઉદાસ** હતા. વિદાયસભામાં પણ સુરત શહેરના **પ્રતિષ્ઠિત** લોકો પ્રવચન કરતા કરતા **રડી** રહ્યા હતા કેમકે તેમને નંદસ્વામી સાથેનો **અતિહેતનો** નાતો બંધાય ચૂક્યો હતો.






આવી પરિસ્થિતિ જોઈ દાદાગુરૂજીએ વિચાર્યું કે આ હરિભક્તોને **મારામાં** જેવો **ભાવ** છે તેવો જ **ભાવ-પ્રેમ** જો **નવા આવનારા મહંતમાં** થાય તો **સુરતનો સત્સંગ** જળવાય રહે. આ રીતે વિચારી સૌનું રૂડું ઈચ્છતા દાદાગુરૂજીએ આવનાર નવા **મહંતશ્રીનું** ખુબ જ **ભવ્ય** અને **દિવ્ય સ્વાગત** કરવાનું આયોજન કર્યું. તેમના સ્વાગત માટે તે જમાનામાં **૧૧ ફોર વ્હીલ ગાડીઓ,** અને **૭૦૦થી વધુ હરિભક્તોનો સંઘ** લઈ **રેલ્વે સ્ટેશને** પહોચ્યા. દાદાગુરૂજીએ અને સર્વે હરિભક્તોએ નવા **મહંતશ્રીનું ફુલહાર** અને **મીઠી વાણીએ** ખુબ **ભવ્ય સ્વાગત** કર્યું. નવા મહંતનું જીવનમાં પ્રથમવાર રેલ્વે સ્ટેશન પર **આવું મોટું** ભવ્ય સ્વાગત થયું હતું. રેલ્વે સ્ટેશન કરતા પણ વધુ દિવ્યતા અને ભવ્યતા સાથે **મંદિરમાં સ્વાગત સભાનું** આયોજન હતું. આ બધું જોઈ નવા આવેલા **મહંતશ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીને** દાદાગુરૂજીનો **બહુ ગુણ** આવ્યો તેમણે સભામાં સૌ ભક્તોને કહ્યુંકે....

વ્હાલા ભક્તો ! આ દુનિયામાં સહુને **સત્તા** અને **માન** મેળવવું જ ગમે છે. આ દુનિયા સત્તા અને માનની ભીખારી છે. તેમાં પણ જ્યારે સત્તા પોતાના હાથમાંથી **જતી** હોય ત્યારે પોતાની **સત્તા જાળવી** રાખવા લોકો કેટલાય કાળાંધોળાં કામો કરે છે. સત્તા માટે લોકો મરવા ને મારવા પણ તૈયાર થાય છે. પરંતુ આ **'નંદસ્વામી'ની રીત અલૌકિક છે;** ન્યારી છે. **તેઓ માન-સત્તા-સન્માન બીજાને આપીને રાજી થાય છે. ખરેખર આ નંદસ્વામી સાચા અર્થમાં સંત છે.**



આવા હતા આપણા દાદાગુરૂજી.

હા બાળમિત્રો ! જેનામાં ઈર્ષા ન હોય, દબાઈ કે દટાઈ જવાનો ભય ન હોય, અને બીજાની મોટાઈ ઉત્કર્ષ જોઈએ રાજી થતા હોય એ જ ભગવાન અને સંતને રાજી કરી શકે છે. અને એ જ મહાન થઈ શકે છે. દાદાગુરૂજીના જીવનમાંથી આપણે પણ બીજાનો માન-સન્માન આપવાનું શીખવાનું છે!



સત્સંગ સંસ્કાર વિભાગ

શાળામાં આપણું વર્તન

(૧) શાળામાં જતાં અગાઉ આપણું દફ્તર-થેલો અવશ્ય તપાસવાં જોઈએ. વર્ગમાં ભણવા માટે જરૂરી પુસ્તકો અને નોટો વગેરે યાદ કરી લઈ લેવાં જોઈએ.

(૨) શાળાના સમય કરતાં દસ મિનિટ વહેલાં પહોંચવાની ટેવ પાડવી જોઈએ.

(૩) શાળામાં ભણવાની શરૂઆતમાં પ્રાર્થના થતી હોય તો તેમાં શાંતિથી, એકાગ્રતાથી પ્રાર્થના કરવી જોઈએ. જો પ્રાર્થના ન થતી હોય તો આપણે એકલા મનમાં પણ અભ્યાસ ચાલું કરતાં પહેલાં પ્રાર્થના કરવી જોઈએ.

(૪) વર્ગમાં હંમેશાં આગળ બેસવાનો આગ્રહ રાખવો અથવા સારા અને હોંશિયાર વિદ્યાર્થી પાસે બેસવું જોઈએ. તોફાની કે વાતોડિયા કે ગંદી વાતો કરે એવા વિદ્યાર્થી પાસે ન બેસવું જોઈએ.

(૫) શાળામાં અભ્યાસ માટે જઈએ ત્યારે તિલક-ચાંદલો ફરજિયાત કરવો જોઈએ. એમાં કોઈની શરમ ન રાખીએ.

(૬) વર્ગમાં કે ઓફિસમાં પ્રવેશ કરતાં પહેલાં શિક્ષક કે આચાર્યસાહેબ હાજર હોય તો "મે આઈ કમ ઈન સર?" "હું અંદર આવી શકું છું?" એમ કહી પરવાનગી લઈને જ પ્રવેશવું જોઈએ.

(૭) શાળાનો જે ડ્રેસ નક્કી હોય એમાં જ જવું જોઈએ. આપણો ડ્રેસ સ્વચ્છ અને સુઘડ હોવો જોઈએ.

(૮) શાળામાં કોઈ પણ વિદ્યાર્થી સાથે તોફાન, મસ્તી કે ઝઘડો ન કરવાં જોઈએ. સૌની સાથે પ્રેમથી રહેવું.

(૯) કોઈનીય વસ્તુ પૂછ્યા વિના ન લેવી જોઈએ. કદાચ આપણને કોઈની વસ્તુ મળે તો પણ આપણી પાસે ન રાખતાં શિક્ષકને આપી દેવી જોઈએ.


(૧૦) શાળામાં જ્યાંત્યાં થૂંકીએ નહિ કે ગંદકી ન કરીએ તથા શાળામાં રહેલાં ફૂલ-છોડ વૃક્ષોને નુકસાન ન પહોંચાડીએ.

(૧૧) શાળાની દીવાલો, બેન્ચો કે બ્લેકબોર્ડ ઉપર પોતાનું નામ કે અપશબ્દો તેમજ બિનજરૂરી લખાણ ન કરીએ.

(૧૨) શાળામાં એવું વર્તન ન રાખીએ કે જેથી આપણા વાલી સુધી આપણી ફરિયાદ જાય.

(૧૩) શાળાએ જવાના બહાના હેઠળ બીજે ફરવા જવું નહિ તથા રમત ગમત કે અન્ય ઈતરપ્રવૃત્તિ ન કરવી. સીધા ઘેરથી શાળાએ અને શાળાએથી સીધા જ ઘેર જઈએ.

(૧૪) વર્ગમાં જે કાંઈ ભણાવે તેમાં એકાગ્રતા રાખીએ અને ઘેર આવી તેનું પુનરાવર્તન કરીએ અને ગૃહકાર્ય કરીએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) આપણા દાદાગુરૂજીનું નામ શું છે?

.....

(૨) દાદાગુરૂજી કેટલા વર્ષ સુધી સુરત રામપુરા મંદિરના મહંતપદે રહ્યા?

.....

(૩) દાદાગુરૂજી સંપ્રદાયમાં કયા નામથી ઓળખાતા?

.....

(૪) દાદાગુરૂજીએ સુરતનો સત્સંગ જળવાય રહે તે માટે શું કર્યું?

.....

(૫) નવા આવેલા મહંતશ્રીનું નામ જણાવો.

.....

પ્રશ્ન-૨ નીચેનું વાકય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) દાદાગુરૂજીના સમયમાં સુરતમાં અનેક સ્વામિનારાયણ મંદિરો હતા. ☐

(૨) નવા મહંતના સ્વાગત માટે દાદાગુરૂજી ૭૦૦ હરિભક્તોનો સંઘ લઈ ગયા. ☐

(૩) દાદાગુરૂજી બીજાને માન, સત્તા, સન્માન આપીને રાજી થતા. ☐

(૪) આ દુનિયામાં સૌને સત્તા અને માન મેળવવું જ ગમે છે. ☐

(૫) દાદાગુરૂજી સાચ્ચા સાધુતાવાન સંત હતા. ☐

પ્રશ્ન-૩ નીચેના અધુરા વાકયો પુરા કરો.

(૧) દાદાગુરૂજી એટલે .....

(૨) દાદાગુરૂજી એટલે .....

(૩) દાદાગુરૂજી એટલે .....

(૪) દાદાગુરૂજી એટલે .....

(૫) દાદાગુરૂજી એટલે .....

પ્રશ્ન-૪ નીચે આપેલા શબ્દો યોગ્ય ક્રમમાં ગોઠવો.

(૧) છે અલૌકિક નંદસ્વામીની આ ખરેખર, રીત છે.

.....

(૨) માનની આ સત્તા છે ભીખારી દુનિયા અને

.....

(૩) સંત આ છે નંદસ્વામી ખરેખર, સાચા અર્થમાં

.....


સભા-૩૪ : આહારશુદ્ધિ

એકવાર મહારાજ **વડતાલથી વડોદરા** જઈ રહ્યા હતા. રસ્તામાં **છાણી** નામે ગામ આવ્યું. આ ગામમાં **તેજાભાઈ** કરીને એક **વણકર** હતા. તે **મહારાજના ભક્ત** હતા. તેની **ભક્તિ** જોઈને **બીજા** પણ વણકરો અને બીજા કેટલાક લોકો **સત્સંગમાં** ભળ્યા હતા. તેઓ રોજ નહાઈધોઈ **પૂજાપાઠ** કરતાં, **કંઠી** પહેરતાં, **માળા** ફેરવતા, **કથાવાર્તા** અને **ભજન-કીર્તન** પણ કરતા. ખાવા-પીવામાં **માંસ મદિરાનો ત્યાગ, ભાંગ-અફીણનો ત્યાગ, બીડી-તમાકુ ને છીંકણીનો પણ ત્યાગ! ચોખ્ખાઈ** તો એવી કે વાણિયા-બ્રાહ્મણને ઘેરે યે એવી જોવા ન મળે!

વણકરોની આ **નિષ્ઠા** જોઈ બ્રાહ્મણ-વાણિયા એમની **મશ્કરી** કરતા. મહારાજને માટે પણ ગમે તેમ બોલતાં! પણ વણકરો સામો **એક અક્ષર** કહેતાં નહિ, માત્ર એટલું કહેતા, **હાથ જોડીને કહેતા** કે માબાપ, એકવાર મહારાજનાં દર્શન કરો !

બ્રાહ્મણ-વાણિયા કહે : 'અમે તમારા મહારાજને જાણીએ છીએ. **એ જાદુગર છે.** એ ભૂરકી નાખી માણસને પોતાની પાછળ **ગાંડો** બનાવે છે! અરે, ભેંસ પર એમની નજર પડે તો ભેંસ પણ એમની પાછળ **ગાંડી** થઈ જાય છે! અમારે એવા ગાંડા નથી થવું!'

હવે મહારાજનું **ગામમાં થઈને** પધારવાનું થયું ત્યારે **તેજાભાઈ** વગેરે વણકરોએ **ખોળા પાથરી પાથરી બ્રાહ્મણ, વાણિયાઓ અને** ગામના **બાવા, સંન્યાસીઓને અરજ** કરી કે **ઘેર બેઠાં ગંગા આવે છે !**



ડૂબકી ન મારો તો જરી આચમન તો લો! પાસે ન આવો તો દૂર રહીને **દર્શન** કરજો, પણ પધારો! જવાબમાં એ લોકોએ **તિરસ્કાર** કરી કહ્યું: **'હવે જોયા તમારા મહારાજ!'**

આમ કહી એમણે ગામમાં **ઢંઢેરો** પિટાવી દીધો કે 'કોઈ પણ ઊંચ વર્ણના માણસે સ્વામિનારાયણનાં દર્શન કરવા જવું નહિ! જશે એ નાતબહાર! મહાજન બહાર!'

પરિણામ એ આવ્યું કે મહારાજ **છાણી** પધાર્યા ત્યારે **એક પણ** ઉંચવર્ણનો માણસ, સાધુ કે સંન્યાસી તેમના દર્શન કરવા આવ્યો નહિ.

તેજાભાઈ વગેરે વણકરોએ અને બીજા એમના જેવા હરિભક્તોએ મહારાજને **એક ઝાડ**ની નીચે **ગાદી** પર પધરાવ્યા, ને મહારાજને પગે લાગી હાથ જોડી સામે બેઠા.

મહારાજે સભા તરફ એક **નજર** નાખી લઈ કહ્યું: **'તમારા ગામમાં શું બ્રાહ્મણ-વાણિયાની વસ્તી જ નથી?'**

ત્યારે તેજા ભક્તે મહારાજને **બધી વાત** કરી. **ઢંઢેરાની** વાત સાંભળી મહારાજને હસવું આવી ગયું. કહે : 'આટલો બધો જાપતો કરવો પડે છે એ જ બતાવે છે કે **કિલ્લામાં ગાબડું** છે! **બ્રાહ્મણો**



બ્રાહ્મણત્વ ખોઈ રહ્યા છે! હરિભક્તોને **નાતબહાર** કરવાની ધમકી આપી તેઓ પોતે જ નાતબહાર થઈ ગયા છે!'

એ જ વખતે એમની દૃષ્ટિ ભક્ત વણકરો પર પડી અને એમના ચિત્તમાં એક **પ્રસન્નતાની લહર** ફરી વળી. એ બોલી ઊઠ્યા: 'એ વણકર હરિભક્તો! બ્રાહ્મણ, વાણિયાને શરમાવે એવા **વિશુદ્ધ આચાર-વિચાર અને સદ્‌ગુણના તમે ધારક બનશો! તમે ગામની શોભા બની રહેશો!'**

સૌ હરિભક્તોએ મહારાજના આ **આશીર્વાદ** શિર નમાવીને ઝીલ્યા.

અને બન્યું પણ એમ જ.

એક વાર વાણિયાઓની નાતમાં **જમણવાર** હતો ને કોઈક **ગુજરી** ગયું, તૈયાર રસોઈનું શું કરવું! સૌ કહે: **'આપો, હરિજનવાસમાં.'** તેજાભાઈને બોલાવ્યા. **રસોઈ ભરી જવા કહ્યું.** તેજાભાઈએ **સ્પષ્ટ ના પાડતા** કહ્યું: **'અમને આ તમારી રસોઈ ન ખપે. તમે ઘી-તેલ-પાણી ગાળ્યું ન હોય. લોટ ચાળ્યો ન હોય ને વળી, તેમાં હીંગ-લસણ ને કાંદાનો ઉપયોગ કર્યો હોય... અમે ખાઈએ તો અમારો ધરમ જાય...'**

આ સાંભળી નાતની આંખ ઊઘડી ગઈ કે આ હરિજનોમાં પણ સ્વામિનારાયણે કેવા ચોખ્ખા વર્તમાન સિંચ્યા છે! વહાલા બાળમિત્રો! આપણે પણ મહારાજને રાજી કરવા પંચવર્તમાન દૃઢ કરીને રાખવા.

શું ન જમવું ?



૧. દારૂ, તમાકુ, ગુટખા, સિગારેટ, બીડી, સોપારી વગેરે **વ્યસનો ન જ કરાય.**

૨. પિઝાની ચીઝ, ચોકલેટ, કેક, બિસ્કિટ, વગેરે **બજારુ વાનગીઓ**માં પ્રાણીઓની ચરબી હોવાની શક્યતાઓ છે. માટે **પૂરતી તપાસ** કરીને જ તેનો ઉપયોગ કરવો.

૩. **ડુંગળી, લસણ અને હિંગ** ન જ ખવાય.





શું જમી શકાય ?

- **ઘરમાં બનાવેલું,** ભગવાનને ધરાવીને **પ્રસાદીરૂપ થયેલું, શાકાહારી અન્ન જ જમવું.**
- **કેવી રીતે જમવું ? શ્લોક બોલીને,** ખૂબ ચાવીને, ભગવાનને યાદ કરતાં-કરતાં જમવું.

પૂજ્ય ગુરૂજી કહે છે :


'આહાર અને વિહારમાં સંયમ રાખવો. **ભોગમાં રોગનો ભય છે. સાદું જમીએ, તો તબિયત સારી રહે. ભજન અને સેવાનું સુખ આવે.** ભારે ભોજન જમીએ, તો મન એમાં રહે, ઊંઘ આવે ને રોગ થાય.'

☞ આજે કેટલાય સત્સંગી બાઈ-ભાઈ આહાર શુદ્ધિનો નિયમ દૃઢ રીતે પાળે છે. બહાર જવાનું હોય, તો ભોજન ઘરેથી બનાવીને લઈ જાય છે. અથવા ફ્રૂટ જમી લે છે. લગ્નપ્રસંગે, કુટુંબીના ઘરે કે પાર્ટી-પ્રવાસમાંય નિયમો તોડતા નથી. એવા ભક્તો પર શ્રીજી મહારાજ અને સ્વામીશ્રી અને ગુરૂજી ખૂબ જ રાજી થાય છે.

સત્સંગ સંસ્કાર વિભાગ

શિક્ષકો સાથે આપણું વર્તન


૧. શિક્ષક એ આપણા વિદ્યાગુરુ છે. માટે તેમનો સંપૂર્ણ આદર જાળવવો તથા તેમના વિશે **પૂજ્યભાવ** રાખવો જોઈએ. શિક્ષક આપણા વર્ગમાં આવે ત્યારે ઊભા થઈ આદર આપવો તથા **"ગુડ મોર્નિંગ", "ગુડ આફ્ટરનૂન સર"** એમ કહી આવકાર આપીએ.



(૨) શિક્ષક સાથે હેત-પ્રેમ કેળવીએ. તેમના માટે કદી અભાવ-અવગુણની વાત ન કરીએ. એમની ગેરહાજરીમાં પણ એમનું સન્માન જાળવીએ.

(૩) શિક્ષકોનાં નામ ન પાડીએ કે તેમની મશ્કરી ન કરીએ. તથા એવી બાબતમાં કોઈની ભેગાં ન મળીએ.

(૪) શિક્ષકો આપણા ગુરુના સ્થાને છે. માટે એમની સાથે **મિત્રભાવ** ન રાખીએ. એમના ખભે હાથ મૂકી ન ચાલીએ.



(૫) શિક્ષક આપણને જે પ્રમાણે ભણાવે એ પ્રમાણે જ ભણવું જોઈએ. આપણને કંઈ ન સમજાય તો પ્રેમથી કે વિનય-વચને શિક્ષકને પૂછવું જોઈએ.

(૬) શિક્ષક આપણને કોઈ કાર્ય સોંપે તો તેને સ્વીકારીએ અને તેમને મદદરૂપ થઈએ.

(૭) આપણે કંઈ પણ પ્રશ્ન પૂછવો હોય, સૂચન કરવું હોય તો સભ્યતાપૂર્વક આંગળી ઊંચી કરીને જ કરવું જોઈએ.

(૮) આપણી ભૂલ બદલ શિક્ષક આપણને વઢે કે શિક્ષા કરે તો ખોટું ન લગાડવું જોઈએ.

(૯) કોઈ પણ શિક્ષકના ક્લાસમાં (પિરિયડમાં) નીરસ થઈને ન બેસવું. રસપૂર્વક ભણવું જોઈએ જેથી શિક્ષકને પણ ભણાવવાનો ઉત્સાહ રહે અને સારું ભણાવી શકે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) શ્રીજી મહારાજ વડતાલથી ક્યાં જઈ રહ્યા હતા?

( ) A - વડનગર ( ) B - વડોદરા ( ) C - ગઢડા

(૨) છાણીના એક વણકર ભક્તનું નામ જણાવો.

( ) A - હેજાભાઈ ( ) B - તેજભાઈ ( ) C - તેજાભાઈ

(૩) કયા ગામના વણકર ભક્તો સત્સંગી હતા?

( ) A - છાણી ( ) B - વડોદરા ( ) C - વડતાલ

(૪) વણકર ભક્તોની મશ્કરી કોણ કરતું ?

( ) A - બ્રાહ્મણ ( ) B - વણિક ( ) C - ક્ષત્રિય

(૫) કોની નાતમાં કોઈ વ્યક્તી મૃત્યુ પામ્યો ?

( ) A - બ્રાહ્મણની ( ) B - વાણિયાની ( ) C - જૈનની

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) છાણી ગામના વણકરો સત્સંગ કેવો રાખતા ?

---

(૨) સ્વામિનારાયણ ભગવાન વિશે છાણી ગામના બ્રાહ્મણ-વાણિયા શું વાતો કરતાં?

---

(૩) છાણી ગામમાં કેવો ઢંઢોરો પિટવામાં આવ્યો હતો?

---

(૪) શ્રીજી મહારાજે ગામ લોકોની અણસમજણ જોઈ શું કહ્યું?

---

(૫) તેજાભાઈએ વાણિયાની રસોઈ કેમ ન લીધી?

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) અમને આ તમારી રસોઈ ન ખપે ☞ .....

(૨) ઘેર બેઠા ગંગા આવે છે ☞ .....

(૩) બ્રાહ્મણો બ્રાહ્મણત્વ ખોઈ રહ્યા છે ☞ .....

(૪) તમે ગામની શોભા બની રહેશો ☞ .....

(૫) હવે જોયા તમારા મહારાજ ☞ .....

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) ઘી-તેલ , પાણી-દૂધ વગેરે ગાળીને વાપરવું જોઈએ . ☐

(૨) પાન-બીડી , સોપારી , ચા , પણ વ્યસન જ ગણાય . ☐

(૩) ડુંગળી-લસણ ક્યારેક ક્યારેક ખાઈ લઈએ તો ચાલે . ☐

(૪) ભગવાનને ધરાવેલુ માંસાહાર પણ જમાય . ☐

(૫) જમતાં પહેલાં માનસીપૂજા કરી , શ્લોકબોલીને જમવું જોઈએ . ☐

સભા-૩૫ : મહાભારત

વેદવ્યાસ રચિત **મહાભારત** નામના મહાકાવ્યમાં **પાંડવો** અને **કૌરવો**ની કથા વર્ણવવામાં આવી છે. પાંડવો કુલ **પાંચ** ભાઈઓ હતા અને કૌરવો કુલ **૧૦૦** ભાઈઓ હતા. ગણનામાં પાંડવો ઓછા હતા અને કૌરવો ઝાઝા હતા. પણ શાસ્ત્રમાં બળનું નહિ પણ **ધર્મનું** મહત્વ વધુ આંકવામાં આવ્યું છે. કૌરવો ૧૦૦ હતા તો પણ ભારત વર્ષમાં પાંડવોનો **મહિમા** જ ગવાય છે કારણ કે પાંડવો હંમેશાં **ધર્મના માર્ગે** ચાલ્યા હતાં.




પાંડવોના પિતાનું નામ **પાંડુ** હતું. પાંડુ ખૂબ જ પ્રતાપી **કુરુવંશીય** રાજા હતા. રાજા પાંડુને **કુંતી** અને **માદ્રી** એમ **બે પત્નીઓ** હતી. **રાજા પાંડુ** એક વખત પોતાની **બે પત્નીઓ** સાથે **વનમાં** શિકાર ખેલવા નીકળ્યા. વનમાં એક ઋષિ અને તેમની **પત્ની મૃગ** અને **મૃગલીનું** સ્વરૂપ ધારણ કરી **ક્રીડા** કરતા હતા. પાંડુ રાજાએ મૃગ અને મૃગલીને જોઈ તેમને પોતાનાં **બાણથી મૃગ** અને **મૃગલીને હણી** નાખ્યા. પાંડુનું બાણ વાગવાથી મૃગ અને મૃગલી પોતાનાં મૂળ સ્વરૂપમાં આવી ગયાં અને પાંડુને **શાપ** આપ્યો કે, જ્યારે **તું તારી પત્ની સાથે ક્રીડા કરતો હોઈશ ત્યારે તારું પણ મૃત્યુ થશે.**


ઋષિના શાપથી પાંડુનું મન ખૂબ દુ:ખી થઈ ગયું



અને તેણે **રાજપાટનો ત્યાગ** કરી **વનમાં** જવાનો નિર્ધાર કર્યો. વનમાં જઈ પાંડુ પોતાની બે પત્નીઓ સાથે ખૂબ સરળ અને **ત્યાગીજીવન** જીવવા લાગ્યા. રાજા પાંડુ ઋષિના શાપથી સંતતિ નિર્માણ કરવા માટે **અસમર્થ** હતો પણ **કુંતાને દુર્વાસા ઋષિનું** વરદાન હોવાથી તેણે **મંત્રશક્તિ અને દેવકૃપાથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનને** જન્મ આપ્યો અને **માદ્રીએ અશ્વિનીકુમારોના આશીર્વાદથી નકુળ અને સહદેવને** જન્મ આપ્યો.

પાંડુના કુલ પાંચ પુત્રો પૈકી **યુધિષ્ઠિર** ખૂબ જ **વિદ્વાન** અને **ધર્મપરાયણ** હતા. યુધિષ્ઠિર પોતાનાં કર્મ અને ધર્મવૃત્તિના કારણે **ધર્મરાજ** તરીકે ખ્યાતિ પામ્યા. **ભીમ** સર્વાધિક **બળવાન** હતા. ભીમમાં દસહજાર હાથીઓનું બળ એક સાથે સમાયેલું હતું અને તે **ગદાયુદ્ધમાં** પણ પ્રવિણ હતો. ત્રીજો પુત્ર **અર્જુન** મહાન બાણાવળી હતો. અર્જુનની ધર્નુવિદ્યાને પડકારે તેવો કોઈ વીર આ પૃથ્વી ઉપર નથી. ચોથો પુત્ર **નકુળ** થોડો **વરણાગી** સ્વાભાવનો હતો અને





સહદેવ એક મહાન **જ્યોતિષી** હતો. ભાવિમાં થનાર અનેક ઘટનાઓને સહદેવ પહેલેથી જ પારખી લેતા હતો.

કૌરવોએ જ્યારે પાંડવોને અપમાનિત કર્યા અને તેમનું રાજ્ય છીનવી લીધું ત્યારે **કુરુક્ષેત્રનું મહાયુદ્ધ** થયું. કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવો પાસે અધિક બળવાન સૈન્યબળ હતું પણ પાંડવોએ **શ્રીકૃષ્ણને** પોતાના પક્ષે રાખ્યા તેથી કુરુક્ષેત્રનું યુદ્ધ પાંડવો **જીતી** ગયા. કુરુક્ષેત્રના યુદ્ધમાં શ્રીકૃષ્ણએ અર્જુનને **'શ્રીમદ્ ભગવદ્ ગીતા'**નું જ્ઞાન આપ્યું અને અર્જુનની નિરાશા દૂર કરી. કુરુક્ષેત્રના મહાભીષણ યુદ્ધમાં પાંડવોની જીત થઈ અને પૃથ્વી ઉપર પુનઃધર્મની સ્થાપના થઈ. **જેના પક્ષમાં ભગવાન હોય છે તેની નિશ્ચય જીત થાય છે.**

સત્સંગ સંસ્કાર વિભાગ


મહેમાનો સાથે આપણું વર્તન

(૧) આપણા ઘરે કોઈ મહેમાન આવે તો સૌપ્રથમ તો આપણને આનંદ થવો જોઈએ. તેમના આગમનથી આપણે રાજી થયા એવું મહેમાનને લાગવું જોઈએ.

(૨) આપણા ઘરે કોઈ મહેમાન આવે ત્યારે તેમને સૌપ્રથમ મીઠો આવકાર આપી ઘરમાં લઈ જવા જોઈએ તથા તેમને આદરપૂર્વક ચરણસ્પર્શ કરી, બે હાથ જોડી "દયાળુ ! જય સ્વામિનારાયણ" કહેવા જોઈએ.

(૩) આપણા ઘરે આવેલા મહેમાનનું ચા કે કોફીના બદલે લીંબુનું શરબત, દૂધ અથવા કોઈ પણ જ્યૂસથી કે અન્ય શરબતથી જ સ્વાગત કરીએ.

(૪) આપણા ઘરે આવેલા મહેમાનને આપણે આગ્રહપૂર્વક વધુ રોકાવાનું કહેવું જોઈએ તથા એમની મહેમાનગતિ દરમ્યાન એમની સરભરામાં કોઈ કસર ન રહી જાય તેનું ધ્યાન રાખીએ.



(૫) આપણા ઘરે આવેલા મહેમાનને યોગ્યતા મુજબ સારી રસોઈ બનાવી આગ્રહપૂર્વ જમાડવા જોઈએ.

(૬) મંદિર નજીક હોય તો મહેમાનને મંદિરે દર્શન કરવા અચૂક લઈ જઈએ.

(૭) મહેમાનનાં બાળકો આપણાં ભાઈબહેન સમાન છે. તેમની સાથે પણ લડીએ-ઝઘડીએ નહિં. તેમને કોઈક વસ્તુ જોઈતી હોય તો તે વસ્તુ આપીને રાજી કરીએ.


(૮) મહેમાનોની સરભરામાં માતાપિતા કે ઘરના અન્ય સભ્યોને મદદરૂપ થઈએ.

(૯) મહેમાનો માટે જમવા થાળી મૂકી દઈએ અને જમ્યા બાદ એમની થાળી ધોવાની સેવા આપણે લઈ લઈએ. મહેમાન જમી લે પછી જ આપણે જમીએ.

(૧૦) આપણા ઘરમાં ચાલતી 'ઘરસભા'માં આવેલા મહેમાનને અચૂક બેસાડીએ.

(૧૧) આપણા ઘેર આવેલા મહેમાનને આપણી સંસ્થાનો, આપણા સ્વામિનારાયણ ભગવાનનો તેમજ આપણા ગુરુનો મહિમા કહીએ.

(૧૨) મહેમાનને આપણા સત્સંગનો, સંસ્કારનો, સંતોનો, સંસ્થાનો તથા ઘરનો ગુણ આવે એવું વર્તન કરીએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) મહાભારત ગ્રંથની રચના કોણે કરી છે?

( ) A વેદવ્યાસ ( ) B વાલ્મીકિ ( ) C ભૃગુઋષિ ( ) D નારદે

(૨) કૌરવોમાં કુલ કેટલા ભાઈઓ હતા?

( ) A ૧૦૦ ( ) B ૮૦ ( ) C ૭૦ ( ) D ૫૦

(૩) પાંડવોમાં કોણ ધર્મરાજ તરીકે જાણીતા હતા ?

( ) A અર્જુન ( ) B ભીમ ( ) C યુધિષ્ઠિર ( ) D નકુલ

(૪) ક્યા પાંડવમાં દસ હજાર હાથીઓનું બળ હતું?

( ) A અર્જુન ( ) B નકુલ ( ) C યુધિષ્ઠિર ( ) D ભીમ

(૫) પાંચ પાંડવોમાં કોણ મહાન જ્યોતિષી હતા?

( ) A નકુલ ( ) B સહદેવ ( ) C ભીમ ( ) D અર્જુન

(૬) કુરુક્ષેત્રના મહાભીષણ યુદ્ધમાં કોની જીતથી પૃથ્વી પર પુન:ધર્મની સ્થાપના થઈ?

( ) A કૌરવોની ( ) B પાંડવોની ( ) C કર્ણની ( ) D ભીષ્મની

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) પાંડવો કોના પુત્ર હતા?.....

(૨) પાંડવોનાં નામ જણાવો.....

(૩) પાંડવોની માતાનું નામ જણાવો.....

(૪) કુરુક્ષેત્રનું યુદ્ધ શા માટે થયું?.....

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) પાંડવો ..... વંશના હતા. (પુરુ , કુરુ , ધર્મ)

(૨) કુરુક્ષેત્રના યુદ્ધમાં પાંડવોને પક્ષે ..... હતા. (બ્રહ્મા , વિષ્ણુ , શ્રીકૃષ્ણ)

(૩) કુરુક્ષેત્રના યુદ્ધમાં શ્રીકૃષ્ણે અર્જુનને ..... નું જ્ઞાન આપ્યુ.

(શ્રીમદ્ ભાગવત , શ્રીમદ્ ભગવદ્ ગીતા , શ્રીમદ્ વિષ્ણુપુરાણ)

પ્રશ્ન-૪ નીચેનાં આડાં અવળાં વાક્યો યોગ્ય ક્રમમાં ગોઠવો.

(૧) કુંતી રાજાને પત્નીઓ પાંડુ બે અને માદ્રી બે હતી.

.....

(૨) હાથીઓનું હતું ભીમમાં બળ દસહજાર સાથે સમાયેલું એક

.....

(૩) પોતાના ધર્મવૃત્તિના કારણે ધર્મરાજ તરીકે કર્મ અને ખ્યાતિ પામ્યા યુધિષ્ઠિર

.....

સભા-૩૬ : લાડુદાનમાંથી બ્રહ્માનંદ

લાડુદાનજી એમનું નામ. રાજસ્થાનના શિરોહી તાલુકાના **ખાણ ગામમાં** એમનો **જન્મ**. જ્ઞાતિએ ચારણ. કવિતા તો જાણે તેમની દાસી હતી. ભૂજ, ધ્રાંગધ્રા, જામનગર, દ્વારકા, જૂનાગઢ... બધાં રાજ્યોના રાજાઓએ લાડુદાનને **'શ્રેષ્ઠ કવિ'** કહ્યા હતા. અને **રાજકવિરત્ન, પિંગળ-વિદ્યાચાર્ય, મહામહોપાધ્યાય, મહાકવીશ્વર, શતાવધાની**.. જેવાં ઘણાં **બિરુદો** આપ્યાં હતાં.

એક વાર લાડુદાનજી **ભાવનગર** આવ્યા. રાજા **વજેસિંહ**ના દરબારમાં એવી તે કવિતાઓ ગાઈ કે સૌ મંત્રમુગ્ધ થઈ ગયા.

રાજાએ કવિશ્રીને **સોનેથી** મઢવાનું વિચાર્યું.. **રાજુલાથી રાજસોની નાગદાનને** બોલવવામાં આવ્યા. અહીં લાડુદાનજીએ એક આશ્ચર્ય જોયું. સોની મહાજનના કપાળમાં હતું ચંદનનું સોહામણું તિલક અને વચ્ચે કુમકુમનો **ગોળ ચાંદલો!**

કવિએ પૂછપરછ કરી, **વજેસિંહ બાપુએ** વચ્ચે જ **કહ્યું :** 'મનેય આ જ પ્રશ્ન સતાવે છે કવિશ્રી. મારા રાજ્યમાં **ગઢડા** ગામ છે. ત્યાં એક **સ્વામિનારાયણ** આવ્યા છે. કાઠીઓ તેમને **ભગવાન** માને છે. મને તો **ઘતિંગ** લાગે છે. તમે જઈને **પારખું** કરો, તો **સાચી વાત** બહાર આવે.'

વિદ્યા હતી. યુવાની હતી. કીર્તિ હતી. પછી કોને અભિમાન ન હોય?! લાડુદાનજી સીધા જ ગઢડા જવા નીકળ્યા. ડગલે-ડગલે વિચાર ઘોળાતો હતો. **'આજે તો સ્વામિનારાયણને ઉઘાડા પાડવા જ છે.'**

પણ આશ્ચર્ય થયું. જેમ-જેમ ગઢડા નજીક આવતું ગયું, તેમ-તેમ લાડુદાનજીનું **મન** પાછું પડતું ગયું. મનમાં ગડમથલ ચાલી, 'સ્વામિનારાયણ કદાચ **સાચા** હશે તો?' પણ હવે **નિર્ણય** કેમ લેવો ? તરત જ લાડુદાનજીને વિચાર સૂઝ્યો. તેમણે **૪ સંકલ્પો** કર્યા, 'જો સ્વામિનારાયણ સાચા હોય, તો.... (૧) મને **નામ લઈને બોલાવે.** મારી ઓળખાણ આપે. (૨) મને ગળામાંથી **ગુલાબનો હાર** કાઢી **પહેરાવે.** (૩) **ચરણમાં ૧૬ ચિહ્નો દેખાડે** અને (૪) તેઓ જ્યાં બેઠા હોય, ત્યાં **કાળા કામળામાં** વીંટેલો **ભાગવત ગ્રંથ** વંચાતો **હોય.**'



કવિ મનમાં મલકાતા હતા. કારણ હતું **ચાર સંકલ્પો.** ચારેય પૂરા થવા ખૂબ અઘરા હતા. પણ ગઢડા ગામમાં પ્રવેશતા જ કવિને **શાંતિ**નો અનુભવ થયો. થોડી વારે લાડુદાનજી **દાદાના દરબારમાં** પ્રવેશ્યા. લીંબડા નીચે **સભા** ભરાઈ હતી. **કાળા કામળામાં વીંટાયેલું ભાગવત વંચાતુ હતું.** શ્રીજી મહારાજના ગળામાં **ગુલાબનો હાર** શોભતો હતો. કવિશ્રી ખોવાવા લાગ્યા. ત્યાં તો શ્રીજી મહારાજે તેમને નામ દઈને બોલાવ્યા. **'આવો લાડુદાનજી..'** એમ કહી, **ઓળખાણ** આપી.



અને કવિને **ગળાનો ગુલાબહાર પહેરાવી દીધો.** પછી પોતાના **બંને ચરણ આગળ** કર્યા ને **૧૬ દિવ્ય ચિહ્નો** દેખાડ્યાં.


લાડુદાનજીના બધા સંકલ્પો પૂરા થયા. તેમના આનંદની સીમા ન રહી!

તેમને આટલાં વર્ષોમાં બીજે ક્યાંય ન મળ્યું, તે **સર્વોપરી શ્રીજી મહારાજમાં** દેખાયું. તેમનું હૈયું ગદ્‌ગદ્‌ થઈ ગયું! મુખમાંથી કવિતા સરી પડી, **'આજની ઘડી રે ધન્ય આજની ઘડી, મેં નીરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી..'**



કવિશ્રીના હૃદયના દ્વાર ખૂલી ગયા! **મીઠાની પૂતળી સમુદ્રના પાણીનો તાગ કાઢવા ગઈ ને પાણીમાં સમાઈ ગઈ!** પછી તો રાજકવિ મટીને **લાડુદાનજી** શ્રીજી મહારાજના **સાધુ** બની ગયા, **શ્રીરંગદાસ** તેમનું નામ પડ્યું. પછી તેઓ **બ્રહ્માનંદ સ્વામી**ના નામે ઓળખાયા.

આવા હતા શ્રીજી મહારાજ. અંતર્યામી. સૌના મનની બધી જ વાતો જાણે.



સત્સંગ સંસ્કાર વિભાગ

મહેમાનગતિએ જઈએ ત્યારે આપણું વર્તન

(૧) કોઈના ઘરે આપણે જ્યારે મહેમાન તરીકે જઈએ ત્યારે આપણાં વાણી તથા વર્તન એવાં રાખીએ કે જેથી સામેવાળાને આપણા ઘરના સંસ્કારોનો, સત્સંગનો અને સંતોનો ગુણ આવે.

(૨) મહેમાન તરીકે જઈએ ત્યારે સૌપ્રથમ ઘરના બધા સભ્યોને નીચે નમી ચરણસ્પર્શ કરી "જય સ્વામિનારાયણ" કહીએ.

(૩) મહેમાન તરીકે જઈએ ત્યારે તોફાન-મસ્તી કે દોડાદોડી ન કરીએ, બૂમ-બરાડા ન પાડીએ અને આળસુ ન રહીએ.

(૪) મહેમાન તરીકે જેના ઘરે ગયા હોઈએ ત્યાં કોઈ પણ વસ્તુ વાપરવી હોય કે લેવી હોય તો પૂછવું જોઈએ.

(૫) આપણે આપણું તમામ કામ જાતે કરીએ. આપણા લીધે બીજાને તકલીફ ન પડે તેનું ધ્યાન રાખીએ.

(૬) મહેમાન તરીકે જઈએ ત્યારે ખાસ જ્યાંત્યાં, જેવું-તેવું, જે મળે તે ચલાવી લેતા શીખીએ. જમવામાં પણ વધારાની વસ્તુ ન માંગીએ તથા જમવામાં પણ સંયમ રાખીએ.

(૭) આપણો સામાન આપણી બેગમાં કે થેલામાં જ રાખીએ. પરંતુ જ્યાંત્યાં રખડતો ન મૂકીએ.


(૮) ઘરમાં સભ્યો વધુ હોય અને સવારે પ્રાતઃ ક્રિયાઓમાં ભીડ થાય એમ હોય તો આપણે થોડાં વહેલાં ઊઠી જવું અને પ્રાતઃક્રિયા પૂર્ણ કરવામાં થોડી ઉતાવળ રાખવી.

(૯) વિદાય લેતી વખતે સૌ સભ્યોનો ખૂબ આભાર માની તથા વિનય-વચને એવું કહેતાં શીખીએ કે, **"અમારાથી કોઈ તકલીફ-મુશ્કેલી પડી હોય તો ક્ષમા કરજો."** તથા જાણે-અજાણે કંઈ બોલાઈ ગયું હોય તો ક્ષમા માંગી લઈએ.

(૧૦) મહેમાન તરીકે જઈએ તો ત્યાં પણ ઘરસભા કરવી જોઈએ તથા બાળકો સાથે બેસી બાળસભા કરવી જોઈએ.

(૧૧) મહેમાન તરીકે જઈએ ત્યારે કોઈ પણ વસ્તુ લેવા માટેની ખોટી જીદ ન કરવી અને રિસાઈએ નહિ.

(૧૨) આપણા નિયમ-ધર્મ લોપાય નહિ તે માટે જેનાં ઘેર ગયા હોય ત્યાંના કદાચ બિન સત્સંગી કે ઓછા સત્સંગી બાળકો હોય તો તેની સાથે ટીવીને પિક્ચર જોવા ન બેસીએ કે બહારનું બજારુ ખાણીપીણીનો ઉપયોગ ન કરીએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) બ્રહ્માનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ શું હતું?.....

(૨) ખાણ ગામ ક્યાં આવેલુ છે?.....

(૩) સ્વામિનારાયણ ભગવાન ઘતિંગ ચલાવે છે એવું કોને લાગતું હતું?.....

(૪) લાડુદાનને કેવા કેવા બિરૂદો મળ્યાં હતાં?

.....

(૫) લાડુદાનના બધા સંકલ્પો પુરા થતાં તેમને ક્યું કીર્તન બનાવ્યું?

.....

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નનો સાચો અને ક્રમમાં ઉત્તર આપો.

(૧) સ્વામિનારાયણ ભગવાનને ઉઘાડા પાડવા લાડુદાનજીએ કેટલા સંકલ્પો ક્ર્યા હતા? ક્યાં ક્યાં?

.....

.....

.....

પ્રશ્ન-૩ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) વજેસિંહ દરબાર	(૧) રાજસ્થાન-ખાણ
(૨) શ્રીજી મહારાજ	(૨) બ્રહ્માનંદ સ્વામી
(૩) નાગદાન સોની	(૩) સોળ સિહ્નો
(૪) શ્રીરંગદાસ	(૪) ભાવનગર
(૫) લાડુદાન ચારણ	(૫) રાજુલા

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય વિસ્તારથી સમજાવો.

મીઠાની પૂતળી સમુદ્રના પાણીનો તાગ કાઢવા ગઈને પાણીનાં સમાઈ ગઈ.

સભા-૩૭ : તારો ચટક રંગીલો છેડલો



બ્રહ્માનંદસ્વામી શતાવધાની અને **શીઘ્રકવિ** હતા. એમના શીઘ્રકવિત્વનો એક પ્રસંગ **અનૂઠો** છે. એક વાર મહારાજે સોપારીના **બે બેરખા** બનાવ્યા. **એક પોતે રાખ્યો,** બીજો **જીવુબાનો** દીધો અને **પ્રકરણ** એવું ચલાવ્યું, કે સભામાં **કથાવાર્તા** વખતે જે કોઈ **ઊંઘે** કે **ઝોલાં** ખાય એને **બેરખો મારીને જગાડવા.**

પુરુષોમાં કોઈ ઝોલાં ખાય, તો **મહારાજ** બેરખો મારતા અને બાઈઓમાં કોઈ ઝોલા ખાય, તો **જીવુબા** બેરખો મારતા.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણના **પ્રીય સખા બ્રહ્માનંદસ્વામી** સભામાં બેઠા હતા. તાજું **મુંડન** કરાવ્યું હતું. દીપમાળાની જ્યોતમાં બ્રહ્માનંદસ્વામીનું મસ્તક **ઝગારા** મારી રહ્યું હતું!

એવામાં બ્રહ્માનંદસ્વામીને **ઝોલું** આવ્યું. મહારાજે **બેરખાનો ઘા** કર્યો. બેરખો સીધો **તડાક** દઈને બ્રહ્માનંદસ્વામીના **માથામાં** લાગ્યો. બ્રહ્માનંદસ્વામી **ઝબકીને જાગી ગયા** અને રમૂજમાં બોલ્યા: **"મહારાજ! શા માટે વગર વાંકે બેરખા મારો છો?"**

મહારાજ હસીને કહે : "ઝોલાં ખાય એને બેરખાનો માર પણ ખાવો પડે!"

બ્રહ્માનંદસ્વામી ઠાવકું મોંઢું રાખીને બોલ્યા: **"મહારાજ ! હું ક્યાં ઝોલા ખાતો હતો?"** મહારાજ હસીને કહે: "સ્વામી! આ આખી સભા **સાક્ષી** છે, **તમારું માથું કાચિંડાની જેમ ડોલતું હતું."**



બ્રહ્માનંદસ્વામી એ જ કૃત્રિમ ગંભીરતા સાથે બોલ્યા: "મહારાજ ! હું **ઝોલાં નો'તો ખાતો,** હું તો **નવાં નવાં કીર્તન** બનાવતો હતો અને **મસ્તીમાં ડોલતો** હતો!" મહારાજ અને સ્વામીના સંવાદે સભાને હળવા હાસ્યમાં ગરકાવ કરી દીધી.

મહારાજ બોલ્યા: "સ્વામી! **જૂઠું બોલો મા**. જો તમે ખરેખર **કીર્તન** રચ્યું હોય તો **બોલો!**"

શીઘ્રકવિ બ્રહ્માનંદસ્વામીએ કળા કરીને કહ્યું: **"કીર્તન બોલું, પણ સભા ઝીલે તો બોલું."**

મહારાજે કહ્યું : "ભલે, તમે ઝીલાવો, અમે ઝીલશું!"

શીઘ્ર કવિ બ્રહ્માનંદસ્વામી મહારાજની **મૂર્તિને** નીરખતા જાય, નવી નવી કડીઓ **રચતા** જાય અને કીર્તન ઝીલાવતા જાય. સભા **એક કડી** ઝીલે, ત્યાં તો સ્વામીએ **બીજી કડી**ની રચના કરી નાખી હોય!





આમને આમ **ચાર પદ**નું એક ચોસર રચાયું, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એ સમયે જેવાં **વસ્ત્રો** અને **અલંકારો** ધારણ કર્યાં હતાં, એનું **આબેહૂબ વર્ણન** હતું. કીર્તનના શબ્દો છે.

તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે.

બ્રહ્માનંદસ્વામીનું **શીઘ્ર કવિત્વ** જોઈને સભા દંગ રહી ગઈ. કીર્તન પૂરું થયું, મહારાજ ઊભા થયા અને બ્રહ્માનંદસ્વામીને બાથમાં લઈને મળ્યા. એ સમયે મહારાજ કોઈને આ રીતે મળે, તે બહુ મોટું સન્માન ગણાતું. **લાડુદાનજીની શ્રેષ્ઠ કવિ તરીકેની કીર્તિ** સમસ્ત ગુજરાતમાં ફેલાઈ ચૂકેલી હતી. આવા **મહાન કવિ**એ ભેખ લઈ લીધો છે.' એ વાત સર્વને આશ્ચર્ય પમાડી રહી હતી.

કંઈક રાજા-મહારાજાઓ એમને પોતાના **રાજકવિ** તરીકે નીમવા માગતા હતા, પરંતુ આ બધી જ **મોહમાયા** હવે બ્રહ્માનંદસ્વામીના મનમાંથી ઊતરી ચૂકી હતી.

વડોદરા નરેશે તો ગામ-ગરાસ અને જબરા વર્ષાસનનો પ્રસ્તાવ મૂક્યો હતો. લાડુદાનજીએ સવિનય એ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો અને કહેવડાવ્યું હતું કે,

મેં ઢાઢી મહારાજ કો, હાજર હુકમ હજૂર ।
ગાયો જશ ગોવિંદ કો, પાયો ધન ભરપૂર ॥

'ગાયકવાડ સરકારને કહેજો, હવે તો આ જિહ્વા એક માત્ર **પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના** ગુણ ગાશે. રાજા-મહારાજાઓના નહિ.'

ચાતક પક્ષી પ્યાસે મરી જાય, પરંતુ સ્વાતિના બુંદ સિવાય અન્ય જળને બોટતું નથી. બ્રહ્માનંદસ્વામીની આવી જ **ચાતકટેક** હતી. એમના **વૈરાગ્યની ખુમારી** અને **ભક્તિ** અજોડ હતા. પુરુષોત્તમ નારાયણને પામ્યા પછી એમની લોકોત્તર પ્રતિભા સોહાગણ સુંદરી બની ચૂકી હતી.

સત્સંગ સંસ્કાર વિભાગ

ટેલિફોનમાં વાત કરતી વખતે આપણું વર્તન



(૧) ફોનમાં વાત કરતાં પહેલાં સામેવાળાને **"જય સ્વામિનારાયણ"** અથવા **"જય સ્વામિનારાયણ દયાળુ!"** એમ બોલીએ. ફોન ઉપર સામે સત્સંગી હોય કે બિનસત્સંગી હોય પરંતુ ફોન ઉપાડતાં પહેલાં આ તો બોલવું જ જોઈએ.

(૨) ફોન ઉપર વાત કરવામાં ખૂબ વિવેક જાળવવો. આપણી વાણી સારળ અને મીઠી રાખવી. ગુસ્સાથી કે અકળાઈને વાત ન કરીએ. એ પૂછે તેનો શાંતિથી ઉત્તર આપીએ.

(૩) કોઈનો ફોન આવે તો સૌપ્રથમ વિવેકપૂર્વક પૂછવું, **"આપનું નામ શું?"** ત્યારબાદ આપણો પરિચય આપવો. જેમનું કામ હોય તે સભ્ય હાજર ન હોય તો ફોન કરનાર વ્યક્તિનું નામ, ફોન નંબર તથા સંદેશો નોંધી લેવાં તથા તેઓ આવે ત્યારે સંદેશો પહોંચાડવો જોઈએ.


(૪) ફોન ઉપર જેટલી જરૂર હોય તેટલી જ વાત કરીએ. બિનજરૂરી વાતો કરી તેમજ ગપ્પાં મારી આપણો અને સામેવાળાનો સમય ન બગાડીએ.

(૫) બાળકોએ મોબાઈલ ફોનની ખરેખર જરૂર ન હોય તો મોબાઈલ ફોન ન જ રાખવો જોઈએ. મોબાઈલ ફોન માટે બિનજરૂરી ખર્ચા ન કરાવીએ.

(૬) બીજી કોઈ વ્યક્તિ ફોન ઉપર વાત કરતી હોય ત્યારે આપણાથી તેમને ખલેલ ન પહોંચે તે માટે ટેપ, કમ્પ્યૂટર કે આપણી વાતચીતનો અવાજ ધીમો રાખીએ.

(૭) આપણા પિતાશ્રીના કે ઘરના અન્ય સભ્યોના મોબાઈલમાં **રિંગટોન** પણ મધુર, સૌમ્ય અને સત્સંગને લગતા રાખીએ. પિક્ચરોનાં ગીતો કે ભાત ભાતના અવાજ ન રાખીએ.

(૮) મોબાઈલમાં ગેઈમ રમવા માટે, ગીતો સાંભળવા કે એસ.એમ.એસ. કરવા માટે સમય ન બગાડીએ.



(૯) સભાપ્રસંગે તથા મંદિરમાં જઈએ ત્યારે મોબાઈલ ફોનની **સ્વિચ હંમેશાં ઓફ** (બંધ) રાખીએ ને રખાવીએ.

(૧૦) પૂજ્ય સંતોનો ફોન હોય ત્યારે આપણા ઘરમાં રહેલા મહિલાનો અવાજ ન સંભળાય તેનો ખ્યાલ રાખીએ.

(૧૧) આપણે ફોન ઉપર વાત કરવાથી કોઈને ખલેલ પહોંચે તેમ હોય તો આપણે થોડા દૂર જઈ વાત કરવી જોઈએ.

(૧૨) પૂજ્ય સંતોનો ફોન હોય ત્યારે સૌપ્રથમ આપણું નામ બોલવું જેથી પૂજ્ય સંતોને એ સ્પષ્ટ થઈ જાય કે સામે મહિલા બોલતાં નથી.

(૧૩) અઠવાડીએ એકવાર સામેથી પૂજ્ય ગુરૂજી અને સંતોને ફોન કરવો જોઈએ. સ્ત્રીભક્તોએ સાંખ્યયોગીમાતાઓને ફોન કરવો જોઈએ.

(૧૪) આપણા મોબાઈલ ફોનના 'હોમપેજ' અને 'સ્ક્રીનસેવર' પર પણ ભગવાન સ્વામિનારાયણ, ઠાકોરજી મહારાજ કે આપણી ગુરૂપરંપરાની જ મૂર્તિના (ફોટા) હોવા જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) બ્રહ્માનંદ સ્વામી કેવા હતા? તેમની વિશેષતા શી હતી?

.....

(૨) શ્રીજી મહારાજે બેરખા બનાવીને કેવું પ્રકરણ ચલાવ્યુ?

.....

(૩) શ્રીજી મહારાજે શેના બેરખા બનાવ્યા અને તેનું શું કર્યું?

.....

(૪) સભામાં કોણ ઝોલાં ખાતુ હતું?

.....

(૫) બ્રહ્માનંદ સ્વામીએ શીઘ્રકવિત્વની શક્તિથી ક્યુ કીર્તન બનાવ્યું?

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(લાડુદાન, શંભુદાન, શીઘ્રકવિ, ચિત્રકાર, લેખક, બ્રહ્માનંદ સ્વામી, સુરાખાચર, લાડુબા, જીવુબા, રાજકવિ)

(૧) બ્રહ્માનંદ સ્વામી ..... હતા.

(૨) મહારાજના સખા સંત ..... હતા

(૩) સ્ત્રી ભક્તો સભામાં ઝોલાં ખાય તો ..... બેરખો મારતા.

(૪) રાજા મહારાજાઓ લાડુદાનને ..... તરીકે નીમવા માંગતા હતા.

(૫) બ્રહ્માનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ..... હતું.

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) મહારાજ શા માટે વગર વાંકે બેરખા મારો છો? ☞ .....

(૨) હું ક્યાં ઝોલાં ખાતો હતો? ☞ .....

(૩) જો તમે ખરેખર કીર્તન રચ્યું હોય તો બોલો ☞ .....

(૪) તારો ચટક રંગીલો છેડલો અલબેલો ☞ .....

પ્રશ્ન-૪ નીચેની પંક્તિઓ શું કહેવા માંગે છે તે જણાવો.

મે ઢાઢી મહારાજ કો, હાજર હુકમ હજુર।

ગાયો જશ ગોવિંદ કો, પાયો ધન ભરપુર ॥

.....

.....

.....

.....

સભા-૩૮ : જમતગડા ચાર ભાઈઓ

કાઠિયાવાડમાં **ગોલિડા** ગામ. **ભીમ, વશરામ, રાઘવ** અને **રાણો** - આ **ચાર ભાઈઓ** આ ગામમાં રહે. નાતે **રાજગર બ્રાહ્મણ**. તેમના પિતાએ જગન્નાથપુરીથી દ્વારિકા સુધીની યાત્રા દંડવત્ કરતાં કરતાં કરી હતી.

રામાનંદ સ્વામી એકવાર આ ગામમાં પધાર્યા. 'પ્રગટ ભગવાન મળ્યા વગર કલ્યાણ નહિ થાય,' - એમ તેમણે આ બ્રાહ્મણને સમજાવ્યું.

ત્યારે તેણે કહ્યું: 'આ કળિયુગમાં **પ્રગટ ભગવાન** ક્યાંથી મળે?'

'તમારા દીકરાને પ્રગટ ભગવાનનો યોગ થશે.' એવું **વચન** આપી રામાનંદ સ્વામી બીજે ગામ ગયા.




ઘણા સમય પછી શ્રીજીમહારાજ **સરધારથી** ફરતાં ફરતાં **ગોલિડા** પધાર્યા. મહારાજનાં પ્રથમ દર્શને જ આ ચારભાઈઓને **પૂર્વનો સ્નેહ** ઊભરાઈ આવ્યો. પોતાને ઘેર મહારાજને પધરાવી જમાડ્યા. **વર્તમાન ધરાવી દૃઢ આશ્રિત થયા.**

'તમે વર માંગો,' મહારાજે રાજી થઈને કહ્યું.

'અમારા ગામમાં કે સીમમાં કોઈને પણ જમ લેવા ન આવે.' ભાઈઓએ વિનયથી માંગણી કરી.

શ્રીહરિએ રાજી થઈ વરદાન આપ્યું ને કહ્યું : તથાસ્તુ

ગામ આખું ધીરે ધીરે **સત્સંગથી** રંગાઈ ગયું. પણ **એક** કાળા માથાનો **માનવી** સત્સંગનો **દ્વેષી** હતો. તેના અંતકાળે **જમનું ટોળું** તેને **તેડવા** આવ્યું. પણ સીમાડામાં પેઠા ને જમડા બળવા લાગ્યા.





કેટલાક જમે કહ્યું કે આ **'ગામમાં તો સ્વામિનારાયણ ભગવાનની આણ છે, આપણાથી નહિ જવાય.'**

આ ચારેય ભાઈઓ વારાફરતી ગામની **ચોકી** કરતા. આજે **ભીમ** અને **રાણા**નો વારો હતો. તેમણે **જમ**ને જોયા એટલે જમને **પાછા જવા** કહ્યું, પણ જમ માન્યા નહિ. આથી, તેઓ **ડાંગ** લઈને જમની પાછળ પડ્યા. જમ **નાસી ગયા.** આવું એમને ભગવાનની **નિષ્ઠાનું બળ** હતું.

રાણાના બે ભાઈ **'રાઘવ'** ને **'વશરામ'** સાધુ થવા તૈયાર થયા, પણ એની **મા** ના પાડે. પછી રાણાએ પોતાની માને સમજાવ્યું કે 'તું ભાઈને રજા આપ અને હું તારી સેવા કરીશ.'

તે **બંને** ભાઈઓને મહારાજે **દીક્ષા** આપી. એકનું નામ **'રાઘવાનંદ સ્વામી'** અને બીજાનું નામ **'વિશ્વાત્માનંદ સ્વામી'** રાખ્યું. બંને **'જમતગડા સાધુ'** તરીકે ઓળખાય.

રાણો માંદો પડ્યો. તે દેહ મૂકવા તૈયાર થયો ત્યારે તેની માએ કહ્યું કે 'મારું શું?'

'મારા બારમાને દહાડે હું તમને તેડવા આવીશ.' એવું **રાણાએ પોતાની માતાને વચન આપ્યું.** મહારાજ **વિમાન** લઈને રાણાને તેડવા પધાર્યા. રાણાએ સૌને પૂછ્યું કે 'જેને મારી સાથે ધામમાં આવવું હોય તે ચાલો.' તેનો દીકરો તેની સાથે **અક્ષરધામમાં** ગયો.

બારમાને દિવસે રાણો મહારાજને લઈને પોતાની **માને** તેડવા આવ્યો. ઘણાને આ દર્શન થયાં. સૌ આશ્ચર્ય પામ્યા.

આવાં હતાં નિષ્ઠા ને બળ ચારેય ભાઈઓને ! આપણે સૌએ પણ પ્રગટ ભગવાન અને સત્પુરુષની પ્રાપ્તિનો આવો કેફ રાખવો જોઈએ.

સત્સંગ સંસ્કાર વિભાગ

(૧) આપણા ઘરમાં સ્વામિનારાયણ ભગવાન, ઠાકોરજી મહારાજ અને તેમના મુક્તોની જ મૂર્તિઓ રાખવી જોઈએ. જેથી આપણી પતિવ્રતાની ભક્તિ ગણાય.

(૨) આપણે આપણા લોયાધામ સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા દરરોજ જવું જોઈએ.



(૩) આપણાથી સ્વામિનારાયણ મહામંત્રના નામની જ માળા કરાય. અન્ય નામની માળા ન કરાય. કારણ કે, **"શ્રી સ્વામિનારાયણ એક વાર રટે, બીજા નામ રટ્યાં અપાર;**
જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ એનું."

(૪) જીવનમાં આપણે કદી **સકામ** ન થવું જોઈએ. **સકામ એટલે શું?** તો આપણને કોઈક તકલીફ કે મુશ્કેલી આવી, કોઈક રોગ થયો, એક્સિડન્ટ થયો વગેરે પરિસ્થિતિઓમાં આપણે મહારાજને અને મોટાપુરુષને એમાંથી બચવા માટે પ્રાર્થના કરીએ અથવા આટલી માળા કરું, આટલો નિયમ લઉં તો તકલીફ દૂર થઈ જાય એવી ભક્તિ કરીએ. - આ બધી આપણી સકામ ભાવના કહેવાય. હંમેશા મહારાજને અને મોટાપુરુષને એક જ પ્રાર્થના કરીએ, **"આપ જેમ રાજી હોય એમ કરજો.** અમે સદાય આપના રાજીપામાં જ વર્તી શકીએ એવી દયા કરજો."

(૫) કોઈક તકલીફ, મુશ્કેલી કે સંકટ સમયે આવે અથવા કોઈક ટેન્શન (મૂંઝવણ) હોય કે કંઈક નડતું હોય તો આપણાથી દોરા-ધાગા કે ભૂવા-ભરાડી પાસે ન જવાય. એવા સમયે પણ સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠાનું બળ રાખવું જોઈએ.

(૬) કોઈ પ્રકારના વહેમ, અંધશ્રદ્ધા કે શુકન-અપશુકનથી આપણે કદી બીવું ન જોઈએ. જેમ કે, "બિલાડી આડી ઊતરી", "છીંક આવવી" અને "ક્યાં જાવ છો કહ્યું", તો વિઘ્ન આવશે એવી માન્યતામાંથી બહાર આવવું. આપણને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો છે. આપણે એમના બાળક છીએ માટે આપણને એ કશું જ ન નડે.

(૭) સ્વામિનારાયણ ભગવાન અને પૂજ્ય ગુરૂજી સદાય મારી સાથે છે, પ્રગટ છે, અંતર્યામી છે; એ મારું બધું જ જાણે છે એવી બીક રાખવી. જેથી આજ્ઞાના લોપથી બચાય.

(૮) ચાલો જમવા, ચાલો ખાવા, મેં ખાધુ, હું જમ્યો.- આવા શબ્દોનો ઉપયોગ ન કરતાં **"ચાલો ઠાકોરજી જમાડવા"**, **"ઠાકોરજી જમાડ્યા"** આવા શબ્દોનો ઉપયોગ કરવો.

(૯) આપણે **સત્સંગની સમજણ** પાકી કરી દેવી જોઈએ :

- હું આત્મા છું, અક્ષર છું, મુક્ત છુ. અને આ દેહ અને દેહના સગા સંબંધી સર્વે નાશવંત છે.
- મારા આત્માના સાચા સગા ભગવાન, પૂજ્ય ગુરૂજી, સંતો અને હરિભક્તો છે.
- સદ્‌ગુરૂ સમ્રાટ શ્રી મુક્તાનંદ સ્વામી સર્વે અનાદિમુક્તોમાં અને પરમહંસોમાં સર્વશ્રેષ્ઠ છે.
- મુક્તાનંદીય ગુરૂપરંપરાના પ્રગટસત્પુરૂષ પૂજ્ય ગુરૂજી મારા મોક્ષના દાતા છે.
- લોયાધામ મારા આત્યંતિક કલ્યાણનું કેન્દ્રસ્થાન છે.
- મારે ભગવાનશ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને સર્વોપરી ઉપાસના દૃઢ કરી અનાદિમુક્તોની પંક્તિમાં ભળવું છે.
- હવે ભગવાન સિવાય બીજે ક્યાંય પ્રીતિ રાખવી નથી અને સર્વે વાસનાઓનો ત્યાગ કરી આજ જન્મે ભગવાનને પામી જ જવું છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) જમતગડા ચાર ભાઈઓના નામ જણાવો.

.....

(૨) રામાનંદ સ્વામીએ ચાર ભાઈઓના પિતાને શું સમજાવ્યું?

.....

(૩) ચારેય ભાઈઓએ શ્રીજીમહારાજ પાસે શું વરદાન માંગ્યુ?

.....

(૪) ચારભાઈઓમાંથી કયા બે ભાઈ સાધુ થયા ? અને તેમના શું નામ હતા?

.....

(૫) મારા બારમાને દહાડે હું તમને તેડવા આવીશ. આવું વચન કોણે આપ્યું?

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(કાઠિયાવાડ, ઝાલાવાડ, ક્ષત્રિય, બ્રાહ્મણ, ગોઠીબા, ગોલિડા, ભીમ, વશરામ, રાઘવ, રાણો)

(૧) ગોલિડા ગામ .....માં આવેલું છે.

(૨) ચારેય ભાઈઓની જ્ઞાતિ ..... હતી.

(૪) ..... અને ..... ડાંગ લઈને જમની પાછળ પડ્યા હતા.

(૫) .....ગામમાં જતાં જમદૂતો પણ ડરતા હતાં.

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) બારમાને દિવસે રાઘવ મહારાજને લઈને પોતાની માને તેડવા આવ્યો. ☐

(૨) વશરામ સાધુ થયો અને વિશ્વાત્માનંદ સ્વામી બન્યો. ☐

(૩) ગોલિડા ગામની ચોકી પોલીસો કરતા હતાં. ☐

(૪) જમદૂત કુસંગીને નરકમાં લઈ જાય છે. ☐

(૫) પ્રગટ ભગવાન મળ્યા વિના કલ્યાણ થાય નહિ. ☐

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) તમારા દીકરાને પ્રગટ ભગવાનનો યોગ થશે. ☞ .....

(૨) આ ગામમાં તો સ્વામિનારાયણ ભગવાનની આણ છે. ☞ .....

(૩) મારા બારમાના દહાડે હું તમને તેડવા આવીશ. ☞ .....

(૪) તું ભાઈને રજા આપ હું તારી સેવા કરીશ. ☞ .....

(૫) અમારા ગામમાં કે સીમમાં કોઈને પણ જમ લેવા ન આવે. ☞ .....

સભા-૩૯ : સત્યં વદ - સાચું બોલો

એક **કઠિયારો** હતો. એ રંગપુર નામના ગામમાં રહેતો હતો. ગામના પાદરેથી જ એક સુંદર **નદી** વહેતી હતી. એની આજુબાજુ લીલાંછમ, ઘટાદાર વૃક્ષોનું **જંગલ** પથરાયેલું હતું. એ જંગલના **લાકડાં કાપીને** એ કઠિયારો **ગુજરાન** ચલાવતો હતો.

કઠિયારાને એક **સુપુત્ર** હતો. એનું નામ **હરિશ્ચંદ્ર** હતું. નાનકડા હરિશ્ચંદ્રને એકવાર રમવાનું મન થયું. પિતાજીની **કુહાડી** લઈને એ તો ચાલી નીકળ્યો. રસ્તામાં એને **સંત** મળ્યા. હરિશ્ચંદ્ર સંતને પગે લાગ્યો. સંતે એને શિક્ષાવચનો આપતાં કહ્યું, **'બેટા ! જીવનમાં ક્યારેય જૂઠું બોલવું નહિ. કોઈ લાખ રૂપિયા આપે તોય સત્ય ન છોડવું. તો જ તું સુખી થઈશ. અંતરમાં આનંદ રહેશે.'** હરિશ્ચંદ્ર તો સાધુને વંદન કરી ચાલી નીકળ્યો.

વનમાં નદીને અડીને જ આવેલા ઘટાદાર વૃક્ષ ઉપર તે ચઢ્યો. કુહાડી વડે **વૃક્ષની ડાળીઓ** એ કાપતો. ડાળી કપાઈને નદીમાં પડે અને તણાય એ જોવાની એને ખૂબ મજા પડતી. એવામાં રમત રમતાં રમતાં એના હાથમાંથી **કુહાડી છટકી**. અને પડી સીધી **નદીમાં**. નદીનું પાણી ઊંડું હતું. હરિશ્ચંદ્ર ગભરાઈ ગયો. કુહાડી નહિ મળે તો પિતાજીને શો જવાબ આપીશ? એણે તો મોટેથી ભેંકડો તાણ્યો. પણ વનમાં એનું **રડવાનું** સાંભળે કોણ?

એવામાં નદીમાંથી **જળદેવતા** પ્રગટ થયા. હરિશ્ચંદ્રની પાસે આવ્યા. વહાલથી માથે હાથ ફેરવતાં ફેરવતાં એમણે હરિશ્ચંદ્રને પૂછ્યું, 'બેટા ! રડે છે કેમ?'

'મારી કુહાડી નદીમાં પડી ગઈ છે. હું મારા પિતાજીને શો જવાબ આપીશ? હરિશ્ચંદ્રે રડતાં રડતાં ઉત્તર વાળ્યો.

'બિચારો નાનો છોકરો ! કેવો **ભોળો** ને **નિર્દોષ** છે !' છોકરાનાં મેલાંઘેલાં અને ફાટેલાં કપડાં જોઈને. એમને વધારે **દયા** આવી. દેવતાએ નદીમાં ડૂબકી મારી. અંદરથી સુંદર મજાની **સોનાની કુહાડી** લઈને તેઓ બહાર આવ્યા. છોકરાને કહ્યું, 'લે, આ **તારી કુહાડી.'**

આંખ અંજાઈ જાય એવી સોનાની કુહાડી **ચમકતી** હતી. બીજો કોઈ હોય તો તરત **લોભાઈ** જાય. પણ આ તો હરિશ્ચંદ્ર હતો. **લલચાઈને એ જૂઠું બોલે** એવો ન હતો. એણે તો વિનંતિ સાથે કહી દીધું: 'આ કુહાડી સાચી, પણ **એ મારી નથી.'**

જળદેવતા કહે: 'તારી ના હોય તોય શું છે? હું તને આપું છું. લઈ જા.'

હરિશ્ચંદ્ર કહે: 'ના, એ રીતે કોઈનું મારે ન લેવાય.'

'એમ ! ઊભો રહે બીજી લઈ આવું.' કહેતાં જળદેવતાએ ડૂબકી મારી ને ચાંદીની કુહાડી લઈને બહાર આવ્યા.

હરિશ્ચંદ્ર કહે: **'આ કુહાડી પણ મારી નથી.'**

જળદેવતાએ ત્રીજી ડૂબકી મારી. અને **લોટાની, લાકડાના તૂટેલા હાથાવાળી કુહાડી** લઈને બહાર આવ્યા. આ કુહાડી જોતાંવેંત હરિશ્ચંદ્રની આંખમાં ચમક આવી. એ બોલી ઊઠ્યો, **'બસ! આ જ મારી કુહાડી.'**

જળદેવતા હરિશ્ચંદ્રની **સત્યનિષ્ઠાથી** પ્રસન્ન થયા. એમણે હરિશ્ચંદ્રને કહ્યું, 'બેટા ! **હું કોણ છું** એ તને **ખબર** છે?'

'ના, પણ એટલું જાણું છું કે તમે ખૂબ **ભલી વ્યક્તિ** છો. તમે મારી કુહાડી **કાઢી** આપી. તમારો **ઉપકાર** હું નહિ ભૂલું.'

હરિશ્ચંદ્રે સાચા દિલથી **આભાર** માન્યો એટલે જળદેવતા કહે: 'જો હરિશ્ચંદ્ર! **હું જળદેવતા છું.** હું તારા ઉપર પ્રસન્ન છું, તું ભલે **ગરીબ** હોય, પણ અંતરથી **અમીર** છે. મેં તને લાલચ આપી તોપણ તું લોભાયો નહિ. **સત્યને તેં છોડ્યું નહિ. તને ધન્યવાદ છે.'** એટલું કહેતાં એની પીઠ થાબડીને કહે: 'તારી આ સાચું બોલવાની ટેકથી પ્રસન્ન થઈને હું તને **સોના** અને **રૂપાની બંને કુહાડી ભેટ** આપું છું. તારા પિતાજીને આપજે.' આટલું કહી કુહાડી આપીને જળદેવતા અદૃશ્ય થઈ ગયા.

હરિશ્ચંદ્રની વાત આખા ગામમાં ફેલાઈ ગઈ. બધાએ એને **ધન્યવાદ** આપ્યા. **જે સાચું બોલે છે એ સૌને ગમે છે. સૌના આદરનું પાત્ર બને છે. સાચાને ક્યારેય આંચ આવતી નથી. માટે ગમે એવી લાલચ આવે પણ સત્યને વળગી રહેવું.**

❑ મનન અને અમલ :

૧. જૂઠું બોલીને તમે તમારાં મા-બાપને, તમારાં ભાઈ-બહેનને, તમારાં સગાં-સ્નેહીઓને, મિત્રોને કે સમાજને છેતરી શકશો પરંતુ તમારી જાતને નહિ છેતરી શકો. જેમ દરેકની અંદર ભગવાન બિરાજમાન છે, એમ આપણા અંતરમાં પણ ભગવાન બિરાજમાન છે અને તેઓ અંતર્યામી છે. આપણી દરેક ક્રિયા, ભાવનાની તેઓ નોંધ લે છે. આપણે સારું અને સાચું કરીએ તો એ ભગવાન આપણને જેમ અભિનંદન આપે છે એ જ રીતે ખોટું કરીએ કે કહીએ તો અંદરથી ઠપકો પણ આપે છે. એમના આ અવાજને ઓળખીને અનુસરવાનો પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે.આવું કરવાથી અનેક પ્રલોભનો અને પાપનાં ભયંકર તોફાનોમાંથી આપણે બચી જઈએ છીએ.

૨. દુકાનમાંથી ચોરી કરવી એ ઠગાઈ છે, એમ ખોટું બોલવું એ પણ જાત સાથેની છેતરપિંડી છે અને સામાજિક અપરાધ છે. લોકોએ આપણા ઉપર મૂકેલા વિશ્વાસનો આપણે જૂઠું બોલીને વિશ્વાસ ઘાત કરીએ છીએ.

૩. ભૂલ થઈ ગયા પછી એને ઢાંકવા કરતાં એને સ્વીકારી લેવામાં વધારે હિંમતની જરૂર પડે છે.

❑ તમે શું ધારો છો ?

૧. ગૌરાંગ આઠમાં ધોરણમાં ભણે છે. એની બાજુમાં બેસતા વિદ્યાર્થી પાસે પરદેશની સુંદર પેન છે. ગૌરાંગની નજર બગડે છે. પેલાને ખબર ના પડે એ રીતે પેન ચોરી લે છે. ઘરે આવીને ગૌરાંગ એનાં મમ્મી-પપ્પાને પેન બતાવતાં કહે છે: 'આજે તો રસ્તે ચાલતો હતો ત્યારે મને આ પેન મળી.'

⇨ શું ગૌરાંગની આ વર્તણૂક સારી ગણી શકાય?

૨. વત્સલ એના મિત્રો સાથે શેરીમાં ક્રિકેટ રમી રહ્યો છે. બેટિંગ કરતાં કરતાં વત્સલ દડો એવા જોરથી ફટકારે છે કે એના મકાનની એક બારીનો કાચ તૂટી ગયો.

બીજા છોકરાઓ તો આઘાપાછા થઈ જાય છે. વત્સલ પણ વિચારે છે કે જ્યાં સુધી પિતાજી સામેથી પૂછે નહિ ત્યાં સુધી આપણે વાતને ઉખેળવી નથી. પિતાજી પૂછશે તો કહીશ કે **'કોઈ છોકરાથી બારીનો કાચ ભાંગ્યો હશે.'** અથવા તો સામે ચાલીને પિતાજીને સમાચાર આપીશ કે આજે અમે ક્રિકેટ રમતા હતા એમાં **એક છોકરાએ એવો દડો ફટકાર્યો કે ઘરની બારીનો કાચ તૂટી ગયો.**

⇨ આ બંનેમાંથી યોગ્ય કાર્ય કયું કહેવાય ?


૩. શીલા પોતાનું ઘરકામ નિશાળે લાવવાનું ભૂલી જાય છે. એને શિક્ષાની બીક લાગે છે. એટલે બહેનપણી પ્રજ્ઞાને કહે છે, 'હું મારું ઘરકામ ભૂલી ગઈ છું. તારું ઘરકામ મને આપ.'

⇨ જો શીલાએ ઘરકામ કર્યું જ હોય ને તે ઘેર ભૂલી ગઈ હોય, તો એણે શું કરવું જોઈતું હતું?

સત્સંગ સંસ્કાર વિભાગ

લોયાધામ પરિવારના મુક્તોના ઘર આવાં હોવાં જોઈએ

- આપણું ઘર સ્વચ્છ, પવિત્ર અને વ્યવસ્થિત હોવું જોઈએ.
- આપણા ઘરમાં ખુલ્લી અને યોગ્ય જગ્યાએ સુંદર ઘરમંદિર હોવું જોઈએ.
- તે ઘરમંદિરમાં આપણા ઈષ્ટદેવ અને સદ્‌ગુરુઓની જ મૂર્તિઓ હોવી જોઈએ અને ત્યાં પંખો અને લાઈટ પણ હોવાં જોઈએ.
- ઘરમંદિરમાં શ્રી ઠાકોરજી મહારાજની નિયમિત આરતી-થાળ સમયસર થતાં હોવાં જોઈએ.
- આપણા ઘરનાં સભ્યો નિત્ય **વ્યક્તિગત** પૂજા કરતા હોવાં જોઈએ.
- આપણા ઘરમાં શ્રીજીમહારાજ, શ્રી ઠાકોરજી મહારાજ, આપણી ગુરુપરંપરાનાં સદ્‌ગુરુઓની **મૂર્તિઓ** હોવી જ જોઈએ.
- આપણા ઘરમાં લોયાધામનું કેલેન્ડર અને આપણા પૂજ્ય ગુરુજીનાં **ફોટા/પ્રતીમા** હોવા જ જોઈએ.



- આપણા ઘરનું વાતાવરણ **મહિમા** અને **ભક્તિસભર** હોવું જોઈએ અને લોયાધામ અને મુક્તાનંદીય ગુરુપરંપરાની વાતો થતી હોવી જોઈએ.
- આપણા ઘરમાં સત્સંગના કીર્તન-ધૂન-કથાવાર્તા સંભાળાવાં જોઈએ.
- આપણા ઘરનાં સૌ સભ્યો દરરોજ સાંજે સાથે ભેગા મળીને આરતી-ધૂન-સ્તુતિ-પ્રાર્થના-ચેષ્ટા બોલતા હોવાં જોઈએ.
- આપણા ઘરનાં સૌ સભ્યો રોજ સાંજે નિયમિત ઘરસભા કરતાં હોવાં જોઈએ.

- વ્યવહાર શુદ્ધિ માટે ઘરનાં દરેક સભ્યો પોતાની આવકમાંથી ચોખ્ખો **દશમો-વિશમો ભાગ ધર્માદો** કાઢતા હોવાં જોઈએ.
- આપણા ઘરમાં ખાવા-પીવાની તમામ વસ્તુઓ **ગાળ્યાં-ચાળ્યાં** પછી જ વપરાવવી જોઈએ.
- આપણા ઘરમાં દરેક પુરુષ સભ્ય **પૂજ્ય ગુરુજી** અને સંતોનો સમાગમ/ફોન કરતાં હોવા જોઈએ. અને સ્ત્રી સભ્યો **સાંખ્યયોગી માતાઓનો** સમાગમ/ફોન કરતાં હોવાં જોઈએ.
- આપણા ઘરનાં દરેક સારા પ્રસંગો પૂજ્ય ગુરુજી, સંતો, ભક્તોની હાજરીમાં જ ઉજવવા જોઈએ અને **દિવાળીના દિવસોમાં** થતા **"લોયાધામ મહોત્સવમાં"** ફરજીયાતપણે હાજરી આપવી જોઈએ.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) હરિશ્ચંદ્ર સાચું બોલ્યો તો એને શો ફાયદો થયો?

.....

(૨) હરિશ્ચંદ્રને સાચું બોલવાની શીખ કોણે આપી?

.....

(૩) હરિશ્ચંદ્ર રડવા કેમ માંડ્યો?

.....

(૪) જળદેવતાએ હરિશ્ચંદ્રને શી લાલચ આપી?

.....

(૫) જળદેવતા હરિશ્ચંદ્ર ઉપર પ્રસન્ન કેમ થયા?

.....

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના વિચારીને સાચા જવાબ આપો.

(૧) આજે તમે કેટલી વાર જૂઠું બોલ્યા?

.....

(૨) તમારે કયા કારણસર જૂઠું બોલવાનું થાય છે? ન બોલ્યા હોત તો શું થાત?

.....

(૩) આજે તમે કેટલું અને કયાં સાચું બોલ્યા એ લખો.


.....

(૪) 'હરિશ્ચંદ્રની જગ્યાએ તમે હોવ તો શું કરો?'

.....

સભા-૪૦ : હું તમારો કૂતરો છું

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે - “જેમ માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, પુત્ર-પુત્રી વગેરે કુટુંબી સાથે અતિ **આત્મબુદ્ધિ** છે તથા **ગાઢ પ્રીતિ** છે તેથી તેઓનો **અભાવ** ક્યારેય આવતો નથી, તેવી ગાઢ પ્રીતિ સંતો સાથે રાખવી એટલે તેઓનો ક્યારેય અભાવ ન આવે.”



આપણે શિવલાલશેઠની વાત સાંભળી છે કે, ભરીસભામાં અપમાન કર્યું તો પણ **ગુણાતીતાનંદસ્વામી**નો અભાવ ન આવ્યો. કારણ કે તેઓએ સ્વામી સાથે **આત્મબુદ્ધિ** કરી હતી. તેવી જ આત્મબુદ્ધિ **કારિયાણીના જોઈતાખાચરને** હતી તે પ્રસંગ જોઈએ.

કારિયાણી ગામના **વસ્તાખાચરના દીકરા જોઈતાખાચર** હતા. તેઓને એવો નિયમ હતો કે, શ્રીજીમહારાજનાં દર્શન તેમણે **જે જે સ્થળ**માં કર્યા હતાં તે તે સ્થળે દરરોજ સવારે પૂજા કરીને જવું. તેથી **દરરોજ દર્શન** કરવાં જાય અને બપોરના **બાર વાગ્યે** ઘરે આવે ત્યાં સુધી આખા ગામમાં ફરીને **પ્રસાદીનાં સ્થાનોનાં** દર્શન કરે. એક દિવસ કારિયાણીમાં **ભવાયા** રમવા આવ્યા. તેઓ સૌ મળીને **જોઈતાખાચર** પાસે આવ્યા અને કહ્યું : "બાપુ ! તમો જોવા આવો તો અમારે **શીખ** સારી થાય. કારણ કે, તમો આવો તો બીજા મોટા માણસો પણ આવે." ત્યારે જોઈતાખાચર કહે: **"હું સત્સંગી છું એટલે હું તરગાળા જોતો નથી અને અમારે જોવાય નહિ."**

ત્યારે ભવાયા કહે : **"ઘડીક બેસીને આવતા રહેજો."** એમ કહીને **પલંગ ઉપાડીને ચોકમાં આવ્યા.** એટલે ગામના મોટા મોટા લોકો પણ આવ્યા. તુરંત જોઈતાખાચર ઘેર આવતા રહ્યા. સવારે પૂજા કરીને મંદિરે દર્શન કરવા જતાં હતાં, ત્યારે અગાઉ **એક હરિભક્તે** જઈને સંતોને વાત કરી કે: **"રાત્રિએ જોઈતાખાચર તરગાળા જોવા ગયા હતા."** એટલે એક સાધુ વાટ જોઈને ઊભા રહ્યા. જોઈતાખાચર આવ્યા એટલે **હરિસેવાદાસ સ્વામીએ ડોકે ઝાલી ધક્કા મારી** મંદિર નીચે ઉતારી મૂક્યા અને કહ્યું: **"સત્સંગી થઈને ભવાયા જોવા કેમ ગયા ?** માટે **મંદિરનું પગથીયું ચઢતા નહિ."** ત્યારે જોઈતાખાચર **પગની મોજડી મુખમાં લઈને બોલ્યા: "હે સ્વામી! હું તો તમારો કૂતરો છું. મને મારીને કાઢી મૂકશો તો પણ હું કૂતરાની જેમ પાછો આવીશ; પરંતુ મારે મંદિરે આવ્યા વિના નહિ રહેવાય, અને દર્શન કર્યા વિના હું નહિ જમું એવો મારે નિયમ છે."**



બાળભક્તો ! આવા અપમાનો સંતો કરે, છતાં અવગુણ આવે નહિ તો માનવું કે; આપણને **સાચી આત્મબુદ્ધિ** છે. માટે આપણે સર્વેએ **સ્વભાવ** ટાળવા સારુ, સાચા સંતો, **કડવાં વચન** કહે તો પણ તેને અમૃતની જેમ પાન કરી તેઓ સાથે **ગાઢહેત** રાખવું.

આપણું ઘર આવું ન હોવું જોઈએ.

- આપણું ઘર સંસારી વિષયી જીવોનાં ઘર જેવું ન હોવું જોઈએ.
- એક આદર્શ સત્સંગીને લજાય અને મહારાજની **પતિવ્રતાની ભક્તિ ખંડિત થાય** એવા કોઈ ફોટા-મૂર્તિ-કેલેન્ડર આપણા ઘરમાં ન હોવા જોઈએ.
- આપણા ઘરમાં ન જોવા જેવી ફિલ્મ-પિક્ચરો ન જોવાતાં હોવા જોઈએ અને ન સાંભળવા જેવા ફિલ્મીગીતો ન સંભળાતા હોવાં જોઈએ.
- આપણા ઘરમાં કોઈપણ સભ્યોને ચા-કોફી-સિગારેટ-બીડી-પાન મસાલા-ગુટકા વગેરે **કેફી પદાર્થોનાં વ્યસન** ન હોવાં જોઈએ.
- આપણે સંસારનાં સંબંધો સાચવવા માટે પણ નિયમ-ધર્મ ન છોડવાં જોઈએ.
- ઘરનાં દરેક સભ્યોની ક્રીયા શુદ્ધ હોવી જોઈએ.
- આપણા ઘરમાં કે બહાર હોટલ આદિકની ખાણી-પીણી ન ખવાવી-પીવાવી જોઈએ. ઘરમાં બનાવેલ વાનગીઓ જ ભગવાનને ધરાવીને ખાવી-પીવી જોઈએ.
- ઘરનાં દરેક સભ્યોનો પહેરવેશ, વાણી, વર્તન એક **આદર્શ સત્સંગી**ને શોભે તેવાં જ હોવાં જોઈએ.
- આપણા ઘરમાં અનીતિ કે અન્યાયનો પૈસો ન આવવો જોઈએ.
- શ્રીજીમહારાજની આજ્ઞા લોપાય અને પૂજ્ય ગુરુજી અને સંતોને નીચું જોવું પડે એવી કોઈપણ વસ્તુ આપણા ઘરમાં ન હોવી જોઈએ.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) સંતો-ભક્તોનો અભાવ ન આવે તે માટે શું કરવું જોઈએ?

.....

(૨) ગુણાતીતાનંદ સ્વામીએ ભરી સભામાં કોનું અપમાન કર્યું હતું?

.....

(૩) વસ્તા ખાચર કોણ હતા અને ક્યાંના હતા?

.....

(૪) જોઈતા ખાચરને શું નિયમ હતો?

.....

(૫) જોઈતા ખાચરે ભવાયાઓને શું કહ્યું?

.....

(૬) જોઈતા ખાચરે પગની મોજડી મુખમાં લઈને સ્વામીને શું કહ્યું?

.....

પ્રશ્ન-૨ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) મગનીરામ	(૧) ગુણાતીતાનંદ સ્વામી
(૨) મુકુંદદાસ	(૨) હરિસેવાદાસ સ્વામી
(૩) શિવલાલ શેઠ	(૩) અદ્વૈતાનંદ સ્વામી
(૪) જોઈતા ખાચર	(૪) દાદાગુરૂજી
(૫) નંદબાબા	(૫) મુક્તાનંદ સ્વામી

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય સાચું (✓) છે કે ખોટું (×) તે જણાવો.

(૧) સંતો સાથે ગાઢ પ્રીતિ-આત્મબુદ્ધિ કરવી. ☐

(૨) સત્સંગીથી ભવાયા જોવા જવાય. ☐

(૩) સંતો કડવા વચન કહે તો સાંભળી લેવું. ☐

(૪) દાસના દાસ થઈને રહે તે સાચો શક્તિશાળી છે. ☐

(૫) પોતાના જન્મ દિવસની ઉજવણી હોટેલમાં કરી શકાય. ☐



ભગવાન શ્રી સ્વામિનારાયણ

આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ છે. માટે તેમના **જીવન** વિષેની જાણકારી આપણને હોવી જ જોઈએ. તો ચાલો, આપણે તેને **ટૂંકમાં** જાણી લઈએ.

પ્રાદુર્ભાવ : ભારતના યુ.પી. રાજ્યમાં અયોધ્યાથી નજીકમાં **છપૈયા** નામનું એક નાનકડું ગામ છે. તે ગામમાં **બ્રાહ્મણ કુળમાં સંવત્ ૧૮૩૭ ચૈત્ર સુદ-૯ (રામનવમી)ને સોમવારે તા. ૩-૪-૧૭૮૧ના રોજ રાત્રે ૧૦-૧૦ મિનિટે શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા.** તેમનું બાળપણનું નામ **'ઘનશ્યામ'** હતું. તેમના પિતાનું નામ **'ધર્મદેવ'** અને માતાનું નામ **'ભક્તિદેવી'** હતું. તેમના મોટાભાઈનું નામ **'રામપ્રતાપભાઈ'** અને નાના ભાઈનું નામ **'ઈચ્છારામભાઈ'** હતું.

બાળપણમાં ઘનશ્યામે ઘણા ચમત્કારો બતાવ્યા હતા. તેથી ગામના લોકોને થતું કે, **'આ બાળક સાક્ષાત્ ભગવાનનો અવતાર છે.'** ઘનશ્યામ સદાય તેમના માતા-પિતાની આજ્ઞા પાળતા અને અયોધ્યામાં નિયમિત મંદિરોમાં જતા. સંત સમાગમ કરતા. નિયમિત સત્સંગ કરવા અને

ભણવા જતા. એમ કરતાં તેમણે ટૂંક સમયમાં જ વેદ-વેદાંતની વિદ્યા શીખી લીધી. આમ **૧૧ વર્ષ, ૩ માસ** અને **૧ દિવસ છપૈયાપુર** તથા **અયોધ્યાપુરી**માં રહ્યા. પછી માતા-પિતાને દિવ્ય ગતિ આપી.

વનગમન : સંવત ૧૮૪૯ અષાઢ સુદી દશમીને શુક્રવાર તા.૨૯/૬/૧૭૯૨ના રોજ ઘર સંસાર છોડી વનમાં પધાર્યા. ત્યારબાદ સર્વે તીર્થોમાં ફર્યા. આમ જીવોનો મોક્ષ કરતાં કરતાં **૭ વર્ષ, ૧ માસ ને ૧૧ દિવસ** સુધી આખા ભારતમાં ફર્યા. વનવિચરણ દરમ્યાન લોકો તેમને **'નીલકંઠવર્ણી'** કહી બોલાવતા.

ગુરુમિલન : સંવત ૧૮૫૬ શ્રાવણ વદી-૬ (છઠ્ઠ)ના રોજ સવારે નીલકંઠવર્ણી સૌરાષ્ટ્રના **'લોજ'** નામના ગામાં પધાર્યા. આ ગામમાં **સદ્‌ગુરુ રામાનંદસ્વામી** નામના એક સમર્થ સંતનો આશ્રમ હતો. તેમાં **મુક્તાનંદસ્વામી** વગેરે **૫૦** જેટલા પવિત્ર સંતો રહેતા. તેમની સાધુતા, ભક્તિ અને ઉપાસના નીલકંઠજીને બહુ ગમી ગઈ, તેથી ત્યાં રોકાયા. થોડા સમય બાદ તેમને રામાનંદસ્વામી મળ્યા. તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા.

દીક્ષાગ્રહણ : સંવત ૧૮૫૭ કાર્તિક સુદી-૧૧ને મંગળવાર તા.૨૮-૧૦-૧૮૦૦ના દિવસે **પીપલાણા** ગામમાં **નીલકંઠવર્ણીએ** રામનંદસ્વામી થકી **દીક્ષા** ગ્રહણ કરી. તે સમયે રામનંદસ્વામીએ તેમના **'સહજાનંદસ્વામી'** તથા **'નારાયણમુનિ'** એમ બે નામ પાડ્યાં.

ધર્મધુરા સ્વીકારી : રામાનંદસ્વામીને તેમના બધા શિષ્યોમાં **'સહજાનંદસ્વામી'** સર્વોત્તમ જણાયા. તેથી તેમણે **સંવત ૧૮૫૮ કાર્તિક સુદી-૧૧ને ગુરુવાર તા.૧૬-૧૦-૧૮૦૧ના** રોજ **જેતપુર** ગામને વિષે સહજાનંદસ્વામીને પોતાની ધર્મધુરા સોંપી. ત્યારે તેમની ઉંમર ફક્ત **૨૧** વર્ષની હતી.

અદ્‌ભુત કાર્યો : થોડા સમય બાદ ગુરુદેવ ધામમાં સિધાવ્યા. પછી સહજાનંદ સ્વામી જે માટે આ લોકમાં આવ્યા હતા, તે **અનંત જીવોના કલ્યાણનું કાર્ય** તેમણે શરૂ કર્યું. પોતાનું **'સ્વામિનારાયણ'** એવું નવું નામ આપ્યું. જે લોકો તેમનું ભજન કરતા તેમને સમાધિ થતી. તેથી તેમને ભગવાન જાણી સત્સંગી બનતા. વળી, ઘણા તેમના સાધુ બનતા. આ રીતે શ્રીજી મહારાજે ૩,૦૦૦ જેટલા સાધુ કર્યા, લાખો સત્સંગી બનાવ્યા, મોટાં-મોટાં છ મંદિરો બાંધ્યા, શાસ્ત્રો બનાવ્યાં, આચાર્યો સ્થાપ્યા, અધર્મ અને અસુરોનો નાશ કરી **એકાંતિક ધર્મનું** સ્થાપન કર્યું. સાથે-સાથે સમાજ સુધારણાનાં અનેક કાર્યો કર્યા. અહિંસક યજ્ઞો કરી, **હિંસામય** યજ્ઞો બંધ કરાવ્યા. સમાજમાં ચાલતા ઘણા કુરિવાજો બંધ કરાવ્યા. આમ, આ લોક તથા પરલોકના સાચા સુખનો ધોરીમાર્ગ પ્રવર્તાવ્યો.

અંતર્ધાન લીલા : સંવત ૧૮૮૬ના જયેષ્ઠ સુદિ દશમીને દિવસ સૌરાષ્ટ્રના **ગઢડા** ગામે પોતાની ઇચ્છાએ આ પૃથ્વી ઉપરથી **અંતર્ધાન** થયા. આમ, સ્વામિનારાયણ ભગવાન અનંત જીવોનાં કલ્યાણ કરતા થતા **૨૯ વર્ષ, ૯ માસ** અને **૧૯ દિવસ** સુધી **આ સત્સંગમાં વિચર્યા.** અને આ પૃથ્વી ઉપર **૪૯ વર્ષ - ૨ માસ** અને **૧ દિવસ** રહ્યા હતા.

શ્રીજી મહારાજના જીવનચરિત્રલક્ષી પ્રશ્નોત્તર

નોધ : નીચેના આપેલા પ્રશ્નોત્તર કંઠસ્થ કરવા.
૧ થી ૭૫ પ્રશ્નો પ્રથમ પરીક્ષામાં અને ૧ થી ૧૪૦ પ્રશ્નો બીજી પરીક્ષામાં પુછાશે.

(૧) આપણા સંપ્રદાયનું મુળ નામ શું છે? **ઉદ્ધવ સંપ્રદાય**

(૨) અત્યારે આપણા સંપ્રદાયનું નામ શું છે? **સ્વામિનારાયણ સંપ્રદાય**

(૩) આપણા આરાધ્ય-ઉપાસ્ય ઈષ્ટદેવ કોણ છે? **સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ.**

(૪) ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યારે થયો હતો ? **સંવત ૧૮૩૭ ચૈત્રસુદ-નવમી (તા.૩-૪-૧૭૮૧, સોમવાર) રાત્રે દશ અને દશ મિનિટે.**

(૫) ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યાં અને ક્યા ગામમાં થયો હતો? **ઉત્તર પ્રદેશના અયોધ્યા પાસેના છપૈયા ગામમાં.**

(૬) ભગવાન સ્વામિનારાયણની અટક કઈ હતી ? **પાંડે**

(૭) ભગવાન સ્વામિનારાયણની જ્ઞાતિ કઈ હતી ? **સરવરિયા બ્રાહ્મણ.**

(૮) ભગવાન શ્રી સ્વામિનારાયણના માતા-પિતાનું નામ શું હતું? **ધર્મદેવ - ભક્તિમાતા**

(૯) શ્રી સ્વામિનારાયણ ભગવાના માતા-પિતાના મૂળનામ ક્યા હતા? **ભક્તિમાતાનું મૂળનામ બાળા અને પ્રેમવતી હતું. ધર્મદેવનું મુળનામ દેવશર્મા અને હરિપ્રસાદ હતું.**

(૧૦) ભક્તિમાતાનો જન્મ ક્યા ગામાં થયો હતો? **છપૈયા (ઉત્તરપ્રદેશ)**

(૧૧) ધર્મદેવનો જન્મ ક્યા ગામમાં થયો હતો ? **ઈટારપુર (ઉત્તરપ્રદેશ)**

(૧૨) ધર્મદેવના કુળદેવ કોણ હતા? **હનુમાનજી**

(૧૩) શ્રી સ્વામિનારાયણ ભગવાનના કુલ કેટલાં નામ હતાં? ક્યા ક્યા ? **કુલ અગિયાર નામ હતા (૧) ઘનશ્યામ (૨) હરિ (૩) કૃષ્ણ (૪) હરિકૃષ્ણ (૫) નીલકંઠવર્ણી (૬) સરજુદાસ (૭) સહજાનંદ સ્વામી (૮) નારાયણમૂનિ (૯) શ્રીજી મહારાજ (૧૦) ન્યાલકરણ (૧૧) સ્વામિનારાયણ.**

(૧૪) ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઘનશ્યામ નામ કોણે પાડ્યું હતું? **ભક્તિમાતા અને છપૈયાના સ્ત્રીઓએ.**

(૧૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના માર્કંડેય મુનિએ કેટલા નામ પાડ્યા હતા? **હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ.**

(૧૬) ભગવાન સ્વામિનારાયણને નીલકંઠવર્ણી કહીને કોણ બોલાવતા હતા? **જંગલના મનુષ્યો અને ઋષિમુનિઓ**

(૧૭) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્જુદાસ નામ કોણે પાડ્યું હતું ? **મુક્તાનંદ સ્વામી**

(૧૮) શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગુરૂ રામનંદ સ્વામીએ કેટલાં નામ પાડ્યા હતાં? **બે-સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ**

(૧૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનને નંદસંતો ક્યા નામથી બોલાવતા હતા? **શ્રીજી મહારાજ**

(૨૦) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આંબાશેઠે ક્યુ નામ પાડ્યુ હતું? **ન્યાલકરણ**

(૨૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું 'સ્વામિનારાયણ' નામ કોણે પાડ્યું હતું ? **સ્વયં-પોતે**

(૨૨) ભગવાન શ્રી સ્વામિનારાયણના કેટલાં ભાઈ હતાં ? **બે ભાઈ હતા. (૧) મોટા - રામપ્રતાપભાઈ (૨) નાના-ઈચ્છારામભાઈ**

(૨૩) રામપ્રતાપ ભાઈના પત્નીનું નામ શું હતું ? **સુવાસિની બાઈ**

(૨૪) ઈચ્છારામ ભાઈના પત્નીનું નામ શું હતું ? **વરીયાળી બાઈ**

(૨૫) સ્વામિનારાયણ ભગવાન છપૈયામાં કેટલા વર્ષ રહ્યા હતા? **ત્રણ વર્ષ**

(૨૬) છપૈયા છોડ્યા પછી સ્વામિનારાયણ ભગવાન ક્યાં રહેવા ગયા? **અયોધ્યા.**

(૨૭) શ્રી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યામાં ક્યા ક્યા મંદિરે રોજ દર્શન કરવા જતા?

હનુમાનગઢી, કનકભુવન, વિદ્યાકુંજ.

(૨૮) શ્રી સ્વામિનારાયણ ભગવાને સૌ પ્રથમ શાસ્ત્રાર્થ ક્યા અને કોની સાથે કર્યો?

કાશીના ગૌમઠમાં - કાશીના પંડિતો સાથે.

(૨૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનની યજ્ઞોપવિત ક્રિયા કેટલા વર્ષની ઉંમરે કરવામાં આવી હતી ?

આઠ વર્ષે

(૩૦) શ્રી સ્વામિનારાયણ ભગવાન ઘરનો ત્યાગ કરી વનવિચરણ કરવા ક્યારે નીકળ્યા હતા?

સંવત્ ૧૮૪૯- અષાઢસુદ-દશમ (તા.૨૯-૬-૧૭૯૨) પ્રભાત સમયે.

(૩૧) શ્રી સ્વામિનારાયણ ભગવાને ગૃહત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર કેટલી હતી?

૧૧ વર્ષ, ૩ માસ, ૧ દિવસ.

(૩૨) શ્રી સ્વામિનારાયણ ભગવાને કેટલો સમય વનવિચરણ કર્યું?

૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ (આશરે-૨૫૬૨ દિવસ)

(૩૩) શ્રી સ્વામિનારાયણ ભગવાને કેટલા દેશોમાં કેટલા કિલોમીટર વનવિચરણ કર્યું ? **૬ દેશ (ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન, બર્મા) અને ભારતના ૧૪ રાજ્યોના ૧૭૦થી વધુ શહેરો અને ગામડાઓમાં અંદાજીત ૧૩,૦૦૦ કિલોમીટરની ઉઘાડાપગે મુસાફરી કરી.**

(૩૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વનવિચરણ ક્યારે અને ક્યાં સમાપ્ત થયું ?

સંવત ૧૮૫૬ શ્રાવણવદ-છઠ્ઠના દિવસે લોજગામે.

(૩૫) નીલકંઠવર્ણી વનવિચરણ દરમ્યાન ક્યો પ્રશ્ન દરેકને પૂછતાં?-

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપ વિષે.

(૩૬) નીલકંઠવર્ણીને લોજમાં પ્રથમ ક્યા સંતનો મેળાપ થયો હતો? **સુખાનંદ સ્વામી**

(૩૭) મુક્તાનંદસ્વામી અને નીલકંઠવર્ણીનો મેળાપ સૌ પ્રથમ ક્યા ગામમાં થયો હતો**? લોજ**

(૩૮) શ્રી સ્વામિનારાયણ ભગવાન લોજમાં કોની આજ્ઞામાં રહ્યા હતાં? **મુક્તાનંદ સ્વામીની**

(૩૯) મુક્તાનંદસ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાનથી ઉંમરમાં કેટલા વર્ષ મોટા હતા ? **૨૩ વર્ષ**

(૪૦) મુક્તાનંદસ્વામી અને નીલકંઠવર્ણીના મિલન સમયે બન્નેની ઉંમર કેટલી હતી ?

મુક્તાનંદસ્વામી ૪૨ વર્ષ અને નીલકંઠવર્ણી-૧૯ વર્ષ

(૪૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન રામાનંદ સ્વામીને મળ્યા પહેલાં મુક્તાનંદસ્વામી સાથે કેટલો સમય રહ્યાં હતાં? **૧૦ માસ, ૬ દિવસ.**

(૪૨) નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામીનું મિલન ક્યારે અને ક્યા ગામમાં થયું હતું?

સંવત ૧૮૫૬ જેઠ વદ બારસે (૧૯-૬-૧૮૦૦) પીપલાણા

(૪૩) રામાનંદ સ્વામી કોણ હતાં? **સ્વામિનારાયણ ભગવાનના ગુરુ**

(૪૪) રામાનંદ સ્વામીનો જન્મ ક્યાં થયો હતો? **અયોધ્યા**

(૪૫) આપણો મત ક્યો છે? **વિશિષ્ટાદ્વૈત**

(૪૬) નીલકંઠવર્ણીને મહાદીક્ષા કોને આપી? **રામનંદ સ્વામી**

(૪૭) શ્રી સ્વામિનારાયણ ભગવાને મહાદીક્ષા ક્યા ગામમાં લીધી હતી?

પીપલાણા ગામમાં સંવત-૧૮૫૭, કારતક સુદ-૧૧

(૪૮) શ્રી સ્વામિનારાયણ ભગવાને ગાદીનો સ્વીકાર કયા ગામમાં કર્યો હતો? **જેતપુર**

(૪૯) શ્રી સ્વામિનારાયણ ભગવાન ક્યારે ગાદીએ બેઠા?

સંવત ૧૮૫૮ કારતક સુદ-૧૧ (૧૬-૧૦-૧૮૦૧)

(૫૦) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર કેટલા વર્ષની હતી ? **૨૧ વર્ષ**

(૫૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગુરુ રામાનંદ સ્વામી પાસે કેટલું રહ્યાં? **૧ વર્ષ - ૫ માસ - ૧૬ દિવસ**

(૫૨) શ્રીજીમહારાજે સૌપ્રથમ દીક્ષા કોને આપી? **શીતળદાસ - વ્યાપકાનંદ સ્વામી**

(૫૩) શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા બે વરદાન પોતાના ગુરુ પાસે માગ્યા?

(૧) **હરિભક્તોને એક વીછીનું દુઃખ થવાનું હોય તો તે કોટી વીંછીના ડંખની વેદના જેટલું મને થાય** પણ **તમારા ભક્તોને ન થાય.** (૨) **સત્સંગી હોય તેના કર્મમાં રામપત્તર મળે એવી ગરીબાઈ લખી હોય તો તે મને મળજો પણ હરિભક્તો અન્ન વસ્ત્રે દુઃખી ન થાય.**

(૫૪) શ્રીજીમહારાજે સમાજસેવાનું સૌ પ્રથમ કયુ કાર્ય કર્યું હતું? **કારિયાણી ગામમાં તળાવ ખોદાવ્યું.**

(૫૫) શ્રીજીમહારાજે ક્યા સંતને સમાધિ નથી કરાવી? **મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી**

(૫૬) શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ક્યા ઘામમાં લખી? **વડતાલમાં હરિમંડપમાં.**

(૫૭) શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ત્રણ ગ્રંથોના નામ શું છે ?

(૧) શિક્ષાપત્રી (૨) વચનામૃત (૩) સત્સંગીજીવન

(૫૮) શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોમાં સંપ્રદાયના મુખ્ય સંત તરીકે કોનું નામ છે ? **મુક્તાનંદ સ્વામી**

(૫૯) વચનામૃતમાં મુક્તાનંદસ્વામીના કુલ કેટલા પ્રશ્ન છે ? **૯૦**

(૬૦) સ્વામિનારાયણ ભગવાન કયા સંતની મર્યાદા રાખતા હતાં? **મુક્તાનંદ સ્વામી**

(૬૧) મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે સદ્‌ગુરુ તરીકે ક્યા ગામમાં નીમ્યા હતા? **આદરજ ગામ**

(૬૨) શ્રીજી મહારાજે ક્યા રસોઈયા જેવું સ્વરૂપ ધારણ કર્યું હતું? **લોયાધામ**

(૬૩) મુક્તાનંદ સ્વામીને ક્યા-ક્યા વાદ્યો વગાડતા આવડતુ હતું? **વીણા, સરોદ, યુગન નામનું મોરચંગ**

(૬૪) મુક્તાનંદ સ્વામીએ નૃત્ય દ્વારા કંકુથી શેનું ચિત્ર દોરેલુ? **ગઢપુરમાં, હાથીનું ચિત્ર**

(૬૫) મહારાજે મુક્તાનંદ સ્વામીને શું આજ્ઞા કરી હતી ? **દેહ રહે ત્યા સુધી શાસ્ત્ર રચવાની.**

(૬૬) મુક્તાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર કેટલા વર્ષે રહ્યા? **૮૪ વર્ષ**

(૬૭) શ્રીજીમહારાજે કયાં સાડી પહેરી હતી? **લીંબલી ગામમાં સગરામ ભગતના ઘરે**

(૬૮) શ્રીજીમહારાજે સૌથી વધુ ઉત્સવ કયો કર્યો ? **રંગોત્સવ**

(૬૯) શ્રીજીમહારાજને સૌથી વધારે થાળ કોનો ગમતો? **જેતલપુરના ગંગાબા**

(૭૦) દર્શન કરવાની રીત મહારાજે કોની વખાણી? **ધરમપુરના કુશળકુંવરબા**

(૭૧) શ્રીજીમહારાજે કયા ભક્તની સેવા વખાણી? **ગુઢપુરના ઉકાખાચર**

(૭૨) શ્રીજી મહારાજના સખા ભક્ત કોણ હતા? **લોયાધામના સુરાખાચર**

(૭૩) શ્રીજી મહારાજે ક્યા ભગતની નનામી જાતે ઉપાડી હતી? **પંચાળાના જીણાભાઈ**

(૭૪) શ્રીજી મહારાજે કોનો અગ્નિ સંસ્કાર જાતે કર્યો? **ગોપાળયોગી, કરિયાણાના મીણબાઈ**

(૭૫) શ્રીજી મહારાજના હજુરી સેવક કોણ હતા? **મુળજી બ્રહ્મચારી**

(૭૬) શ્રીજી મહારાજના હજુરી સેવક પાર્ષદ કોણ હતા? **વીર ભગુજી**

(૭૭) માણકી ઘોડીની સેવા કોણ કરતું હતું ? **નાજા જોગીયા**

(૭૮) શ્રીજી મહારાજની ઘોડીનું નામ શું હતુ? **માણકી ઘોડી**

(૭૯) શ્રીજી મહારાજના ઘોડાનું નામ શું હતુ? **રોઝો ઘોડો**

(૮૦) શ્રીજી મહારાજનો અવાજ કેવો હતો? **ઘેરો**

(૮૧) શ્રીજી મહારાજની ચાલ કેવી હતી? **લટકંતી અને ઉતાવળી**

(૮૨) શ્રીજી મહારાજનો સ્વભાવ કેવો હતો? **અતિ દયાળુ, પર દુઃખહારી**

(૮૩) "સત્સંગની માં"નું બિરુદ કયા સંતને મળ્યુ હતુ? **મુક્તાનંદ સ્વામી**

(૮૪) મહારાજ પોતાના ગુરુ તરીકે કયા સંતને સ્વીકારતા? **મુક્તાનંદ સ્વામી**

(૮૫) શ્રીજી મહારાજના લેખક (લહીયા) કોણ હતુ? **શુકાનંદ સ્વામી**

(૮૬) શ્રીજી મહારાજે બન્ને આચાર્યોના કાંડા કોને સોપ્યા? **ગોપાળાનંદ સ્વામી**

(૮૭) શ્રીજી મહારાજે કોની સેવા સામે ચાલીને સ્વીકારી? **દિવબંદરના પ્રેમબાઈ**

(૮૮) શ્રીજી મહારાજે સખી કોને બનાવ્યા? **પ્રેમાનંદ સ્વામી**

(૮૯) શ્રીજી મહારાજે સૌથી વધારે વાર દંડવત્ કયા સંતને કર્યા? **મુક્તાનંદ સ્વામી**

(૯૦) શ્રીજી મહારાજે કયા સંતને ભાઈ બનાવ્યા? **શ્રી રામદાસ સ્વામી, શ્રી આત્માનંદ સ્વામી**

(૯૧) વૈરાગ્યમુર્તિ તરીકે કયા સંતની ઓળખ છે? **નિષ્કુળાનંદ સ્વામી**

(૯૨) શ્રીજી મહારાજ સૌથી વધારે ક્યા ગામમાં રહ્યા? **ગઢપુર**

(૯૩) શ્રીજી મહારાજે કયા અવતારની સૌથી વધારે પ્રસંશા કરી? **શ્રી કૃષ્ણ અવતાર**

(૯૪) શ્રીજી મહારાજે ક્યાં ક્યાં મોટા યજ્ઞ કર્યા હતો? **ડભાણ, જેતલપુર**

(૯૫) શ્રીજી મહારાજે સૌથી મોટો રંગોત્સવ કયાં કર્યો? **વડતાલ-જ્ઞાનબાગમાં**

(૯૬) શ્રીજી મહારાજ કોના સારથી બન્યા હતા? **ગઢપુરના દાદાખાચર**

(૯૭) શ્રીજી મહારાજે વધારે જડક્રીડા કઈ નદીમાં કરી હતી? **ગઢપુરમાં ઘેલાનદી (ઉન્મત ગંગા)**

(૯૮) શ્રીજી મહારાજ કોની પાસે વધારે કથા કરાવતા? **નિત્યાનંદ સ્વામી, પ્રાગજી પુરાણી**

(૯૯) શ્રીજી મહારાજને કયા વસ્ત્રો વધારે ગમતા? **સફેદ (શ્વેત)**

(૧૦૦) શ્રીજી મહારાજને સૌથી વધુ પ્રિય ફુલ ક્યા હતા? **ગુલાબ, મોગરો**

(૧૦૧) શ્રીજી મહારાજે સૌપ્રથમ શિક્ષાપત્રી કોને આપી? **રાજકોટમાં સર માલ્કમને**

(૧૦૨) કાંટા વગરની બોરડી કયાં આવેલી છે? **રાજકોટમા**

(૧૦૩) શ્રીજી મહારાજના કોઠારી કોણ હતા? **હરજી ઠક્કર**

(૧૦૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદમાં કેટલા ચિહ્ન છે ?

૧૬ ચિહ્ન છે (જમણા ચરણારવિંદમાં-૯) (ડાબા ચરણારવિદમાં-૭)

(૧૦૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરીર પર કેટલા તિલ અને ચિહ્ન છે ?

૬૩ (ત્રેસઠ) તિલ અને પર (બાવન) ચિહ્ન છે.

(૧૦૬) શ્રીજી મહારાજે સંપ્રદાયનું સૌપ્રથમ શિખરબધ્ધ મંદિર કયાં બાંધ્યું? **અમદાવાદમાં**

(૧૦૭) સંપ્રદાયનું સૌ પ્રથમ હરિમંદિર કયાં છે? **લોયાધામમાં**

(૧૦૮) શ્રીજી મહારાજે પોતાનું સ્વરૂપ કયા ધામમાં પધરાવ્યુ? **વડતાલમાં, શ્રી હરિકૃષ્ણ મહારાજ**

(૧૦૯) શ્રીજી મહારાજે પોતાના અંગો-અંગનું માપ લઈને કઈ મૂર્તિ બનાવડાવી?

ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ

(૧૧૦) શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા ધામમાં પોતાનો દેહ ત્યાગ કર્યો? **ગઢપુર**

(૧૧૧) શ્રી સ્વામિનારાયણ ભગવાને કયારે પોતાના દેહનો ત્યાગ કર્યો ?

સંવત ૧૮૮૬ના જેઠ સુદ-૧૦ને દિવસે બપોરે ૧૨ કલાકે

(૧૧૨) શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર કેટલા વર્ષ રહ્યાં? **૪૯ વર્ષ - ૨ માસ - ૧ દિવસ**

(૧૧૩) મુક્તાનંદસ્વામી કયા સ્થાનમાં રહી અક્ષરધામમાં ગયાં? **ગઢપુર**

(૧૧૪) મુક્તાનંદ સ્વામીને ગુરુ રામાનંદ સ્વામીના સૌ પ્રથમ દર્શન કયા ગામમાં થયા હતા? **સરધારમાં**

(૧૧૫) મુક્તાનંદ સ્વામી કેટલા વર્ષની ઉંમરે સાધુ થયા હતા? **૨૮ વર્ષ**

(૧૧૬) "શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્" આ સુત્ર કોણે-કયાં અપવડાવ્યું?
મુક્તાનંદ સ્વામીએ, વડોદરાના શાસ્ત્રાર્થમાં

(૧૧૭) અંગ્રેજોએ સુરતમાં તમામ ભુતીયા મકાનો કોને નામે લખી આપ્યા હતા? **મુક્તાનંદ સ્વામી**

(૧૧૮) શ્રીજી મહારાજના નખ ઉતારતા કયા સંતને સારુ આવડતુ હતું? **મુક્તાનંદ સ્વામી**

(૧૧૯) મુક્તાનંદ સ્વામીએ કેટલા ગ્રંથોની રચના કરી? **૩૫ જેટલા સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથો**

(૧૨૦) મુક્તાનંદ સ્વામીના ગ્રંથો કેવા છે? **જ્ઞાન-ભક્તિ પ્રધાન**

(૧૨૧) મુક્તાનંદ સ્વામી વિશેષ અભ્યાસ માટે કયાં ગયા હતા? **ભુજ**

(૧૨૨) મુક્તાનંદ સ્વામીએ ભુજમાં કયા કયા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો?
પિંગળ શાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર, સંગીત વિદ્યા, ગાંધર્વ વિદ્યા, આયુર્વેદ તથા સંસ્કૃત વેદાન્તશાસ્ત્ર

(૧૨૩) મુક્તાનંદ સ્વામી પાસે કયા સંતો રહેતા? **ભણનારા વિદ્યાર્થી સંતો**

(૧૨૪) ગોપાળાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી પાસે શું ભણ્યા? **રામાનુજગીતા ભાષ્ય**

(૧૨૫) મુક્તાનંદ સ્વામીએ કેટલા પદોની રચના કરી છે? **૧૦,૦૦૦ જેટલા કીર્તનોના પદો**

(૧૨૬) આપણા ગુરુજીનું નામ શુ છે? **પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**

(૧૨૭) આપણા ગુરુજી કયા સ્વરૂપની સેવા કરે છે? **આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવીત ઠાકોરજી મહારાજ**

(૧૨૮) આપણા ગુરુજી આ પૃથ્વી પર ક્યારે પધાર્યા? **૨૬-૭-૧૯૫૮, શનિવાર (અધિક શ્રાવણ સુદ એકાદશી)**

(૧૨૯) આપણે કયા નંદસંતની પરંપરાના છીએ? **સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી**

(૧૩૦) આપણા દાદાગુરુજીનું નામ શું છે? **સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી**

(૧૩૧) પૂજ્ય ગુરુજીએ પ્રથમ પ્રવચન કયાં કર્યું હતું? **વડતાલના સભામંડપમાં**

(૧૩૨) પૂજ્ય દાદાગુરુજીએ પુજ્ય ગુરુજીને નવાવર્ષે શું ભેટ આપી હતી?
ઉર્ધ્વરેખાના સ્પષ્ટ દર્શન થતા પ્રસાદીના ચરણારવિંદ

(૧૩૩) પૂજ્ય દાદાગુરુજીએ આપેલા પ્રસાદીના ચરણારવિંદ ગુરુજી કયાં રાખે છે? **પોતાની પૂજામાં**

(૧૩૪) પૂજ્ય ગુરુજીને રાજી કરવા બાળકોએ શું કરવું ? **નિયમિત બાળસભામાં જવું, ભક્તિ કરવી, અભ્યાસ બરાબર કરવો, સાચા સત્સંગી બનવું, માતા-પિતા-વડીલોને આદર આપવો, કુસંગ ન કરવો.**

(૧૩૫) મનુષ્ય જન્મનો હેતુ શું છે? **કોઈપણ ભોગે ભગવાનને પામી જ જવું**

(૧૩૬) આપણે કોનુ બળ રાખવું ? **ભગવાન અને સદ્‌ગુરુ સંતોનું બળ રાખવુ.**

(૧૩૭) સત્સંગમાં કેવી રીતે રહેવાનું છે? **દાસના દાસ થઈને**

(૧૩૮) મહારાજ અને ગુરૂજી કયારે રાજી થાય? **મહારાજ અને સંતો ભક્તોને રાજી કરીએ તો.**

(૧૩૯) સંતો ભક્તો આપણા પર કેમ રાજી થાય? **તેમની આજ્ઞામાં રહીએ તો, સારુ વાણી-વર્તન રાખીયે તો.**

(૧૪૦) આપણામાં ભગવાનનું બળ કયારે આવે? **સંતોનું બળ રાખીયે, ભગવાનની આજ્ઞા પાળી, ભગવાનનું ભજન કરીએ ત્યારે.**

(૧૪૧) લોયાધામના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શુ છે ? **બાલુડા શ્રી ઘનશ્યામ મહારાજ**

(૧૪૨) લોયાધામ કંડારીના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શુ છે ? **વાલીડા શ્રી ઘનશ્યામ મહારાજ**

(૧૪૩) લોયાધામ ન્યુજર્સીના શ્રી ઘનશ્યામ મહારાજનુ નામ શુ છે ? **પીયુડા શ્રી ઘનશ્યામ મહારાજ**

કાયમી મુખપાઠ

સુચન : સંચાલકોએ નીચે આપેલ કડીઓ સ્વયં ગાય બાળકો પાસે ગવડાવી - કંઠસ્થ કરાવવી.

નિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથની કડીઓ

(૧) આ વારનો જે અવતાર રે, એવો ન થાય વારંવાર રે,
નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, સૌ જન જાણજ્યો મનમાંથી રે ॥

(૨) સહું જનને કરવા છે સુખી રે, નથી રાખવા કોઈને દુઃખી રે,
સહું જીવની લેવી છે સંભાળ રે, એહ અરથે આવ્યા છે દયાળ રે ॥

(૩) સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે,
સંત માનજો મારી મૂર્તિ રે, તેમાં ફેર નથી એક રતિ રે ॥

(૪) સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે,
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉ સાક્ષાત્ રે ॥

(૫) સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સૂતા પછી હું સોઉં રે,
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે ॥

(૬) કે'શે આ સંત તો બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે,
એટલો જ ગુણ કોઈ ગ્રે'શે રે, તે તો બ્રહ્મમોલે વાસ લેશે રે ॥

(૭) જાણો જનમ-મરણ ભય ટાળી રે, જાશું ધામે વજાડતા તાળી રે,
સંત સમાગમ પરતાપે રે, જાશું બ્રહ્મમોલ માંહી આપે રે ॥

હરિસ્મૃતિ ગ્રંથની પંક્તિઓ

(૧) કીયાં અમે ને કીયાં આપ જીવન જાણું છું, કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું ॥

(૨) ક્યાં અમે ને ક્યાં તમે જીવન જાણું છું. તે તો કૃપા કરી છે તમે જીવન જાણું છું ॥

(૩) મહાસમર્થ છો મહારાજ જીવન જાણું છું, વળી આપે રાજાધિરાજ જીવન જાણું છું ॥

(૪) સચ્ચિદાનંદ દિવ્યમૂર્તિ જીવન જાણું છું, છો અવતારના અવતારી જીવન જાણું છું ॥

(૫) એવા મોટા છો મહારાજ જીવન જાણું છું, તે મળ્યા છો મને આજ જીવન જાણું છું ॥

(૬) ક્ષર અક્ષરથી છો પર જીવન જાણું છું, અક્ષરબ્રહ્મ તમારુ ઘર જીવન જાણું છું ॥

(૭) તમે બિરુદ પાળ્યું તમારું જીવન જાણું છું, જોયું નહીં કર્તવ્ય અમારું જીવન જાણું છું ॥

(૮) જનમતા જતન કીધી જીવન જાણું છું, મારી બહુનામી બહુવિધિ જીવન જાણું છું ॥

(૯) આજ સુધી પણ અમારી જીવન જાણું છું, રાખો છો ખબર સારી જીવન જાણું છું ॥

(૧૦) મારી મરણ ટાણાની મૂડી જીવન જાણું છું, વળી ભવસાગરની હુડી જીવન જાણું છું ॥

ભક્તચિંતામણિ ગ્રંથની કડીઓ

(૧) કામદુઘા કલ્પતારુ, પારસ ચિંતામણી ચાર,
સંત સમાન એકે નહિ, મે મનમાં કર્યો વિચાર ॥
(૨) સંતકૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ,
સંતકૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ ॥
(૩) સંત સેવ્યા તેણે સર્વે સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવાન,
ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન ॥
(૪) જપ તપ તીર્થ વ્રત વળી, તેણે કર્યા યોગ યગન,
સર્વે કારજ સારિયું, જેણે સંત કર્યા પ્રસન્ન ॥
(૫) ઘણું રાજી કરી સંતને, કૈક પામીયા પરમધામ ।
સંત વિના શોધી જુઓ સઘળે, કહો કેનુ તે સરીયુ કામ ॥
(૬) એવા સંત સદા શુભ મતિ, જક્ત દોષ નહિ જેમાં રતિ,
સૌને આપે હિત ઉપદેશ, એવા સંત ને નામું હું શીશ. ॥
(૭) સદા સ્મરણ ભજન કરે, વળી ધ્યાન મહારાજનું ઘરે,
એવે ગુણે મોટા જે મુનિશ, એવા સંતને નામું હું શીશ ॥
(૮) સુખ દુઃખ આવે સર્વે ભેળુ, તેમાં રાખજ્યો સ્થિર મતિ,
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ.
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું,
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહું સહું તણું.
(૯) દાસના દાસ થઈને, વળી જે રહે સત્સંગમાં ।
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં ॥
(૧૦) મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું ।
બિરુદ મારું એ ન બદલે, એમ સર્વે જનને જણાવવું ॥

આદર્શ સત્સંગીનું જીવન આવું હોય !

(૧) દરરોજ સવારે પ્રાતઃ પૂજા બાદ ઘરના વડીલો, માતા-પિતાને પ્રેમથી આદરપૂર્વક પગે લાગીને જય સ્વામિનારાયણ કહેવાં. અન્ય સભ્યોને પણ વંદન કરી પ્રેમથી આદરપૂર્વક 'જય સ્વામિનારાયણ' કહેવાં.

(૨) સ્કૂલ-કોલેજ, ખેતર-વાડી-નોકરી-ધંધાર્થે જતાં પહેલાં શક્ય હોય તો મંદિરે દર્શન કરવા અવશ્ય જવું. અને જો તે શક્ય ન હોય તો ગમે તેમ ટાઈમનું સેટીંગ કરીને પણ ૨૪ કલાકમાં એક વાર તો **મંદિરે દર્શન કરવાં જરૂર જવું જ.**

(૩) મંદિરે ગયા પછી ભગવાન આગળ દંડવત્ પ્રાર્થના કરી મૂર્તિના કીર્તનો, વંદુના પદ, સ્વામીએ માંગેલા વરદાનો વગેરે બોલવાં; ત્યાર બાદ મંદિરમાં રહેતાં સર્વે સંતોને પણ પગે લાગી જય સ્વામિનારાયણ કહેવાં.

(૪) સાંજની આરતી માટે ભગવાનના દર્શન માટે ગયા હોઈએ તો સ્તુતિ-પ્રાર્થના દંડવત્ પ્રણામ - ચેષ્ટા સુધી અવશ્ય રહેવું જોઈએ - બીજા બધાં કામ કરતાં આ કામ સૌથી અગત્યનું છે.

(૫) વચનામૃત, સ્વામીની વાતો, ભક્ત ચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રી હરિચરિત્રામૃત સાગર, સત્સંગિજીવન જેવાં ધાર્મિક ગ્રંથોનું હંમેશાં નિયમપૂર્વક **વાંચન** કરતાં રહેવું જોઈએ.

(૬) એકાદશી-હરિજયંતી જેવાં પવિત્ર દિવસે ઉપવાસ કરવો, નિર્જળા કરવો અને તે દિવસે અન્ય કામોમાંથી નિવૃત્તિ લઈ વિશેષ **ભજન-ભક્તિ** કરો.

(૭) દરરોજ નિયમિતપણે માળા-દંડવત્-પ્રદક્ષિણા-ધ્યાન-જનમંગલ-વંદુના પાઠ-આદિક કરવાં. હાલતાં, ચાલતાં સર્વે ક્રિયામાં 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' રટન કર્યા કરવું. પાંચ માનસી પૂજા નિયમિત રૂપે કરવી.

(૮) રાત્રે સૂતાં પહેલાં શ્રીહરિની **'સ્વાભાવિક ચેષ્ટા' (નિયમચેષ્ટા)** બોલીને જ સૂવું જોઈએ.

(૯) રાત્રે સૂતાં પહેલાં ઘરના વડીલો, માતા-પિતા તથા સૌ સભ્યોને ચરણસ્પર્શ કરી 'જય સ્વામિનારાયણ' કહેવાં - ત્યાર બાદ જ સુવા જવું. જો શક્ય હોય તો ઘરના વડીલો અને અન્ય સભ્યોની પથારી પણ પાથરી દેવી જોઈએ.

(૧૦) સૂતાં પહેલાં પથારીમાં બેઠાં બેઠાં પાંચ મિનિટ મહારાજ, મુક્તાનંદ સ્વામી, દાદાગુરુજી - ગુરુજી અને મોટા સંતોની સ્મૃતિ કરી પ્રાર્થના કરવી ને ક્ષમાયાચના કરવી કે **હે પ્રભુ ! હે દયાળુ ! આજે દિવસ દરમિયાન આપની આજ્ઞા વિરુદ્ધ કંઈ વર્તન થયું હોય તો માફ કરજો. આપના દિવ્ય સત્પુરુષને વિષે મનુષ્યભાવ આવી ગયો હોય કે આપના સંબંધવાળા સૌ વ્હાલા મુક્તો એવા સંતો-ભક્તો વિષે અભાવ-અવગુણનો સંકલ્પ થયો હોય કે અપરાધ થયો હોય તો ક્ષમા કરજો, મારા ઉપર સદાય રાજી રહેજો, મારી ભૂલ ઓળખાય તેવી કૃપા કરજો.**

(૧૧) ઠાકોરજી મહારાજના **અભિષેકનું જળ, નખ-કેશનું જળ** - મહારાજના પાટોત્સવના **અભિષેકનું જળ** તમારા ઘરમાં રાખો - અને કોઈ તકલીફ આવે કે ઉપદ્રવ થાય ત્યારે તેનો વિવેકભર્યો ઉપયોગ કરો.

(૧૨) આહારશુદ્ધિ રાખવી, હોટલમાં કે બહાર જમવું નહિ, ડુંગળી-લસણ-માંસ-ઈંડા-હીંગ વગેરે અભક્ષ્ય વસ્તુ કોઈ પણ પ્રકારે ખાવું-પીવું નહિ. તમાકુ-બીડી-સિગારેટ-દારૂ-ગુટખા-પાનમસાલા, ચા-કોફી-સિનેમા વગેરેનું વ્યસન રાખવું નહિ, પાણી-લોટ-મસાલા વગેરે ગાળી-ચાળીને વાપરવાં.

(૧૩) ઘરમંદિરમાં ભગવાનની વિધિ અનુસાર પ્રેમથી સેવા-ભક્તિ કરવી. ભગવાનને થાળ ધરાવ્યા બાદ બધુ અન્ન પ્રસાદીનું કરીને જ જમવું, જમતી વખતે મૌન રહેવું ને કોળીયે-કોળીયે સ્વામિનારાયણ મંત્રનું રટન કરવું.

(૧૪) કુટુંબ-પરિવારમાં-ગામમાં-શહેરમાં અડોશી-પડોશી સાથે સંપ-સુહૃદભાવ અને એકતાથી રહેવું. અપશબ્દો બોલવાં નહિ, જૂઠું બોલવું નહિ, પારકી પંચાત કરવી નહિ, નિંદા-ટીકામાં પડવું નહિ, સૌનું મંગલ ઇચ્છવું.

(૧૫) દિવસ દરમિયાન શૌચવિધિ કરવાં જવાનું થાય ત્યારે સવસ્ત્રે સ્નાન કરવું, ટોઇલેટ ગયા બાદ ડાબો હાથ - **દસ વાર** અને બંને હાથ ભેગા કરી **સાત વાર** - એમ કુલ **૧૭ વાર** માટી અથવા પાઉડરથી હાથ ધોવાં. પેશાબ કર્યા બાદ પણ હાથને **ત્રણ વાર** ધોવાં અને પગ પણ ધોવાં - જેટલી પવિત્રતા રાખીશું એટલા મહારાજ અંતરમાં નિવાસ કરીને રહેશે.

(૧૬) ભગવાન તથા સંતને **સાત્ત્વિક** ને **સાદા પહેરવેશ** અતિશે પ્રિય છે. માટે આપણે પણ સાદા-સત્વગુણી-સફેદ વસ્ત્રો પહેરવાનો આગ્રહ રાખવો જોઈએ. બહુ રજોગુણી - અંગ દેખાય તેવા, ટૂંકા-ઝીણા-ગંદા વસ્ત્રો ન પહેરવાં જોઈએ. મંદિરમાં જઇએ કે ઉત્સવ સમૈયામાં કે સભામાં જઈએ ત્યારે અવશ્ય **સફેદ ઝભ્ભો-લેંઘો અથવા સંસ્થા દ્વારા નક્કી કરાયેલ ડ્રેસ** પહેરીને જ જવું જોઈએ.

(૧૭) ઘરના બધાં સભ્યોએ ભેગાં થઈ દર અઠવાડિયે ઓછામાં ઓછા ત્રણ દિવસ તો **ઘરસભા** કરવી જ જોઈએ. ઘરસભામાં પ્રાર્થના, કીર્તન, ગ્રંથોનું વાંચન, કથાવાર્તાનું શ્રવણ-દર્શન, ધૂન કરવી જોઈએ અને ઘરસભાના અંતે સભ્યો સાથે બેસીને ઘરના કામકાજ અંગે આગામી આયોજનો, બાળકોના અભ્યાસ માટે ચર્ચા, સમૈયા, ઉત્સવ-પ્રસંગો વગેરેની ચર્ચા કરી શકાય છે.

(૧૮) કાયમ માટે ઘરમાં કંઈ પણ નવી વસ્તુ લાવીએ તો સૌપ્રથમ **ભગવાનને ધરાવીને** કે તેમની **દૃષ્ટિ-પ્રસાદીની** કરીને જ ઉપયોગમાં લેવી જોઈએ.

(૧૯) મંદિર માટે તથા ઘરમંદિરના મહારાજ માટે ફૂલોના હાર બનાવવા - મંદિરમાં જઈ હાર બનાવવા વગેરે સેવા કરવી જોઈએ.

(૨૦) મંદિરમાં આવીએ ત્યારે કચરો વાળવો, પોતું કરવું, બાવાં પાડવા, બારી-બારણાં લૂછવાં અને સંડાસ-બાથરૂમ સાફ કરવાં - આવી **નીચી ટેલની સેવા** કરવાથી મહારાજ અને સંતો ખૂબ રાજી થાય છે.

(૨૧) મંદિરમાં ઊજવાતાં ઉત્સવ, સમૈયા દરમિયાન નાની-મોટી કંઈક સેવામાં તો અચૂક જોડાવું જોઈએ. બુટ-ચંપલની સેવા, સ્ટેજ શણગારની સેવા, મંદિર શણગારની સેવા, રસોઈ-પિરસણ સેવા વગેરે જે સેવા સંતો બતાવે તે સેવા ભાવથી કરવી જોઈએ.

(૨૨) ઘરમાં પણ નાની-મોટી સેવાના સહભાગી થવું જોઈએ. આપણું જીવન કોઈને મદદરૂપ થવું જોઈએ નડતરરૂપ નહિ.

(૨૩) જ્યારે પણ **સંતોના દર્શન** કરવા જઈએ ત્યારે સૌપ્રથમ દંડવત્ કરી - ચરણસ્પર્શ કરી - જય સ્વામિનારાયણ કહેવાં જોઈએ. સત્સંગની વાતો કરવી જોઈએ.

(૨૪) પૂજ્ય સંતો **ઠાકોરજી ધરાવતા (જમતા)** હોય તો અવશ્યપણે દૂરથી **બે-પાંચ દંડવત્** કરવા જોઈએ. **કડીગાન** કરવી જોઈએ.


(૨૫) સંતોને પોતાના ઘરે **પધરામણી** કરવા લઈ જવા જોઈએ. સંતો પધરામણીમાં આવવાના હોય તો ઠાકોરજી પધરાવવા ટીપોઈ, આસન, ફૂલહાર, આરતી, થાળ વગેરે તૈયાર રાખવું જોઈએ.

(૨૬) આપણા જીવનની સાચી મૂડી-બેલેન્સ એટલે ભગવાન અને સાચા સંતનો રાજીપો છે. ભગવાન અને સંતોના રાજીપાની તક ક્યારેય જતી ન કરવી જોઈએ. તેમની આજ્ઞા અવશ્ય પાળવી જોઈએ.

(૨૭) જીવનના તમામ સારા પ્રસંગોમાં **પૂજ્ય ગુરુજી** અને **સંતો**ને હાજર રાખવા જોઈએ. દિવાળીના દિવસોમાં અને વેકેશનમાં સંતો સાથે રહેવા જવું જોઈએ. ઘરે હોઈએ ત્યારે અઠવાડિયામાં એક વાર **પૂજ્ય ગુરુજી** અને **સંતો**ને **ફોન** કરવો જોઈએ. બહેનોએ **સાંખ્યયોગી માતાઓ**ને ફોન કરવો જોઈએ.

લોયાધામ મહિમા

'तरन्ति अनेन इति तीर्थः' જેનાથી ભવસાગર તરી શકાય તેને **તીર્થ** કહેવાય છે. લોયાધામ ભવસાગર પાર કરવાની નૌકા છે. **મોક્ષનું ધામ છે.** તેના દર્શન કરવાથી, જાત્રા કરવાથી જન્મ-જન્માંતરના પાપ નાશ થાય છે ને મોક્ષ મળે છે. કેમકે જ્યાં શ્રીજીમહારાજ અને પાંચસો પરમહંસો રહ્યાં છે, બેઠાં છે, ફર્યા છે, નાહ્યાં છે, રમ્યાં છે, જમ્યાં છે, જમાડ્યા છે અને અનેકવાર પધારી અનેક લીલાઓ કરી છે. આ ભૂમિના કણ-કણ પ્રસાદીના છે. આ પવિત્ર ભૂમિ અક્ષરધામ તુલ્ય છે.



શ્રીજીમહારાજના સ્વમુખના શબ્દો નોંધતા નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જિયાં જિયાં અમે વિચર્યા,
વળી રહ્યાં જે જે ગામ;
તે જરૂર જન જાણજો,
સર્વે થયા છે સ્વધામ.
તિયાં પ્રાણી કોઈ તન તજે,
જાણ્યા વિના એહ જાગ્ય;
કહ્યાં ન જાય વળી કોઈથી,
એવા ઉઘડિયાં એના ભાગ્ય.
ચરણે અંકિત જે અવનિ,
વળી પદની સ્પર્શેલ રજ;
તે જોતાં ન જડે જાણજો,
જેને ઇચ્છે છે ઈશ્વર અજ.

(પુરુષોત્તમપ્રકાશ-૪૪/૨-૩-૪)

લોયાધામમાં **સુરાખાચર**ના નિખાલસ ભક્તિભાવ અને સખાભક્તિને વશ થઈને સ્વયં પ્રભુ **'રસોયા'** બન્યા છે. ને પોતાના હાથે રીંગણનું શાક બનાવીને સંપ્રદાયનો અદ્વિતીય અને અનોખો **'દિવ્ય શાકોત્સવ'** કર્યો છે. દરબારગઢના આંગણે શ્રીહરિએ કહેલા **'ઉપનિષદ્‌સમા ૧૮ વચનામૃતો'** ના શબ્દો આજે પણ ગુંજારવ કરે છે.

● સંપ્રદાયના ઐતિહાસિક પ્રસંગોની શુભ શરૂઆત પ્રથમવાર લોયાધામમાં :

- સંપ્રદાયનું સર્વપ્રથમ હરિમંદિર લોયાધામમાં
- સંપ્રદાયમાં સૌ પ્રથમવાર ગાદી સ્થાપના લોયાધામમાં.
- શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની સૌ પ્રથમવાર પારાયણ લોયાધામમાં.
- તિલક-ચાંદલાની સૌ પ્રથમવાર વ્યવસ્થિત શરૂઆત લોયાધામમાં.
- ધર્મકુળનું સૌ પ્રથમવાર મિલન લોયાધામમાં.
- માણકી ઘોડી સૌ પ્રથમવાર લોયાધામમાં.
- મૂળી મંદિરના રાધાકૃષ્ણદેવ સૌ પ્રથમવાર લોયાધામમાં.











- પરાવાણી સ્વરૂપ વચનામૃત ગ્રંથનું પ્રથમવાર વિમોચન લોયાધામમાં.
- સંપ્રદાયમાં અદ્વિતીય શાકોત્સવની શરૂઆત લોયાધામમાં.

● પ્રસાદીના સ્થાનો :

દરબારગઢ, પરમહંસોના ઉતારા, મુક્તરાજ લીંબવૃક્ષ, પ્રસાદીની ચુલ, પ્રસાદીનો પટારો, તલવાર, પ્રસાદીનું સૌ પ્રથમ હરિમંદિર, સિંહાસન, પ્રસાદીના ઠાકોરજી, ૪૦ ચરણારવિંદ અંકિત ગોદડી, પાતાળિયો કુવો, સંગમ કુવો, સુખભાદર નદી, ક્ષુદ્રનદી, ધર્મકુળ મિલનનો ઓટો, પ્રસાદીની વાડી, ખીજડા, દાતણ, થાંભલી, પ્રસાદીનું શિવ મંદિર, ભાળીયો કુવો, અંતાક્ષરી છત્રી, પ્રસાદીનું મંદિર (નાગડકા) પ્રસાદીનાં પાયા વગેરે...

આવું અતિ પ્રસાદીનું સ્થાન એટલે

''આપણું લોયાધામ''

જ્યાં ઠાકોરજી મહારાજ સર્વોપરી ભગવાન
મુક્તાનંદસ્વામી સર્વોપરી સંત.
લોયાધામ સર્વોપરી તીર્થધામ,
શાકોત્સવ સર્વોપરી ઉત્સવ.
નૂતનમંદિર સર્વોપરી મંદિર.

આવાં પરમપવિત્ર **લોયાધામની સેવા** પરમ પૂજ્ય ગુરુજીને **ઈ.સ. ૧૯૯૮**ની સાલમાં **અખાત્રીજ**ના દિવસે મળી. અત્યારે લોયાધામમાં કરોડો રૂપિયાના ખર્ચે સફેદ આરસનું ભવ્ય-ગગનચુંબી **સર્વોપરી મંદિર** બની રહ્યું છે. ગુરુજી સ્વયં તેની અંગત દેખરેખ રાખે-રખાવે છે. આ લોયાધામની સેવા કરવાનો અમૂલ્ય અવસર આપણને પણ પ્રાપ્ત થયો છે તે આપણાં બહુ મોટાં ભાગ્ય છે. ગુરુજી ઘણીવાર કહે છે : **'આપણે તો લોયાધામના બળદિયા છીએ.'** ગુરુજી એ આપેલ આ સૂત્ર આપણે પણ આપણા જીવનમાં ઉતારીએ અને તન-મન-ધનની લોયાધામની સેવા કરીએ !!











લોયાધામ પરિવારમાં મોક્ષ પાક્કો



વ્હાલા બાળમુક્તો ! તમે જાણો છો ? લોયાધામ પરિવારનાં આરાધ્ય ઉપાસ્ય ઇષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ **આદિ ગુરુદેવ શ્રી મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ છે. પરમ પૂજ્ય ગુરૂજી આ પ્રસાદીના ઠાકોરજી મહારાજની પ્રતિદિન ખૂબ જ ભાવથી સેવા કરે છે તે લાડ લડાવે છે.**

પરમ પૂજ્ય ગુરુજી ઘણીવાર કહે છે : લોયાધામ એ આપણો એક **દિવ્ય પરિવાર** છે. શ્રીજીમહારાજ આપણાં પિતા છે અને મુક્તાનંદસ્વામી આપણી **'સગી માં'** છે. સૌ સંતો-ભક્તો આપણાં સાચા સગાં છે. તેમની સાથે સંપ-સુહૃદભાવને એકતાથી રહેવું ને દેહ ને દેહના સંબંધી જેવી **આત્મબુદ્ધિ** કરવી.

તો બાળમિત્રો ! ચાલો, આ પાઠમાં આપણે આપણાં **'લોયાધામ પરિવાર'** અને તેની સંસ્થાઓ અને કાર્યો વિષે જાણીશું !!

લોયાધામ પરિવાર અને તેની શાખાઓ

(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ગુજરાત
(૨) શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ લોયાધામ-કંડારી
(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-વડોદરા
(૪) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-નાવલી
(૫) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-સુરત
(૬) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ન્યુજર્સી (યુ.એસ.એ.)
(૭) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-મેકન (યુ.એસ.એ.)
(૮) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ફ્લોરિડા (યુ.એસ.એ.)
(૯) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-કેનેડા
(૧૦) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-લંડન (યુ.કે.)





(૧૧) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-મુંબઈ
(૧૨) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-આસ્ટ્રેલીયા
(૧૩) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-ન્યુઝીલેન્ડ
(૧૪) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-આફ્રિકા
(૧૫) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-જર્મની

વ્હાલા બાળકો ! લોયાધામ અને તેની તમામ સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલા તમામ હરિભક્તો **'લોયાધામ પરિવાર'** તરીકે ઓળખાય છે.

(૧) મુખ્ય સંસ્થાનું નામ : લોયાધામ
(સુરેન્દ્રનગર-ગુજરાત-ભારત)

(૨) આરાધ્ય ઉપાસ્ય : ભગવાન શ્રી સ્વામિનારાયણનું અર્ચાસ્વરૂપ મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ

(૩) આદિગુરુદેવ : સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

(૪) પ્રગટ સત્પુરુષ : પરમ પૂજ્ય ગુરુજી

(૫) ટૂંકો પરિચય : સનાતન હિન્દુ વૈદિક સંસ્કૃતિના મૂલ્યોનું સંરક્ષણ-સંપોષણ અને સંવર્ધન કરતી સંસ્થા. - નાત-જાતના ભેદભાવ વિના નિ:સ્વાર્થભાવે સૌના કલ્યાણમાં રત, આધ્યાત્મિક અને સામાજિક સંસ્થા.

(૬) સ્થાપના : લોયાધામની સ્થાપના ઓગણોતેરા કાળ (વિ.સં. ૧૮૬૯)માં શ્રીજીમહારાજે ગુરુદેવ મુક્તમુનિ અને ભણનારા ૬૦ સંતોને લોયા મુક્યા ત્યારથી થઈ. આ ધામની સેવા કરવાનો અવસર પરમ પૂજ્ય ગુરુજીને ઈ.સ. ૧૯૯૮-અખાત્રીજના દિવસથી મળ્યો.

(૭) મુખ્ય સિદ્ધાંત :

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा।
(શિક્ષાપત્રી-૧૧૬)

(૮) મૂળ સમજણ : શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન. સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી અનાદિ મુક્તોમાં મુખ્ય અને સત્સંગની **'માં'** અને સર્વોપરી સંત, સત્પુરુષ લોયાધામનાં પ્રાણ. દાસના દાસ થઈ, સંતો ભક્તો સાથે સંપ-






















સુહૃદભાવ એકતાથી રહેવું. દિવ્યભાવ મહિમા રાખી સેવા કરવી, ભજન ખૂબ કરવું.

(૯) ઉદ્દેશ : આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ.

(૧૦) મુખ્ય શાસ્ત્ર : વચનામૃત, શિક્ષાપત્રી, નંદસંતોના ગ્રંથો

(૧૧) સૂત્રો : 'આપણે સૌ લોયાધામના બળદિયા.' આપણને મહારાજે લોયાધામની સેવા આપી છે. આપણને મહારાજે મુક્તાનંદીય ગુરુ પરંપરાની સેવા સોંપી છે.

લોયાધામ પરિવાર સાથેના જોડાણથી થતો લાભ :

- સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની શુદ્ધ સમજણ અને સર્વોપરી ઉપાસનાની સમજણ પ્રાપ્ત થાય છે.
- જીવનનું અંતિમ લક્ષ્ય ભગવાન છે તે સમજાય છે. તેમને પામવા માટે આત્મા-અનાત્માની ચોખ્ખી સમજણ પ્રાપ્ત થાય છે.
- સંતો સાથેના સંપર્કને કારણે કુસંગથી રક્ષા થાય છે. જીવન નીતિમત્તાભર્યું પ્રામાણિક બને છે ને સમાજમાં ગૌરવ મળે છે.
- જીવનમાં સુખ-શાંતિ અને આનંદ આવે છે ને સંતોષભર્યું જીવન જીવવાની દૃઢતા થાય છે.
- બાળ-કિશોર અને યુવા મંડળો અને ઘરસભા, સત્સંગસભાના કારણે ઘર પરિવારમાં અને સંતાનોમાં સંસ્કાર જળવાય છે. નૂતન ચારિત્ર્ય નિર્માણ થાય છે. કુસંગમુક્ત, વ્યસનમુક્ત જીવન બને છે.
- શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોના પાલનથી વિષય, વ્યસન ને વહેમ ટળે છે, આર્થિક પ્રશ્નો ને ધંધાકીય પ્રશ્નો ઘટે છે.
- સંતો-ભક્તોના હૂંફ-બળ અને માર્ગદર્શનથી જીવનમાં આવતી સમસ્યાઓનું સમાધાન મળે છે. જીવનમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.
- પ્રગટ સત્પુરુષનું દિવ્ય સાનિધ્ય પ્રાપ્ત થવાથી ભગવાન સાથેના જોડાણની અનુભૂતિ થાય છે.

- સત્પુરુષનો રાજીપો મળતાં જીવન દરમિયાન આનંદ અને મૃત્યુ બાદ પણ અક્ષરધામમાં ભગવાનનું અખંડ સુખ મળે છે.


ખરેખર, લોયાધામ પરિવાર સાથે જોડાવવું એ બહુ જ મોટા ભાગ્યની વાત છે. માટે ક્યારેય નાના-મોટા સુખો-દુઃખો આવે, કે અપમાન થાય કે ઉપેક્ષા થાય તો પણ ભગવાન ને ભગવાનના સંતોનો સમાગમ છોડવો નહિ. દાસના દાસ થઈ લોયાધામના બળદિયા બનીને રહેવું.

લોયાધામ પરિવારનાં સભ્યોનું કર્તવ્ય :

- આપણી મુક્તાનંદીય ગુરુપરંપરાના સદ્‌ગુરુઓના જ્ઞાનને ઊંડાણથી સમજીને તેની જીવનમાં દૃઢતા કરવી.
- લોયાધામ પરિવારના તમામ સંતોના સદ્‌ગુણો અને કાર્યોની જાણ હોવી અને કોઈ બે સંતો સાથે વ્યક્તિગત સંપર્કમાં રહેવું.
- લોયાધામની તમામ સંસ્થાઓના કાર્યોથી વાકેફ રહેવું.
- આપણા યોગમાં આવનાર મિત્રો આદિક તમામને શ્રીજી મહારાજ, મુક્તાનંદ સ્વામી, ગુરુપરંપરા ને સંસ્થાના મહિમાની વાતો કર્યા જ કરવી.
- મિત્રો આદિકને લોયાધામ પરિવાર સાથે જોડવાં. મંદિરમાં લાવવાં, સમૈયા-ઉત્સવમાં લાવવાં અને સંતો સાથે પરિચય કરાવવો.
- સાંપ્રદાયિક-બિનસાંપ્રદાયિક ને અન્ય સંસ્થાઓના અનુયાયીઓ સાથે આવકારભર્યો મીઠો વ્યવહાર કરવો, વાણી-વર્તન, નમ્ર અને નિર્મળ રાખવા.
- પોતાનું જીવન પ્રામાણિક રાખવું અને નિઃસ્વાર્થભાવે, પક્ષપાત વિના સૌને અપનાવવા ને સામેવાળાનું હિત થાય તેવું જ ચિંતવન કરવું.



















સંસ્થાની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ

- ૫૦ જેટલા સ્ત્રી-ધનના ત્યાગી સુશિક્ષિત સાધુતાવાન સંતો દ્વારા દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર.
- હજારો સ્ત્રી-પુરુષોનો એકાંતિક વર્ગ
- અનેક ઉત્સવો, પારાયણો, બ્રહ્મસત્રો, ગામડે-ગામડે કથાવાર્તા, બાળસભા, યુવાસભા વગેરે.
- શિક્ષણ સાથે સંસ્કાર આપતી ગુરુકુળ સંસ્થાઓ દ્વારા અનેકવિધ આયોજનો.
- મંદિરો બાંધવા, મંદિર જીર્ણોદ્ધાર વગેરે.











સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓ

ગૌસેવા અને ગૌશાળાઓ, ગામડે તળાવ બાંધવા, હોસ્પિટલ બાંધવી, સ્કૂલો બાંધવી, વ્યસનમુક્તિ અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ, ભૂકંપ રાહત સેવા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિમાં સેવાકાર્યો, ફૂડપેકેટ વિતરણ, ઘાબળા વિતરણ, અન્નક્ષેત્ર, સદાવ્રત, ગરીબ બાળકોને નિઃશુલ્ક વિદ્યાદાન, શાળા-છાત્રાલયો દ્વારા લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ સેવા વગેરે.

દુષ્કાળ, પૂર, હોનારત, વાવાઝોડું વગેરે આપત્તિઓમાં પીડિતોને સેવા.



પરમ પૂજ્ય ગુરુજી કહે છે

મારા નાથનું વહાલું, વહાલું, વહાલું.
લોયાધામ, લોયાધામ, લોયાધામ !

આપણને મહારાજે આ લોયાધામ અને મુક્તાનંદીય સદગુરુ પરંપરાની સેવા કરવા માટે જ અહીંયા રાખ્યા છે. એમાં જ મારું કલ્યાણ છે. પૂર્ણકામપણું છે, હું કૃતાર્થ થયો છું એમ માનવું !!!

કરોડ જન્મના પુણ્યે પણ આ લોયાધામની સેવા મળે નહિ તે ભગવાનની ને મોટા સદ્‌ગુરુઓની કૃપાથી આપણને મળી છે. હવે લોયાધામના બળદિયા થઈને રેવું. લોયાધામની સેવા એટલે સાક્ષાત્ શ્રીજી મહારાજની સેવા !! લોયાધામની સેવાથી અક્ષરધામ પાક્કુ !!!

લોયાધામની સેવા એ જ મારા માટે ભક્તિ અને મુક્તિ છે અને એજ મારું લક્ષ્ય છે એમ જીવમાં દૃઢ કરવું !!!

INDEX

સંસ્કારી બાળક


નિત્ય પૂજા


આરતી


નિયમિત બાળસભા


રાજીપો


સંત સમાગમ


માતા-પિતાને વંદન


આત્મીયતા


અભિનય


માનસીપૂજા


ભજન ભક્તિ


નિયમિત અભ્યાસ


પ્રવચન


પ્રભુપ્રેમ


સત્પુરુષનો સંગ

INDEX



આરંભ લક્ષ્ય સોપાનધામ

